# ઉડતી નજરે....

**જાન્યુઆરી-૨૦૧૧ દરમ્યાન શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાઓનો લાભ લેનાર વ્યક્તિઓ**

| ક્રમ | | પ્રવૃત્તિ | લાભ લેનાર વ્યક્તિઓ |
|---|---|---|---|
| ૧. | | શ્રી નવનીત મેડિકલ સેન્ટર તથા<br>શ્રીમતી પ્રભાવતીબહેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટર, પાલડી, અમદાવાદ. | |
| | (અ) | કુલ લાભ લેનાર વ્યક્તિઓ ........<br>કે જેમાંથી | ૭,૬૭૮ |
| | (બ) | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વ્યક્તિઓ........ ૩૬૯ | |
| | (ક) | સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબો ........ ૭૪ | |
| | (ખ) | મોતિયા - આંખના ઓપરેશન ........ ૨૦ | |
| | (ગ) | સોનોગ્રાફી ........ ૫૬૧ | |
| | (ઘ) | ટી.એમ.ટી. ........ ૧૨ | |
| | (ચ) | બોડી ચેક-અપ ........ ૨૩૪ | |
| | (છ) | અન્ય ........ ૬,૪૦૮ | |
| ૨. | | જી.એમ.ડી.સી. પ્રાયોજિત શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ, અમદાવાદ<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ ........ | ૨,૭૫૦ |
| ૩. | | માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) અતિથિ ભવન,<br>પાલડી, અમદાવાદ<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ ........ | ૯૪૯ |
| ૪. | | માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન,<br>ગીતા મંદિર, અમદાવાદ<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ ........ | ૬૨૫ |
| ૫. | | શ્રી કચ્છી જૈન ભવન - પાલડીની કેન્ટીનમાં કુલ લાભ લેનાર વ્યક્તિઓ........ | ૩,૦૮૦ |
| ૬. | | શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગની કેન્ટીનમાં કુલ લાભ લેનાર વ્યક્તિઓ ........ | ૪,૮૩૫ |
| ૭. | | શ્રી જલારામ અન્નક્ષેત્રમાં લાભ લેનાર કુલ વ્યક્તિઓ ........ | ૨,૪૮૨ |
| | | જાન્યુઆરી-૨૦૧૧ દરમ્યાન વિવિધ પ્રકારની સેવાઓનો લાભ લેનાર કુલ વ્યક્તિ ........ | ૨૨,૩૯૯ |

## 'મંગલ મંદિર' નિયમિત અંકોમાં જાહેરાતના દર

| વિગત | ફુલ પાનું | અડધું પાનું | પા પાનું | બોટમ પટ્ટી |
|---|---|---|---|---|
| બ્લેક એન્ડ વ્હાઈટ | રૂા. ૧,૫૦૦ | રૂા. ૧,૦૦૦ | રૂા. ૬૦૦ | રૂા. ૨૫૦/- |
| મલ્ટી કલર | રૂા. ૪,૦૦૦ | રૂા. ૨,૫૦૦ | રૂા. ૧,૫૦૦ | – |

- આપશ્રી આપના ધંધાની જાહેરાત ભારતભરના મુખ્ય શહેરોમાંના મુખ્યત્વે કચ્છી સમાજોમાં કરાવી શકશો.
- દરેક અંકનું સૌજન્ય રૂા. ૫૧,૦૦૦/- રાખવામાં આવેલ છે. વહેલા તે પહેલાના ધોરણે 'સૌજન્ય'નો સ્વીકાર કરવામાં આવશે.

*મુખ્ય તંત્રી, મંગલ મંદિર,*
*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ*

*બાળકોને એમની મરજી મુજબ થોડું વર્તવા દો.*

# આગામી કાર્યક્રમો

| | તારીખ – સમય | સ્થળ | કાર્યક્રમની વિગત |
|---|---|---|---|
| ● | મંગળવાર, તા. ૮-૩-૨૦૧૧<br>બપોરે ૪.૦૦ વાગે | શ્રી કચ્છી જૈન ભવન,<br>પાલડી. | વયસ્ક સમિતિનો કાર્યક્રમ. |
| ● | ગુરુવાર - શુક્રવાર<br>તા. ૧૭/૧૮-૩-૧૧ | પાલિતાણા યાત્રા પ્રવાસ. | સંકલ્પ આયોજિત પાલિતાણા છ ગાઉ યાત્રા.<br>(સવારના ૬.૩૦ વાગે શ્રી કચ્છી જૈન ભવન - પાલડીથી ઉપડશે.) |
| ● | રવિવાર, તા. ૨૦-૩-૨૦૧૧<br>સવારના ૧૦ થી બપોરના ૧.૦૦ | શ્રી કચ્છી જૈન ભવન,<br>પાલડી. | સંકલ્પ આયોજિત ધૂળેટી કાર્યક્રમ. |
| ● | રવિવાર, તા. ૨૪-૪-૨૦૧૧<br>સવારના ૧૦.૦૦ વાગે | શ્રી કચ્છી જૈન ભવન,<br>પાલડી. | યુવા વિકાસ સમિતિ આયોજિત<br>(૧) શ્રી હરખચંદ સાવલા નિબંધ સ્પર્ધા. (૨) શ્રીમતી પ્રભાબહેન શાંતિલાલ મુલજી સાવલા જનરલ નોલેજ સ્પર્ધા. |

## ★ 'મંગલ મંદિર'ના લવાજમના દરો ★

- **૧વર્ષના : રૂા. ૧૫૦/-**
- **૩ વર્ષના : રૂા. ૪૦૦/-**
- **૫ વર્ષના : રૂા. ૬૦૦/-**
- **આજીવન (૧૫ વર્ષના) : રૂા. ૧,૫૦૦/-**

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના નામનો ચેક (**Payable at AHMEDABAD**) / ડ્રાફ્ટ મોકલવા વિનંતી.

## 'મંગલ મંદિર' લવાજમ સ્વીકારવાના સ્થળો

- **અમદાવાદ** — શ્રી કચ્છી જૈન સેવા સમાજ, શ્રી કચ્છી જૈન ભવન, ૪૩/૪૪, શ્રી બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬. ફોન : (૦૭૯) ૨૬૫૭ ૮૮૯૨, ૨૬૫૮ ૧૫૦૧, ૨૬૫૭ ૭૪૬૮
- **ગાંધીધામ** — લબ્ધિ મોમાયા. શ્રી ભલારા દાદા એસ્ટેટ એજન્સી, શોપ નં.-૨૨, પ્લોટ નં.-૨૨૨, નૈતિક કોમ્પ્લેક્સ, જૈન દેરાસર રોડની બાજુમાં, ગાંધીધામ, કચ્છ-૩૭૦ ૨૦૧. મો. ૦૯૮૨૫૩ ૫૧૦૦૧
- **ભુજ** — હરનીશ સી. મહેતા, C/o. ક.વી.ઓ. જૈન મહાજન, અમરસન્સ ભવન, ડુંગરશી ટોકરશી વોરા માર્ગ, જી.ઈ.બી. હેડ ઓફિસની સામે, વિજયનગર, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧. ફોન : (૦૨૮૩૨) ૨૫૫૩૧૮, મો. ૦૯૪૨૮૫ ૬૬૬૭૦
- **ભુજ** — અશ્વિન તલકશી શાહ, C/o. જૈન ટ્રાવેલ્સ, પાંજરાપોળ શેરી, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧. ફોન : ૦૨૮૩૨-૨૫૨૭૫૯, મો. ૯૪૨૬૯ ૩૧૮૨૬
- **રાજકોટ** — જિતુભાઈ છગનલાલ શાહ, "વિરાગ", ૩, મહાવીર સોસાયટી, નિર્મલા સ્કૂલ પાસે, રાજકોટ-૩૬૦ ૦૦૮. ફોન : ૦૨૮૧-૨૪૭૬૩૬૦
- **વડોદરા** — નીતિન નાનજી હરિયા, ૨૧, થોલાની સોસાયટી, કારેલીબાગ, વડોદરા-૩૯૦ ૦૧૮. ફોન : ૦૨૬૫-૨૪૩૯૭૮૪, મો. ૦૯૪૨૬૭ ૬૦૮૮૩
- **સુરત** — જગદીશ રવિલાલ શાહ, ૭, શંખેશ્વર એપાર્ટમેન્ટ, સંગના સોસાયટી સામે, રાંદેર રોડ, સુરત-૩૯૫ ૦૦૯. મો. ૯૨૨૭૯ ૮૫૨૩૯
- **ભાત બજાર, મુંબઈ** — શેઠિયા ટૂર્સ, ૨૫/ડી, ગ્રાઉન્ડ ફ્લોર, કેશવજી નાયક રોડ, ફૂવારાની સામે, ભાતબજાર, મુંબઈ-૪૦૦ ૦૦૯. ફોન : ૦૨૨-૨૩૭૭૩૬૬૩
- **ઘાટકોપર, મુંબઈ** — રશ્મિન્ ખોના, સી-૧૩, ઈન્દ્રદીપ સોસાયટી, એલ.બી.એસ. રોડ, ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૬. ફોન : ૦૨૨-૨૫૧૧૭૯૩૦
- **ડોંબીવલી, મુંબઈ** — રમણ શેઠિયા, વીરા શોપિંગ સેન્ટર, ત્રીજે માળે, સ્ટેશનની સામે, ડોંબીવલી (વેસ્ટ), મહારાષ્ટ્ર-૪૨૧ ૨૦૧. મો. ૦૯૮૧૯૭ ૨૩૬૬૩
- **ચેન્નાઈ** — ભદ્રેશ વાડીલાલ શાહ, સ્વસ્તિક કલેક્શન, ૯૦/૧૭, ૫ટની પ્લાઝા, એન.એસ. બોઝ રોડ, ચેન્નાઈ-૬૦૦ ૦૭૯. મો. ૦૯૮૪૦૧ ૩૬૦૩૭

*વિશ્વાસ અને શ્રદ્ધા વચ્ચેનું અંતર સમજો.*

છેલ્લા ૩૬ વર્ષથી દર મહિનાની ૫ તારીખે નિયમિતપણે પોસ્ટ કરવામાં આવતું "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"નું મુખપત્ર

**"મંગલ મંદિર"**

**મુખ્ય કાર્યાલય**

**શ્રી કચ્છી જૈન ભવન,**
૪૩-૪૪, શ્રી બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
પાલડી, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૮૯૨, ૨૬૫૮૧૫૦૧
ફેક્સ : (૦૭૯) ૨૬૫૮૨૦૬૦
ઈ-મેઈલ : kutchi_jainamd@hotmail.com
વેબ-સાઈટ : www.kutchijainahd.org

**તંત્રીમંડળ**

અશોક મહેતા (૯૮૨૫૩ ૨૨૬૮૯) – મુખ્યતંત્રી
મનુભાઈ શાહ (૯૮૨૫૦ ૩૧૫૨૮)
સૂરજલાલ મહેતા (૦૭૯-૨૬૬૧૨૦૮૯)
દિનેશચંદ્ર રતિલાલ મહેતા (૯૯૨૪૩ ૪૨૬૨૮)

**વિવિધ વિભાગો**

**વલોવતન**
પોપટલાલ નેણશી ધરોડ (૦૭૯-૨૭૪૮૫૮૧૨)

**બાલુડેં જ્યું ગાલિયું**
ગુલાબચંદ ધારશી રાંભિયા (૦૭૯-૨૫૪૬૮૧૬૦)

**શબ્દ રમત**
સૂરજલાલ મોતીલાલ મહેતા (૦૭૯-૨૬૬૧૨૦૮૯)

**મંગલમંદિર – પ્રશ્નો અને પ્રત્યુત્તર વિભાગ**
ચંદ્રા મહેન્દ્ર શાહ

## લેખકોને નમ્ર વિનંતી

*'મંગલ મંદિર'માં પ્રગટ કરવા માટે વિપુલ પ્રમાણમાં લેખ સામગ્રી અમને મળતી રહે છે અને એટલે સ્વીકૃત કૃતિઓને પ્રગટ કરવાનું પણ સ્વાભાવિક રીતે વિલંબાય. મંગલ મંદિરના ધોરણને ધ્યાનમાં લઈ, પોતાની રચના મોકલતી વખતે લેખક સ્વવિવેક દાખવે તેવી વિનંતી છે.*

*એક સાથે એકથી વધુ કૃતિઓ ન મોકલવા વિનંતી.*

*ભાષાદોષ અને લાંબા લેખો અસ્વીકાર્ય બનશે તેની નોંધ લેવા વિનંતી. લેખમાં એકની એક વાતનું પુનરાવર્તન (રિપિટેશન) ટાળવું જરૂરી છે. કૃતિની હસ્તપ્રત સ્વચ્છ અને સુવાચ્ય હોવી જોઈએ. આશા છે કે, આ બાબતમાં લેખક મિત્રોનો સહકાર અમને મળી રહેશે.*

*– મુખ્યતંત્રી*

# અનુક્રમણિકા

*લેખ*　　*લેખક*　*પાના નં.*

- તંત્રી લેખ : શ્રી જલારામ અન્નક્ષેત્ર ............ અશોક મહેતા ........ ૯

*લેખ વિભાગ* :

**કચ્છ**

- કચ્છ પ્રવાસન : બદલાતાં પરિમાણો ............ હરેશ ધોળકિયા ...... ૧૧

**વિચાર-મંથન**

- સ્વામી શ્રી સચ્ચિદાનંદજીના અનુભવો – ૨
  સસૂર, પગલા હૈ ક્યા? ............ સ્વામી શ્રી સચ્ચિદાનંદજી ...... ૧૩
- મારો પહેલો મિત્ર ............ ફાધર વાલેસ ...... ૧૫
- જોજો જુવાનીના જંકશન પર ખોટી ગાડી ન પકડી લેવાય ............ દિનેશ પાંચાલ ...... ૧૭
- નિષ્કામ ભાવે પ્રેમ માત્ર ભગવાન સાથે જ થઈ શકે ............ પ્રા. સૂર્યકાંત ભટ્ટ ...... ૧૯

**વિચાર-વિમર્શ**

- ...મૈં કછુ નહીં જાનૂં ............ ડૉ. કેશુભાઈ દેસાઈ ...... ૨૧
- પ્રાથમિક ધોરણથી વિદ્યાર્થીને ટ્યુશન જરૂરી છે? ............ શરદચંદ્ર હરિલાલ શાહ 'સહસા' ...... ૨૩
- સમાજના વડીલ મા-બાપ માટે વૃદ્ધાશ્રમ જરૂરી છે? ............ ભવાનજી શીવજી નાંગલપુરવાલા ...... ૨૫
- કુદરત : સૃષ્ટિની ટ્રસ્ટી ............ ડૉ. ગિરીશ વીછીવોરા ...... ૨૭
- ચીનના મહાપુરુષ કન્ફ્યુશિયસ ............ શાંતિલાલ સંઘવી ...... ૨૯

**માહિતી**

- ૮મી માર્ચ : આંતરરાષ્ટ્રીય મહિલા દિન
  નારીમુક્તિ અને નારી સંઘર્ષનો ગૌરવવંતો દિવસ ............ ભરત'કુમાર' પ્રા. ઠાકર ...... ૩૧
- એક ટેકરેથી વહેલ વિશ્વગંગા ............ રેમન્ડ આર. પરમાર ...... ૩૩

**શ્રદ્ધાંજલિ**

- એક વિચક્ષણ માનવની વિદાય ............ અશોક મહેતા ...... ૩૫

**તંદુરસ્તી**

- ભણતરનો તણાવ તથા ઉપાય :
  માતાપિતાનો ફાળો – ૨ ............ ડૉ. (પ્રો.) મણિલાલ ગડા, ડૉ. દીપ્તિ એસ. શાહ (ગડા) ...... ૩૭

**સાહિત્ય આચમન**

- વાંચનમાંથી વિણેલું
  આધારશિલા : અણીશુદ્ધ આચરણની ............ સંકલન : બાબુલાલ ગોર ...... ૩૯

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના
**"પદાધિકારીશ્રીઓ"**

**મેનેજિંગ ટ્રસ્ટી**
શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતા
ઘર : ૩૦૧૫ ૦૦૨૨, મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯

**ઉપપ્રમુખ-૧**
શ્રી કાંતિલાલ વેલજી સાવલા
ઘર : ૨૬૫૬૩૩૩૩/૨૬૪૪૯૯૪૪
મો. ૯૮૨૫૦ ૩૬૬૫૧

**ઉપપ્રમુખ-૨**
શ્રી નવીનચંદ્ર વેરશી હરિયા
ઘર : ૨૬૭૫ ૧૪૧૫, ઓ. ૨૭૫૭ ૩૩૬૬
મો. ૯૮૨૫૦ ૦૭૨૫૪

**માનદ્ મંત્રી**
શ્રી પ્રતાપ નારાણજી દંડ
ઘર : ૨૬૪૦૫૦૪૭, ઓ. : ૨૬૪૦૧૭૩૫/૪૨
મો. ૯૪૨૬૭ ૨૫૬૧૯

**સહમંત્રી**
શ્રી હસમુખ બાબુભાઈ શાહ (ખાંડવાલા)
(ઘર) ૨૬૬૦૩૪૫૮, (ઓ) ૨૬૬૦૫૪૫૩
મો. ૯૮૨૫૦ ૪૦૬૬૬

**ખજાનચી**
શ્રી ચંદ્રકાંત દામજી શાહ (ઘર) ૨૬૬૦૫૨૨૫

**સહ ખજાનચી**
શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર
ઘર : ૨૬૬૫૦૨૯૯, મો. ૯૪૨૮૩ ૫૧૩૭૦

**શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું સરનામું :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
શ્રી ખનિજ વિકાસ નિગમ લિ. પ્રાયોજિત
શ્રી કચ્છી વિશ્રામ ગૃહ
અરિહંતનગર દેરાસરની સામે,
ગાંધી વિદ્યાલયની ગલીમાં, રચના સ્કૂલની પાછળ, રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૪. ફોન : ૦૭૯-૨૨૮૮૪૫૪૭

**સેવા ભવનનું સરનામુ :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, એસ. ટી સ્ટેન્ડ પાસે, સત્કાર ગેસ્ટ હાઉસની સામે, રૂગનાથપુરા, અમદાવાદ-૩૮૦ ૦૨૨.
ફોન : ૦૭૯-૨૫૪૬૧૨૭૦

*અંકમાં પ્રસિધ્ધ થયેલ લેખો તથા અન્ય વિભાગની માહિતીઓ સાથે તંત્રીમંડળ સહમત છે તેમ માની લેવું જરૂરી નથી. રજૂ થયેલ વિચારો જે તે વ્યક્તિના હોય છે, જેની નોંધ લેવા વિનંતી.*

## મહિલા વિશ્વ

● રેસિપી – જૈન વાનગી માટે ........ સુરભિ નીરવ વસા ...... ૪૧

## હળવાશની ક્ષણોમાં

● બાલુડેં જ્યું ગાલિયું ........ સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા ...... ૪૪

## નિયમિત વિભાગો

● આંજો કાગર ........ ૪૫
● અન્ય સંસ્થાઓના સમાચાર ........ ૪૭
● મંગલ મંદિર – પ્રશ્નો અને પ્રત્યુત્તર વિભાગ ........ સંકલન : ચંદ્રા મહેન્દ્ર શાહ ...... ૫૧
● 'મંગલ મંદિર' – પ્રાપ્ત થયેલાં લવાજમ ........ ૫૨
● 'મંગલ મંદિર' પૂરાં થતાં લવાજમનાં ગ્રાહકોની યાદી ........ ૫૩
● શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની લાઈબ્રેરીને ભેટ મળેલ પુસ્તકો જેનો સમાજે સાભાર સ્વીકાર કર્યો તેની યાદી ........ ૫૫
● સાર સમાચાર ........ સંકલન : શાંતિલાલ સંઘવી ...... ૫૬
● જાણવા જેવું ........ સંકલન : સૂરજલાલ મહેતા ...... ૫૮
● શબ્દ રમત-૫૮ ........ સંકલન : સૂરજલાલ મહેતા ...... ૫૯
● સુડોકુ – ૧૦૧૫ ........ હરખચંદ સાવલા ...... ૬૧
● વલોવતન ........ સંકલન : રજનીકાંત ધરમશી પારેખ ...... ૬૩
● લગ્નોત્સુક ઉમેદવારોની માહિતી ........ ૬૮
● સમાજ દર્પણ ........ ૭૫
● સંસ્થા સમાચાર ........ ૭૫
● શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો માસિક અહેવાલ ........ ૮૧

*મહાત્મા ગાંધીએ કોઈપણ વ્યક્તિમાં આ સાત પ્રવૃત્તિને વ્યાપક સ્તર પર માનવતા માટે જઘન્ય અપરાધ ગણાવ્યા છે :*

૧. શ્રમ વગરની સંપત્તિ
૨. આત્મા વગરનો આનંદ
૩. માનવતા વગરનું વિજ્ઞાન
૪. ચરિત્ર વગરનું જ્ઞાન
૫. સિદ્ધાંત વગરની રાજનીતિ
૬. નૈતિકતા વગરનો વ્યાપાર
૭. ત્યાગ-બલિદાન વગરની પૂજા-અર્ચના

Printed & Published by : **Mr. Ashok Mehta,** For **Shri Kutchhi Jain Seva Samaj - Ahmedabad**. Printed at **Print Vision,** Nr. Parimal Garden, Ambawadi, Ahmedabad. Published at **Shri Kutchhi Jain Seva Samaj – Ahmedabad,** 43/44, Brahman Mitra Mandal Soc., Opp. Navchetan High School, Paldi, Ellisbridge, Ahmedabad-380 006. Editor : **Mr. Ashok Mehta ● Yearly Subscription : Rs.150/-**

# તંત્રી લેખ

## શ્રી જલારામ અન્નક્ષેત્ર

*– અશોક મહેતા*

કહેવત છે કે સહુથી શ્રેષ્ઠ દાનમાંનું એક દાન એ 'અન્નદાન'.

વંચિતોને ભોજન પૂરું પાડવું એ ઉત્તમ કૃત્ય. ભૂખ્યાની ભૂખ ભાંગવી એ સેવાનું સહુપ્રથમ કાર્ય. જે વ્યક્તિ જરૂરિયાત અનુસાર અન્નપાન કરી શકતી નથી એ સર્વ રીતે મજબૂર બની જાય છે - નિર્માલ્ય બની જાય છે - તેનું તેજ હણાઇ જાય છે.

માનનીય શ્રી મુકેશભાઇ ઝવેરી જ્યારે જી.એમ.ડી.સી.ના ચેરમેન હતા ત્યારે અનેક હકીકતો તેમની ચકોર દૃષ્ટિની બહાર ન હતી. કચ્છથી અનેક દર્દીઓ અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે નિરંતર આવતા રહેતા. આ દર્દીઓને તથા તેમની સાથેના તેમના સગા-સંબંધીઓને સારવાર દરમ્યાન સિવિલ હોસ્પિટલ તથા તેની આજુબાજુના વિસ્તારમાં રહેવાની ખૂબ જ અડચણ અને અગવડતા હતી. શ્રી મુકેશભાઇએ આ વાત લક્ષ પર લીધી. શ્રી કચ્છી જૈન સેવા સમાજ-અમદાવાદને 'શ્રી કચ્છી વિશ્રામ ગૃહ'નું નિર્માણ કરવાનું ઇજન આપ્યું. સમાજે આ વાત સ્વીકારી લીધી અને રૂા. ૪.૦૦ કરોડના આ પ્રોજેક્ટના, રૂા. ૧.૦૦ કરોડના જી.એમ.ડી.સી.ના અનુદાનથી મંડાણ કરવામાં આવ્યા. ધરતીકંપ બાદ વર્ષ ૨૦૦૨માં ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીના વરદ્ હસ્તે તેનું ઉદ્ઘાટન કરાવી તેમજ કચ્છના અને ગુજરાતના અનેક અગ્રણીઓની ઉપસ્થિતિમાં તેને જાહેર જનતા માટે કાર્યરત કરવામાં આવ્યું.

ત્યારબાદ અનેક દર્દીઓ - મુખ્યત્વે કેન્સરના દર્દીઓ - સારવાર અર્થે કચ્છથી 'શ્રી કચ્છી વિશ્રામ ગૃહ' પર આવવા લાગ્યા. તેમાંના અનેક દર્દીઓ આર્થિક રીતે ખૂબ જ નિર્બળ અવસ્થામાં પોતાનું જીવન વીતાવી રહેવા પામતા હોય તે કક્ષાના અથવા તો તેનાથી પણ નિમ્નસ્તરે બીપીએલ કક્ષાના સ્તરના અહીં આવવા લાગ્યા. અનેક લોકો તેમના આપ્તજનની શુશ્રૂષા કરાવવા અહીં આવતા, પરંતુ આર્થિક રીતે તંગભરી અવસ્થાના કારણે દિવસમાં માત્ર એકજ સમય અન્નાહાર લઇને દિવસ પસાર કરી નાખતા જોવા મળતા. પરિસ્થિતિ અસહ્ય હતી. તેઓને મદદરૂપ થવા મોટી રકમની જરૂરિયાત ઊભી થાય તેવી પરિસ્થિતિ નિર્માણ પામેલ હતી. જરૂરિયાતવાળા દર્દીઓને રહેવાની સગવડતા કન્સેશન દરે અથવા તો પરિસ્થિતિ અનુસાર વિનામૂલ્યે કરાવી શકાતી પરંતુ નિરંતરપણે વિનામૂલ્યે ભોજન પૂરું પાડવું એ પણ એક સમસ્યા હતી.

બિદડા સ્થિત શ્રી એલ.ડી. શાહ (જલારામ ટ્રસ્ટ) કે જેઓ 'કચ્છમાં કોટિ વૃક્ષ અભિયાન'ની ચળવળના પ્રણેતા બની રહેલ તેમને તેમના અનુભવથી એ હકીકતની જાણ હતી કે આજે ઠેર ઠેર આ પ્રકારની પરિસ્થિતિ નિર્માણ પામેલ છે. તેમની આંતરડી દ્રવી ઊઠતી. તેમણે મુંબઇ તથા અન્યત્ર 'જલારામ અન્નક્ષેત્ર' (કે જ્યાં વિનામૂલ્યે જરૂરિયાતવાળા લોકોને અન્નાહાર પૂરું પાડવામાં આવતું) શરૂ કરવામાં આ અગાઉ પહેલ કરેલ હતી. શ્રી કચ્છી જૈન સેવા સમાજ-અમદાવાદ સંચાલિત શાહીબાગ પરનું 'શ્રી કચ્છી વિશ્રામ ગૃહ' તેમની નજર બહાર ન હતું. તેઓશ્રીએ શ્રી કચ્છી જૈન સેવા સમાજ-અમદાવાદના ટ્રસ્ટીગણ સમક્ષ રજૂઆત કરી. સમાજના ટ્રસ્ટીશ્રીઓએ તરતમાં તેનો પ્રતિભાવ આપી, તેમની વાત સ્વીકારી લીધી અને તેઓશ્રીના શરૂઆતના રૂા. ૧૦.૦૦ લાખના અનુદાનથી આ પ્રવૃત્તિના મંડાણ શરૂ થઇ ગયા. તા. ૧-૧૨-૨૦૧૦ કોઇપણ જાતના પ્રચારકાર્ય વગર 'શ્રી કચ્છી વિશ્રામ ગૃહ' પર 'શ્રી જલારામ અન્નક્ષેત્ર'ની શરૂઆત કરવામાં આવી. હાલે કચ્છથી અમદાવાદ સારવાર અર્થે પધારતા અને ખૂબજ જરૂરિયાતમંદ દર્દીઓ અને તેમની સાથે આવેલ તેમના આપ્તજનો આ સેવાનો ખૂબ જ સારી રીતે લાભ લઇ રહ્યા છે. આપણા જ કચ્છી ભાંડુઓ આ અસહ્ય અને લાચારભરી પરિસ્થિતિમાંથી સંતોષજનક પરિસ્થિતિએ પહોંચે ત્યારે તેમના મુખ પરના સંતોષના ઓડકાર જોઇ, સમાજનો એકેએક કાર્યકર સમાજસેવાની આ પરિસ્થિતિથી આનંદ વ્યક્ત કરે છે. દરરોજ લગભગ ૩૦ વ્યક્તિ, જરૂરિયાત અનુસાર ત્રણે સમય તેનો લાભ લે છે. એક વ્યક્તિના એક દિવસના રૂા. ૫૦/- ના હિસાબે દરરોજ લગભગ રૂા. ૨૪૦૦/- જેવો ખર્ચ થવા પામે છે. મહિને રૂા. ૭૦,૦૦૦/- જેવા

*વ્યવસાયમાં સફળ થવા શરીરને તંદુરસ્ત રાખો.*

ખર્ચનો અંદાજ બેસે છે. આ શુભ પ્રવૃત્તિના પ્રણેતા બનવા બદલ મુરબ્બી શ્રી એલ.ડી.શાહને જેટલા પણ અભિનંદન આપીએ તેટલા ઓછા જ પડે.

આ પ્રકારની પ્રવૃત્તિનો વ્યાપ જોઇ, કોઇના પણ ઉરના દ્વાર ઝણઝણી ઊઠે! શ્રી કચ્છી જૈન સેવા સમાજ-અમદાવાદના એક સમયના અગ્રીમ કાર્યકર અને હાલે વાશી - મુંબઇ સ્થિત શ્રી બંસીલાલ મગનલાલ ગડાએ તેમની તાજેતરની અમદાવાદની મુલાકાત દરમ્યાન આ પરિસ્થિતિ જાતે નિહાળી. તેમનું દિલ દ્રવી ઊઠ્યું. તેઓશ્રીએ તરત જ આ પ્રવૃત્તિ માટે પોતા તરફથી રૂા. ૧,૦૮,૦૦૦/- ના અનુદાનની જાહેરાત કરી. તેટલું જ નહીં પરંતુ તેમણે એ પણ જાહેર કર્યું કે આ પ્રવૃત્તિ માટે તેઓશ્રી ૯ના ગુણાંકમાં અન્ય અનેક અનુદાનો મેળવવા પ્રયાસ કરશે. (તેમનો ઇરાદો ૧૦૮ અનુદાનો એકત્રિત કરવાનો છે.) પછી તે રૂા. ૯,૦૦૦/-, રૂા. ૨૭,૦૦૦/- રૂા. ૫૪,૦૦૦/- કે રૂા. ૧,૦૮,૦૦૦/- હોઇ શકે. જેઓ શ્રી બંસીભાઇને પહેચાને છે, તેઓ તેમના હઠાગ્રહી સ્વભાવ માટે સારી રીતે પરિચિત છે. શ્રી બંસીભાઇ એક વખત કોઇ પ્રશ્ન હાથ પર લે તો તે પ્રશ્ન પાછળ ઝઝુમી ઊઠે છે. કોઇપણ પરિસ્થિતિમાં તે ચલાયમાન થતા નથી. આપણે ઇચ્છીએ કે શ્રી બંસીભાઇ તેમના પ્રયાસમાં વધુને વધુ કામિયાબ બની રહે.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ-અમદાવાદના ટ્રસ્ટીશ્રીઓ તથા કાર્યકરોની આ પરિસ્થિતિમાં વિશેષ જવાબદારી ઉત્પન્ન થાય છે. તેઓશ્રીએ સ્વથી શરૂઆત કરી અન્યોને પ્રેરણા આપી છે. ટ્રસ્ટીશ્રીઓ તથા કાર્યકરશ્રીઓ આ પ્રવૃત્તિ માટે અનુદાન એકત્રિત કરવા સક્રિય બની યોગ્ય અનુદાનો એકત્રિત કરે તેવી અપેક્ષા અસ્થાને તો નહીં જ ગણાય.

અમદાવાદ સ્થિત શ્રી કચ્છી જૈન સેવા સમાજના સાધન સંપન્ન સભ્યો, અમદાવાદ સ્થિત અન્ય કચ્છી મહાનુભાવો તથા જેઓએ પણ આ લેખ વાંચેલ છે તે સહુને આ પ્રવૃત્તિમાં ઉમંગભેર ભાગ લેવા 'મંગલ મંદિર' નિમંત્રણ આપે છે.

'મંગલ મંદિર'ની એ ભાવના રહેવા પામેલ છે કે એક શુભ ઇરાદાથી શરૂ કરવામાં આવેલ આ પ્રવૃત્તિ સહુ કોઇના સહકારથી નિરંતરપણે ચાલતી રહે.

*૨૦૩, સવિતા એન્કલેવ, સમર્પણ બંગ્લોઝની બાજુમાં, જજીસ બંગલો ચાર રસ્તા પાસે, બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫.*
*ફોન : (ઘર) ૨૬૮૭૨૩૨૮ મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯ / ૯૪૨૮૦ ૪૦૨૬૧*

## લેખ, અહેવાલ, સમાચાર વગેરે મોકલનારને નમ્ર વિનંતી

*૧. કોઈપણ પ્રકારના લેખ, અહેવાલ, સમાચાર વગેરેમાં જોડણીની ભૂલો વિના તેમજ શુદ્ધ ભાષામાં લખીને મોકલાવવા જરૂરી છે.*

*૨. અન્ય સ્થળે પ્રકાશિત થયેલી વિગત સામાન્ય રીતે ફરી પ્રસિદ્ધિ અર્થે મોકલાવવાનું ઉચિત નથી. આમ છતાં, તેવી વિગત ઉચ્ચ કક્ષાની હોય તો જરૂરી પરવાનગી સાથે મોકલાવવી અને અગાઉ ક્યાં પ્રસિદ્ધ થઈ છે તે જણાવવું આવશ્યક છે.*

*૩. દરેક વિગત, લેખો સુવાચ્યનીય અક્ષરોમાં, બે લાઈન વચ્ચે જરૂરી સ્પેસ છોડીને ઓછામાં ઓછું A4 સાઈઝના કાગળ પર ફક્ત એક જ બાજુ લખીને મોકલાવવા. તે સિવાયના લખાણ પર ધ્યાન આપવાનું અશક્ય બની શકે છે.*

*૪. સંજોગોવશાત્ હાલના તબક્કે કોઈપણ પ્રકારના કાવ્યને પ્રસિદ્ધ કરવાનું શક્ય નથી.*

*૫. ઘણા લખાણો મૌલિક હોતા નથી. આવા લખાણ મોકલનારે મૂળ લેખક, પ્રકાશનનો ઉલ્લેખ કરવો જરૂરી છે.*

*૬. સમાજને ઊંચે લાવનાર, પ્રેરણાદાયી, અભ્યાસયુક્ત અને કલામય કૃતિઓ સરળ શુદ્ધ શૈલીમાં ફુલસ્કેપ પાના પર એક તરફ સારા અક્ષરે લખેલાં તમામ લખાણો હંમેશાં આવકારદાયક બનશે.*

*૭. લખાણ પરત મોકલાવવાની પ્રથા નથી.*

*૮. કોઈપણ લેખ, કૃતિ, સમાચાર, અહેવાલો વગેરે તમામ લખાણોમાં જરૂરી ફેરફાર કરીને લેવામાં આવે છે જેની નોંધ લેવા વિનંતી છે.*

*સંસારની કામનાથી પશુતાનો અને ભગવાનની કામનાથી મનુષ્યતાનો આરંભ થાય છે.*

કચ્છ

# કચ્છ પ્રવાસન : બદલાતાં પરિમાણો

• હરેશ ધોળકિયા •

પૃથ્વી પર સમાજ અને સભ્યતાનો વિકાસ થયો ત્યારથી કચ્છનો પ્રદેશ દેશ-વિદેશના પ્રવાસીઓને આકર્ષતો રહ્યો છે. પ્રાચીનકાળથી અનેક પ્રવાસીઓ કચ્છમાં આવતા રહ્યા છે, ફરતા રહ્યા છે, ક્યારેક તેની નોંધ પણ કરી છે. પુરાણો, મહાકાવ્યો વગેરેમાં કચ્છનો ઉલ્લેખ જોવા મળે છે, જેનો અર્થ કરી શકાય કે અહીં તે દરમ્યાન કોઇને કોઇ આવતા રહ્યા છે. રામ, પાંડવો વગેરે પણ વસવાટ કરી ગયા છે તેવા પૌરાણિક ઉલ્લેખો છે. અનેક યોગીઓ, તપસ્વીઓ અહીં વિવિધ સ્થળોએ તપસ્યા કરી ગયા છે. હિન્દુ-બૌદ્ધ-શીખ-જૈન ઇસ્લામનાં સ્થાનો અહીં ઊભાં થયાં છે. બીજી બાજુ ધોળાવીરા સમયે વ્યાપાર વિકસ્યો હશે જેને કારણે પણ આવનજાવન થતી હશે. આ બધાં પરિબળોના પ્રભાવે કચ્છ પ્રત્યે સતત આકર્ષણ રહ્યું હશે અને પ્રવાસીઓ આવતા રહ્યા હશે. મધ્યયુગ અને આધુનિક યુગમાં પણ આ આવનજાવન ચાલુ રહી. વિવેકાનંદ જેવા દરિયો ખેડીને કે રણ ઓળંગીને પણ કચ્છમાં ફર્યા હતા. અનેક અંગ્રેજોએ તો પ્રવાસની નોંધો પણ કરી છે.

કચ્છમાં આવવાનું કે પ્રવાસ કરવાનું આકર્ષણ કયું હશે- આ પ્રશ્ન સ્વાભાવિક થાય.

મુખ્ય પરિબળ તો, સ્વાભાવિક રીતે, ધાર્મિક જ હોય. પ્રાચીનકાળથી વિવિધ ધાર્મિક સ્થળોની મુલાકાતે પ્રવાસીઓ-યાત્રાળુઓ આવતા રહ્યા હશે. ઇ.સ.ની બીજીથી નવમી સદી દરમ્યાન બૌદ્ધ સ્થાનોએ આ આકર્ષણને જીવંત રાખ્યું હશે. હ્યુ-એન-સંગની મુલાકાત તેનો પુરાવો છે.

બીજું પરિબળ તેનું સ્થાન છે. ભારતમાંથી પશ્ચિમમાં જવા કે પશ્ચિમમાંથી ભારત આવવા કચ્છમાંથી કે કચ્છ પાસેથી પસાર થવું અનિવાર્ય બને છે. દરિયો તેમાં મહત્ત્વનો ભાગ ભજવે છે. કૃષ્ણ, સિકંદર જેવા અનેકો આ સંદર્ભમાં અહીંથી પસાર થયા છે. યુદ્ધ કરવા જવા કે ત્યાંથી પાછા વળતાં અહીંનો માર્ગ સરળ પડતો હશે.

પાછળથી એક પરિબળ ઉમેરાયું - તે સંશોધન. કચ્છની ભૂમિ જીવંત મ્યુઝિયમ જેવી છે. ભૌગોલિક, ભૂસ્તરશાસ્ત્રીય, જૈવિક વગેરે અનેક રીતે કચ્છ પ્રાચીન હોવાથી વૈવિધ્ય ધરાવે છે. અહીં જમીન, રણ, દરિયો - અનેક બાબતોમાં વિવિધતા રહી છે જે સંશોધકોને આકર્ષતી રહી છે. પરિણામે અનેક સંશોધકો આજ સુધી અહીં આવતા રહ્યા છે અને તેમની નોંધો અન્યોને અહીં ખેંચી લાવે છે.

છેલ્લાં થોડાં વર્ષોથી કચ્છની હસ્તકળાઓ પ્રવાસનનું માધ્યમ બની છે. જ્યારથી તે વ્યવસાય જગતમાં પ્રવેશી છે, ત્યારથી દેશ-વિદેશમાં તે પ્રચલિત થવા માંડી છે. તેના રંગ અને ડિઝાઇનનાં વૈવિધ્યે સમસ્ત વિશ્વને તે જોવા અહીં આવવા-જોવા-શીખવા આકર્ષિત કર્યું છે. દિન પ્રતિદિન તેનું મહત્ત્વ વધતું જાય છે.

આ બધાં નિમિત્તોનાં પરિણામે કચ્છનું હંમેશાં પ્રવાસનના નકશામાં પ્રચલિત સ્થાન રહ્યું છે. જગતભરના દેશોની વૈશ્વિક પ્રવાસ ગાઇડબુકમાં કચ્છ પ્રવાસ માટે અનિવાર્ય સ્થળ રહ્યું છે.

વીસમી સદીમાં પ્રવાસીઓ તો આવતા જ, પણ તેમનો પ્રવાહ છૂટોછવાયો અને ધીમો રહ્યો. તેનો કોઇ પ્રચાર ન હતો. ધાર્મિકો સ્વાભાવિક રીતે આવતા. બાકીના માહિતી મળે ત્યારે આવતા. પણ આ સમગ્ર પ્રક્રિયા સ્વભાવિકરૂપે રહેતી. તેનો કોઇ પ્રચાર ન હતો.

પણ એકવીસમી સદીના પ્રારંભે પ્રથમ વર્ષના પહેલે મહિને જ, આ બાબતમાં તીવ્ર વળાંક આવ્યો. ૨૦૦૧ની ૨૬મી જાન્યુઆરીએ આવેલ વિનાશક ભૂકંપે વિશ્વનું ધ્યાન ખેંચ્યું. વ્યાપક વિનાશને હળવો કરવા અને પુનઃનિર્માણનું કામ કરવા વિશ્વભરની સંસ્થાઓ કચ્છમાં આવી અને ખૂણેખૂણામાં કામ કર્યું. નુકસાન અને પુનઃનિર્માણનાં કામને જાહેર માધ્યમો દ્વારા વ્યાપક પ્રચારનો લાભ મળ્યો. બન્નેનો અભ્યાસ અને સંશોધનો થયાં. તેણે વધારે રસ જન્માવ્યો અને પ્રવાસીઓની સંખ્યા વધવા લાગી. શરૂમાં કરુણાભાવ હતો, પણ અહીં આવી વૈવિધ્યસભર સમાજ અને સંસ્કૃતિ જોઇ જિજ્ઞાસાભાવ વધ્યો. જેણે મોટો ભાગ ભજવ્યો.

તેમાં પ્રથમવાર ભળ્યા સરકારના પ્રયાસો. છેલ્લા દાયકામાં વર્તમાન મુખ્ય મંત્રી શ્રી મોદીને, અકળ કારણોસર, કચ્છમાં બહુ રસ પડ્યો. બધા જિલ્લાઓમાંથી મહત્તમ મુલાકાત તે કચ્છની લેતા રહ્યા છે. આ મુલાકાતો દરમ્યાન તેમને વિવિધ સ્થળોનાં સૌંદર્યો ગમતાં રહ્યાં. તેમણે જયારથી ''વાઇબ્રન્ટ ગુજરાત''નો મુદ્દો ઉપાડ્યો, ત્યારથી કચ્છને પણ વાઇબ્રન્ટ બનાવવાના પ્રયાસો આદર્યા. અન્ય પગલાંઓ સાથે વિવિધ ઉત્સવોનું આયોજન તેમણે કચ્છમાં શરૂ કર્યું. શરૂમાં ''શરદોત્સવ'' આવ્યો. પાછળથી તે ''રણોત્સવ''માં ફેરવાયો. તેમાં રણમાં રહેવું, ફરવું, તેનું સૌંદર્ય જોવું, તે દરમ્યાન અન્ય

સ્થળોની મુલાકાતો ગોઠવવી, કાર્નિવલ દ્વારા આકર્ષણ વધારવું — આવા વિવિધ કાર્યક્રમો દ્વારા તે કચ્છ વિશેનું આકર્ષણ વધારતા ગયા. આ નિમિત્તે કચ્છમાં આવનાર પ્રવાસીઓની સંખ્યા સ્થિર રીતે વધતી ગઇ છે.

૨૦૧૦માં ગુજરાત સરકારે-એટલે કે શ્રી મોદીએ- 'વાઇબ્રન્ટ' કાર્યક્રમમાં ગુજરાત પ્રત્યે આકર્ષણ વધારવા આક્રમક પ્રચાર કાર્યક્રમ શરૂ કર્યો અને જાણીતા અભિનેતા શ્રી અમિતાભ બચ્ચનને ગુજરાતનો પ્રચાર કરવા માટે ગુજરાતના પ્રવાસન-એલચી બનાવ્યા. તેમના અવાજમાં ગુજરાતનાં મુખ્ય પ્રવાસન-સ્થળોની આકર્ષક સી.ડી.ઓ તૈયાર કરવામાં આવી અને ટી.વી. તથા ફિલ્મોમાં પ્રસારિત કરવામાં આવી છે. આ પ્રચારમાં એક નાનો ટુકડો કચ્છ પણ છે. તેમાં રણ વગેરે બતાવી અમિતાભ "કચ્છ નહીં દેખા, તો કુછ નહીં દેખા" એમ માદક અવાજમાં ભારપૂર્વક અને આગ્રહપૂર્વક કહે છે. જાહેરાતો પછી કચ્છમાં જે રીતે પ્રવાસીઓની સંખ્યા વધે છે અથવા તો બુકિંગો અને ટુરો વધતાં જોવા મળે છે, તે લાગે છે કે, આ અમિતાભના પ્રભાવનું કારણ છે. રણોત્સવ-૨૦૧૦ માં પણ જે ભીડ જોવા મળે છે, તે પણ આ ધારણાને બળ આપે છે. સળંગ એક માસ સુધી રણના તંબુઓ કે કચ્છની હોટેલો જે રીતે બુક થઇ રહેલ છે, તે પણ તેને ટેકો આપે છે.

આમ, છેલ્લા દાયકામાં કચ્છના પ્રવાસને નવું જ પરિમાણ ઊભું કર્યું છે. શરદોત્સવથી અમિતાભના પ્રચાર સુધી કચ્છ પ્રત્યેનું આકર્ષણ વધતું જ જાય છે.

આમાં એક અન્ય પરિબળનો પણ ઉલ્લેખ કરવો જરૂરી છે. તે છે છેલ્લા દાયકામાં થયેલ કચ્છનો ઔદ્યોગિક વિકાસ. ભૂકંપ પછી કચ્છમાં વિકાસ કરવા અને રોજગાર વધારવા કેન્દ્ર સરકારે ઉદ્યોગોને કચ્છમાં ઉદ્યોગો સ્થાપવા પ્રોત્સાહિત કરવા "ટેક્સ હોલી ડે" ની જાહેરાત કરી હતી. તેનાથી આકર્ષાઇ ઉદ્યોગોએ કચ્છમાં આવવાની શરૂઆત કરી. આજે ૨૦૧૦માં તો લગભગ ૫૦૦ જેટલા નાના મોટા ઉદ્યોગો કચ્છમાં પથરાઇ ગયા છે. સમગ્ર દરિયા કિનારો ઉદ્યોગોથી છલકાય છે. ઉદ્યોગોમાં રોજગારી મળવાથી સમગ્ર દેશના લોકો અહીં વસવાટ કરવા લાગ્યા છે. તેના દ્વારા પણ તથા ઉદ્યોગોના સંદર્ભમાં પણ સામાન્ય પ્રવાસન અને આર્થિક પ્રવાસન વિકસતું જાય છે. તે પણ પ્રવાસીઓની સંખ્યામાં વધારો કરે છે.

બીજું એક ગૌણ પણ ધ્યાનાકર્ષક પરિબળ છે કચ્છમાં શરૂ થયેલ ફિલ્મોનું શૂટિંગ. 'બોર્ડર' , 'હમ દિલ દે ચૂકે સનમ' કે 'લગાન' વગેરે ફિલ્મોમાં જે રીતે કચ્છનું સૌંદર્ય બતાવવામાં આવે છે, તેણે પણ, સંભવ છે, આકર્ષણમાં નોંધપાત્ર વધારો કર્યો જ છે. તે સંદર્ભમાં પણ પ્રવાસન વધે છે.


બાબરી વિધ્વંશ પછી દેશમાં, ખાસ કરીને ગુજરાતમાં, ધાર્મિક ઉછાળ આવ્યો છે. ધર્મ-ઝનૂન વધ્યું છે. પરિણામે ધાર્મિક પ્રવૃત્તિઓ અને ધાર્મિક સ્થળોની મુલાકાત વધવા લાગી છે. માતાનો મઢ, હાજીપીર, લખપતનું શીખ ધાર્મિક સ્થળ જેવાં સ્થળોમાં એક યા બીજા સંદર્ભમાં યાત્રા કરવાનું મહત્ત્વ વધતું જતું દેખાય છે. તે પણ દેશના અનેક વિસ્તારોમાંથી ભાવિકોને અહીં ખેંચે છે. તે પણ એક પરિબળ બન્યું છે.

આમ આવાં અનેક નાનાં મોટાં પરિબળોએ પ્રવાસન-વ્યવસ્થાને જબરો ધક્કો પૂરો પાડ્યો છે. પરિણામે દિન-પ્રતિદિન પ્રવાસીઓની સંખ્યામાં વધારો થતો જાય છે. પહેલાં શિયાળામાં વધારે પ્રવાસીઓ જોવા મળતા. હવે બારેમાસ આવતા રહે છે તે નોંધનીય છે.

આ ઘટના કચ્છના સાંસ્કૃતિક વિકાસ અને આર્થિક પ્રગતિ માટે આવકારદાયક છે. સેંકડો વર્ષો પછી પ્રથમ વાર કચ્છ વૈશ્વિક સ્થાન બની રહ્યું છે. પ્રથમ વાર વ્યવસ્થિત અને વ્યાપક આર્થિક વિકાસ થઇ રહ્યો છે. પ્રથમ વાર પ્રજાનું જીવન ધોરણ સુધરી રહ્યું છે, જે સામાજિક અને અન્ય ક્ષેત્રોમાં પરિવર્તન લાવી રહ્યું છે.

તે સાથે અન્ય બાબતો પણ ધ્યાન ખેંચે છે. કચ્છનો વ્યાપક પ્રચાર થાય છે અને પ્રવાસીઓ વધી રહ્યા છે. આ બાબત પ્રોત્સાહક હોવા સાથે આવનાર પ્રવાસીઓને રહેવા વગેરે જેવી બાબતો વિશે પણ ધ્યાન આપવાની જરૂર છે. આ "આતિથ્ય-મેનેજમેન્ટ" જોઇએ તેટલું ઝડપી નથી વિકસતું. પર્યટન સ્થળે અન્ય આકર્ષણોનો વિકાસ ધીમો છે. પ્રવાસન-માર્ગદર્શન લગભગ શૂન્ય છે. પ્રવાસન ખાતું પોતે જ તદ્દન અજ્ઞાન છે. તેના પાસે પ્રચાર સાહિત્ય નહિવત છે. માહિતી તો નથી જ. પ્રવાસીઓ વિશેનું દસ્તાવેજીકરણ-આંકડાઓ- પણ શૂન્ય છે. હા, ખાનગી સંસ્થાઓ તે મર્યાદા પૂરી કરવા પ્રયાસ કરે છે. માર્ગદર્શકો ઓછા છે. તેમના વિશેની માહિતી પણ નથી મળતી. આ બધાં પરિબળો પ્રવાસીને નાહિંમત અને નિરાશ કરે છે. આ બધામાં વ્યવસ્થિત આયોજનની જરૂર છે. તો કચ્છ ગોવા કે ઇટાલીના રોમ જેટલું જ વિશ્વ-પ્રસિદ્ધ બની શકે તેમ છે.

*ન્યુમિન્ટ રોડ, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*
*ફોન : ૦૨૮૩૨-૨૨૭૯૪૬*




***એ કચરો ઉપડાવવો છે ને? લાચાર છીએ... સાધનો તથા ખર્ચનો અભાવ?? થોડો વખત ખમી જાવ... નવી ગ્રાન્ટ મળશે એટલે તેમાં ખર્ચો ઉધારી, કચરો ઉપડાવી દેશું.***

વિચાર મંથન

સ્વામી શ્રી સચ્ચિદાનંદજીના અનુભવો – ૨

# સસૂર, પગલા હૈ ક્યા?

• સ્વામી શ્રી સચ્ચિદાનંદજી •

સંસ્કૃત ભણવાની તીવ્ર ઉત્કંઠા હોવા છતાં કોઇ પાઠશાળાનું પગથિયું પણ જોયા વિના નિરાશ થઇને હું કાશીથી વિદાય થયો. હવે મારી આશાનું કેન્દ્ર બેલુડ મઠ હતો. મારા પ્રેરણામૂર્તિ શ્રીરામકૃષ્ણ પરમહંસદેવની ભૂમિ. સ્વામી વિવેકાનંદજીની ભૂમિ બંગાળની. એ શક્તિશાળી ધરતી, જ્યાંથી અસંખ્ય નરરત્નો પેદા થયાં હતાં. અહીં મને અવશ્ય કોઇ સદ્‌ગુરુ મળી રહેશે એવી આશા મારામાં હતી.

કાશીથી હું રઘુનાથપુર આવ્યો. મારા ખ્યાલ પ્રમાણે બિહાર શરૂ થઇ ગયું હતું. અહીંનો એક પ્રસંગ જાણવા જેવો છે. રેલવેની નજીક જ એક વૈરાગી મહાત્માનું નાનું સરખું મંદિર. ભ્રમણકાળનો મારો અનુભવ છે કે વૈરાગી તથા કબીર મંદિરો રોટલાની બાબતમાં વધુ ઉદાર રહ્યાં છે. સંન્યાસીઓનાં સ્થાનો, તેમાં પણ પંડિત સંન્યાસીઓનાં સ્થાનો તેટલાં ઉદાર નથી રહ્યાં.

વૈરાગી સાધુ મોટા ભાગે બહુ ભણેલા નથી હોતા. તુલસીકૃત રામાયણ તથા હનુમાનચાલીસા-બસ, આ બે ગ્રંથો તો ઘણા થઇ ગયા. યુ.પી., બિહારમાં રામાયણની ચોપાઇઓ તો જનજનના કંઠે રમતી હોય. વેદ તો કહેવા પૂરતા ધર્મગ્રંથ રહ્યા છે. તે કદી આમજનતા સુધી પહોંચ્યા જ નથી. આમજનતા સુધી તો રામાયણ-મહાભારત જેવા કથાગ્રંથો જ વધુ પહોંચ્યા છે. વૈરાગીસાધુ એટલે કર્મઠ સાધુ. વહેલી સવારે ઊઠે. ઠંડા પાણીએ સ્નાન કરે, લંગોટી-માત્ર કે પછી ઉપર વેંતનું કપડું પહેરે. મંદિરમાં કચરા, પૂંજા બધું કરે. ગાય હોય તો વાસીદું કરે, કાવડ લઇને વસ્તીમાં જાય. લોટ લાવે. જાતે રસોઇ બનાવે. આવ્યા-ગયા સાધુ-સંત ભગત-ભિખારીને જમાડે. કોઇ કોઇ વળી વ્યાયામની પ્રવૃત્તિ પણ કરે. આમ પૂર્ણ સ્વાવલંબી અને પરમાર્થી જીવન જીવે. સીતારામ સીતારામનો જાપ કરે. કસાયેલું શરીર, ભસ્મ અને જટાઓથી અવરણાગી રૂપ. આ બધું જોઇને એમ લાગે કે ભણેલા કરતાં આ અભણ સાધુ, સંત-વૃત્તિની વધુ નજીક છે.

હું એ વૈરાગી સંતના ત્યાં સાંજે પહોંચ્યો હતો. આરતી-પૂજા વગેરે થતાં થતાં નવ વાગી ગયા. મારી પાસે ઓઢવાનું ઘણું ઓછું હતું, પણ કોઇએ મને એક હવેલી બતાવી જે ત્રણ તરફ બંધ અને એક તરફથી ખુલ્લી હતી. તેમાં ડાંગરનું પરાળ ઢીંચણ સુધી ભર્યું હતું. આ સૌની પથારી હતી. સૌની માફક હું પણ તેમાં પેસી ગયો. એક ચાદર પાથરી અને બીજી ઓઢીને પરાળ લઇ લીધું. મજા પડી ગઇ. ઠંડી જરાય ના લાગી. ખૂબ ઊંઘ આવી. ઘસઘસાટ ઊંઘમાં કેટલો સમય વીત્યો તેની ખબર જ ના પડી. ઘણા દિવસે ટાઢ વિનાનું સૂવા મળ્યું હતું.

એક માણસે આવીને મને જગાડ્યો ત્યારે મારી આંખ ઊઘડી. બીજા બધા હરફર કરી રહ્યા હતા. મને સંકોચ થયો. અરે મારાથી મોડું ઊઠાયું! બધા જ ઊઠી ગયા છે. દાતણ કરવા હું કૂવા તરફ ગયો, હજી તો હું ઊભો જ હતો ત્યાં એક સાધુ આવીને કહે, “અરે દેખતે ક્યા હો? ચલો, ચલો, જલદી ચલો, ભોજન કર લો.” મને નવાઇ લાગી. અત્યારે પરોઢિયે ભોજન! દાતણે કર્યું નથી અને ભોજન! હું ગૂંચવાયો, શું કરવું, શું કહેવું? ત્યાં તો તેમણે જ કઠોર સ્વરમાં કહ્યું, “સસૂર, પગલા હૈ ક્યા?”

કાંઇ જ વિચાર કર્યા વિના પંદરેક માણસોની પંગત બેઠી હતી તેમાં જઇને સૌથી છેલ્લો હું પણ બેસી ગયો. વૈરાગી સાધુઓમાં સૌ પોતપોતાનું જળપાત્ર લાવે. અહીં તો પતરાળાં પણ ન હતાં. સૌ ડાબા હાથમાં રોટલી લેતા હતા, દાલ-રોટીનું ભોજન હતું. મેં મનાવ્યું કે અહીં પરોઢિયે જમી લેવાની પ્રથા હશે. પીરસનાર કોઇ સાધુ ઝડપભેર પીરસતા મારી પાસે આવ્યા અને બોલ્યા, “બોલો, કિતની રોટી? હું ઉતાવળમાં બોલ્યો, “દો”. તેમણે તરત જ બે રોટલીઓ મારા હાથમાં પછાડી. એ બે રોટલીઓ કેવી હતી! હથેળી જેવી જાડી! બધાં અનાજોના લોટવાળી શેર શેરની બે ભારે ભાખરીઓ હતી. રોટલીઓના પછડાટથી મારા હાથ નીચા થઇ ગયા. “અરે... આ ખવાશે કેવી રીતે?” હું ચિંતામાં પડી ગયો. અનેક દેવોની જય બોલ્યા પછી સૌએ જમવાનું શરૂ કર્યું. હું માંડ માંડ અડધી રોટલી ખાઇ શક્યો. વધેલી આ દોઢ રોટલીનું શું કરવું? જો કોઇ સાધુ જોઇ જશે તો? એક વાર તો માત્ર સસૂર શબ્દનું હુલામણું સંબોધન જ સાંભળવા મળ્યું. ફરી કાંઇ તેથીય વધારે હુલામણાં સંબોધનો સાંભળવા ના મળે તો સારું!

મારી બાજુમાં જે સાધુ બેઠા હતા તે કાંઇક ઠરેલ અને ભલા હતા. તેમણે કહ્યું, “નહિ ખાઇ જાતી તો રહને દો, જાવ ગઉકો ખિલા દો.” હાશ, પ્રાણમાં પ્રાણ આવ્યા. હું ઊઠ્યો. કોઇ જુએ નહિ તેમ ગાયને રોટલી ખવડાવી. હાથ મોઢું ધોઇને મંદિર આગળ જઇને ઊભો. હમણાં આરતી થશે એ આશાએ. ત્યાં તો મેં જોયું કે સૌ કોઇ પેલા પરાળમાં જઇને સૂવા લાગ્યા.

“અરે! દિવસ ઊગવાની તૈયારી છે અને આ લોકો ઊંઘે છે કેમ! મને એકલાને ઊભેલો જોઇને એક સાધુએ કહ્યું, “અરે દેખતે ક્યા હો? જાવ, સો જાઓ.” મારી ગૂંચવણ વધી રહી હતી. હું પણ કશું બોલ્યા વિના પરાળમાં જઇને સૂઇ ગયો. પછી ખબર પડી કે હજી તો રાતના બાર જ વાગ્યા છે. અડધી રાત બાકી છે.

અહીં બિહારમાં રાતના દસ વાગે સીધું કાઢવાનો રિવાજ. પછી રસોઇ શરૂ થાય, અગિયાર વાગે સૌ જમવા ઊઠે. બાર-સાડાબાર વાગે સૌ જમી રહે, પછી સૂઇ જાય.

જેણે ભ્રમણ નથી કર્યું તેને દેશાચારની શી ખબર પડે?

***લેખકના પુસ્તક “મારા અનુભવો”માંથી સાભાર***

*અહંકાર એટલે નિખાલસતાની બાદબાકી, દંભનો ગુણાકાર અને પતનનો પ્રારંભ.*

# મારો પહેલો મિત્ર

• ફાધર વાલેસ •

હમણાં એક પ્રસંગ વાંચ્યો. એક ભાઇનો મિત્ર ગુજરી જવાથી એ અત્યંત શોકમાં ડૂબેલો હતો. એના એક સુજ્ઞ વડીલે એને આશ્વાસન આપવાને અર્થે પૂછ્યું, "આટલો બધો શોક કેમ?" ત્યારે એણે જવાબ આપ્યો, "એ મારો પરમ મિત્ર હતો એટલે એના જવાથી ઘણું દુઃખ થયું છે." જાણે એ જવાબની રાહ જોતા હોય તેમ એ વડીલે કહ્યું, "વાત સાચી છે અને દુઃખ વાજબી છે. મિત્ર જાય એટલે દુઃખ થાય. પણ તમારો પરમ મિત્ર કોણ છે એ વાત શું, હજી નથી સમજાઇ?" પેલા ભાઇએ પ્રથમ તો નવાઇની સાથે વડીલની સામે જોયું. પછી થોડીવાર શાંત રહ્યો. ધીરે ધીરે એની આંખમાં આંસુ આવ્યાં, અને છેવટે જાણે પોતાની સાથે બોલતો હોય તેમ અંતર્મુખ ભાવે એમણે કહ્યું, "હા, હવે વાત સમજાઇ. પોતાનો મિત્ર હું જ પોતે છું."

એ પ્રસંગનો એક બોધ છે. ગયેલા મિત્રને દુઃખ લાગવું ન જોઇએ એમ નહિ, પણ પોતાનો મિત્ર પોતે જ છે એ બોધ છે. માણસના મિત્રો ઘણા, પણ પહેલો મિત્ર તો પોતે જ. અને દુઃખની વાત એ છે કે ઘણા લોકો પોતાના મિત્રો નહિ પણ પોતાના દુશ્મન હોય એવી રીતે વર્તે છે. કોઇ એમને ન આપે એટલી તકલીફ એ પોતાની જાતને આપે, પોતાને હલકા માને, પોતાનો તિરસ્કાર કરે, પોતાના મનની આગળ પોતાની નિંદા કરે. "હું નકામો છું, હું આળસુ છું, મેં જિંદગીમાં કશું કર્યું નથી, આખો જન્મારો બરબાદ થયો છે." ને એમ બોલનાર માણસ સફળ વેપારી છે, સુખી કુટુંબનો ધણી છે, સમાજનો પ્રતિષ્ઠિત સભ્ય છે, એટલે કે બીજાઓની આગળ એની પ્રતિષ્ઠા છે, પણ પોતાની આગળ નથી. માણસ પોતાની કદર કરતો નથી, પોતાને ન્યાય આપતો નથી. કદાચ એ બીજા લોકોની આગળ અભિમાન કરશે, પણ પોતાના મનની આગળ પોતાની યોગ્ય કિંમત પણ ન આંકે. આકાંક્ષાઓ રાખશે, પણ પોતાના વિશે હલકો અભિપ્રાય રાખશે. બડાઇ મારશે, પણ લઘુગ્રંથિ અનુભવશે. માણસ પોતાનો ન્યાયાધીશ હોય છે, પોતાનો નિંદક હોય છે, પોતાનો હરીફ હોય છે પણ પોતાનો મિત્ર નથી હોતો.

એક યુવાન માણસ રોજ સવારે વહેલા ઊઠવાનો સંકલ્પ કરે. વાંચવાનું છે, મહેનત કરવાની છે. એટલે રોજ સવારે એલાર્મ મૂકીને પાંચ વાગે ઊઠશે અને વાંચવા બેસશે એવો નિર્ણય લે, અને એ રીતે કરવા પણ માંડે છે. રોજ સવારે એલાર્મ વાગે એટલે એ ઊઠે, તૈયાર થાય, વાંચવા બેસે, અઠવાડિયું એમ ચાલે. પછી એક દિવસ આળસ લાગે અને સવારે એલાર્મ તો વાગે પણ એ પાસું બદલીને સૂતો રહે. એને ભાન તો છે કે ઊઠવું જોઇએ, પણ ઊઠતો નથી. પાંચ વાગે ન ઊઠ્યો એ ખોટું થયું એ વિચાર સૂતાં સૂતાં પણ મનમાં છે. પણ હવે ખોટું કર્યું તો સાવ ખોટું કરીએ એ અવળો નિર્ણય જાણે આત્મદ્વેષથી ઊંઘની વચ્ચે જ લેવાય અને પાંચના છ થાય અને છના સાત અને સાતના આઠ થાય, અને છેલ્લે એ જાગે તોય લાંબા સમય સુધી પથારીમાં સૂતો રહે, કંટાળી જાય, હારી જાય, જેમ તેમ ઊઠી જાય. પછી પોતે નિર્ણય પાળ્યો નહોતો એટલે પસ્તાવો થાય, પોતા ઉપર ગુસ્સો થાય. તિરસ્કાર છૂટે, નિંદા કરે, "હું નકામો છું. આઠ દિવસ પણ હું વહેલો ઊઠી ન શક્યો; આટલી સહેલી વાતમાં હું નિષ્ફળ જાઉં પછી શામાં મને સફળતા મળવાની છે? મારામાં મનોબળ નથી. શક્તિ નથી. કશું જ નથી!" પછી ત્યાં ને ત્યાં આખો પ્રયોગ બંધ કરે, એલાર્મ પાછું કબાટમાં મૂકે અને હવે ન ઉઠાય ને ન વંચાય તો કંઇ નહિ પણ વહેલા ઊઠવાના પ્રયત્ન કરવાથી આટલી હતાશા થાય તો એવો પ્રયત્ન હવે કદી નહિ કરાય એવો નિર્ણય લે. અને એ નિર્ણય તો પાળે જ.

એ યુવાન માણસ પોતાની જાતને અન્યાય કરી રહ્યો છે. સાત દિવસ એ વહેલો ઊઠ્યો હતો. આઠમે દિવસે વાંધો આવ્યો. એટલે કે પહેલા આઠ દિવસમાં સાત સારા ગયા અને એક ખરાબ. સાતમાં એ જીત્યો અને એકમાં એ હારી ગયો એટલે સરવાળે એ જીત્યો જ છે. પણ પોતાને મન એ હારી ગયો. સાત દિવસ સારા ગયા એની કદર એણે ન કરી, પણ એક ખરાબ ગયો એનો ખરખરો કર્યો. એ અન્યાય કહેવાય. ખાસ્સો અન્યાય. પોતાને ગુનાગાર ઠરાવ્યો, અને પોતાને શિક્ષા કરી. સાત દિવસ સારા ગયા એનું ઇનામ પોતાને અપાવવું જોઇતું હતું, પણ એ તો ન આપ્યું. એક દિવસ ભૂલ થઇ એ માટે ધીરજ રાખવી જોઇતી હતી એ બિલકુલ ન રાખી. પોતાને આકરી શિક્ષા કરી. ગુસ્સાની શિક્ષા, આત્મતિરસ્કારની શિક્ષા, અને વહેલા ઊઠવાનો આખો પ્રયોગ ત્યાં ને ત્યાં રદ કરી નાખવાની શિક્ષા. "હું નકામો છું, કશું કરી ન શક્યો ને કશું કરી શકવાનો પણ નથી." સખતમાં સખત ન્યાયાધીશ પણ એવી ભારે સજા ન ફરમાવી શકે! માટે પ્રશ્ન ઊઠે છે, માણસ પોતાનો મિત્ર છે કે પોતાનો દુશ્મન છે?

પ્રયોગના આઠ દિવસ પછી એ યુવાન માણસે તટસ્થ ભાવે અવલોકન કરવું જોઇતું હતું, અને સાત દિવસમાં સફળતા પછી આઠમા દિવસની ભૂલ જોઇને શાંતિથી નિર્ણય ફરીથી પાકો કરીને ને એલાર્મ મૂકીને સવારે વહેલા ઊઠવાની સાધના ચાલુ રાખવી જોઇતી હતી. એ સાચી સલાહ હતી અને એ સરળ ઉપાય હતો. તો પછી એણે એમ કેમ કર્યું?

એ યુવાન માણસને આળસ હતી એટલે એણે સવારે વહેલા ઊઠવાનો કાર્યક્રમ બંધ કર્યો એમ સહજ રીતે કોઇ પૂછે તો જવાબ આપશે.

*દરેક માણસ પોતાની ભૂલોને અનુભવનું નામ આપે છે.*

પણ એ જવાબ સાચો જવાબ નથી. સાચો જવાબ કંઇક વધારે ઊંડો અને સમજવા જેવો છે. એ યુવાન માણસને આળસ છે. એની ના નથી.

સૌ કોઇને હોય છે. તોપણ એ ધારે તો વહેલો ઊઠી શકે. પણ આળસ કરતાં બીજી અડચણ એને વધારે નડે છે. સાત દિવસ સુધી એ વહેલો ઊઠતો હતો એટલે એના મનમાં પોતાના વિશે સારો અભિપ્રાય બંધાતો હતો : ‘‘વાહ વાહ! હું કેવું કરી રહ્યો છું! હવે મેં કરી બતાવ્યું કે હું શું શું કરી શકું છું. પણ એ સારા અભિપ્રાયની સાથે બીક આવે છે. ‘‘શું હું આ પરિસ્થિતિ ટકાવી શકીશ? ક્યાં સુધી ચાલશે? કંઇક સારું કરી શકીએ એ બતાવ્યું, માટે હવે કાયમ માટે સારું કરતા રહેવું જોઇશે? મનોબળ છે એ બતાવ્યું, પછી બીજી કોઇપણ બાબતમાં એ જ પ્રમાણે કરવું પડશે. હવે બહાનું નહિ ચાલે. પણ શું, હંમેશાં દરેક બાબતમાં સીધા ચાલવા તૈયાર છીએ ખરા?’’

પોતા વિશે અભિપ્રાય આવ્યો એની સાથે જોખમ આવ્યું અને પડકાર આવ્યો. તેથી જ માણસ પોતાના મનમાં પોતાના વિશેનો એ સારો અભિપ્રાય તોડવા અજ્ઞાનપણે પણ ચોક્કસ રીતે તૈયાર થઇ જાય છે. ‘‘હું સંત નથી, હું સંયમી નથી, હું હરિશ્ચંદ્ર નથી. બધા કરે છે તેમ મને પણ કરવા દો. બધા મોડા ઊઠે તો મને પણ મોડા ઊઠવા દો. બધા વિદ્યાર્થીઓ વાંચ્યા વગર પરીક્ષામાં બેસે તો મને પણ વાંચ્યા વગર બેસવા દો અને નાપાસ થવા દો. કાયમ માટે વહેલા ઊઠવાની અને પરીક્ષામાં ફર્સ્ટ ક્લાસ લાવવાની જવાબદારી તો આપણને નહિ ખપે.’’ અને એટલા માટે જ આઠમે દિવસે એ મોડો ઊઠ્યો હતો. સારો અભિપ્રાય તૂટ્યો. આદર્શ મૂર્તિ ખંડિત થઇ. હવે શિસ્તમાં રહેવાની જરૂર નથી. હવે ગમે તેમ કરવાની છૂટ છે. હવે સલામત છીએ, સ્વતંત્ર છીએ.

માણસને પોતા વિશેનો પોતાનો સારો અભિપ્રાય ખપતો નથી. માટે એ પોતાના વિશે તટસ્થ રીતે વિચારી શકતો નથી. સાચે પ્રસંગે પણ પોતાની જાતને મોકળા મનથી શાબાશી આપી શકતો નથી. સાત દિવસ સારા જાય એની કદર ન કરે, અને આઠમે દિવસે ભૂલ થાય એ પકડી બેસે. ભૂલનો સુધારો જરૂર કરવો જોઇએ, પણ પોતાનો તિરસ્કાર તો ન જ કરવો જોઇએ.

આપણી જાતને એ પ્રશ્ન પૂછીએ : ‘‘હું મારી તરફેણમાં છું કે વિરોધમાં છું?’’ એમ તો હું મારી તરફેણમાં છું એમ તરત કહી નાખીશું. પરંતુ ખરેખર, સાચા અર્થમાં, અજ્ઞાતપણે પણ અને મનના ઊંડાણમાં પણ હું મારી તરફેણમાં છું કે વિરોધમાં છું એ હજી જોવાનું છે. હું ખરેખર મારો પક્ષ લઉં, મને પોતાનો ટેકો આપું, મારો સાચો મિત્ર બનું એની ખાતરી કરવાની છે.

દુનિયામાં સાચા મિત્રો ખૂબ ઓછા હોય છે. એમાં હું મારો સાચો, વિશ્વાસપાત્ર, વફાદાર, કાયમનો મિત્ર બનું એ મારી પહેલી ફરજ છે.

*લેખકના પુસ્તક*
*“જીવનનું વાવેતર”માંથી સાભાર*


## જાહેરાત

અમદાવાદના પાલડી, વાસણા, એલિસબ્રિજ, આશ્રમરોડ, નવરંગપુરા, આંબાવાડી, સેટેલાઈટ, વિજય ચાર રસ્તા તેમજ ઈન્કમટેક્ષ વિસ્તારમાં રહેતા પરિવારોને જણાવવાનું કે અગર તેઓ પોતાને ત્યાં ‘‘મુંબઈ સમાચાર’’ મંગાવવા ઈચ્છતા હશે તો તેની વ્યવસ્થા નીચે મુજબ ગોઠવવામાં આવેલ છે.

સવારમાં ૧૧.૦૦ વાગ્યા લગી એ જ દિવસનું ‘મુંબઈ સમાચાર’ આપશ્રીએ નોંધાવેલ ઉપરોક્ત વિસ્તારના સરનામે હેન્ડ ડિલીવરીથી પહોંચાડવામાં આવશે.

તે અંગેના લવાજમના દરો નીચે મુજબ રાખવામાં આવેલ છે.

| સમય | ડેઈલી મુખપત્ર | વીક્લી મુખપત્ર | ટોટલ |
|---|---|---|---|
| ૩ મહિના | રૂા. ૨૯૦/- | રૂા. ૫૫/- | રૂા. ૩૪૫/- |
| ૬ મહિના | રૂા. ૫૭૫/- | રૂા. ૧૧૦/- | રૂા. ૬૮૫/- |
| ૧૨ મહિના | રૂા. ૧૧૫૦/- | રૂા. ૨૨૦/- | રૂા. ૧૩૭૦/- |

*જરૂરિયાતવાળી વ્યક્તિઓએ નીચે મુજબ સંપર્ક સાધવા વિનંતી છે.*

**મુંબઈ સમાચાર પ્રા.લિ.**

૯-સી, સૂર્યપથ બિલ્ડિંગ, વ્હાઈટ હાઉસની સામે, પંચવટી પહેલી લેન, પંચવટી, અમદાવાદ.

**ફોન : ૨૬૪૨ ૧૭૮૩ / ૨૬૪૨ ૧૭૮૪**

**મોબાઈલ : (નાસીર શેખ) ૯૮૨૫૨ ૬૦૯૬૦ ● (સોહીલ મન્સુરી) ૯૧૭૩૬ ૬૩૭૦૬**

# જોજો જુવાનીના જંકશન પર ખોટી ગાડી ન પકડી લેવાય

• દિનેશ પાંચાલ •

માણસ પોતાના શરીર વિશે બહુ ઓછું જાણે છે. એ અજ્ઞાનમાંથી અનેક સમસ્યાઓ પેદા થાય છે. જીવન કરતાં જીવ વિશેની જાણકારી વધુ મહત્ત્વની છે. ખાંડ શેમાંથી બને તે ન જાણીએ તો ચાલે પણ સુગરમાં કેવી કાળજી લેવી તે જાણવું જરૂરી છે. બાળકોને જાતીયજ્ઞાન આપવા અંગે માબાપો મુંઝાતા હોય છે. માબાપની મૂંઝવણ દૂર કરી દે એવી એક પુસ્તિકા પ્રાપ્ત થઇ છે. એક વાત દોહરાવવી છે. યુવાનો ગીતા, બાઇબલ કે કુરાન વાંચે તે આવકારદાયક બાબત છે પણ દેહધર્મની જાણકારી પણ મેળવે તે જરૂરી છે. દેવને ઓળખો અને દેહને ના ઓળખો તો રોગોથી બચી શકાતું નથી. ફ્રિઝ કે વોશિંગ મશીન લાવ્યા પછી તેનો ઉપયોગ કેમ કરવો તે જાણી લેવું પડે.. કુશળ અસવાર તોફાની ઘોડાને પણ ધારેલી દિશામાં દોડાવી શકે. દેહના અશ્વને યોગ્ય રીતે હાંકવા માટે તેનો પૂરો પરિચય મેળવી લેવો જરૂરી છે.

કેટલીક વાતો નિર્વિવાદ છે. તમારી દીકરી સંતોષીમા કે દશામા વિશે ન જાણે તો ચાલશે પણ મેન્સીસ વિશે જાણી લે તે જરૂરી છે. દરેક માતાએ જાણવું રહ્યું કે જયાપાર્વતી વ્રત ચૂકી જવાય એમાં એટલું નુકસાન નથી જેટલું પોલીયોની રસી ચૂકી જવામાં છે. સાત આઠ વર્ષની બાળકી ઘરનો ઉંબરો ઓળંગીને બહાર જાય છે ત્યારે એને જીવનના ભયસ્થાનોની ખબર હોતી નથી. સંસારના ઊબડખાબડ રસ્તાઓ વિશે એ જાણી લે તે જરૂરી છે. એ માટે દુનિયાનો નકશો બતાવતાં પહેલાં એને દેહનો નક્શો બતાવવો જરૂરી છે. દીકરીનું યૌવન અને સૌંદર્ય માબાપ માટે બેવડી જવાબદારી બની રહે છે. દીકરી 'ન્હાતી ધોતી' થાય એટલે માના દિલમાં ઝીણા તાવ જેવી ચિંતા રહે છે- દીકરીનો પગ ક્યાંક આડોઅવળો તો નહીં પડેને...? દીકરી રૂપરૂપની અંબાર હોય તો માનો બુખાર વધી જાય... તેમાંય વળી સાત વર્ષની દીકરીનો દેહ પંદર વર્ષ જેવડું કાઠું કાઢી ચૂક્યો હોય ત્યારે ઘરના નોકરની પણ બીક લાગ્યા કરે.

શાળા મહાશાળાઓમાં યૌવન હિલોળે ચડ્યું છે. છોકરીઓ હવે છોકરાઓ કરતાં આગળ નીકળી ગઇ છે. છોકરાને જોઇને સીટી મારતી છોકરીઓ મેં જોઇ છે. તેમના પગ આડાઅવળા પડવા માટે તલપાપડ બની રહ્યાં છે. યૌવનની નવી પરિભાષા વિકસી છે. ચોપાટી પર ભેળ ખાવા જેટલી સહજતાથી તેઓ સેક્સ માણી લે છે. નવરાત્રિ ઉત્સવ સેક્સોત્સવ બની રહે છે. એક વાત લખી રાખજો, પરીક્ષામાં ઉતાવળે વહેલું પેપર આપી દો તો નાપાસ થવાય. અને વહેલો શરીરસંબંધ બાંધી દો તો નાસીપાસ થવાય..જિંદગી ધોવાઇ જાય.. અને સમાજમાં હાંસીપાત્ર થવાય તે નફામાં. લગભગ દરેકને હવે વિજાતીય મિત્રો હોય છે. કોલેજમાં અગ્નિ અને ઘાસ એક બેંચ પર અડીને બેસે છે. ઘરમાં પૂજા કરતી દીકરીના મનમંદિરમાં ક્યારે કોકની પ્રાણપ્રતિષ્ઠા થઇ જાય છે તેની ખબર પડતી નથી. યુવાપેઢી થોડું રખડી ખાય તો ચાલે, પણ જિંદગી રઝળી જાય તે ન ચાલે. કોક યુવકનું ચુંબન જીવનનો ઝેરી ડંખ ન બની જાય તેની તકેદારી રાખવા માબાપ સાથે હોતા નથી. ઘણી યુવતીઓ સ્વતંત્રતાને બહાને બેફામ સ્વચ્છંદતા આચરતી હોય છે. યુવાનના બાહુપાશમાં બીડાયેલી તેમની આંખો પ્રસૂતિગૃહમાં ખૂલે છે. કોણ જાણે 'બેફામ'ને શું સૂઝ્યું હશે તે એમણે સલાહ આપી છે- 'યુવાનીની મોસમ બહુ કીમતી છે...એ મોસમની લિજ્જતથી વંચિત ન રહેજો...!' યુવાનો હાઇસ્કૂલ કાળથી જ એ લિજ્જતમાં લપસી પડે છે. યુવાપેઢીના મનોવ્યાપાર વિચિત્ર હોય છે. કોઇને કોઇની આંખો ગમી જાય... કોઇની બોડી ગમી જાય...કોઇનો ચહેરો ગમી જાય... પણ આકર્ષણનો ઊભરો ઓસરી જાય ત્યાં સુધી ખમી ખાય તો બચી જાય. નહીં તો જિંદગી રસાતાળ થઇ જાય!

મુગ્ધાવસ્થાનો આવેગ સોડાબોટલના ઊભરા જેવો હોય છે. તપેલીમાં દૂધને ઊભરો આવે ત્યારે દૂધનું સાચું પ્રમાણ જાણી શકાતું નથી. વેલેન્ટાઇન ડે ના દિવસે તમારા હાથમાં આવી પડેલા બધાં ગુલાબ સાચા પ્રેમની સાબિતી નથી હોતા. બારમાના રિઝલ્ટ પછી યુવાનો સાત આઠ કોલેજોમાં એડમિશન ફોર્મ ભરી રાખે છે. (કોઇ એકાદમાં તો ટર્ન લાગે..!) એક છોકરો કોલેજની દસ પંદર કન્યાઓને ગુલાબ આપી વળે તેમાં પણ કંઇક એવો જ આશય હોય છે. યાદ રહે, દરેક છીપલામાં મોતી અને દરેક ગુલાબમાં પ્રીતિ નથી હોતી. પ્રેમની કસુવાવડ થાય તો પરવડે પણ આખેઆખી જિંદગીની કસુવાવડ ન થઇ જાય તેનું ધ્યાન રાખવું જોઇએ. ક્યારેક સરળતાથી ગાડીમાં ચઢી જવાય છે. પણ તેમાં બેસી જતાં પહેલાં ચેતી જાઓ કે તમારે ગાડી પકડવી હતી, પણ બોગી પકડાઇ ગઇ છે. માત્ર મુસાફરી એ ઉદ્દેશ નથી. ચોક્કસ સ્થળે પહોંચવાનું હોય છે. હિન્દુસ્તાન જવું હોય અને પાકિસ્તાન પહોંચી જવાય તે ન ચાલે. જુવાનીના જંકશન પર ખોટી ગાડી પકડાઇ જવાની શક્યતા વધુ હોય છે.

બચુભાઇ કહે છે, સુખી થવું હોય તો મિત્રો કરતાં શત્રુઓ પર વિશેષ નજર રાખો. મિત્રો વિશે બેખબર રહેશો તો નુકસાન નથી. પણ શત્રુઓની હિલચાલથી અજાણ રહ્યા તો ગમે ત્યારે મુશ્કેલી આવી શકે. અતિથિ અને આપત્તિની કોઇ તિથિ નથી હોતી. કૃષ્ણને નહીં ઓળખો તો ચાલશે પણ શકુની, દુર્યોધન પર ચાંપતી નજર રાખો. હૃદયને જોઇ શકાતું

(અનુસંધાન : જુઓ પાના નં.-૨૬ ઉપર)

*આશાવાદીને બધાં બારણાં ધક્કો દેતાં ઊઘડી જાય એવા લાગે છે.*

# નિષ્કામ ભાવે પ્રેમ માત્ર ભગવાન સાથે જ થઇ શકે

• પ્રા. સૂર્યકાંત ભટ્ટ •

આ સંસારમાં ગળાડૂબ આસક્તિઓને કારણે મનુષ્ય જન્મ જન્માંતરના ચોર્યાસીના ચક્કરમાં ફરતો જ રહે છે. આ આસક્તિઓમાં પ્રેમની આસક્તિની અગણિત ભૂમિકાઓ દશ્યમાન થાય છે. આજે તો લોકમાં સજાતીય તથા વિજાતીય બન્ને પ્રેમ જોવા મળે છે. સ્ત્રી અને પુરુષ વચ્ચેનો પ્રેમ નિર્વિકારી નથી. તે પ્રેમ તો લૈંગિક છે. શારીરિક આકર્ષણની તેમાં પ્રધાનતા છે. વિકારી કહો કે પછી તેમાં કામુક આકર્ષણ છે. સંસારમાં સૌથી વિશેષ આકર્ષણ આજે સ્ત્રી-પુરુષ વચ્ચે જ થાય છે. પ્રેમના અનંત પ્રકારો ઉદ્‌ભવ્યા છે. માતાપિતાનો બાળક પરત્વે પ્રેમ, ગુરુજનોનો શિષ્યો પ્રત્યે પ્રેમ, બહેનનો ભાઇ પ્રત્યેનો પ્રેમ, માલિકનો નોકર પ્રત્યેનો પ્રેમ અને સ્ત્રી-પુરુષનો અન્યોન્ય પ્રેમ. આ તમામ પ્રેમવત્સલતામાં સ્વાર્થના સગપણો નીરખવા મળે છે. સ્વાર્થ વિનાનો કે પછી નિષ્કામ પ્રેમ તો માત્ર ભગવાન સાથે જ થઇ શકે છે. ગીતાજીમાં આ વાત સ્પષ્ટ છે.

પ્રવર્તમાન સમયમાં પ્રેમીઓ હવે જાહેરમાં જ 'વેલેન્ટાઇન-ડે'ની ઉજવણી કરે છે. એકબીજાને ભેટ-સોગાદો અર્પે છે. પાર્ટીઓના નિર્માણ કરે છે. સંગીત-નૃત્યોના સમારંભો યોજે છે. કેટલાક પ્રેમીઓ વળી ડિવાઇન-લવની વાતો કરે છે તો કોઇ પોએટિક લવ સમજાવે છે. જેમ બાળકને પોતાની માતાનો પ્રેમ નથી દેખાતો તેમ આ સંસારમાં આકર્ષણને આસક્તિ થઇ જવાથી મનુષ્યને ભગવાનનો પ્રેમ નથી દેખાતો કે ભગવાન પ્રત્યે આકર્ષણ થતું નથી. મંદિરમાં દર્શન કરવાને અર્થે જાય છતાં પણ મૂર્તિભાવ ટળતો નથી. મૂર્તિ સમક્ષ પણ પોતાની આકાંક્ષાઓની સત્વરે તૃપ્તિ અને પ્રાપ્તિ થાય તે જીવ માંગતો રહે છે.

સત્પુરુષ કે સંત મહાત્મા, સદ્‌ગુરુઓ ભગવાનના કૃપાપાત્ર, પ્રેમ મેળવવા પાત્ર બન્યા છે તેનું કારણ એટલું જ કે તેમને આ દુનિયાની ક્ષણભંગુરતા સમજાઇ છે. સંસારમાં લેશમાત્ર તેમને સ્નેહ કે આકર્ષણ નથી. સંસારી સુખની તેમને અપેક્ષા નથી. ભગવાન જેમને પ્રાપ્ત થયા એની પ્રાપ્તિ અનોખી છે એ સમજવું સહેલું નથી. સાકર ખાનાર જ સાકરનો સ્વાદ માણે છે, અનુભવે છે. પણ સાકરનો સ્વાદ કેવો છે? તેની સમજૂતી યથાર્થ રીતે આપી શકતા જ નથી. આ જ્ઞાન અનુભવગમ્ય છે, બુદ્ધિગમ્ય નથી. સંતો કે જેઓએ ભગવાનની મૂર્તિમાં રસબસ રહેવાનું ધ્યાનનું સુખ માણ્યું છે તેઓ તો હર્ષભેર કહેતા રહે છે કે, "જો એક વખત માત્ર આંખના પલકારા સમું ભગવાનનું સુખ પ્રાપ્ત થઇ જાય તો આ સંસારના સુખ તમને જરૂર ઝેર જેવા લાગશે." સંસારમાંથી જેટલો રાગ દૂર થાય તેટલો જ ભગવાનમાં પ્રેમ થતો રહે છે.

પ્રેમમાં યોગ વિયોગ, વિરહ અને મિલન બન્ને થાય છે. જ્યારે ભક્તની વૃત્તિ ભગવાનની તરફ જાય છે ત્યારે "નિત્યયોગ" થાય છે. જ્યારે પોતાની તરફ વૃત્તિ જાય ત્યારે "નિત્યવિયોગ" અનુભવાય છે. ભગવાન તરફ વૃત્તિ સ્થિર થવાથી માત્ર ભગવાન જ દૃષ્ટિગોચર થાય છે જ્યારે પોતાની તરફ દૃષ્ટિ જતાં સ્વયં અલગ દેખાય છે. નિત્યયોગમાં પ્રેમનું આસ્વાદન થાય છે. તો નિત્ય વિયોગમાં પ્રેમની વૃદ્ધિ થાય છે. ભગવાનની મહાનતા પર વિચારનારને ભગવાન પ્રત્યે પ્રેમ થઇ જાય છે. જેમ ભૂખ્યાને અન્નની સાથે, તૃષાતુરને પાણી સાથે, રોગીને ડોક્ટર કે વૈદ્ય સાથે આપમેળે સંબંધ થઇ જાય છે.

વિશ્વાસ એ પ્રેમનું સાધન છે. ભગવાન એ વિશ્વનિયંતા છે, આ જગતના આધાર છે, સર્વ સુખના નિધિ છે, એવા ભગવાન મારા છે. આવો વિશ્વાસ ધરાવનારને ભગવાન પ્રત્યે અવશ્ય પ્રેમ થઇ જાય છે. "પ્રેમી તે જનને વશ પાતળીયો" એવી ઉક્તિ કવિઓની છે. મીરાંબાઇ, નરસિંહ મહેતા, ભક્ત પ્રહલાદ આદિ અનેક ભક્તજનોના પ્રેમને ભગવાન વશ થયા હતા. ભગવાન તે સમયે હતા અને આજે નથી એવું માનવાને કોઇ કારણ નથી. ભગવાનની ઉપસ્થિતિ સર્વકાળમાં સર્વ સ્થળે છે. ભગવાન વાસ્તવમાં ભક્તજનના પ્રેમ ભાવને અચૂક વશ થઇ જાય છે.

*સહજાનંદ, ૬/એ, લીમડા લેન,*
*શ્રી સ્વામિનારાયણ વિદ્યાલય રોડ,*
*સંસ્કાર નગર, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*

વિચાર વિમર્શ

# ....મૈં કછુ નહીં જાનૂં

• ડો. કેશુભાઈ દેસાઈ •

*મેરે પિયા મૈં કછુ નહીં જાનૂં*
*મૈં તો પલ પલ ચાહ રહી..*

છેવટની વાત આટલે આવીને ઊભી રહે છે. બીજું બધું મેળવી શકાશે; નવખંડ ધરતી પર તમારી આણ ફરતી થઇ શકે એ બનવા જોગ; પણ કોઇનું હૃદય જીતવા માટે તો સર્વસ્વ હારવાની તૈયારી રાખવી પડે. પ્રેમથી મોટી કોઇ સિદ્ધિ નથી. એથી મોટી કોઇ ઉપલબ્ધિ નથી. એની તાકાત તો જુઓ! કૃષ્ણ જેવો કૃષ્ણ ગોકુળ-વૃંદાવનની ધૂળમાં રગદોળાય છે. યોગીઓને ઘોર તપસ્યા પછીય દુર્લભ છે એ પેલી અબુધ ગોપીઓને સહજ-સુલભ છે, કારણકે એમને માત્ર પ્રેમની ભાષા આવડે છે. કબીર કહે છે એમ એ અઢી અક્ષર ઘૂંટી લીધા પછી જગતમાં કશું જાણવાનું બાકી રહેતું નથીઃ

*ढाई अच्छर प्रेम का*
*पढ़ै सो पण्डित होय ।*

પ્રેમની ઊંચી ફિલસૂફી સૂફીઓ અને શાસ્ત્રીઓને મુબારક. માણસ માત્ર એ અમીપિયાલાનો હકદાર છે. અજાણતાંય એનું એકાદ બુંદ એના હોઠે અડકી જાય છે અને એની જિંદગી ઝળાંહળાં થઇ ઊઠે છે. પ્રકૃતિમાં પ્રેમનો અઢળક અસબાબ છે. ઇશ્વરને ઇસુ ને પ્રેમાવતાર કહેવામાં લેશમાત્ર અતિશયોક્તિ નથી. એ સાચે જ પ્રેમનું મૂર્ત સ્વરૂપ બનીને પ્રગટે છે. એ સિવાય એનો આર્વિભવ શક્ય જ નથી. ઇશ્વરે અદશ્ય રહીને પ્રેમનાં કેવાં ભવ્ય પ્રતીકો રમતાં મૂકી દીધાં છે! વૃક્ષ માત્ર પ્રેમનું શાશ્વત મંદિર છે. એ વાત્સલ્યનું વિશ્વવિદ્યાલય છે. વૃક્ષનું માતૃત્વ એકલાં પંખી જ માણી શકે એવું નથી. જીવ માત્રને એ સુલભ છે. નદીથી મોટી પ્રેમિકા હોઇ શકે ખરી? પ્રિયતમને આલિંગીને એના અસ્તિત્વમાં ઓગળી જવાનો ઉમળકો શીખવા માટે સરિતાનું શિષ્યત્વ સ્વીકારવું પડે. હિમાલયની કઠોરતા એની તળેટીમાં વસનારા જ જાણી શકે. પણ એ ગમે તેવી તોય બાપની છાતી છે. ભીતર તો એનુંય એકદમ ભીનું ભીનું છે. એના હૈયે વહાલપના દરિયા ભંડારાયેલા છે. પૃથ્વી મા છે, ને આપણે એનાં બાળ. એના થાનેલા આજે અબજો વરસ પછી પણ એવા ને એવા લીલા છે. પ્રેમનું શાશ્વત તત્ત્વ કોઇ લેબોરેટરીમાં ચકાસી શકાય એવું તરલ નથી. એ તો અણુઅણુમાં રસાયેલું છે. સૂર્યની આંગળીમાંથી વહેલી સવારે ટપકતું સોનેરી વહાલ કે ચંદ્રની આંખમાંથી રાત આખી વરસતાં અમી ઇશ્વરના વરદાન સ્વરૂપે જડચેતન પ્રત્યેકને સરખી માત્રામાં ઉપલબ્ધ છે. કોઇપણ કંપનીનું એરકંડિશન-સંયંત્ર કુદરતી પવનની તોલે આવી શકે ખરું? ઇશ્વરનો ઉચ્છવાસ પણ કેવો શીતળ અને શાતાદાયક! બલકે ક્યારેક રૌદ્રરૂપ ધારણ કરે તોય ઝીણી નજરે જોનારને તો એ રમ્ય જ વરતાય : 'નિશીથ હે! નર્તક રુદ્ર, રમ્ય...' (ઉમાશંકર)

પ્રેમ જીવનની જડીબૂટી છે. અમૃત સંજીવની છે. પેલો આખો પહાડ ઊંચકીને આવેલ હનુમાનને હૈયે વસેલા રામની આંખનું એક છાનુંછપનું આંસુ જ મૂર્છિત લક્ષ્મણમાં નવી જિંદગી ફૂંકી શકે. ઔષધોપચાર તો નિમિત્ત છે. નવ નવ માસની કાજળ કોટડીવાળી ઊંધા માથાની સજા જીવ કોના સહારે વેઠી શકતો હશે? એને શ્રદ્ધા હોય છે કે એક ક્ષણ છુટકારાની પણ આવવાની છે. ને એ ક્ષણે માતાની છાતીમાં સીંચાયેલા અમૃતનો અભિષેક પણ નિશ્ચિત છે. બસ, એ અખૂટ શ્રદ્ધાના જોર પર એની સજાની લાંબી અવધિ ખૂટી જાય છે!

માતા, પિતા, સહોદર કે સંતાન સાથે તો લોહીની સગાઇ ગણાય. પણ પેલી પારકી ઓચિંતી જ આવીને આખા અસ્તિત્વનો કબજો લઇ લે છે, એને શું કહીશું? આ કયું અગોચર બળ છે, જે બે જુદી જ કેમિસ્ટ્રી ધરાવતી હસ્તીઓને એકમેકમાં ઓગાળી મૂકે છે?

વિજ્ઞાન ગમે તેટલી પ્રગતિ કરશે તોય આ સવાલનો જવાબ નહીં શોધી શકે. ગર્ભ તો હવે પુરુષ પણ ધારણ કરી શકે છે. પણ પેલું મનની માલીપા જે ઘટે છે, એ કદાચ સ્ત્રીનો જ વિશેષાધિકાર રહેશે. એ ઊંચાઇએ પુરુષ ક્યારેય પહોંચી નહીં શકે. સ્ત્રીઓ નાહક પુરુષ સમોવડાં સ્થાનો માટે ઝઝૂમે છે. કુદરતે એમને પુરુષની જનેતા અને જાયાનો ડબલ રોલ ભજવવાનું અદ્‌ભુત કામ સોંપ્યું છે. બાલિકાથી-કુમારિકાથી વધુ પવિત્ર કશું હોઇ શકે ખરું? ગંગાથી પણ કુંવારકા વધારે પવિત્ર મનાઇ છે. માગી માગીને કર્ણે કૃષ્ણ પાસે છેલ્લી ઘડીએ શું માગ્યું હતું? 'પ્રભુ, મને કુંવારી ધરતીમાં બાળજો' આ કૌમાર્યનો મહિમા માત્ર બ્રહ્મચર્યથી સિદ્ધ નથી થતો. એથી ઘણું વધારે સુંદર અને સુંવાળું 'કંઇક' શબ્દોમાં ન વીંટી શકાય એવું કુંવારી કન્યાની અણદીઠ ડાબલીમાં છુપાયેલું હોય છે. ખુદ એને પણ એ અણમોલ ખજાનાની ખબર નથી હોતી. એનો થોડો અમથો અણસાર આવે ન આવે એ પહેલાં તો એ લૂંટાઇ ગઇ હોય છે! અલબત્ત, એ રીતે લૂંટાવાનું સુખ પણ કેવળ કન્યાનો જ વિશેષાધિકાર છે. એવું ઊંડું આત્મનિવેદન પુરુષ માટે શક્ય જ નથી. એટલેસ્તો સ્ત્રીનું મોઢું જોવામાં હીણપત અનુભવતા દંભી જીવ શર્માને મીરાં મોઢા પર ચોપડાવી શકી હતી : વૃંદાવનમાં વળી કૃષ્ણ સિવાય બીજો પુરુષ પણ હોઇ શકે? અહીં આવીને તમારું પુરુષપણુંય ન ઓગળે તો આવ્યું જ નિરર્થક. દાસી જીવણ દેખાવડા અને

*નિરાશાવાદીને બધાં જ બારણાંને તાળાં લાગી ગયેલાં દેખાય છે.*

સોહામણા પુરુષ હતા. પણ જીવનભર 'દાસી' ભાવે જીવ્યા. અલખના આરાધક માટે પ્રેમલક્ષણા ભક્તિ જ તરણોપાય છે. એને જ્ઞાન કે કર્મ કશા ખપનાં નથી : 'હેરી, મૈં તો પ્રેમદીવાની, મેરા દરદ ન જાને કોય!' આવું ય વળી દરદ? આ પ્રેમ તે કઇ બલાનું નામ છે? રામબાણ વાગ્યાં હોય એ જાણે. આ તો આરપાર નીકળી જનારી બેધારી કટારી છે. કોઇ મીરાં જેવી બડભાગી હસ્તીને જ એ વાગે છે. એમ કંઇ હાલીમવાલીઓને ઘાયલ કરવા માટે એ નવરી નથી! 'હરિનો મારગ છે શૂરાનો.. એ પંથે પળનારા 'પરથમ પહેલું મસ્તક મેલી' ને જ આગળ પગ મૂકે છે. પ્રેમપંથને 'પાવક જ્વાળા' અમથી નથી કહી. પણ ખરું પૂછો તો સંસારનો એ જ માત્ર સાર છે. માણસ જીવે છે તો કેવળ પ્રેમના આધારે. પ્રેમના પાયા ઉપર જ આપણા જીવતરની ઈમારત ઊભેલી છે. આપણે કદાચ એટલા વ્યસ્ત થઇ ગયા છીએ કે જીવનના પાયામાં પડેલા એ અગોચર તત્ત્વ સામે નજર માંડવા જેટલી નવરાશ જ નથી કાઢી શકતા. આપણે બહુ વેગળા જવાની જરૂર નથી : પુરુષો માટે તો સૃષ્ટિમાં દર્શનીય હોય તો તે સ્ત્રીની આંખો છે. એ આંખોના દરિયામાં ખાબકવા માટે પણ લાયકાત કેળવવી પડે. બાલિકાની આંખોમાં દરિયામાં ખાબકવા માટે પણ લાયકાત કેળવવી પડે. બાલિકાની આંખોમાં લેપાયેલી નિર્દોષતા, તરુણીની આંખોમાં છલકતી તૃષા, પ્રૌઢાની આંખોમાંથી પ્રગટતી પ્રગલ્ભતા કે વૃદ્ધાની આંખોમાં ખોવાઇ જતી શૂન્યતા વણલખી કવિતા નથી તો બીજું શું છે? પ્રેયસીની આંખોનાં અમી જિંદગીનાં કાતિલ ઝેરના મારણની ગરજ સારી શકે. દુનિયાની કોઇ ઔષધિ ખપ ન લાગે ત્યારે પ્રિયજનનો સ્પર્શ કથળી ગયેલા મૃતઃપ્રાય અસ્તિત્વમાં પ્રાણ ફૂંકી શકે.

પ્રેમ એ જ ઈશ્વર છે. Love is God. પળેપળ પ્રાણ અને પ્રકૃતિ, જીવ અને શિવ એકમેકનાં ઓવારણાં લેતાં રહે છે. એકમેકમાં પરોવાયાં એટલે તો એકનાં અનેક થયાં. एकोऽहम् बहु स्याम -એક છું, ને વિધવિધ રૂપે વિલસું છું. બ્રહ્મ કરતાં પણ ઊંચું તત્ત્વ હોય તો તે પ્રેમ છે. એટેલસ્તો કૃષ્ણ જેવો કૃષ્ણ એની સામે નમતો આવે છે... ताहि अहीर की छोहरियाँ छछिया भरि छाछपै नाच नचावैं! પેલા ત્યાગી- તપેશરીઓને કાયાની કઠોર તપામણી પછીય દુર્લભ રહેનારો કાનુડો તો એ ગોપબાળાઓના આંખના ઉલાળે માંકડાની માફક નાચે છે! પ્રેમમાં એ તાકાત છે.

કદાચ આ સકળ બ્રહ્માંડ ટક્યું હોય - આવા હળાહળ કળિકાળમાં પણ હજી જીવનની જીવાદોરી લંબાયે જતી હોય તો એનું એક માત્ર કારણ જીવસૃષ્ટિના અણુએ અણુને એકએક સાથે બાંધતું આ પ્રેમતત્ત્વ છે.

જેને એકાદ ઘૂંટ પ્રેમરસનો પીવા મળ્યો, એ ભવસાગર તરી ગયો. આવો, આપણે નવલા દિવસોમાં એકબીજાને ચાહવાનો સંકલ્પ કરીએ. કારણકે એથી મોટી કોઈ ઉપાસના પણ નથી, તેમ એથી મોટી કોઈ ઉપલબ્ધિ પણ ન જ હોઈ શકે. અષ્ટસિદ્ધિ અને નવનિધિનો સાર-સંપુટ એટલે પ્રેમ. Let us love each other. Let us love one another. Let us love all. પછી બીજું કશું જ જાણવાપણું કે માણવાપણું નહીં રહે. આનંદના ઓઘ છલકાઈ પડશે, કારણકે પેલો 'પ્રીતમ' આપણી જાતમાં જ સમાઈ ગયો હશે....

*૧૩, ઐશ્વર્ય-૧, પ્લોટ ૧૩૨,*
*સેક્ટર-૧૯, ગાંધીનગર-૩૮૨ ૦૨૧.*


## નમ્રતાપૂર્વકની અપીલ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ નજદીકના ભવિષ્યમાં જ શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ ખાતે 'કચ્છ આર્ટ ગેલેરી' (મ્યુઝિયમ પ્રકારની) સ્થાપવા માંગે છે. આ માટે જેઓ પાસે જૂની વિગતો, લખાણો, ફોટોગ્રાફ્સ, પેઇન્ટિંગ્સ વગેરે હોય અને જેઓ આ માટે સમાજને ડોનેશન્સ આપવા માંગતા હોય તેઓને સમાજની ઓફિસનો સંપર્ક સાધવા અપીલ કરવામાં આવે છે.

તદ્ઉપરાંત જેઓ પાસે કચ્છના જૂના કલેક્શન્સ એટલે કે ચલણી સિક્કા, સૂડી-ચપ્પુ, ગાડા, રથ, મિનરલ્સ, ઓજારો, હથિયારો વગેરે હોય અને તે જાહેર જનતા માટે આ ગેલેરીને આપવાની ઈચ્છા ધરાવતા હોય તેઓને પણ સમાજની ઓફિસનો સંપર્ક સાધવા અપીલ કરવામાં આવે છે.

● સરનામુ ●

**શ્રી પરાશર વ્યાસ - મેનેજર**

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

શ્રી કચ્છી જૈન ભવન, ૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
નવચેતન હાઈસ્કૂલની સામે, પાલડી, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૭૪૬૮, ૨૬૫૭૮૮૯૨, ૨૬૫૮૧૫૦૧, ૨૬૫૭૯૪૬૮, ૨૬૫૭૯૪૬૯ ફેક્સ : (૦૭૯) ૨૬૫૮૨૦૬૦
ઈ-મેઈલ : kutchi_jainamd@hotmail.com


*તક બીજી વાર તમારાં બારણાં ઠોકતી આવશે એવી ભ્રમણામાં રહેતા નહીં.*

# પ્રાથમિક ધોરણથી વિદ્યાર્થીને ટ્યુશન જરૂરી છે?

• શરદચંદ્ર હરિલાલ શાહ 'સહસા' •

આ પ્રશ્નનો મારો જવાબ ઘૂંટી, ઘૂંટીને એક જ રહેશે — ના, ના અને ના.

આજની શિક્ષણ પદ્ધતિએ તથા મા-બાપોના નોકરીઓના ધોરણે તેમના દૃષ્ટિકોણ તદ્દન બદલી નાખેલ છે. મા-બાપો પોતાનાં બાળકોને ભણાવી-ગણાવી હોંશિયાર બનાવવામાં એકબીજા સામે હોડ મૂકતા થઇ ગયા છે. નાનું બાળક વલોવાય છે તેનું ઘમ્મરવલોણું થાય છે. પણ તે બિચારું અવાજ ઊઠાવી શકતું નથી. તેણે મૂક મોઢે, આ સહન કરવું જ રહ્યું.

પ્રાથમિક ધોરણના બાળકોની ઉંમર કેટલી કુમળી હોય છે? હજી તો પા-પા પગલી માંડતાં માંડ શીખ્યા હોય ત્યાં તો તેમને ગાડામાં બળદની જેમ ઘૂંસરી બેસાડી દેવામાં આવે છે. અબુધ બાળકો તે ઘૂંસરીનો બોજ ઉઠાવી શકશે કે કેમ તે કોને જોવું છે? બધાને જ મારું બાળક હોંશિયાર બને તેજ જોઇએ છે.

આ ઉંમર છે બાળકોની રમવાની, ખેલકૂદની. તે બધું વિસારી જઇને માસૂમ બાળકોને ખાનગી ક્લાસોમાં દાખલ કરવામાં આવે છે.

લગભગ ૧૦ થી ૩-૪ વાગ્યાનો સમય શાળાઓનો હોય છે. તે પછી બાળક ઘેર આવે. બાપડું જરા ખાય, ન ખાય ત્યાં તો ઓર્ડર છૂટે "ટાઇમ ન બગાડ. તારા ક્લાસનો સમય થવા આવ્યો છે." બધું છોડીને બાળકને મૂક પ્રાણીઓની જેમ ખાનગી ક્લાસમાં જવું પડે છે. પાછા આવે ત્યારે લગભગ દીવાબત્તી થવા આવ્યા હોય. આખા દિવસનો પરિશ્રમ બાળકોને થકવી દે છે. તેમાં શાળા ઉપરાંત ક્લાસનું પણ ઘરલેશન!!! આમ રાત પડી જાય. બીજે દિવસે એજ પુનરાવર્તન!!! માસૂમ બાળકો તેમાંથી ઉપર આવે કેવી રીતે ?

બાળકોને રમવાની ઉંમરને, દીવાસ્વપ્નો જોનારાઓએ પોતાના સંતોષ ખાતર ફોલી નાખી છે. બાળકોની તકલીફો મા-બાપોને દેખાતી જ નથી. શાળાએ જવું એ પણ બિચારાઓ માટે બોજ હોય ત્યાં વળી ટ્યુશન માટે જવું એ શું કહેવાય?

આમાં બાળક હોંશિયાર થવાને બદલે ડલ થતું જાય છે. તેમને ઊંઘમાં પણ બંને ક્લાસોના ઘરલેશનનો "હાઉ" જણાય છે.

મને મારું બાળપણ યાદ આવે છે. મા-બાપ ભણેલ નહીં. તેથી તેઓએ બાળકોને શાળામાં દાખલ કર્યા તે જ મોટું કામ કર્યું ગણાય. તે લોકો અભણ હોવાથી અમારે જ પોતાનો માર્ગ કાઢવો પડે. મારું બાળક ખૂબ હોંશિયાર બને તેજ મા-બાપોની સદ્ભાવના!!! વહેલી સવારે ૪.૦૦ વાગ્યે ભણવા ઉઠાડે. કહે કે વહેલી સવારે વાંચીએ તો તે બરાબર યાદ રહી જાય.

તે સમયે દેશમાં ફાનસની લાઇટમાં ભણવું પડતું. ઉપરના ભાગમાંથી પ્રકાશ ચળાઇ-ચળાઇને અંદર આવે. તેવા ઝાંખા પ્રકાશમાં ઝોકા ખાઇને ભણવાનો ડોળ અમે કરતા. મા-બાપને સંતોષ થાય કે, અમારું બાળક વહેલું ઊઠીને સરસ રીતે ભણે છે!! બીજું અમોને શીખવાડવામાં આવતું કે શાળામાં દોસ્તી અમારાથી હોંશિયાર બાળકો સાથે જ કરવી. અમારાથી હોંશિયાર બાળકો અમારાથી દોસ્તી કરે તો તેમના મા-બાપ તેમને ધીબેડી ન નાખે?

બીજું અમારા સમયમાં શાળામાં ગુણાંકની સીસ્ટમ હતી. અઠવાડિયાના દિવસોમાં માર્કસ અપાય અને શનિવારે રેન્ક અપાય. મળેલ ગુણાંકોનો સરવાળો થાય. તેમાં પ્રાર્થનામાં હાજરીના, ઘર લેશનના, સમૂહ ડ્રીલના માર્કસ હોય. એક દિવસ અમે માંદા પડીએ તો પ્રાર્થના, પી.ટી. ઘરલેશન વગેરેના માર્કસ ચાલ્યા જાય. તેથી રેન્ક અન્ય વિદ્યાર્થીઓ કરતાં સ્વાભાવિક રીતે પાછળ જાય. રેન્ક શા માટે પાછળ આવી તેના ઊંડાણમાં ન ઊતરતાં "રેન્ક પાછળ આવી જ કેમ?" પૂછી સખત માર પડતી. માર ખાઇને મૂક બેસી રહેવું પડતું.

હાલમાં મા-બાપો બાળકો પાસે શાળા ઉપરાંત ટ્યુશન ક્લાસીસ કરાવીને કદી પણ માફ ન કરાય તેવો ગુનો આચરી રહ્યા છે. આ ઉંમર છે બાળકોની રમવાની. જ્ઞાન સાથે ગમ્મતની. પણ અહીં તો જ્ઞાન એ જ લક્ષ્ય છે.

બાળકો સામાન્ય રીતે જે રીતે ભણતા હોય તેટલું તેમને ભણવા દો. તેમના પર ઘૂંસરી નહીં હોય તો તેમનું મગજ વધુ ખીલશે અને તેઓ વધુ સારું ભણશે. આ માટે પ્રાથમિક ધોરણના બાળકોને શાળા સિવાયના પ્રાઇવેટ ટ્યુશનો સદંતર બંધ કરાવવા જોઇએ.

તેમાંયે ઘણાં મા-બાપોને એવા અરમાન જાગે છે કે અમારું બાળક ભણવા સાથે ડાન્સ, સંગીતમાં નિપુણ થાય. આ એક મોટો જુલમ છે. બધાએ આ સામે અવાજ ઊઠાવવાની તાતી જરૂર છે. પ્રાથમિક શાળાના બાળકોને ફરજિયાત વધારાના ટ્યુશન બંધ કરાવવા જ જોઇએ. બાળકોને તેમની રીતે ભણવા દો.

પહેલાના જમાનામાં જ્ઞાન સાથે ગમ્મત હતી. તે જમાનામાં પાડા-કોષ્ટક એવી રીતે શીખવવામાં આવતા કે મોટી ઉંમરે પણ તે વિસરાતા ન હતા.

રમત રમતમાં બાળકોને ઊંઠા સુધીના કોષ્ટકો શીખડાવવામાં આવતા અને તેમાં તેઓ નિપુણ થઇ જતા. ઊંઘમાં પણ તેમને પૂછવામાં આવે કે પાંચ ઊંઠા કેટલા થાય? તો જવાબ મળે સાડી સત્તર.

(અનુસંધાન : જુઓ પાના નં.-૨૬ ઉપર)

*સારું કરવું એટલું બસ નથી, સાચા રસ્તે સારું કરવું જોઈએ.*

# સમાજના વડીલ મા-બાપ માટે વૃદ્ધાશ્રમ જરૂરી છે ?

• ભવાનજી શીવજી નાંગલપુરવાલા •

આજના આ વિકટ સમયમાં શું વડીલ માટે વૃદ્ધાશ્રમ જરૂરી છે કે નથી? આ વિષયમાં બે જાતના વિચાર બહાર આવેલ છે. સમાજનો એક વર્ગ એમ માને છે કે જરૂરી છે ત્યારે એની સામે બીજો વર્ગ એમ માને છે કે જરૂરી નથી.

અત્યારના ગણિત મુજબ ભારતની વસતિના આધારે કહીએ તો લગભગ દસ ટકા લોકો એટલે દસ કરોડ લોકો વૃદ્ધ સિનિયર સિટીઝન છે. હજી આ આંકડો વધતો જાય છે. દેશની વસતિના લગભગ ૧૨ ટકા લોકો પોતાના માદરે વતન ગામડાંમાં રહે છે અને તે પણ એકલા રહે છે. અને ૧૦ ટકા લોકો એકલા અથવા પોતાના પરિવાર સાથે શહેરમાં રહે છે. આમાં ૪૦ ટકા જેટલા વડીલો ગરીબીની રેખા નીચે જીવે છે. લગભગ એક ૧ કરોડ લોકો નેત્રહીન છે. બીજા એક કરોડ લોકો પાસે પૈસા નથી - એમને મોતિયાનું ઓપરેશન કરાવવા માટે. ૮૦ ટકા જેટલા વડીલો પ્રાથમિક શારીરિક ચિકિત્સાથી પણ વંચિત છે.

સામાન્ય અંદાજ મુજબ અત્યારે આપણા દેશમાં લગભગ ૧૧૦૦ જેટલા વૃદ્ધાશ્રમો છે. આટલા વૃદ્ધાશ્રમો પૂરા પડતા નથી. હજી વધુ વૃદ્ધાશ્રમની જરૂરત છે. હેલ્પ એજના અંદાજે ૩૫૪ વૃદ્ધાશ્રમની નોંધ છે. આમાંથી ૨૫૬ વૃદ્ધાશ્રમો કાર્ય કરી રહ્યા છે. આમાંથી ૧૬૨ વૃદ્ધાશ્રમો એવા છે જે વૃદ્ધાશ્રમ વૃદ્ધોને મફત સેવા આપે છે. બીજા વૃદ્ધાશ્રમ પૈસા લે છે. એમાં પણ ૬૪ વૃદ્ધાશ્રમ એવા છે કે એમના પોતાના છોકરાની આવક કેટલી છે એના આધારે પૈસા લેવાય છે. ૫૩ વૃદ્ધાશ્રમ ફક્ત મહિલાઓ માટે છે. ૨૫૬ વૃદ્ધાશ્રમમાં ૧૨૭૦૨ વૃદ્ધો રહે છે.

## • વૃદ્ધાશ્રમની જરૂરત શા માટે?

અત્યારના હિસાબે સમાજમાં જે રીતે આર્થિક, સામાજિક, સાંસ્કૃતિક, ફેરફાર થઇ રહ્યા છે અને કુટુંબના બંધારણમાં જે ફેરફાર થઇ રહ્યા છે એ દૃષ્ટિએ વિચારીએ તો તેમાં વૃદ્ધાશ્રમની જરૂરિયાત અનિવાર્ય બની ગઇ છે. આ ફેરફારોની અસર ગામડાનાં જીવન કરતાં શહેરી જીવન પર વધુ થઇ ગઇ છે. સમય પ્રમાણે લોકોની સામાજિક માન્યતાના વિચારો અને વૃદ્ધ વડીલો તરફની વર્તણૂક પણ બદલાતી રહે છે. જૂના જમાનામાં વડીલોને ડહાપણના ભંડાર માનવામાં આવતા હતા. હવે એજ વડીલો આજના જમાનામાં છોકરાઓને બોજારૂપ, નકામા અને ભારરૂપ લાગે છે.

## • આ જાતના પરિવર્તનના કારણો કયા છે?

૧. વધુ સારી નોકરીની તકો માટે અને ભવિષ્યમાં વધુ સારું જીવન જીવવા મળે તેને માટે વૃદ્ધ મા-બાપને ગામડામાં રહેવું પડે છે અને એકલા રહેવું પડે છે અને જુવાનો ગામડામાંથી શહેરો તરફ જઇ રહ્યા છે.

૨. વધુ અભ્યાસ માટે અને સારા ભવિષ્ય માટે જુવાનો પરદેશ જઇ રહ્યા છે. એક અંદાજ પ્રમાણે લગભગ ૪૦ લાખ જેટલા ભારતીયો પરદેશમાં રહે છે. અમેરિકા, કેનેડા, યુરોપ, ઑસ્ટ્રેલિયા, બ્રિટન વગેરે આવા અનેક દેશોમાં સ્થાયી થયા છે. તેમાંના ઘણા લોકો પોતાના વૃદ્ધ મા-બાપને કોઇપણ જાતની મદદ કરવા તૈયાર નથી અથવા મદદ કરવાની સ્થિતિમાં નથી.

૩. આજની આર્થિક જરૂરિયાત, મોંઘવારીને કારણે અને સારી રીતે જીવન જીવવાની ઇચ્છાથી બન્ને જીવન સાથીઓ માટે આખો દિવસ કામ પર જવું અનિવાર્ય બની ગયેલ છે. આવા સંજોગોમાં પોતાની સાથે રહેતા મા-બાપનું ધ્યાન રાખવાનું મુશ્કેલ હોય છે. એમને સારી રીતે જીવન જીવવું મુશ્કેલ બની ગયું છે. તેથીજ મા-બાપને પોતાની સાથે રાખવા તૈયાર નથી.

૪. બે પેઢીઓ વચ્ચે વિચારભેદ અને વિચારોનું અંતર છોકરાઓ અને મા-બાપ વચ્ચે થઇ ગયેલ હોવાથી અને તેમાં પણ લગ્ન પછી સમાજમાં સાસુવહુના ઝઘડા જાણીતા છે. ઘણી વખત સમજદાર છોકરો પોતાની મા અને ધર્મપત્ની વચ્ચે મનોમન પીસાઇને તૂટી પણ જાય છે. ઘણી વખત એવી પણ પરિસ્થિતિ નિર્માણ થાય છે કે છોકરાને મા-બાપથી અલગ રહેવા સિવાય એના માટે કોઈ માર્ગ રહેતો નથી. ત્યારે આવા સંજોગોમાં છોકરો અલગ અને વડીલોને પણ એકલા રહેવાની ફરજ પડે છે.

૫. આપણા દેશમાં સંયુક્ત કુટુંબ પ્રથા હતી તે સમયે વડીલ મા-બાપોની પૂરતી સલામતી અને એમને સાચવવાનો કોઇ સવાલ જ ન હતો. જેમ જેમ પરિવારો નાના થતા ગયા તેમ તેમ વડીલોની સલામતી અને સંભાળની સમસ્યા સમાજમાં શરૂ થઇ.

૬. પશ્ચિમી જીવનનું અનુકરણ પણ ભાગ ભજવી રહેલ છે.

## • વૃદ્ધાશ્રમ નહીં હોવાના પરિણામો:

જો વૃદ્ધાશ્રમ ન હોય તો અનેક વડીલોને રસ્તા પર રહેવાની ફરજ પડશે અને કદાચ મારપીટ અને ગેરવર્તનનો શિકાર બનશે. તરછોડાયેલા એકલતાના ભયનો સામનો કરવો વધુ મુશ્કેલ છે. ઘરડાં મા-બાપની અવગણના અમુક સમાજના વર્ગ પૂરતી જ મર્યાદિત નથી. કોઇ જ્ઞાતિમાં એમના સમાજમાં માનમોભો

*માનવીને સમયથી વહેલાં અને લાયકાતથી વધુ પ્રાપ્ત થતું નથી અને કદાચ મળી ગયું તો એ લાંબો સમય ટકતું નથી.*

ધરાવતી વ્યક્તિઓમાં અથવા સુશિક્ષિતોમાં વૃદ્ધોની અવગણના થઇ શકે.

વૃદ્ધાશ્રમથી વૃદ્ધ અને નિવૃત્ત લોકોની એલકતાની તકલીફ અને એનાથી ઊભી થતી હતાશા દૂર થશે અને એમને સારું સુંદર જીવન જીવવાની તક મળશે અને તેમની વધતી જતી વયમાં સન્માન અને ગૌરવપૂર્વક જીવી શકશે.

● **વૃદ્ધાશ્રમના પ્રકારો :**

ત્રણ પ્રકાર છે.

૧. આમાં વૃદ્ધલોકોને મૃત્યુ પર્યંત મફત રહેવા મળે છે. અત્યંત ગરીબ, નિરાધાર અને ત્યજી દીધેલા લોકોને મફત રહેવા મળે છે.

૨. અહીં ચાર્જ લેવામાં આવે છે. યુગલો માટે અલગ રૂમ અને અન્ય સગવડો હોય છે.

૩. પંચતારક વૃદ્ધાશ્રમ, સ્વતંત્ર ફલેટ ટી.વી. ફ્રીજ, ટેલીફોન અને બીજી સુવિધાઓ પણ મળે છે. સુખી, સમૃદ્ધ પણ પોતાના સંતોનાથી તરછોડાયેલા વડીલો અહીં રહે છે.

● **ડિગ્નિટી ફાઉન્ડેશન (DIGNITY FOUNDATION) :**

નેરલ સ્ટેશનથી ૪ કિલોમીટર દૂર કુદરતના કુદરતી વાતાવરણમાં હરિયાળીની વચ્ચે ૨૫ એકરની જગ્યામાં નવીન પ્રકારનો વૃદ્ધાશ્રમ ચાલે છે. એને ડિગ્નિટી ફાઉન્ડેશન કહે છે. આમાં વડીલોના મનોરંજન માટે પુસ્તકાલય, ભજન, પ્રાર્થના, પર્યટનો વગેરે પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે. આ ઘરો વૃદ્ધાશ્રમ કરતાં અલગ હોય છે. અહીંયાં ૨૪ કલાકની સલામતી, મેડિકલ સુવિધા પણ આપવામાં આવે છે. ત્યાં રહેનારને એમજ લાગે છે કે હું મારા પરિવાર સાથે રહું છું. આ જાતની સુવિધાઓ વધે તે સામાજિક દૃષ્ટિએ આવકારદાયક છે.

*ઉપરોક્ત લખાણમાં શ્રી દિલીપ કાજીના લખાણમાંથી થોડાક વિચારો લીધેલ છે. એમનો આભાર માનવામાં આવે છે.*

***સી/૨, ચંદનમહલ, ૧૧મો રોડ, સાંતાક્રુઝ (ઇસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૫૫.***

## જો જો જુવાનીના જંકશન...

**(અનુસંધાન : પાના નં.-૧૭ ઉપરથી ચાલુ)**

નથી પણ તેના પ્રત્યેક ફંક્શનથી માહિતગાર રહો. આંખ અને શાખ બન્ને સાચવો. 'રામ'નામ લખવાથી આનંદ મળતો હોય તો ભલે લખો, પણ વ્યવહારમાં રાવણ બનવાથી દૂર રહો. જીવનમાં કર્મમંત્ર નહીં અપનાવો ત્યાં સુધી બુકમાં મંત્રો લખવાથી કદી શુક્કરવાર વળતો નથી. હજી સુધી એક પણ વિદ્યાર્થી મહેનત કર્યા વિના કેવળ સરસ્વતીના મંત્રો લખીને પાસ થતો જોયો નથી.

પૈસા કમાવા માટે લક્ષ્મીદેવીની કૃપા હોવી જોઇએ પણ દિમાગમાં બુદ્ધિદેવીની સ્થાપના નહીં થઇ હશે તો લક્ષ્મીદેવી ટકશે નહીં. શરીર અને સંસાર બન્નેને સુખી રાખવાની કોમન રીત એક જ...સંસાર સફળ બનાવવા આદર્શજીવનની રીત જાણી લો અને શરીરની સુખાકારી માટે આરોગ્ય સંહિતા જાણી લો. કૃષ્ણને ય જાણો અને કોલેસ્ટોરોલને પણ જાણો. શિવ વિશે જાણો અને જીવ વિશે પણ જાણો. શંકર વિશે બધું જાણતા હો પણ સુગર વિશે બેખબર રહ્યાં તો મુશ્કેલી ઊભી થશે. તમારા વિરોધીને ઓળખો તેટલું જ જરૂરી છે લોહીને ઓળખો. લોહીના લાલકણ અને સફેદ કણ રોજ દેહના મસ્ટરમાં સહી કરતા નથી, છતાં ચોવીસ કલાક કાર્યરત રહે છે. હૃદય સહિતના પ્રત્યેક અંગોની સેવાને ઇશ્વરે આવશ્યક સેવા તરીકે જાહેર કરેલી છે. કાયાના કર્મચારીઓ કામચોરી કરતા નથી. તમે ઊંઘમાં હો ત્યારે પણ હૃદય કામ કરે છે. ધમની કામ કરે છે. નાક અને ફેફસાં કામ કરે છે. દેહવ્યવસ્થામાંથી મૂકપણે પ્રગટ થતી એ કર્તવ્યનિષ્ઠામાંથી આપણે બોધપાઠ લેવાનો રહે છે. દિમાગ, હૃદય, જઠર...એ બધાં કેન્દ્ર સરકારના કર્મચારીઓ છે. મોંઘવારી ભથ્થું વધે કે ન વધે તેઓ સતત કાર્યરત રહે છે. તેઓ પણ હડતાળ પાડે છે. હૃદયની હડતાળ એટલે હાર્ટએટેક..જઠરની હડતાળ એટલે અજીર્ણ..આંતરડાની હડતાળ એટલે કબજિયાત....!

***સી-૧૨, મજૂર મહાજન સોસાયટી, ગણદેવી રોડ, જમાલપોર, નવસારી-૩૯૬ ૪૪૫.***


## પ્રાથમિક ધોરણથી વિદ્યાર્થીને...

**(અનુસંધાન : પાના નં.-૨૩ ઉપરથી ચાલુ)**

મેં મારા બાળકોને તદ્દન સ્વતંત્ર રીતે ભણવા દીધેલ. ભણવું હોય ત્યારે ભણે, રમવું હોય ત્યારે રમે. કોઇ જબરદસ્તી નહીં. તેમની વાર્ષિક પરીક્ષાઓ વચ્ચે ૨-૫ દિવસનો ગાળો આવે તો હું તેમને સારા સ્થળે ફરાવવા લઇ જતો. ત્યાં પણ ફક્ત ફરવાનું તથા રમવાનું. પુસ્તકોથી તેમને દૂર રાખતો. પરત ઘેર આવી બાળકો પરીક્ષા આપવા જતા. આમાં પરિણામ સારું જ આવતું. આજે પણ મારા પૌત્ર-પૌત્રીઓ પણ ટ્યુશન ક્લાસ વિના અભ્યાસમાં અગ્રક્રમાંકે આવે છે.

આ લખવાનું તાત્પર્ય એ છે કે બાળકોને પ્રાથમિક ધોરણથી ટ્યુશનની જરૂર નથી, આ તો આપણે પોતે ઊભો કરેલ "હાઉ" છે.

***૨૯, શારદા કોલોની, ત્રીજો સ્ટેજ, ૪થો બ્લોક, ૭-બી મેઇન રોડ, બશ્વેશ્વર નગર, બેંગાલુરુ-૫૬૦ ૦૭૯.***




*સૌરાષ્ટ્ર-કચ્છને પાણી માટે "ચંદ્ર" ઉપરથી "બરફ" લાવવાનો એંસી હજાર કરોડનો પ્રોજેક્ટ સારો છે. જે બદલ ધન્યવાદ!! પણ પછી "ચંદ્ર"ને રોયલ્ટી.... આપણને કમિશન કોણ આપશે?...*

# કુદરત : સૃષ્ટિની ટ્રસ્ટી

• ડૉ. ગિરીશ વીછીવોરા •

'પવન સાથે વાતો કરી છે?' કોઈ પૂછે તો? પ્રશ્ન જરા અટપટો ખરો. કહેવાનું મન પણ થઈ જાય કે ભઈ, પવન કોઈ બેપગી વ્યક્તિ કે ચોપગું પ્રાણી છે જેને ઊભું રાખી યા પકડી વાતચીત કરી શકાય? ઉમેરીએ પણ ખરા કે વાત તો કરી પવનની, પણ એની સન્મુખ થવાનું ક્યારે થયું છે? રૂપે રંગે ગુણે વાને કેવો છે? કુદરતી તત્ત્વોમાં એક પવન જ એવો છે જે અદીઠ છે. અલબત્ત, વધુમાં વધુ હાજરી એની વર્તાય છે. પવન, હવા, વગરની કોઈ પણ જગ્યા આપણે કલ્પી શકીએ? અગ્નિ, પાણી, સૂર્ય કે પૃથ્વી ક્યારેક ગેરહાજર હોઈ શકે. એમની ગેરહાજરી ક્યારેક કઠે પણ નહિ. વિમાનમાં વિચરતાં થોડા સમય માટે પૃથ્વીથી આપણે વિખૂટા પડી જઈએ છીએ છતાં, એનો વિભંગ બહુ સાલતો નથી. જ્યારે હવા? જરા જેટલી ક્યાં ઓછપ વર્તાઈ કે કેવા બેબાકળા ને બહાવરા થઈ જઈએ છીએ! વધુ સમય ન વિતાવી શકાય. વાયુ વિના જીવન અશક્ય. એટલે તો હવાના ખાસ ઘટકનું નામ જ પ્રાણવાયુ છે. જે પ્રાણ પૂરે, પ્રાણ પોષે, પ્રાણનું રક્ષણ કરે, યા પ્રાણ બચાવે તે પ્રાણવાયુ.

સંસારમાં આમ તો બધું સાપેક્ષ જ છે. કોઈપણ કુદરતી ઘટક અલાયદું, એકલડું કે એકલવાયું ન રહી શકે. એને બીજા કોઈનો સહારો તો જોઈએ જ. હવાને કોઈક ક્યાંકથી જરાકશો હડસેલો આપશે એટલે જ પવન બનશે. પવન હવાનું એવું સ્વરૂપ જે સ્થાયી નથી. પવનને એક ઠેકાણે કોઈ પર્વતની ટોચે કે કોઈ ઝાડની ડાળે શાંત બેઠેલો કલ્પી શકાય? એનો સ્થાયીભાવ જ ગતિ. એનાથી ઊલટું કોઈ શિલા કે નાનો અમથો પથ્થર લઈએ તો એ મુડદાલ થઈ પડ્યો જ રહેશે. સ્થાયી રહેવું એનો સ્થાયીભાવ છે. એટલે તો એના ભાવ અનુરૂપ એને ખપમાં લેવાય છે. ઘર, મહેલ, કોઠી કે કિલ્લો પથ્થરથી જ બંધાય. હવામાં કિલ્લા ચણનારને આપણે શેખચલ્લી જ કહીએ છીએને!

કુદરતના સંતુલન વિશે વિચાર કરતાં ક્યારેક આભા થઈ જવાય છે. કુદરતમાં કઈ ચીજ નકામી છે? કોઈ કહેશે આ ઝેરી સાપ શા કામના? વધારામાં કરડે તો મોત પણ થાય. આપણો આ ન્યાય એકપક્ષી થયો કહેવાય. કોઈ પણ વસ્તુ વિશે વિચારતાં એના સર્વ પાસાં, એની દશે દિશાનો વિચાર કરીએ, કરી શકીએ, તો જ એ વસ્તુની યોગ્ય કિંમત આંકી શકાય. સાપ ઝેરી હોય છે. બધા ઝેરી નથી હોતા. ઝેરી સાપ કરડે તો મૃત્યુ પણ થાય છે એ સાચી વાત થઈ. સાથે સાથે એટલું પણ ચોક્કસ છે કે છંછેડ્યા વગર યા આકસ્મિક એને હેરાન કરવાથી જ કરડે છે. બહુધા માણસથી બધા જ ડરે છે. સામે છેડે સાપ, ઉંદર, ગરોળી, તીડ જેવા કંઈ કેટલાયે પ્રાણીને જીવજંતુ ખાઈ જઈ પાકનું રક્ષણ કરે છે. આપણે ક્યારે વિચારી પણ નથી શકતા કે જ્યારે ઘરે અનાજથી ભરેલી કોઠીઓ ફાટફાટ થતી હોય છે ત્યારે એ દાણાને ઘર સુધી પહોંચાડવામાં સાપનો પણ યથાયોગ્ય ફાળો હોય છે. ઝેરનું મારણ ઝેર. સાપનું ઝેર અલ્પ માત્રામાં દવા તરીકે વાપરી કંઈ કેટલાયે લોકોના પ્રાણ બચાવી શકાય છે. હા, શોખીન બાનુઓ સાપની ચામડીની પર્સ હોંશે હોંશે ઝુલાવતી ચાલતી હોય છે. એ ઝુલતી પર્સમાં સેંકડો સાપનાં આક્રંદ સંભળાતા હોય છે. આપણે કહીશું સાપ બિનઉપયોગી છે?

આવું આપણે પ્રત્યેક ચીજ માટે કહી શકીએ. કુદરતની કોઈ પણ ચીજ નકામી નથી. એનો બગાડ, વ્યય કરવો હાનિકારક છે. પણ વધુ હાનિકારક એનું ખપ કરતાં વધુ સંવર્ધન કરવામાં છે. કુદરતની કોઈપણ વસ્તુ ઉપયોગી તો છે જ. છતાં, માણસને એમાં બીજો કોઈ ફાયદો દેખાય છે. આવું થયું કે એની લોભવૃત્તિ ત્યારે જ સળવળી ઊઠે છે. યેનકેન પ્રકારેણ એ વસ્તુનું ઉત્પાદન વધારશે, એના માટેના જાતજાતના નુસખાઓ અજમાવશે. વસ્તુનું ઉત્પાદન જરૂર વધશે, પણ ક્યાંક જરૂર સંતુલન જોખમાશે. વસ્તુની ગુણવત્તા પર માઠી અસર પડશે. જેના વિપરીત પરિણામ થોડા જ સમયમાં છતા થશે.

કુદરત સંતુલનનું કામ અજીબ રીતે પોતાની મેળે કરતી જ રહે છે. એનું બધું ચોક્કસ હોય છે. આપણે જેને કુદરતી આપત્તિ કહીએ છીએ, અરે કુદરત રૂઠી કહી એને વગોવવા પણ મંડી જઈએ છીએ. હકીકતમાં આવી ઘટના કોઈ કારણ વગર નથી બનતી. કાર્યને કારણનો સંબંધ અતૂટ છે, અખંડ છે. અતિવૃષ્ટિ, વાવાઝોડું, વંટોળિયું કે ધરતીકંપ જેવી વિનાશક ઘટનાઓ જેમાં લાખો જીવોની આહુતિ અપાય છે તે હરેક ઘટના પછવાડે ચોક્કસ ગણિત હોય છે. ચોક્કસ કારણ હોય છે. જે ઘટના તત્કાલ આપણને વિનાશક ને ક્રૂર ભાસે છે તે જ ઘટના સમયાંતરે આપણને

આશીર્વાદરૂપ પણ અનુભવાય છે. દુનિયામાં કોઈક જગ્યાએ અમુક સમયાંતરે લાખો ઉંદરો દોડતાં દોડતાં દરિયાના પાણીમાં પડી ડૂબી મરે છે. એમ કરવાની પ્રેરણા કોણ આપે છે? જીવ અને શિવ, વિનાશ અને સર્જન સિક્કાની બે બાજુ છે.

કુદરતના હર ઘટકનું એક જીવનચક્ર હોય છે. કીડી કે હાથી બધાને પોતાનું એક સ્વયંભુ જીવનચક્ર હોય છે. એ પ્રમાણે વિચરી પોતાનું જીવન પૂરું કરે છે. એમ કરતાં કુદરતનું સંતુલન જોખમાતું નથી. સિંહ હરણનો શિકાર કરે ત્યારે આપણને અરેરાટી જરૂર થાય છે. કારણકે આપણા જીવનમાં ઉતરેલા એ બધા સ્પંદનો છે. કુદરતનું ચક્ર ફરતું જ રહે જેમાં નાની માછલીને મોટી ખાય એ નિયમ અબાધિત છે. બળિયાના બે ભાગ અમસ્તું જ નથી કહેવાયું. એટલે જ બધા બળિયા થવા જીવ સટોસટના ખેલ ખેલી નાખતા હોય છે.

કોઈ પણ જીવ સૃષ્ટિમાં અવતરે એનું ચોક્કસ કારણ હોય છે. એનું ચોક્કસ કામ હોય છે. હરણાનો શિકાર ન થાય, હરણા ફરતા જ રહે તો કેટલાં વધશે? એમને ઘાસ ને અન્ય વનસ્પતિ અપૂરતાં થઈ રહેશે ને છેવટે તેઓ અંદર અંદર ઝઘડવા મંડશે. જેમ માણસ પાણી જેવી જીવનોપયોગી ચીજ માટે ઝઘડતો થયો છે. કુદરતી તત્ત્વોનો જથ્થો સીમિત છે. એ જથ્થાનો યોગ્ય ઉપયોગ, યા સારામાં સારો ઉપયોગ કેમ થઈ શકે એ કુદરતની નેમ છે. હકીકતમાં આ બધું તંત્ર વ્યવસ્થિત ચલાવીને એક બહુ જ ઉત્તમ કાર્ય કરી રહી છે. કહી શકીએ કે કુદરત સર્વ સૃષ્ટિની વાલી (ટ્રસ્ટી) છે ને વાલીપણાનો મૂળભૂત સિદ્ધાંત - નિઃસ્વાર્થભાવે પોતાને હસ્તક રહેલી માલમિલકતનો યોગ્ય ને પ્રામાણિકપણે વહીવટ કરવો - કુદરત આબાદ રીતે અમલમાં મૂકે છે.

માણસ કદાચ આ ઘટના ચક્રમાંથી થોડોક વિચલિત થયો છે. એની પાસે બુદ્ધિ છે, વિચાર કરી શકે છે ને એમ સમજે પણ છે કે કુદરતી તત્ત્વોને નાથી, એમને વશ કરી, પોતાને વધુ ફાયદો કેમ થાય, વધુ પ્રગતિ કેમ કરી શકે એવા ખ્યાલમાં રાચે છે. કુદરતી તત્ત્વોને સમજી એમનું મહત્ત્વ ને કામ મગજમાં ઉતારી, એમને જફા ન થાય એવી રીતે એવા તત્ત્વોની ખૂબીઓ જાણી, એમાંથી થોડો ફાયદો કરી શકે એમાં કંઈ ખોટું નથી. હકીકતમાં સર્વ ધર્મ પ્રવર્તકોએ ધર્મના પડછાયા હેઠળ આ કુદરતી તત્ત્વોનો જ મહિમા કર્યો છે. શરૂ શરૂમાં લોક સમજી શકતા, પ્રેરણા લેતા ને ખપ પૂરતું જ ભોગવતા. આપણી ભારતીય સંસ્કૃતિનો એ મૂળભૂત સિદ્ધાંત છે. જીવોને જીવવા દો. જે કંઈ નવું મળ્યું તે સર્વ હિતાય છે સમજી બધાને વહેંચવું. આપણા પૂર્વજોએ ઘણી બધી શોધખોળ કરી જેનાથી માનવજાતને બહુ જ ફાયદો થયો. શૂન્યનો એક દાખલો બસ થઈ રહેશે. એમણે એવી શોધખોળોનો ક્યારે કોઈ ઈજારો (પેટન્ટ) ન લીધો. છેલ્લા પાંચસો વર્ષમાં પશ્ચિમી સંસ્કૃતિનું આધિપત્ય જગત પર છે. આપણે એ પણ જાણીએ છીએ કે કહેવાતી પ્રગતિના ઓછાયા હેઠળ જગતના નીચલા સ્તરના લોકોની શી વલે થઈ છે. કુદરત એ ક્યારેય સહન ન કરી શકે. એનાં માઠાં ફળ એવાં આવશે કે કદાચ, ક્યારેક પૃથ્વી પરથી સર્વ સૃષ્ટિનું નિકંદન નીકળી જશે. જેને માટેનો શબ્દ છે 'પ્રલય.'

*૫૦/૪, રામસદન, બ્રાહ્મણવાડા ક્રોસ રોડ, માટુંગા, મુંબઈ-૪૦૦ ૦૧૯.*

# ચીનના મહાપુરુષ કન્ફ્યુશિયસ

• શાંતિલાલ સંઘવી •

ઇ.સ. પૂર્વેની પાંચમી અને છઠ્ઠી સદી, એ આપણી પૃથ્વી પરની એક અદ્‌ભુત સદી હતી. તે સદીમાં ભારતમાં મહાવીર અને બુદ્ધ પાક્યા. ચીનમાં લાઓત્સે તથા કન્ફ્યુશિયસ પાક્યા. ગ્રીસમાં સોક્રેટીસ અને અરિસ્ટોટલ પાક્યા. એક સાથે આટલા મહામાનવો પાક્યા હોય એવી બીજી એકેય સદી ત્યારબાદ આવી નથી.

ચીનમાં ભયંકર દુષ્કાળ હતો અને તે વખતે એક ગરીબ સૈનિક કે જેને પ્રથમ પત્નીથી નવ પુત્રીઓ જન્મી હતી તેની બીજી પત્નીએ એક ગુફામાં-ગરીબને વળી ઘર કેવાં - એક પુત્રને જન્મ આપ્યો, ઇ.સ. પૂર્વે ૫૫૧ના વર્ષમાં.

નાનપણથી જ આ બાળકમાં રમતગમત તરફ અભિરુચિ ન હતી. પરંતુ બુદ્ધિને કસોટીએ ચડાવે એવાં પ્રશ્નોની પાછળ તે મંડ્યો રહેતો. ૧૯ વર્ષની ઉંમરે તેના લગ્ન થયા અને એક બગીચાના રખેવાળ તરીકેની નોકરી મળી. આ કામ કરતાં કરતાં તે રાતોની રાતો વાંચવામાં અને વિચારવામાં પસાર કરતો. ૨૨ વર્ષની ઉંમરે તેણે શિક્ષકની નોકરી સ્વીકારી. તેના વિચારો અને આદર્શ ઘડાતા જતા હતા, એથી આકર્ષાઇને થોડીક મિત્ર મંડળી જામતી ગઇ. તેણે પોતાના આ મિત્રોની મદદથી એવા આદર્શ નાગરિકો તૈયાર કરવાની કોશિશ કરી કે જે માણસની કિંમત માણસ તરીકે આંકતા શીખે. અને પછી આવા માનવતાને વરેલા લોકો ધીરેધીરે રાજ્યની નોકરીમાં સામેલ થાય અને તો રાજ્યનું નિયંત્રણ અયોગ્ય-બિનલાયક-લોકોના હાથમાંથી લાયક લોકોનાં હાથમાં આવે. તે સમયે ચીનમાં રાજાઓના શાસન હતાં. તેના આવા નિઃસ્વાર્થ કાર્યથી કેટલાક લોકો તેની તરફ આકર્ષાયા. (બરાબર આવી જ રીતે ગાંધી તરફ પણ કેટલાક લોકો આકર્ષાયા હતા) અને તેને સાથ આપતા થયા. તે હવે ૩૦ વર્ષનો થયો ત્યારે રાજધાનીના પ્રવાસે નીકળ્યો. તે સમયે ચીનમાં લાઓત્સેનો મૂર્તિપૂજક સંઘ ઘણો ફેલાયેલો. કોન્ફ્યુશિયસનો વિચાર તેને મળીને ચીનની અત્યંત ખરાબ પરિસ્થિતિનો કાંઇક વ્યવહારૂ ઉકેલ લાવવા માટે પ્રયત્ન કરવાનો હતો. પણ એ સંતે આવા ભૌતિક કામમાં રસ લેવાનો ઇન્કાર કર્યો. લાઓત્સે નિવૃત્તિમાર્ગી હતા. અંતે પ્રવાસ સમેટી લઇ તે પોતાને ગામ પાછો ફર્યો. હવે તેની સાથે સહમત થનારાઓની સંખ્યા વધી હતી. અને તે વિસ્તારના ઘણા માણસોની દરખાસ્તથી તેને પ્રાંતના ન્યાયાધીશનો હોદ્દો આપવામાં આવ્યો.

ત્યારબાદ લુ રાજ્યમાં રાજક્રાંતિ થઇ. રાજાને દેશનિકાલ કરવામાં આવ્યો. કન્ફ્યુશિયસ તે રાજાને મળવા નીકળ્યો ત્યારે તેના જીવનમાં એક ઘણો જાણીતો પ્રસંગ બન્યો. રસ્તે જતાં એક કબર પાસે એક સ્ત્રીને તેણે વિલાપ કરતી જોઇ. કન્ફ્યુશિયસે તેને રડવાનું કારણ પૂછ્યું. સ્ત્રીએ જણાવ્યું કે ‘આ જગ્યાએ મારા સસરાને એક વાઘે મારી નાખેલા. મારા પતિને પણ અહીં જ વાઘે મારી નાખેલ. અને આજે મારા પુત્રનું પણ આજ રીતે આજ સ્થાને મોત થયું.’’ કન્ફ્યુશિયસે તેને કહ્યું કે “તો પછી આવી ભયંકર જગ્યાએથી તું ચાલી કેમ નથી જતી?’’ સ્ત્રીએ જવાબ આપ્યો કે ‘અહીં જુલ્મી રાજ્યસત્તા નથી’.

કન્ફ્યુશિયસના જીવનમાં તો આ પ્રસંગ હંમેશ માટે કોતરાઇ ગયો, પણ આ પ્રસંગ ઇતિહાસમાં નોંધાઇ ગયો.

કન્ફ્યુશિયસની કીર્તિ વધવા લાગી, લક્ષ્મી પણ મળવા લાગી. (બરાબર દક્ષિણ આફ્રિકામાં ગાંધીભાઇની જેમજ) પરંતુ એજ કારણે આજુબાજુનાં રાજ્યો તેના તરફ શંકાની નજરે જોવા લાગ્યાં. (કોન્ફ્યુશિયસનું મૂળ નામ કુંગ એટલે હવે કુંગ લખીશ) એટલે કુંગના મિત્રો અને પ્રશંસકોને કોઇ પ્રકારે પતનના રસ્તે દોરી જવા તેઓ મંડી પડ્યા. દુનિયાનો આજ કદાચ દસ્તૂર છે. અને કદાચ ભગવાન પણ કસોટી કરે છે. પતન માટેના જાણીતા રસ્તા છે શરાબ-સુંદરી વગેરે અને કુંગના ઘણા સમર્થકો અવળે માર્ગે ચડી ગયા. કોઇ મહાપુરુષ જગતમાં દરેકે દરેક પગથિયે કદી સફળ થયો જ નથી. વચ્ચે વચ્ચે નિષ્ફળતા-નિરાશા-હતાશાના તબક્કાઓ આવતા જ રહે છે.

પોતાની ચણેલી દીવાલના પાયાને આમ ખોદાતો જોઇ કુંગ તરત જ કેટલાક ચુસ્ત અનુયાયીઓને લઇને યાત્રાએ નીકળી પડ્યો. સમગ્ર ચીનની સલ્તનતોના ખૂણેખૂણે ભમવા લાગ્યો અને દરેક જગ્યાએ તે પોતાની વાત “સારું રાજ્યતંત્ર ત્યારે જ સંભવે જ્યારે રાજા ખુદ તથા પ્રધાન, પિતા અને પુત્ર, હરકોઇ નાગરિક પોતાની જુદીજુદી ફરજો પૂરેપૂરી સમજીને નિષ્ઠાપૂર્વક અદા કરે. સમાજનું એકત્વ ભ્રાતૃભાવ અને મૈત્રી પર આધારિત થવું જોઇએ’’ દાંપત્ય જીવન તથા કૌટુમ્બિક જીવન માટે પણ તે આ જ આદર્શ રજૂ કરતો.

ચીનના જુદા જુદા રાજ્યતંત્રના અમલદારો કુંગની વાત જરૂર સાંભળતા-ટેકો આપતા. પણ ઉપદેશને આચરણમાં મૂકવાની વાતે ધબડકો. આચરણની વાત આવે ત્યાં સૌ દૂર ભાગે (બરાબર ગાંધીજીની બાબતમાં થયું છે તેમ જ)

તેના આદર્શો ઉત્તમ છે તેમ સૌ સ્વીકારતા પણ વર્તન એનાથી ઊંધું જ કરતા. કુંગને નિરાશા થવા લાગી. (ગાંધીની જેમ જ)

પરંતુ જગતભરના મહાપુરુષોના જીવનમાં હતાશાનો તબક્કો આવે છે. તેઓ ડીપ્રેશનમાં પડી જાય છે પરંતુ તરત તેમની શ્રદ્ધા અને આત્મવિશ્વાસ જાગી જાય છે અને

*મૌનના ફળરૂપે પ્રાર્થના, પ્રાર્થનાનું ફળ શ્રદ્ધા, શ્રદ્ધાનું ફળ પ્રેમ અને પ્રેમનું ફળ સેવા.*

ફરી બમણા જુસ્સાથી કામે લાગી જાય છે. ૫૬ વર્ષની ઉંમરે તે ફરી પોતાને ગામ પાછો ફર્યો. ઘણા લોકો તેની વાત સમજવા લાગ્યા, સ્વીકારવા લાગ્યા. નિષ્ઠાવાન શિષ્યો ગુરુના મુખેથી ટપકતો દરેક શબ્દ નોંધી લેવા લાગ્યા અને એ રીતે 'સુવર્ણ રાજ્ય' જેવું અદ્‌ભુત ગ્રંથ ચીનની પ્રજાને મળ્યો, જેના અનુવાદો જગતની અનેક ભાષાઓમાં થયા છે

તમામ ધર્મોમાં માણસને મહાન બનાવવાનો ઉપદેશ તો છે જ પણ કુંગની મહાનની વ્યાખ્યા જુદી હતી. સંસાર છોડીને- જગતથી અલગ અને અતડા થઇને, જગતથી દૂર રહીને, જગત પ્રત્યેની પોતાની ફરજોને અવગણીને, મહાન વ્યક્તિ બની શકાય નહીં. પણ જિંદગીના વ્યવહારુ પ્રશ્નો ઉકેલતા રહીને, જગતની વચ્ચે રહીને, મનુષ્યને તેની આવશ્યકતાઓ અને આદર્શો પૂરા પાડવા એમાં જ મહાનતા રહેલી છે એમ તે માનતો. જગતથી ભાગી છૂટનારાઓની તે હંમેશાં ઉપેક્ષા કરતો.

અને કુંગે ૬૭ વર્ષની ઉંમરે વાનપ્રસ્થ જીવન સ્વીકારી લીધું. પછી તો પોતાની શિષ્ય મંડળી વચ્ચે જ એની દુનિયા સમાઇ ગઇ. એનું કારણ એ કે તેના એકના એક પુત્રનું અવસાન થયું. ઉપરાંત તેના બે મુખ્ય શિષ્યોનું પણ અવસાન થયું.

મહાવીરના જીવનમાં પણ તેના પ્રમુખ ૧૧ ગણધરોમાંથી ૯ ગણધરોનું તેમની હયાતીમાં જ અવસાન થયેલું અને બુદ્ધના જીવનમાં પણ તેના બે પ્રધાન શિષ્યો સારિપુત્ત અને મોગ્ગલાનનું અવસાન થયેલું અને ગાંધીની હયાતીમાં જ મહાદેવભાઇનું અવસાન થયેલું.

અને કુંગે તે વખતે એકાંત ગમગીનીમાં ચીનનો ઇતિહાસ લખી નાખ્યો. તે પૂરો કર્યા બાદ તેણે એક શિષ્યને કહ્યું કે "ચીનનો એક પણ રાજવી હજુ સુધી મારા બતાવેલા આદર્શો પ્રમાણે ચાલવા તૈયાર નથી. મારે હવે મારી જીવનલીલા સંકેલી લેવી જોઇએ." બરાબર આપણી જેમ જ થયું. જેમ આપણી તમામ સરકારોએ ગાંધીના આદર્શોને તડકે મૂક્યા છે અને પ્રજાએ પણ ગાંધીને વિસારે પાડ્યા છે તે જ રીતે ચીનના તમામ શાસકોએ કુંગના આદર્શોને તડકે મૂકેલા અને આજે તો - આપણી જેમજ - ચીન સાવ જુદે જ રસ્તે જઇ રહ્યું છે. જે ગાંધી ૧૨૫ વર્ષ જીવવાની ઇચ્છા રાખતા હતા તે જ ગાંધી જીવનના ૭૭ વર્ષે જીવન સંકેલાઇ જાય તો સારું એમ માનતા થઇ ગયા હતા.

અને મજા જુઓ. કુંગના અવસાન (ઇ.સ. પૂર્વે ૪૭૯) પછી લોકોએ ૩ વર્ષ શોક પાળ્યો! જીવનમાં છેલ્લે સુધી અપમાનિત રહેલા કુંગ માટેની એક તિથિ નક્કી કરીને સમગ્ર ચીને જાહેર શોક પાળ્યો અને જીવતે જીવ કરેલી અવગણનાનો જાણે બદલો વાળતા હોય એમ કુંગના શિષ્યોને જુદા જુદા રાજ્યોમાં સારા હોદ્દાઓ ઉપર નિમણૂક મળવા લાગી અને ચીનના શહેનશાહ તરફથી તેને મરણોત્તર ઉપાધિ મળી! બરાબર બધું ગાંધી પાછળ આપણી જેમ જ થયું.

મહાપુરુષના મૃત્યુ બાદ જે પ્રજા તે મહાપુરુષની પ્રશસ્તિ ગાય છે તે તો પોતાની હીણપત ઢાંકવા કાજે હોય છે. કુંગે કદી પોતે કોઇ પયગંબર કે મહાન હોવાનો દાવો કર્યો ન હતો એ જ તો એની ખરી ખૂબી હોય છે.

કુંગે કદી પોતાના શિષ્યોને સ્વર્ગની લાલચ આપી ન હતી. કુંગ તો પ્રાર્થના, પૂજા, અમરત્વ, શરીરધારી કોઇ ઇશ્વર વગેરેમાં માનતો જ ન હતો. એણે ઇશ્વર-આત્મા-પરમાત્મા વિશે કદી એક શબ્દ ઉચ્ચાર્યો ન હતો. એણે શક્તિ અને સામર્થ્ય હોવા છતાં કદી રંગીન વસ્ત્રો પહેર્યા ન હતા કે કદી મિષ્ટાન જમ્યો ન હતો. નાગરિક ધર્મ એજ એનો મુખ્ય આદર્શ હતો. એણે છેલ્લે કહ્યું કે "આ દુનિયા વિશેનું તેમજ તમારા પોતાના વિશેનું જ્ઞાન વધારો. અને તમે આ દુનિયાને જેટલી સુંદર બનાવી શકાય તેટલી સુંદર બનાવો. બીજાઓનું જે આચરણ તમને ન ગમતું હોય તેવું આચરણ તમે કદી બીજા સાથે ન કરો. ભ્રાતૃભાવ અને મૈત્રીથી જગતના શ્રેષ્ઠ સંચાલનમાં સહાય કરો."

કોઇપણ ભગવાન, દેવી કે દેવતાને વચ્ચે લાવ્યા વગર, સ્વર્ગની વિલાસિતાને સ્વેચ્છાચારની લાલચનો આશ્રય લીધા વગર માત્ર ન્યાયી રાજ્યવ્યવસ્થા, જવાબદાર નાગરિક ધર્મ અને બંધુભાવ અને મૈત્રીના જ આદર્શોનો ઉપદેશ આપ્યો.

આપણી પાસે પણ તેણે ઉપર જણાવેલી વસ્તુઓ જ નથી! બાકી બધું છે!

વિચાર આવે છે કે જગતમાં તમામ મહાપુરુષો પોતાના મિશનમાં છેવટે નિષ્ફળ કેમ જાય છે? કદાચ કુદરતનો એ હેતુ જ હશે કે જેણે પુરુષાર્થ કરવો હોય તેના માટે દરેક સમયે સેંકડો મુદ્દાઓ હાજર જ હોય છે. એક મહાપુરુષ આવે અને એ સમગ્ર સમાજ આદર્શ ઉચ્ચ સ્થિતિએ જો મૂકી દે તો તેના પછી આવનાર બીજા કે ત્રીજા કોઇપણ મહાપુરુષે શું કરવાનું? માત્ર આરામ ફરમાવવાનો? કે માત્ર ટાઇમપાસ કરવાનો? કોઇપણ સાચો મહાપુરુષ સુખી હોય એવો એકપણ દાખલો દુનિયાના ઇતિહાસમાં મળતો નથી. મોટાભાગના મહાપુરુષોને તો પોતાના જીવનકાળમાં જ પોતે જેને મજબૂત સમજતા હતા તે કિલ્લો તૂટતો નજર આવે છે અને ખેદ એ વાતનો રહી જાય છે કે કિલ્લો તોડનારા પોતાના જ ભક્તો અને અનુયાયીઓ હોય છે. કુંગે (કન્ફુશિયસ) કહેલું કે "બહુ મન થાય તો થોડી પૂજા કરી લેવી પછી ઇશ્વરને ભૂલીને કામે લાગી જવું"

આપણા દેશમાં કેટલા બધા મહાપુરુષો થયા? છતાં આજે આપણે ક્યાં છીએ?

*આરએચ/૨, પુણ્યશ્રી એપાર્ટમેન્ટ,*
*કાશીરામ અગ્રવાલ હૉલ પાસે,*
*ગુજરાત યુનિવર્સિટી પાસે, અમદાવાદ-૧૫.*

માહિતી

# ૮મી માર્ચ : આંતરરાષ્ટ્રીય મહિલા દિન
## નારીમુક્તિ અને નારીસંઘર્ષનો ગૌરવવંતો દિવસ

• ભરત'કુમાર' પ્રા. ઠાકર •

*દુનિયામાં સૌપ્રથમ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ આજથી બરાબર એક સદી પહેલાં ૧૯૧૧માં ઉજવાયો હતો. તે દૃષ્ટિએ આ વૈશ્વિક ઘટનાને આ વર્ષે ૧૦૦ વર્ષ પૂરાં થાય છે અને ૧૦૧મો વિશ્વ નારી દિન આપણે ઉજવીશું! તે પ્રસંગે અહીં આ જાગતિક દિવસની ઐતિહાસિક તારીખ-તવારીખ, દેશમાં મહિલાઓની સ્થિતિ, સ્ત્રીપુરુષ સમાનતા, વિવિધ ક્ષેત્રોમાં મહિલાઓની ભાગીદારી વગેરે જેવા વિષયાંગો પર આ લેખમાં રસપ્રદ માહિતી-આલેખન થયું છે.*

*-મુખ્ય તંત્રી*

**• અતીતના ઓવારેથી અવગાહન :**

દર વર્ષે ૮મી માર્ચનો દિવસ 'ઇન્ટરનેશનલ વિમેન્સ ડે' તરીકે મનાવવામાં આવે છે. આ દિન વિશે ભારતીય મહિલાઓમાં ધીમે ધીમે જાગૃતિ વધી રહી છે. આઠ માર્ચની આસપાસ દેશભરનાં પ્રસાર માધ્યમોમાં 'મહિલા દિન' સારો એવો ચર્ચાતો રહે છે મહિલાઓની આર્થિક, રાજકીય અને સામાજિક સિદ્ધિઓની વૈશ્વિક ઉજવણીનો આ એક અગત્યનો પ્રસંગ છે. સાથેસાથે તે સ્ત્રીને ઉપભોગ અને શોષણનું સાધન ગણતા સમાજને ઢંઢોળવાની યાદ અપાવતો દિવસ પણ છે.

નર અને નારી... જીવનરથનાં બે સમાન પૈડાં છતાં પુરુષપ્રધાન સમાજમાં 'નારી'નું સ્થાન અનેક બાબતોમાં સદીઓથી બીજા ક્રમનું રહ્યું છે. સ્ત્રી સદૈવ શોષણનો ભોગ બનતી આવી છે. ત્યારે તેની સામે ૧૯મી સદીના મધ્યથી લઇને ૨૦મી સદીના પ્રારંભમાં સ્ત્રીઓએ જેહાદ પણ જગાવી છે. ૧૯મી સદીના પચાસના દાયકામાં મહિલા સંગઠન, ચૂંટણી લડવી, સમાન અધિકાર જેવી બાબતે લડતો ચાલી, પણ સફળતા મળેલી નહિ.

પરંતુ ૮મી માર્ચ, ૧૮૫૭ના ન્યુયોર્કની કાપડમિલોમાં કામ કરતી મહિલા મજદૂરોએ પગાર વધારવા, કામનો સમય ઘટાડવા અને મિલનું વાતાવરણ સુધારવાની માગણી સાથે દેખાવો કર્યા. તે 'વિશ્વનું પ્રથમ મહિલા આંદોલન' ગણાય છે. તેને ભલે બળથી કચડી નખાયું, છતાં સદંતર નિષ્ફળ પણ નહોતું ગયું. સ્ત્રીઓના આ પ્રથમ સંગઠિત સંઘર્ષને જ મહિલા ચળવળો માટેની પ્રેરણા ગણી આ દિવસ 'વિશ્વ નારી દિન' તરીકે ઉજવાય છે.

**• 'મહિલા દિન' ઉજવણીનો પ્રારંભઃ**

વિશ્વમાં વિધિવત્ 'મહિલા દિન' ઉજવવાનો આરંભ અમેરિકામાં થયો હતો. સોશિયાલિસ્ટ પાર્ટી ઓફ અમેરિકાના એલાનથી ત્યાં ૨૮મી ફેબ્રુઆરી, ૧૯૦૯ના મહિલાઓએ પહેલીવાર 'નેશનલ વિમેન્સ ડે' મનાવ્યો હતો. ત્યાર પછી ૧૯૧૩ સુધી ત્યાં દર વર્ષે ફેબ્રુઆરીના છેલ્લા રવિવારે આ દિન ઉજવવાની પરંપરા ચાલી. તેની સમાંતર અમેરિકામાં એક બીજો બનાવ પણ બન્યો.

શરૂ શરૂમાં મહિલા દિન એક પ્રકારે મજદૂર દિન જેવો ગણાતો. ત્યાં પેન્સિલ્વેનિયા રાજ્યની કાપડ મિલોમાં પણ મહિલાઓએ અમાનુષી સ્થિતિમાં કામ કરવું પડતું હોવાથી તેનો વિરોધ નોંધાવવા નારી દિન નિમિત્તે જ હડતાળ પાડેલી. એમની હિંમતને બિરદાવવા જર્મનીમાં કામદાર સ્ત્રી આંદોલનના ક્રાંતિકારી નેતા કલેરા ઝેટ્કિન (૧૮૫૭-૧૯૩૩) ની આગેવાની હેઠળ સામ્યવાદી સંગઠનોએ ૮મી માર્ચને 'મહિલા કામદાર દિવસ' તરીકે જાહેર કર્યો!

મહિલા દિન ઉજવણીનો વ્યાપ ધીરે ધીરે અન્ય દેશોમાં પણ વિસ્તર્યો. અમેરિકાએ 'રાષ્ટ્રીય મહિલા દિન' ઉજવ્યાના બીજા જ વર્ષે એટલે કે ૧૯૧૦માં ૮મી માર્ચે કોપનહેગન (ડેન્માર્ક) ખાતે ૧૭ દેશોના મહિલા અગ્રણીઓએ 'આંતરરાષ્ટ્રીય સમાજવાદી મહિલા અધિવેશન' (ઇન્ટરનેશનલ સોશિયાલિસ્ટ વિમેન્સ કોન્ફરન્સ)ની બેઠક બોલાવી. તેમાં નારી હકો માટેની લડતનો એક આંતરરાષ્ટ્રીય દિવસ ઉજવવાનો ઠરાવ કરાયો. સમાજવાદી અગ્રણી ઝેટ્કિને ન્યુયોર્કની કાપડમિલોના મહિલા સંઘર્ષ (૧૮૫૭) ની યાદ તાજી રાખવા ૮મી માર્ચનું સૂચન કરેલું, પણ તારીખ નક્કી ન થઇ શકી.

**• 'યુનો' દ્વારા સત્તાવાર ઘોષણા :**

તે દિવસ નિર્ધારિત થયો બીજા વર્ષે ૧૯૧૧માં અને તે વર્ષે પહેલીવાર ૧૯મી માર્ચે ઓસ્ટ્રિયા, ડેન્માર્ક, જર્મની, સ્વિટ્ઝર્લેન્ડ જેવા દેશોએ ઇન્ટરનેશનલ વિમેન્સ ડે ઉજવ્યો હતો. પ્રથમ વિશ્વયુદ્ધ (૧૯૧૪-૧૮) વખતે સમગ્ર વિશ્વની મહિલાઓએ ૮મી માર્ચ, ૧૯૧૫ ના યુદ્ધવિરોધી દેખાવો યોજ્યા. બીજી તરફ લાખો સૈનિકોની ખુવારી પછી રશિયામાં ૧૯૧૭માં ફેબ્રુઆરીના છેલ્લા રવિવારે 'રોટી અને શાંતિ' ની માંગણી સાથે મહિલાઓએ હડતાળ પાડી. જુલિયન કેલેન્ડર પ્રમાણે તે તારીખ ૨૩મી ફેબ્રુઆરી હતી, પણ અન્ય દેશોમાં પ્રચલિત જ્યોર્જિયન કેલેન્ડર પ્રમાણે ૮મી માર્ચનો દિવસ હતો.

આમ અનેક પ્રકારે અનેક દેશોમાં મહિલા દિન બહુધા ૮મી માર્ચે ઉજવાતો રહ્યો. છેવટે ૧૯૭૫માં સંયુક્ત રાષ્ટ્ર સંસ્થાએ 'આંતરરાષ્ટ્રીય મહિલા વર્ષ' અને મહિલા દસકની ઘોષણા કરી તે સાથે જ આઠમી માર્ચને સત્તાવાર રીતે 'આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ' તરીકે જાહેર કર્યો. આમ, આ દિવસ વિશ્વના નારી આંદોલનોના ઇતિહાસમાં અનોખું સ્થાન ધરાવે છે. તે અનેક ઐતિહાસિક સંઘર્ષોની યાદ અપાવે છે.

તેની ઉજવણીથી મહિલાઓના સમાન

*આત્માને ધનથી નહીં, ભક્તિથી ઝળહળતો રાખો.*

હક માટેની લડત મજબૂત બની છે. સમયના પ્રવાહમાં આ ક્ષેત્રે સારી જાગૃતિ પણ આવી છે. સ્ત્રીશિક્ષણનું પ્રમાણ વધ્યું છે. તાજેતરમાં ૧૫મી સપ્ટેમ્બર, ૨૦૧૦ ના યુનોની ઘોષણા અનુસાર ખાસ મહિલાઓ માટે હવે 'UN WOMAN' નામે એક નવી સંસ્થાની પણ રચના થઇ છે, જે મહિલા સમાનતાને પ્રોત્સાહન આપતા તમામ કાર્યક્રમો પર નજર રાખશે.

● **બંધારણમાં મહિલાહિતને પ્રાધાન્ય:**

મહિલા દિવસની તવારીખ ઇતિહાસ રચી જનારી સામાન્ય મહિલાઓની ગાથા છે. આ દિવસ મૂળ રૂપે સમાજમાં પુરુષો સાથે સમકક્ષ સ્થાન મેળવવા નારીઓના સદીઓ જૂના સંઘર્ષનો ઘોતક છે. આ દિવસે આપણા સ્વતંત્રતા સંગ્રામમાં મહિલાઓની ભૂમિકા સહિત એવાં ઐતિહાસિક અને ક્રાંતિકારી મહિલા આંદોલનોનું સ્મરણ પણ સહેજે થાય છે.

વિશ્વ નારી દિન એ હકીકતનું પણ મહત્ત્વ દર્શાવે છે કે વિશ્વશાંતિ અને સામાજિક પ્રગતિ જાળવી રાખવા તથા માનવ અધિકારો અને મૂળભૂત સ્વાતંત્ર્યના પૂર્ણ ભોગવટા માટે મહિલાઓની સક્રિય ભાગીદારી, સમાનતા અને વિકાસની સાથોસાથ વિશ્વશાંતિ અને સલામતીને સુદૃઢ કરવામાં સ્ત્રીઓના યોગદાનની સ્વીકૃતિ પણ જરૂરી છે.

ભારતમાં મહિલાઓની સ્થિતિમાં વીતેલાં વર્ષોમાં ઘણું પરિવર્તન આવ્યું છે. ભારતની નારીઓ આજે શિક્ષણ, રાજકારણ, પ્રસાર માધ્યમો, કલા, સંસ્કૃતિ, સેવા ક્ષેત્રો, વિજ્ઞાન, તંત્રજ્ઞાન જેવી તમામ પ્રવૃત્તિઓમાં ભાગ લઇ રહી છે. આપણું બંધારણ પુરુષ અને મહિલા માટે સમાન અધિકારોની બાંયધરી આપે છે. આપણું બંધારણ સ્વતંત્રતા, બંધુતા, સમાનતા અને ન્યાયના સિદ્ધાંતો પર અચલ આધારિત છે. તે મહિલા સશક્તીકરણ માટે અનેક જોગવાઇઓ ધરાવે છે.

મહિલાઓના સમાનતાના અધિકાર અને તેમના તરફ ભેદભાવ ન રાખવાની બાબતને ન્યાયોચિત મૂળભૂત અધિકારો તરીકે નિર્ધારિત કરવામાં આવેલ છે. બંધારણ સ્પષ્ટ જણાવે છે કે મહિલાઓ માટેની સકારાત્મક કાર્ય યોજનાઓ લિંગના આધારે ભેદભાવ ન રાખવાના સિદ્ધાંત સાથે અસંગત કે વિપરિત નથી. મહિલાઓના માનવીય અધિકારોના સંરક્ષણ અને અભિવર્ધનને ભારત હંમેશાં પ્રાધાન્ય આપતું આવ્યું છે.

● **મહિલા વર્ષ સંબંધી ટિકિટો :**

૨૦૦૪માં ભારતમાં આ દિવસની ઉજવણી નિમિત્તે એક વિશિષ્ટ કાર્યક્રમ યોજાયો હતો. વર્ષોથી વિશ્વના અનેક દેશોમાં ભજવાતા એકોક્તિ (મોનોલોગ) નાટ્ય કાર્યક્રમમાં હોલીવુડની અભિનેત્રી જેન ફોન્ડા (જ. ૧૯૩૭) એ ખાસ હાજરી આપેલી અને નારીની વેદના-સંવેદનાને મંચ પર વ્યક્ત કરી હતી. ૨૦૦૫માં આપણે ત્યાં ઘરેલું હિંસાથી મહિલાઓના રક્ષણ (પ્રોટેક્શન ઓફ વિમેન ફ્રોમ ડોમેસ્ટિક વાયોલન્સ) માટે પ્રથમવાર કાયદો ઘડાયો. તો, લોકસભા-વિધાનસભાઓમાં મહિલાઓને ૩૩ ટકા અનામત આપતો ખરડો પણ ગયા વર્ષ (૨૦૧૦) ના આંતરરાષ્ટ્રીય મહિલા દિવસે જ રાજ્યસભામાં મૂકાયો અને બીજા દિવસ ૯/૩ ના ભારે બહુમતીથી પસાર થયો હતો.

'સમાનતા, વિકાસ અને શાંતિ'ના વિષય સાથે ૧૯૭૫નું વર્ષ યુનો દ્વારા 'આંતર-રાષ્ટ્રીય મહિલા વર્ષ' તરીકે ઉજવાયું હતું. તે પ્રસંગે ભારતે ૧૬મી ફેબ્રુઆરીના ૨૫ મૂલ્યની એક ખાસ ત્રિરંગી ટપાલ-ટિકિટ પણ બહાર પાડી હતી. જેની ડિઝાઇન અમદાવાદના શ્યામા સારાભાઇનાં ચિત્રો પરથી તૈયાર કરાઇ હતી.

તે પછી ૨૦૦૭ના આંતરરાષ્ટ્રીય મહિલા દિવસના અવસરે પણ ભારતે પાંચ રૂપિયાની બે અને પંદર રૂપિયાની બે એમ કુલ ચાર બહુરંગી ટપાલ-ટિકિટોનો સેટ બહાર પાડ્યો હતો. તે વર્ષે 'સંઘર્ષથી સફળતા સુધી : નારીજીવનને સન્માનો' વિષય પસંદ કરાયેલો. આ ચારે સ્ટેમ્પ પર મહિલાને તેની પાલનપોષણ અને સંરક્ષણકર્તા તરીકેની ભૂમિકામાં દર્શાવાઇ છે, જે પ્રસિદ્ધ ચિત્રકાર જયશ્રી બર્મનનાં ચિત્રો પર આધારિત છે.

*'શિવમ્', ૪૦/બી, વૃંદાવન નગર,*
*વૈશાલી સિનેમા રોડ, અંજાર, કચ્છ-૩૭૦ ૧૧૦.*
*ફોન : ૦૨૮૩૬-૨૪૦૧૩૯, મો. ૯૪૨૭૨ ૨૩૧૫૦*

## એક ટેકરેથી વહેલ વિશ્વગંગા

**(અનુસંધાન : પાના નં.-૩૪ ઉપરથી ચાલુ)**

રેડ ક્રોસની સ્થાપના માટે દૂનાએ એટલી હદ સુધી પોતાની જાતને ખૂંપાવી દીધી કે ધંધા પર ધ્યાન નહીં રહેતાં અંતે તેઓ દેવાળિયા બની ગયા ને નાદારી જાહેર કરવી પડી. રેડ ક્રોસ જેવી સંસ્થાએ પણ એમને જાકારો દીધો.

આવા કારમા ઘા ઝીલનારા દૂના આખરે અજ્ઞાતવાસમાં સરી પડ્યા. પણ તેઓ જ્યાં રહ્યા ત્યાં ગુલામીની નાબૂદીનું તેમ જ જેલસુધારણાનું કાર્ય તેમણે જારી રાખ્યું, છતાં કારમી કંગાલિયતમાં જીવતા દૂના ૫૯ વર્ષની વયે તો ભારોભાર નિરાશા અને નાણાંભીડને કારણે અકાળે વૃદ્ધ થઇ ગયા. આ અજ્ઞાતવાસ તેમણે સ્વિટ્ઝર્લેન્ડની પર્વતમાળાના એક અજાણ્યા હેઇડન નામના પહાડી ગામમાં વિતાવ્યો ને છેલ્લાં ૧૮ વર્ષો તો તેઓ માંદગી તેમજ વયવૃદ્ધિને લીધે સ્થાનિક હોસ્પિટલમાં એક દર્દી તરીકે જ જીવ્યા. આ છે દુનિયાદારીની રસમ! આમાં જો બૉબગર નામનો પહાડો ખૂંદવા નીકળેલો પત્રકાર હેઇડન ગામે ઇ.સ. ૧૮૯૫માં જઇ પહોંચ્યો ના હોત તો દૂના કયાં મર્યા ને ક્યાં દટાયા એની દુનિયાને ખબર જ ન પડત. પોતા વિશે જાણ થતાં ખુમારીભર્યું જીવન જીવનાર દૂનાએ કશી મદદ લેવાનો ઇન્કાર કર્યો. તે વખતના પોપ ૧૩મા લીઓએ તો આથી દ્રવિત થઇ ઊઠીને પોતાની સહી સાથેની પોતાની છબી દૂના પર મોકલી ને તેના પર સ્વહસ્તે લખ્યું, "હે પ્રભુ, તમારી શક્તિમાં કશી મણા નથી, તેને પ્રતાપે વિશ્વભરમાં શાંતિ પ્રસરો." દૂનાએ પોતાના અંતિમ શ્વાસ હેઇડન ગામમાં પોતાના સાથીઓ વચ્ચે લીધા, ને દુનિયા પર પોતાની અમીટ છાપ છોડતા ગયા.

દૂનાએ માનવમાં રહેલા દાનવને માત કર્યો. એ દાનવને નામશેષ કરવો હજી બાકી છે. જ્યાં લગી માનવજાતમાંથી હિંસાનો અંત નહીં આવે અને અહિંસાનો ઉદય નહીં થાય ત્યાં લગી દૂનાએ વહાવેલ કરુણાની ગંગા માનવજાત મધ્યે અહર્નિશ વહેતી જ રહેવાની...

***"કુમાર" જાન્યુઆરી-૨૦૧૧માંથી સાભાર***
***પ્રેષક : શાંતિલાલ સંઘવી - અમદાવાદ***

*વાંચવાનું તો સૌ જાણે છે, પરંતુ શું વાંચવું એ ઘણા ઓછા લોકો જાણતા હોય છે.*

# એક ટેકરેથી વહેલ વિશ્વગંગા

• રેમન્ડ આર. પરમાર •

યુદ્ધભૂમિમાં ઘાયલ થયેલા સૈનિકોની, દોસ્ત કે દુશ્મન એવો કશો જ ભેદભાવ રાખ્યા વિના, સારવાર કરતી સેવાભાવીને માનવતાવાદી આંતરરાષ્ટ્રીય સંસ્થા રેડ ક્રોસ સોસાયટીની સ્થાપના ઇ.સ. ૧૮૬૩માં સ્વિટ્ઝર્લેન્ડ દેશના જીનેવા નગરમાં થઇ. એ પહેલવહેલી આંતરરાષ્ટ્રીય પરિષદ હતી જે રેડ ક્રોસની સ્થાપના અર્થે મળી હતી. એમાં ૧૪ જેટલાં રાષ્ટ્રોએ ભાગ લીધો હતો. આ રાષ્ટ્રોએ જીનેવામાં સહીસિક્કા કરી 'પ્રથમ જીનેવા કન્વેકશન' ઠરાવ પસાર કર્યો. હિંસાગ્રસ્ત દુનિયાના અંધકારમાં અહિંસાની ઉજ્જવલ કેડી કંડારતી આ સંસ્થાનો તે દિવસે ઉદય થયો. ઇ.સ. ૧૮૬૩ની સાલ પછી તો દુનિયાએ બે ભીષણ વિશ્વયુદ્ધો જોયાં, એ વિશ્વયુદ્ધોની આસપાસ પણ ભયંકર યુદ્ધો માનવ જાતે ખેલ્યાં. આજની ઘડી સુધી યુદ્ધો ખેલતી રહી છે. પણ તે પછી જગતભરમાં આ યુદ્ધો પર આ સંસ્થા અમીવર્ષા કરતી રહી છે. યુદ્ધોને અટકાવી ના શકો તો ઓછામાં ઓછું એનો ભોગ બનેલાંની અસહ્ય યાતનાઓ તો ઓછી કરો! આ છે આ સંસ્થાનો કરુણામંત્ર.

આ સંસ્થાના સ્થાપક તે સ્વિટ્ઝર્લેન્ડમાં ઇ.સ. ૮-૫-૧૮૨૮માં જીનેવામાં જન્મેલા દૂના. એમનું પૂરું નામ હેનરી ઘૂર્નન્ત, પણ એ 'દૂના'ના નામે જ વિશ્વપ્રસિદ્ધ છે. એમનું અવસાન તા. ૩૦-૧૦-૧૯૧૦ ને રોજ થયું. એ લેખે ૨૦૧૦નું આ વર્ષ દૂનાની પુણ્યતિથિનું શતાબ્દી વર્ષ છે.

ઋષિ જેવા આ પુણ્યાત્માની આજના જગતે ઉચિત વંદના તો કરી જ છે. ઇ.સ. ૧૯૦૧માં 'પહેલું વિશ્વશાંતિ નોબેલ પારિતોષિક' ફ્રાન્સના ફ્રેડરિક પાસ્સીની ભાગીદારીમાં દૂનાને અપાયું. તે વખતે દૂના અત્યંત કંગાલ દશામાં આવી પડ્યા હતા ને વૃદ્ધાવસ્થાએ એમને સાવ અશક્ત બનાવી દીધા હતા. તેઓ આ પારિતોષિક સ્વીકારવા જીનેવામાં ઉપસ્થિત રહી શકે તેમ નહોતા. તેથી આ પારિતોષિકનો સ્વીકાર કરતાં સ્વિટ્ઝર્લેન્ડથી 'આંતરરાષ્ટ્રીય રેડ ક્રોસ સમિતિ'એ દૂના પર આ સંદેશો પાઠવ્યો હતો.

'આ બહુમાન માટે આપના વિના લાયક અન્ય કોઇ વ્યક્તિ છે જ નહીં, કારણ આજથી ૪૦ વર્ષો અગાઉ યુદ્ધક્ષેત્રમાં ઘવાયેલાઓની સારવાર માટેની આંતરાષ્ટ્રીય સંસ્થાનો પાયો આપના હાથે જ નંખાયો હતો. આપના વિના ઓગણીસમી સદીની રેડ ક્રોસ જેવી માનવતાવાદી સર્વોચ્ચ સિદ્ધિ જગતને હાંસલ થઇ ન હોત. આવી પ્રવૃત્તિ કદાચ કોઇએ કદી હાથ ધરી ન હોત.'

ઇશ્વરની લીલા પણ કેવી છે! એક નાનકડો કૌંચવધ જેવો પ્રસંગ વાલ્મિકીને હસ્તે 'રામાયણ' જેવા મહાકાવ્યનું સર્જન કરાવે છે! સ્પેનનાં લોયાલા ગઢ ખાતે રણમેદાનમાં તોપના ગોળાથી અપંગ બનેલો મહારથી થવાનાં શમણાં સેવતો ઇનિગો, ઇસુસંઘના નામે ઓળખાતા એક મહાન સાધુસંઘનો સ્થાપક બની જાય છે. દૂનાની બાબતમાં પણ આવું જ કંઇક બનવા પામ્યું. જીવનમાં બનેલા એક આકસ્મિક પ્રસંગે એમનો આખો જીવન રાહ પલટી નાખ્યો.

એ કથા આવી છે.

તે અરસામાં દૂના જીનેવામાં યુવાન ધનાઢ્ય વેપારીની ખ્યાતિ પામી ચૂક્યા હતા. આમ પણ તેમનો પરિવાર ગર્ભશ્રીમંત તો હતો જ. એ શ્રીમંતાઇમાં વૃદ્ધિ કરવાની દૂનાની ઉત્કટ ઇચ્છા હતી. એમને અલ્જિરિયામાં અનાજની એક વેપારી પેઢી શરૂ કરવી હતી. એ માટે જરૂરી પરવાના અલ્જિરિયા પર હકૂમત ધરાવતા ફ્રાન્સના સમ્રાટ ત્રીજા નેપોલિયન આપી શકે તેમ હતા. જેમ આપણે ત્યાં ગાયકવાડ, એ રાજવંશી નામ રાજવી માટે પણ વપરાય છે તેમ નેપોલિયન નામ પણ ફ્રાન્સના રાજવી પરિવાર માટે વપરાતું હતું.

એ દિવસ ૧૮૫૯ની ૨૪મી જૂનનો દિવસ હતો. એ વખતે સમ્રાટ નેપોલિયન ઇટલીમાં યુદ્ધભૂમિ પર હતા. નજીકના નાનકડા પણ અતિ શક્તિશાળી ઓસ્ટ્રિયાએ યુરોપ ખંડને પોતાની આણ હેઠળ લાવવાની ખ્વાહિશ સેવી હતી. એનો મુકાબલો કરવા ફ્રાન્સ, જર્મની, ઇટલી જેવા દેશો 'મિત્રરાજ્યો'ના નામ હેઠળ એકત્રિત થયા હતા. પણ ખરી સાઠમારી તો ઓસ્ટ્રિયન અને ફ્રેંચ સૈનિકો વચ્ચે ખેલાતી હતી. નબળા ગણાતા ઇટલી પર ઓસ્ટ્રિયાએ પહેલો હુમલો કર્યો હતો. દૂના પરવાનો લેવા ગયા ત્યારે ડુંગર પર વસેલા 'સોલ્ફરિનો' નામના શહેરની ચોપાસ આ અતિ પાશવી યુદ્ધ ખેલાઇ રહ્યું હતું. મિત્રરાજ્યોના સંયુક્ત લશ્કરની પાયદળ અને હયદળના સૈનિકોની કુલ સંખ્યા દોઢ લાખ જેટલી હતી. તેમની પાસે ૪૦૦ જેટલી તોપો હતી. ઑસ્ટ્રિયા પાસે અંદાજે ૧ લાખ ૭૦ હજાર ને ૫૦૦ જેટલા સૈનિકો હતા. તે વખતના યુદ્ધની ગણતરીએ તો સામસામેની આ પ્રચંડ સૈનિક સંખ્યા કહી શકાય. દૂનાએ સૉલ્ફરિનોના ટેકરા પરથી આ ભયંકર હત્યાકાંડ નજરોનજર નિહાળ્યો.

'દૂના' એ આ યુદ્ધનું હૃદય હચમચાવી નાખે એવું વર્ણન પોતાના 'Memories of Solfino' સૉલ્ફિનોની સ્મૃતિ નામના વિશ્વવિખ્યાત પુસ્તકમાં કર્યું છે. હકીકતમાં આ જ કૃતિ રેડ ક્રોસ સંસ્થાની જનેતા બની છે. ત્રણ લાખથી વધારે લોહીપિપાસુ સૈનિકો વચ્ચે, આશરે ૧૨ માઇલ જેટલા વિસ્તારના રણમેદાનમાં ૧૫ કલાક ચાલેલા આ ભીષણ સંગ્રામની દારુણ કથની એમણે આ રીતે આલેખી છે :

*તમે કોઈ સપનાં નહીં જુઓ તો કદી લક્ષ્ય સિદ્ધ નહીં કરી શકો.*

'દરેક ટેકરા પર, ઊંચાણ પર, શિખર ઉપર- ઠેર ઠેર મરણિયા જંગ ખેલાતા હતા. ટેકરીઓ પર શબોના ઢગલા થતા હતા. આવા જ ઢગલા તળેટી અને ખીણોમાં પણ થતા હતા. અહીં હાથોહાથની વિકરાળ અને ભયંકર ઝપાઝપી ચાલી રહી હતી. ઓસ્ટ્રિયનો અને મિત્રરાજ્યોના સૈનિકો લોહી નીંગળતાં શબોના ઢગલા પર એકબીજાને મારી નાખતા હતા, પગ તળે કચડતા હતા, પોતાની બંદૂકના કુંદા વડે દુશ્મનોને ભોંયભેગા કરતા હતા, દુશ્મનોની ખોપરીઓ છૂંદી નાખતા હતા. તલવારની અણીથી કે સંગીનના છેડાથી પેટો ચીરી નાખતા હતા. તે સ્થળ કેવળ કતલખાનું જ બની ગયું હતું.'

૨૫મી તારીખનો સૂરજ ઊગ્યો ત્યારે કલ્પનામાં પણ ના આવે એવું બીજું કારમું દૃશ્ય દૂનાની નજરે ચઢ્યું :

'અસંખ્ય ઘવાયેલા સૈનિકો ભયંકર રીતે ફિક્કા પડી ગયા હતા. થાકીને લોથ બની ગયા હતા. એમનામાંના તો ઘણા ગંભીર રીતે જખમી થયા હતા. તેઓ બધા મૂઢ, અવાચક અને સૂનમૂન થઇ ગયા હતા. તેમને જે કાંઇ કહેવામાં આવતું તે તેઓ સમજી શકતા સુદ્ધાં નહોતા. તેઓ નિસ્તેજ ને બિહામણી આંખે આકાશ ભણી તાકી રહ્યા હતા. તેઓ જમીન પર આડા પડેલા હતા. છતાં તેમનું દર્દ લગારે ઘટતું નહોતું. ઘણા જખમી સૈનિકો અત્યંત માનસિક તણાવને લીધે ઉશ્કેરાયેલા હતા. એમને શરીરે ભયંકર કંપારી વછૂટી જતી હતી. અમુકને તો ખુલ્લા જખમોમાં ચેપ લાગ્યો હતો. આની પીડાથી તેઓ ગાંડા જેવા બની ગયા હતા. પોતાની આ કારમી યાતનામાંથી પોતાને છુટકારો મળે તે માટે તેઓ પોકાર કરી રહ્યા હતા. તેમના મોં પર મૃત્યુનું તીવ્ર મંથન ચાલી રહ્યું હતું ને તેની વિકૃતિના માર્યા તે આમથી તેમ અમળાતા હતા.'

આ બીજા દૃશ્યે દૂનાના હૈયાના ચીરેચીરા કરી નાખ્યા. એ આવ્યા તો હતા નખશીખ સફેદ વસ્ત્રો સજીને સમ્રાટની તહેનાતમાં ખડા થવા, તેને બદલે તેઓ ખડા થઇ ગયા સેવક બનીને આ ઘાયલોની શુશ્રૂષા કરવા. એમણે જોયું કે જે મર્યો તે તો ગયો. પણ જે ઘાયલ થયો તે તો ધણીધોરી વગરનો સાવ ઉપેક્ષિત પડ્યો રહ્યો છે, પછી એ દોસ્ત હોય કે દુશ્મન. આવા ઘાયલોની કોઇ કહેતાં કોઇને પડી નહોતી.

દૂના તાબડતોબ એમની સેવામાં જોતરાઇ ગયા. તળેટીમાં જ કેસ્ટિગ્લિયોન નગર હતું. આ નગરને તેમણે સેવા શુશ્રૂષાનું થાણું બનાવી દીધું. પોતે સ્વયંસેવક તરીકે બહાર આવ્યાને નગરનાં અન્ય નરનારીઓને પોતાની સાથે સંગઠિત બની જોતરાઇ જવાં તેમણે હાકલ કરી.

નિયતિએ જાણે આ સારુ જ દૂનાનું ઘડતર કરી રાખ્યું હતું. એમનાં માતાએ એમનાંમાં ગળથૂથીથી જ ધાર્મિક તથા નૈતિક સિદ્ધાંતોનું સિંચન કર્યું હતું. તેઓ યુવાનવયે જીવનમાં 'લીગ ઑવ્ આર્મ્સ' નામે ઓળખાતી સંસ્થાના સક્રિય સભ્ય બની ગયા હતા. આ સંસ્થા ગરીબ, માંદા અને પીડાગ્રસ્ત લોકોને સુખસગવડો મળે તથા તેમને આધ્યાત્મિક સહાય પણ મળે એ સારુ કામ કરતી હતી. દૂના જીનેવાની જેલમાં કેદીઓની નિયમિત મુલાકાતે જતા અને કેદીઓના હર પ્રકારના જીવનપલટા માટે પ્રયત્ન કરતા. તેમના સમયમાં ફ્રાન્સ, બેલ્જિયમ તથા સ્વિટ્ઝર્લેન્ડમાં 'ધ યંગ મેન્સ ક્રિશ્ચિયન યુનિયન' નામની સંસ્થા છૂટીછવાઇ સેવાકાર્યો કરી રહી હતી તેને દૂનાએ સંગઠિત કરીને 'યંગ મેન ક્રિશ્ચિયન એસોસિયેશન-YMCA- નામે એક 'વિશ્વમંડળ'માં ફેરવી નાખી હતી. એમણે ઇ.સ. ૧૮૫૫માં ફ્રાન્સના પેરિસમાં એનું પ્રથમ સંમેલન પણ ભર્યું હતું.

આવી અને આના જેવી દૂનાની પ્રબળ સંગઠન-શક્તિનો લાભ આ દારુણ ને કટોકટીના પ્રસંગને મળી આવ્યો. ૨૫-૨૬ ને ૨૭ જૂનના ઘોર યાતના તથા આકરી પીડાના એ દિવસોમાં દૂનાએ નગરમાં ભવ્ય કામગીરી બજાવી. એમના હાથ નીચે થોડા જ સમયમાં મદદ કરનાર સ્વયંસેવકો ને સ્વયંસેવિકાઓનો એક સમૂહ તૈયાર થઇ ગયો. હર ઘરને એમણે એક શુશ્રૂષાગૃહમાં ફેરવી નાખ્યું. 'નગરની સ્ત્રીઓ દેવળોમાં જઇને ચોખ્ખા પાણીના ઘડા ને લોટા લઇને એક સૈનિકથી બીજા સૈનિક પાસે જતી હતી. તે તેમની તરસ છિપાવતી હતી ને તેમના પાટા ભીંજવતી હતી. આ કામચલાઉ પરિચારિકાઓમાંથી કેટલીક સુંદર ને મનોહર કન્યાઓ હતી. તેમની નમ્રતા ને તેમના સૌજન્યે, તેમની અશ્રુપૂર્ણ આંખોએ તેમના કારુણ્યસભર ચહેરાએ ને ચીવટભરી શુશ્રૂષાએ ઘાયલ સૈનિકોમાં હિંમતનો સંચાર કર્યો.

એ પછીના દિવસોમાં તો દૂનાએ આજુબાજુનાં મોટાં દેવળો, મઠો, મહાશાળાઓ ને હવેલીઓને ઇસ્પિતાલના રૂપમાં ફેરવી નાખ્યાં અને સેવાભાવી દાક્તરો ને પરિચારિકાઓની ટુકડીઓ ઊભી કરી, ઓપરેશનો પણ થવા લાગ્યાં. આ બધું 'જાણે જાદુઇ લાકડી ફેરવી હોય' તેમ બની રહ્યું. અહીં જ દૂનાના માનસમાં રેડ ક્રોસનો જન્મ થયો. 'જો આવાં સેંકડો અનુભવીને તાલીમબદ્ધ સ્વયંસેવકો, નોકરો ને નર્સો મળી જાય તો કેવી મજાની વાત બની જાય.' તે વેળાએ દૂનાનું ચિત્ત આ ભયંકર અવદશા જોઇને ચિત્કાર પણ કરી ઊઠ્યું હતું : 'હે હતભાગી સૈનિક! પેલી સંહારભૂમિ ઉપર ગોળી વાગતાં જ તારું મૃત્યુ થયું હોત તો લોકો જેને કીર્તિવંત ભવ્ય મૃત્યુ કહે છે તેવું તારું મૃત્યુ ભવ્ય બન્યું હોત. જ્યારે અહીં તો તારે ભાગે કીર્તિના કોટડાને બદલે દુ:ખનાં ડુંગરા છે ને તેને પેલે પાર છે ઠંડું અને કાતિલ મોત!'

ત્રણ અઠવાડિયાં બાદ દૂના પોતાને વતન પાછા ફર્યા. માનવીના અમાનુષીપણાનું જે તાંડવનૃત્ય એમણે નજરોનજર નિહાળ્યું હતું તેને સૌથી પ્રથમ તો એમણે 'સૉલ્ફરિનોની સ્મૃતિ' નામે શબ્દબદ્ધ કર્યું ને પોતાના ખર્ચે છપાવીને એને પ્રસિદ્ધ કર્યું. આખા યુરોપમાં ને પછી સમગ્ર જગતમાં આ પુસ્તકની ઘેરી અસર પડી. આ પછી તો અન્યોનો સાથ મળતાં દૂનાએ એક આંતરરાષ્ટ્રીય સંગઠન ઊભું કરવા તનમન ને ધનથી ઝંપલાવી દીધું. એ સંગઠન માટે એમણે બે સિદ્ધાંતો નક્કી કર્યા : એક તો દાક્તરોનું તેમ જ પરિચારિકાઓનું આંતરરાષ્ટ્રીય સંગઠન ને તે સંગઠનનો શ્વેત વસ્ત્રધારી ક્રૂસવાળો ગણવેશ. યુદ્ધભૂમિ પર જે વ્યક્તિ ઘવાયેલાંઓની સારવાર કરે છે તેને તો તટસ્થ વ્યક્તિ ગણવી જ, પણ ઘવાયેલ સૈનિકને પણ તટસ્થ ગણવો. ઇ.સ. ૧૮૬૬ સુધીમાં તો ૨૨ જેટલાં રાષ્ટ્રોએ જીનેવા કરાર પર દસ્તખત કરી રેડ ક્રોસને વિશ્વમાન્ય સંસ્થા બનાવી દીધી.

**(અનુસંધાન : જુઓ પાના નં.-૩૨ ઉપર)**

*મુશ્કેલીમાં પણ ખુશ રહેવાના માર્ગો શોધતા રહો.*

શ્રદ્ધાંજલિ

શ્રદ્ધાંજલિ

# એક વિચક્ષણ માનવની વિદાય

• અશોક મહેતા •

મારે મરવું નથી. મારે હજુ જીવવું છે. જિજીવિષા ખૂબ જ પ્રબળ હતી.

૮૦ ઉપરની ઉંમર હતી છતાં આવું વારંવાર બોલી ઊઠતા! કદાચ કોઇ કાર્ય પૂર્ણ કરવાના બાકી રહ્યા હશે!

હોસ્પિટલમાં પથારી પર હતા. કોઇ સારવાર કારગત નીવડતી ન હતી. તેમની જિંદગીના લગભગ છેલ્લા દિવસો હતા. તેમને કદાચ અણસાર આવી ગયેલ હતો કે આ બીમારીમાંથી તેઓ બેઠા થઇ શકશે નહીં. કદાચ તેથી જ તેઓ ઉપર મુજબના વાક્યો ઉચ્ચારી રહ્યા હતા!

છેલ્લા ત્રણ-ચાર દિવસથી બોલી ઊઠતા, આજનો દિવસ મારા માટે ભારી છે! એકના એક પુત્રને એક મિનિટ માટે પણ પથારીથી અળગો થવા ના દેતા! સંબંધીઓને વિશ્વાસ હતો કે ના આટલું ઝડપે કંઇ બનવાનું નથી. હજુ કદાચ ૧૫-૨૦ દિવસ કે ૪-૬ મહિનાનો સમય તો પસાર થઇ જ જશે!

પરંતુ ત્રીજા-ચોથા દિવસની સવારે ફરી બોલી ઊઠ્યા કે આજનો દિવસ મારા માટે ભારી છે! કદાચ તેમને ખ્યાલ આવી ગયો હશે કે હવે વધુ સમય શરીર તેમને સાથ નહીં દે! તેમની વાચા પર પણ અસર થયેલ હતી અને ખરેખર એ દિવસની સાંજે તેઓ ઢળી પડ્યા. સદાયને માટે આ દુનિયામાંથી વિદાય લીધી. એક વિચક્ષણ વ્યક્તિત્વનો કરુણ અંજામ આવ્યો.

ખૂબ જ વિચક્ષણ વ્યક્તિત્વ હતું. ખૂબજ ચકોર દૃષ્ટિ હતી. સામાને માફી લેવાની અગાધ શક્તિ હતી. આખી જિંદગી પરગજુ રહ્યા. જાતે ઘસાઇને પણ લોકોના કામ કરતા રહ્યા. નાના માણસોને ઉપયોગી થવામાં ખૂબજ રસ દાખવતા. અનેક લોકો તેમના અહેસાનમંદ બની રહ્યા. નાના લેવલે જાહેર જીવનના માહેર હતા.

દોસ્તી કરવામાં અવ્વલ નંબરે! જ્યાં પણ જાય, કોઇ પણ વિભાગમાં જાય, ૩-૪ મિત્રોનું એક જૂથ બનાવી દે. એ જૂથને કોઇ જ તોડી ના શકે! છેવટ લગી લાગણીઓના તંતુઓથી જોડાયેલા રહે. એક-બીજા કાજે મરી ફીટવાની ભાવના ખૂબજ પ્રબળ બની રહે.

મરણ પથારીએ પણ હોસ્પિટલમાં નાના માણસની કાળજી રાખે. પુત્રને કહે દસ દસની અને વીસ વીસની મને નોટો આપ! સ્ટાફની નાનામાં નાની વ્યક્તિ પણ ઉત્સાહથી તેમની ચાકરી કરે!

હોસ્પિટલમાં કોઇ મળવા જાય તે તેમને ખૂબજ ગમતું. તે સમયે તેઓ ખીલી ઊઠે! સામી વ્યક્તિના ગુણદોષમાંથી એ વ્યક્તિના ગુણો યાદ કરાવે! ખૂબ જ ઉત્સાહથી રજૂઆત કરે! મુલાકાત લેનારને એવું ના લાગે કે આ વ્યક્તિનો અંતિમ દિવસ આટલો જલદી આવી જશે!

એક સવારે મોટા ભાઇ-ભાભી મુંબઇથી પધાર્યા. બંને ભાઇઓએ આખી જિંદગી તંગ અવસ્થામાં પસાર કરેલ હતી. હૃદયપૂર્વક બે હાથ જોડીને મોટા ભાઇની માફી માંગી! બંનેની આંખોમાં આંસુ વહી રહ્યા!

સાથે નાના બહેન-બનેવી પણ મુંબઇથી આવેલ હતા. સામાન્યપણે રુચિ ન હોવાનું જણાવી વાનગીઓ આરોગવાનો ઇન્કાર કરતા. પણ બહેનના હાથે પ્રેમપૂર્વક દરેક વસ્તુ આરોગી.

અને એજ સાંજે આ ફાની દુનિયા છોડી સદાયને માટે વિદાય લીધી! એવું લાગ્યું કે મોટા ભાઇ તથા નાની બહેનના મિલનના કાજે જ રોકાયેલ હતા!

આ વિચક્ષણ વ્યક્તિત્વને મુંબઇ, કચ્છ, અમદાવાદ તથા અન્યત્ર અનેક લોકોએ ખરા અંતઃકરણપૂર્વક શ્રદ્ધાંજલિ અર્પી. અનેકને લાગ્યું કે તેઓ નિરાધાર થઇ ગયા. એક વટવૃક્ષ ઢળી પડ્યું!

આ વિચક્ષણ વ્યક્તિત્વ એટલે મુંદ્રા તાલુકાના ભુજપુર ગામના **કનકલાલ સાકરચંદ દેવશી મહેતા.**

'મંગલ મંદિર' પણ નત મસ્તકે એ વ્યક્તિત્વને શ્રદ્ધાંજલિ અર્પણ કરે છે.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ-અમદાવાદ પણ આ અનેરા વ્યક્તિત્વને શ્રદ્ધાંજલિ અર્પણ કરે છે.

*ગુનો કર્યા બાદ જે ભય પેદા થાય છે તે જ ગુનેગારનો દંડ છે.*

તંદુરસ્તી

# ભણતરનો તણાવ તથા ઉપાય : માતાપિતાનો ફાળો – ૨

• ડૉ. (પ્રો.) મણિલાલ ગડા, ડૉ. દીપ્તિ એસ. શાહ (ગડા) •

આગળના લેખમાં આપણે જાણ્યું કે સદીઓ પહેલાં શિક્ષણ એ વ્યક્તિત્વના ઘડતર તથા વિકાસનું મહત્ત્વનું પગલું હતું. રાજા કે તવંગરના દીકરાને પણ આશ્રમમાં સામાન્ય વિદ્યાર્થી તરીકે રહી અભ્યાસ કરવો પડતો હતો તથા કામ પણ કરવું પડતું હતું. ઋષિમુનિઓ શિક્ષક તથા માતાપિતાનો ભાગ ભજવતા હતાં. આ પદ્ધતિથી બાળકની ક્ષમતા પ્રમાણે વ્યક્તિત્વનું ઘડતર તથા વિકાસ થતો હતો.

હાલના સમયમાં ભણતર પુસ્તકિયા જ્ઞાન મેળવવાનું સાધન બની ગયું છે. વ્યક્તિત્વના ઘડતર તથા વિકાસ પર લક્ષ આપવાને બદલે પરીક્ષામાં અંકો મેળવવા પર લક્ષ અપાય છે. આને લીધે બાળકના વ્યક્તિત્વના ઘડતર તથા વિકાસ માટે માતાપિતા/વડીલોની જવાબદારી વધી ગઈ છે.

દરેક બાળક અલગ હોય છે. દરેક સંતાનનું વ્યક્તિત્વ અલગ હોય છે, ભણવાની ક્ષમતા અલગ હોય છે. બધા સંતાનો પ્રત્યે એક જ પ્રકારનો અભિગમ ન અપનાવતા, માતાપિતા/વડીલોએ સંતાનના વ્યક્તિત્વને સમજી, ઓળખી તથા તેની જરૂરિયાતોનું પૃથક્કરણ (Analysis) કરી પોતાનો અભિગમ અપનાવવો જરૂરી છે. સમય અને સંજોગો પ્રમાણે જેમ સંતાન મોટો થાય છે એમ આ અભિગમમાં જરૂરી ફેરફારો કરવા જોઈએ.

ગયા લેખમાં આપણે (૧) આત્મનિરીક્ષણ, (૨) વાસ્તવિક્તા પ્રમાણે અપેક્ષા, (૩) લક્ષ ભણવા પર, પરિણામ પર નહીં અને (૪) બીજા વિદ્યાર્થીઓ જોડે સંતાનની સરખામણી ટાળો – મુદ્દાઓ પર ઊંડાણમાં જાણ્યું. હવે આગળના મુદ્દાઓ વિશે જાણીએ.

### ૫. કદર :

તમારા સંતાને ભણતર બાબતમાં કરેલા પ્રયત્નોની યોગ્ય કદર કરવી જરૂરી છે. માતાપિતાએ સંતાનની મહેનત તથા વર્તણૂક યોગ્ય લાગી છે એ બાબતને હકારાત્મક ભાવ યોગ્ય શબ્દોમાં વ્યક્ત કરવો જોઇએ. "અમને આ કાર્ય ગમ્યું" "અમને સંતોષ થયો" જેવા વાક્યોમાં લાગણી વ્યક્ત કરવી જોઇએ. જરૂરત પ્રમાણે ભેટ (gift) પણ આપી શકાય. સંતાનના કુમળા લાગણીશીલ મન પર વ્યક્ત કરેલા શબ્દોની અસર વધારે થાય છે તથા લાંબો સમય સુધી રહે છે. આથી સંતાનનો આત્મવિશ્વાસ વધે છે, અભ્યાસ કરવાની ઇચ્છા વધે છે, સંતાન મન લગાવી અભ્યાસ કરે છે તથા અભ્યાસની ક્ષમતા વધે છે.

**ડૉ. (પ્રો.) મણિલાલ ગડા**
એમ.ડી., ડી.પી.એમ., એફ.આઈ.પી.એસ.
મનોચિકિત્સક અને સ્ટ્રેસ મેનેજમેન્ટ કન્સલ્ટન્ટ,
મનોસ્મૃતિ પોલીક્લિનિક, પ્રભુકૃપા,
એલ.બી.એસ. માર્ગ, સર્વોદય હોસ્પિટલની બાજુમાં,
હોટેલ રાધાક્રિષ્ણની બાજુમાં, ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ-૮૬.
ફોન : ૨૫૧૪૮૮૫૯

**ડૉ. દીપ્તિ એસ. શાહ (ગડા)**
*એમ.ડી. (ગોલ્ડ મેડલ), ડી.પી.એમ.,*
*એમ.આઈ.પી.એસ., બાળ મનોચિકિત્સક*
જાગૃતિ પોલીક્લિનિક,
કામદાર હોસ્પિટલ, કિરણ નિકેતન, ભાટિયાવાડીની
બાજુમાં, તિલક રોડ, ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ-૭૭.
ફોન : ૨૫૧૨૪૪૦૪, મો. ૯૮૨૧૩ ૨૬૨૬૯

### ૬. પ્રોત્સાહન :

હકારાત્મક અભિગમ દ્વારા માતાપિતા/વડીલોએ સંતાનને પ્રોત્સાહિત કરવા જોઇએ. "અભ્યાસ કરીશ તો સારા ગુણાંક મળશે" આ શબ્દો હકારાત્મક અભિગમ દર્શાવે છે. "અભ્યાસ નહીં કરે તો નાપાસ થઈશ" એ નકારાત્મક અભિગમ દર્શાવે છે. સંતાન હકારાત્મક શબ્દો તથા ભાવથી વધારે પ્રોત્સાહિત થાય છે. જેને લીધે અભ્યાસમાં રુચિ વધે છે.

### ૭. અભ્યાસ કરવાની પદ્ધતિ :

દરેક વિદ્યાર્થીની અભ્યાસ કરવાની પદ્ધતિ વ્યક્તિગત હોય છે. કોઇક વિદ્યાર્થીને સવારના અભ્યાસ કરવો ગમે છે, કોઇકને સાંજે કે કોઇકને રાત્રે. સંતાન પોતાનો અભ્યાસ પૂર્ણ કરે છે એ મહત્ત્વનું છે. માતાપિતાએ પોતાની પદ્ધતિ પ્રમાણે સંતાન પર અભ્યાસ કરવાનું દબાણ ટાળવું જોઇએ. અમારા એક ડોક્ટર મિત્ર જે જાણીતા કન્સલ્ટન્ટ છે, એ અભ્યાસ કરતી વખતે રેડિયો/ટેપ પર ફિલ્મના ગીતો સાંભળતા તથા ડોક્ટરીનો અભ્યાસ પણ સાથે કરતા. બંને જગ્યાએ ધ્યાન કેન્દ્રિત કરી શકતા હતા. એમ.ડી.ની પરીક્ષામાં યુનિવર્સિટીમાં પ્રથમ ક્રમાંક મેળવી ગોલ્ડ મેડલ મેળવેલ.

શક્ય હોય તો અભ્યાસ માટે સંતાનને અલગ રૂમ તથા જગ્યાની વ્યવસ્થા કરી આપો. અભ્યાસ કરવાની જગ્યા/ટેબલ પર વ્યવસ્થિત પ્રકાશ હોય તથા ટી.વી. કે બીજી કોઇ ખલેલ ન પહોંચે. જેથી અભ્યાસમાં યોગ્ય લક્ષ કેન્દ્રિત કરી શકાય.

### ૮. વાતચીતનો સેતુ :

માતાપિતા / વડીલોના મનમાં હોય છે કે સંતાનની ભૂલો એને બતાડવી જરૂરી છે નહીં તો સંતાનને કેમ સમજાશે કે શું સાચું છે તથા શું યોગ્ય છે. મનોવૈજ્ઞાનિક રીતે આ નિયમ યોગ્ય છે પરંતુ આ નિયમનો અમલ કરવાની યોગ્ય પદ્ધતિ વિશે માતાપિતા/વડીલો કેટલા સજાગ છે. નીચે કેટલાક મુદ્દાઓ આપ્યા છે જે લક્ષમાં લઈ ભૂલ બતાડવાથી યોગ્ય પરિણામ મળશે.

અ) ભૂલ કઇ વ્યક્તિએ બતાડવી?

બ) ભૂલ કયા સમયે બતાડવી?

*બીજાની ચિંતા કરનારને યશ અને પુણ્ય મળે છે.*

ક) ભૂલ કઇ રીતે બતાડવી ? (ભૂલ બતાડનાર વ્યક્તિનું મન (mood) કેવું છે, કયા શબ્દોનો પ્રયોગ કરીએ છીએ, અવાજનો રણકો (tone of voice) કેવો છે વગેરે)

ડ) ભૂલ બતાડતી વખતે સંતાનનું મન (mood) કેવો છે?

ઇ) ભૂલ કાર્ય પર ધ્યાન આપીએ છીએ કે સંતાનના આત્મસન્માનને ઉતારી પાડીએ છીએ?

એફ) ભૂલ સમજવાની સંતાનમાં શક્તિ કેટલી છે? (capacity) માતાપિતા / વડીલો જ્યારે સંતાનને કોઇ બાબત સલાહ આપે છે ત્યારે પણ ઉપરોક્ત મુદ્દાઓ લક્ષમાં લેવા જોઇએ.

માતાપિતા અને સંતાન વચ્ચે વાતચીતનો સેતુ કાયમ (૨૪ x ૭) જળવાઈ રહેવો જોઇએ. સંતાનને મનમાં વિશ્વાસ હોવો જોઇએ કે મારા માતાપિતા મારા માટે સંકટ સમયની સાંકળ બની રહેશે. મને સમજી શકશે તથા મુશ્કેલીના સમયમાં યોગ્ય માર્ગદર્શન આપશે. આ માટે માતાપિતાએ પહેલ કરવી જોઇએ.

**૯. માતાપિતા-સંતાન વચ્ચે હૂંફભર્યા સંબંધો :**

સંતાન સાથે માતાપિતાના પ્રેમભર્યા, હૂંફભર્યા સંબંધો હોવા ખૂબ જ અગત્યનું છે. હૂંફભર્યા સંબોધોને લીધે બાળકના વ્યક્તિત્વનું ઘડતર તથા વિકાસ યોગ્ય રીતે થાય છે તથા ભણવાની ક્ષમતા વધે છે. આ સંબંધો માટે માતાપિતાએ પહેલ કરવી જોઇએ.

અ) સંતાન સાથે ગુણવત્તાભર્યો સમય (quality time) ગાળો. આ સમયમાં સંતાનને સલાહ આપવાને બદલે સંતાનને સાંભળો તથા સમજો.

બ) સંતાનના વ્યક્તિત્વને ઓળખો. એના ગમા, અણગમા, અભિગમ, સંવેદનશીલતા, મિત્રો વગેરે વિશે જાણકારી મેળવો. પોતાના અભિગમ વર્તણૂકમાં એ પ્રમાણે યોગ્ય ફેરફાર કરો.

ક) સંતાનની અયોગ્ય વર્તણૂકને વખોડો, સંતાનને નહીં.

ડ) સારા ગુણાંક મેળવે તો સંતાન સારો, સારા ગુણાંક ન મેળવે તો સંતાન અયોગ્ય એવી પૂર્વ શરતો સિવાય સંતાનને પ્રેમ કરો. સંતાને કરેલા કાર્યની યોગ્ય કદર કરો.

● **પરીક્ષાના સમય દરમ્યાન માતાપિતાની વર્તણૂક :**

૧) વાતચીતનો સેતુ જાળવી રાખો.

૨) સંતાનને જરૂર હોય ત્યારે તમે હાજર રહો. મનથી સંતાનને લાગવું જોઇએ કે માતાપિતા એના માટે સંકટ સમયની સાંકળ છે.

૩) સંતાનની શારીરિક જરૂરિયાતો પૂરી પાડો (ખાવાનું, સુવાનું વગેરે) આ જરૂરિયાતો માટે દબાણ ન કરો.

૪) અભ્યાસ કરવાની પદ્ધતિ વિશે ચર્ચા ટાળો.

૫) પરીક્ષા કેન્દ્રમાં સમયસર પહોંચવા માટેની વ્યવસ્થા કરો.

૬) શક્ય હોય તો સંતાન જોડે પરીક્ષા કેન્દ્ર પર સાથે જાઓ. આ સમય દરમ્યાન પરીક્ષાના પેપર બાબત ચર્ચા ટાળો.

૭) હોલ ટિકિટની ફોટોકોપી (ઝેરોક્ષ) કરાવી તમારી પાસે સાચવી રાખો.

૮) પરીક્ષા બાદ પાછા આવતી વખતે કે ઘરે પેપર કેવું ગયું છે એ વિશે બિલકુલ ચર્ચા ન કરો.

૯) પરીક્ષા કેન્દ્રથી પાછા ફરતી વખતે સંતાનને આરામ (relax) કરવા દો.

૧૦) બીજા મિત્રોનું પેપર કેવું ગયું છે એ વિશેની ચર્ચા ન કરો.

● **સારાંશ :**

માતાપિતા/વડીલોએ ઉપર જણાવેલ મનોવૈજ્ઞાનિક મુદ્દાઓને લક્ષમાં લઇ પોતાના વિચાર, વાણી, વર્તન, અભિગમમાં યોગ્ય ફેરફારો કરશે તો સંતાનમાં આત્મસન્માનની ભાવનાનો સંચાર થશે, પોતાનામાં આત્મવિશ્વાસ વધશે. આને લીધે ભણવામાં રસ વધશે, ભણવાની ક્ષમતા વધશે. ભણવાનો તણાવ યોગ્ય માત્રામાં રહેશે. જેથી ધારેલી સફળતા મળશે. ■


**રજિસ્ટ્રેશન ઓફ ન્યુઝ પેપર્સ (સેન્ટ્રલ રૂલ્સ) ૧૯૫૬ અન્વયે "મંગલ મંદિર" અંગેની માહિતી ફોર્મ -૪, રૂલ - ૮**

**૧. પ્રકાશનનું સ્થળ :** અમદાવાદ

**૨. પ્રકાશનનો ગાળો :** માસિક

**૩. મુદ્રકનું નામ :**
શ્રી અશોક મહેતા
**મુદ્રકની રાષ્ટ્રીયતા :** ભારતીય
**મુદ્રકનું સરનામું :**
શ્રી કચ્છી જૈન ભવન
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્ર મંડળ સોસાયટી,
નવચેતન હાઈસ્કૂલ સામે,
પાલડી-એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.

**૪. પ્રકાશકનું નામ :**
શ્રી અશોક મહેતા
**પ્રકાશકની રાષ્ટ્રીયતા :** ભારતીય
**પ્રકાશકનું સરનામું :**
શ્રી કચ્છી જૈન ભવન
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્ર મંડળ સોસાયટી,
નવચેતન હાઈસ્કૂલ સામે,
પાલડી-એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.

**૫. સંપાદકનું નામ :**
શ્રી અશોક મહેતા
**સંપાદકની રાષ્ટ્રીયતા :** ભારતીય
**સંપાદકનું સરનામું :**
શ્રી કચ્છી જૈન ભવન
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્ર મંડળ સોસાયટી,
નવચેતન હાઈસ્કૂલ સામે,
પાલડી-એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.

**૬. અખબારની માલિકી :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ
**સરનામું :**
શ્રી કચ્છી જૈન ભવન,
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
પાલડી - એલિસબ્રિજ, અમદાવાદ - ૩૮૦ ૦૦૬

*હું, અશોક મહેતા, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ વતી જાહેર કરું છું કે ઉપર જણાવેલી વિગતો મારી જાણ અને માન્યતા મુજબ બરાબર છે.*

અમદાવાદ **અશોક મહેતા**
માર્ચ ૨૦૧૧ પ્રકાશક અને મુદ્રક - "મંગલ મંદિર"


*સુખની ચાહનાને કારણે મનુષ્ય કર્તવ્યરહિત અને પતિત થઈ જાય છે.*

સાહિત્ય આચમન

વાંચનમાંથી વિણેલું

# આધારશિલા : અણી શુદ્ધ આચરણની

• બાબુલાલ ગોર •

ડો. રમેશભાઇ આ. ઓઝાએ લખ્યું છે : "જેમ કોઇ મંદિરનું શિખર ચણાતું હોય ને દસ-બાર મજૂરો એક એક ઇંટ, એકબીજાને ઝીલાવીને એ ઇંટને શિખરે પહોંચાડતા હોય એમ સુ-વિચારોને સરસ્વતીના મંદિરના શિખરે પહોંચાડવાનું જાણે આ નિમિત્ત કાર્ય છે, એથી વિશેષ કશું નહિ. સંપાદક તરીકે મારું કશું કર્તૃત્વ છે નહિં, સિવાય કે એક હાથથી બીજે હાથ પહોંચાડવામાં નિમિત્ત બનવાનું."

હું પણ આ શબ્દોમાં મારો સૂર પુરાવું છું કે, આ પ્રકારે સંકલિત સામગ્રી અન્ય વાચકો સુધી પહોંચે આ માટે મારો આ નમ્ર પ્રયાસ છે તે માટે જે કાંઇ પણ વાંચન સામગ્રી રજૂ કરુ છું તે માટે તેના કર્તા, સંપાદક, સર્જક, પ્રકાશક વગેરેનો આભારી છું.

તેઓના સૌજન્યથી સાભાર ઉદ્ધૃત કરી રહ્યો છું.

માર્ટિન બૂબરે "ટેલ્સ ઓફ હસિડિમ"માં પોલેન્ડના રબાઇનો એક પ્રસંગ આલેખ્યો છે જે આ પ્રમાણે છે :

હંમેશાં સફરમાં રહેતા એક ધર્મગુરુ એક ગામમાં ધાર્મિક વ્યાખ્યાનો આપતા હતા. પાંચ-છ દિવસ દરમ્યાન તેમને સાંભળવા શ્રોતાવૃંદમાં સતત વધારો થતો રહ્યો. પણ વ્યાખ્યાનના અંતે તેની પોથી પર દક્ષિણા સાવ નજીવી જ એકઠી થતી. એકવાર એ વ્યાખ્યાન આપી રહ્યા હતા, ત્યાં કોઇકે આવી શ્રોતાઓને કહ્યું : "લુબલિન (પોલેન્ડનું એક શહેર)ના મહાન સંત આવ્યા છે."

આ સમાચાર સાંભળતાં જ એક પછી એક શ્રોતા ઊભા થઇ લુબલિનના સંતના ઉતારા પર જવા માંડ્યા. થોડીવાર પછી તો ધર્મ ગુરુ સાવ એકલા જ રહી ગયા. એ ધર્મગુરુ પણ ત્યાં ગયા. લુબલિનના સંત તો અલમસ્તાઇમાં બેઠા હતા. ભાવિકો તેમની આગળ ભેટ ધરી રહ્યા હતા. જે શ્રોતાઓ રોજ પોતાને સાંભળવા આવતા અને પોથી પર કશું જ મૂક્યા વિના ચાલી જતા, એજ શ્રોતાઓ અહીં આ સંતના ચરણોમાં સોના-ચાંદીના સિક્કા મૂકી રહ્યા હતા.

બધા વિખરાયા પછી ધર્મગુરુ સંત પાસે ગયા અને પૂછ્યું : "બધા તમારા જેવા સંતનો આદર કરે તે તો બરાબર છે. પણ મને સમજાતું નથી કે જે માણસો મારા વ્યાખ્યાન પછી ફૂટી કોડી પણ પોથી પર નહોતા મૂકતા તે અહીં સોના, અને રૂપાના સિક્કા મૂકીને ગયા. આમ કેમ?

સંતે કહ્યું : "આપણા મનમાં જે હોય તે સામાના મનમાં ઊગે."

"એ કઇ રીતે?"

"એ વાત પછી કરું. પહેલાં તો તું આ પૈસા લઇ લે. તને એની જરૂર છે"

પેલા ધર્મગુરુએ તો એકે એક સિક્કો વીણી લીધો. પછી પૂછ્યું, : "પણ તમે વાત તો અધૂરી રાખી"

"પણ તેં પૂરી કરીને?"

"મેં?"

"હા, મારા મનમાં અપરિગ્રહ છે. મને કંઇ જોઇતું નથી. તો બધાને પોતાની પાસે જે કંઇ હોય તે મૂકતા જવાનું મન થાય છે. તેના મનમાં પણ અપરિગ્રહનો પડઘો પડે છે. પણ તારા મનમાં પરિગ્રહ છે એટલે તું શ્રોતાઓના મનમાં પરિગ્રહ જગાડે છે. એ પૈસા આપવાને બદલે સંઘરે છે."

આચારરૂપે અવતરે નહીં તે શબ્દ વાંઝિયો છે? તે કોઇના પણ પ્રતિભા બીજની માવજત ન કરી શકે.

"વાંચે ગુજરાત" અભિયાનના ઉપલક્ષ્યમાં પ્રસ્તુત છે ગ્રંથ-પુસ્તક વિશેના સુવાક્યો :

★ *ગ્રંથ એ ઉત્તમ મિત્ર છે. આપણી ઈચ્છા થાય ત્યારે કશાક બોધ સાથે આવે છે, પણ ક્યારેય પૂંઠ પકડતો નથી. આપણા દુર્લક્ષ્યથી ક્યારેય ગુસ્સે થતો નથી. આપણું ધ્યાન બીજે હોય ત્યારે પણ તે કશો બદલો લીધા સિવાય મૌન રહી, સેવા કરે છે. આપણી સ્મરણ શક્તિમાં ગ્રંથો એ રીતે પ્રવેશ કરે છે કે જાણે એનો આત્મા ઊડીને આપણા મગજને હસ્તગત કરી લે છે.*

**- બીચર**

★ *ગ્રન્થો, એ અદ્‌ભુત વસ્તુઓ છે. જીભ વિનાના અને મૂંગા હોવા છતાં એની શબ્દ-વાણીથી આપણા પર કેવી સત્તા ચલાવે છે? શક્તિહીન અને જડ હોવા છતાં જંગલમાં આગ ફરી વળે તેમ મનુષ્યનાં મન અને હૃદય પર ફરી વળે છે. અજવાળાથી જાણે મગજ ભરાઈ જાય છે ને તિમિરમય આકાશમાં તારાનું કામ કરે છે.*

**- વોશિંગ્ટન ઇરવિંગ**

★ *જ્યારે મિત્રો શાંત હોય છે ને સગાં સ્નેહી મૂંગા બની માત્ર દુનિયાદારીની સભ્યતા વિશે સલાહ-સૂચન આપવા મંડી પડે છે ત્યારે ગ્રંથો જ પોતાની આગવી શૈલીમાં મિત્રતાનું કામ કરે છે! ને આનંદમય ચહેરો રાખી ઉત્સાહ પ્રેરે છે. જે મૈત્રી આશાવાદીને દગો દેતી નથી, ને આપનારને આનંદ વિભોર કરી મૂકે છે.*

**- વોશિંગ્ટન ઇરવીન**

★ *ગ્રંથો, એ ક્યારેય નિસ્તેજ ન થાય એવાં સૌંદર્યના ઉદ્યાનો છે. એનાં મોહક પુષ્પો ક્યારેય કરમાતાં નથી અને ઉત્તમ ચરિત્રોનાં પાંદડાં ક્યારેય સૂકાતાં નથી. તેથી જ ઈજિપ્શિયનો ગ્રંથોને "આત્માની ઔષધિ" કહેતા હતા.*

***સંદર્ભ સૌજન્ય સાભાર ઉદ્ધૃત :***
***પુસ્તક : "ગ્રંથ આત્માની ઔષધિ"***
***સંપાદક : ડૉ. રમેશ આ. ઓઝા***

*૬૫, ભાનુશાલી નગર, કર્મભૂમિ એપાર્ટમેન્ટની સામે,*
*ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*
*મો. ૯૪૨૭૪ ૦૭૪૩૨*

*વાંચી શકો તો જિંદગાની પાઠ્યપુસ્તક છે, બંધ રાખો તો કોરી કિતાબ છે.*

મહિલા વિશ્વ

# રેસિપી – જૈન વાનગી માટે

• સુરભિ નીરવ વસા •

## ચાઇનીઝ

ચાઈનીઝ ફૂડનું નામ સાંભળતા જ મોંમા પાણી આવે છે. આ ફુડ એકદમ ચટપટો, ટેસ્ટી તથા કલરફુલ હોવાથી આંખ અને જીભ બંનેને પસંદ પડે છે તથા બનાવવામાં પણ ખૂબ ઝડપી અને સરળ છે. આપણામાંની ઘણી જ ગૃહિણીઓ ચાઈનીઝ ફૂડ ઘરે બનાવતી હોય છે. પરંતુ તેઓની ફરિયાદ હોય છે કે રેસ્ટોરન્ટ જેવો ટેસ્ટ ઘરે બનાવેલ વાનગીમાં નથી આવતો. તો આ માટે હું કેટલીક મહત્ત્વની ટીપ્સ સાથે બેઝિક રેસિપી આપી રહી છું જે જરૂરથી ઉપયોગી થશે.

- નુડલ્સ હંમેશાં “અલ દાંતે” (એટલે કે દાંતથી કટ થાય તેવા કડક) હોવા જોઇએ અને સારી ક્વોલિટીના “ડુરમ વીટ” (DURUM WHEAT)ના બનેલા હોવા જોઇએ જેથી હેલ્થને નુકસાન ન કરે.
- નુડલ્સથી ચાર ગણું પાણી લઇ પાણી ઉકળે એટલે તેમાં નુડલ્સ અને મીઠું ઉમેરી બાફવા. બફાઇ જાય એટલે ગરમ પાણી નીતારી તેના પર તરત જ ઠંડું પાણી રેડવું અને પછી ડિશમાં છૂટા પાડી ૨ ચમચી તેલ હાથેથી લગાવવું જેથી નુડલ્સ છૂટા રહેશે.
- ચાઈનીઝ ફૂડ હંમેશાં પહોળા વાસણમાં બનાવવું.
- ખાસ ધ્યાન રાખવું કે કોઇપણ વેજિટેબલ ઓવરકુક ન થવા જોઇએ. એટલે કે ગળી જવા ન જોઇએ અને થોડા ક્રન્ચી રહેવા જોઇએ. આ માટે ઓછા તેલમાં ફાસ્ટ ગેસે વેજિટેબલ સાંતળવા.

*ટી.વી.ની ઈ-ટી.વી. (ગુજરાતી) ચેનલમાં બપોરના ૨.૦૦ થી ૩.૦૦ ના સમયે ‘રસોઇ શો’ના કાર્યક્રમમાં જૈન વાનગીઓની રેસિપી નિષ્ણાત સુરભિબહેન વસા દ્વારા તા. ૧, ૧૧ અને ૧૭ માર્ચ, ૨૦૧૧ ના દિવસો દરમિયાન અલગ-અલગ વાનગીઓની વિગત સહિત નિર્દેશન કરવામાં આવશે. જેની દરેક બહેનોએ નોંધ લેવી.*

*ઉલ્લેખનીય છે કે ઈ-ટી.વી. દ્વારા આયોજિત વાનગી રેસિપી ૨૦૦૯ ની સ્પર્ધામાં શ્રીમતી વસાએ રસોઇ-શો ના મહારાણી-૪ નું ગૌરવપ્રદ બિરુદ પ્રાપ્ત કર્યું હતું.*

સામાન્ય રીતે ચીલી સોસ બજારમાંથી લવાતો હોય છે. પરંતુ આજે બન્ને સોસની રેસીપી અહીં આપી રહી છું જેથી તમે ઘેર પણ બનાવી શકો.

### ★ ગ્રીન ચીલી સોસ :

***સામગ્રી :*** ૪ નંગ કેપ્સીકમ, ૫૦ ગ્રામ તીખા લીલા મરચાં, મીઠું, ૧/૪ કપ વિનેગાર, ૧ ગ્લાસ પાણી

***રીત :*** કેપ્સીકમ તથા તીખા મરચાંને દસ મિનિટ પાણીમાં ઉકાળવા. પછી ઠંડું પડે એટલે તેમાં મીઠું તથા વિનેગાર ઉમેરી મિક્ષીમાં પીસવું. હવે આ પેસ્ટને એક પૅનમાં લઇ થોડી ઘટ્ટ થાય ત્યાં સુધી ખદખદાવવી. હવે ઠંડું પડે પછી તેને બોટલમાં ભરી ફ્રીઝરમાં બે અઠવાડિયા સ્ટોર કરી શકો છો.

### ★ રેડ ચીલી સોસ :

***સામગ્રી :*** ૫૦ ગ્રામ લાલ આખા મરચાં, ૧/૪ કપ બાફેલી દૂધી, ૧/૪ કપ વિનેગાર, મીઠું સ્વાદ અનુસાર, ૨ ટે. સ્પૂન દાળિયાનો પાવડર, ૧/૨ ગ્લાસ પાણી.

***રીત :*** લાલ મરચાંને ૩૦ મિનિટ ગરમ પાણીમાં પલાળવા. હવે લાલ મરચાં, બાફેલી દૂધી, વિનેગાર, મીઠું અને દાળિયાનો પાવડર ઉમેરી મિક્ષીમાં ફાઇન પેસ્ટ બનાવવી.

આ પેસ્ટને એક પૅનમાં લઇ ઘટ્ટ થાય ત્યાં સુધી ખદખદાવો. ઠંડું પડતા બોટલમાં ભરી ફ્રીઝરમાં બે અઠવાડિયા સુધી સ્ટોર કરી શકાય છે.

### ૧. અમેરિકન ચોપ્સી

***સામગ્રી :*** ૧ કપ લાંબી સમારેલ કોબી, ૧/૨ કપ લાંબા સમારેલ કેપ્સીકમ, ૧/૪ કપ લાંબી અને પાતળી સમારેલ ફણસી (અધકચરી બાફેલ), ૨ ટી. સ્પૂન બારીક સમારેલા આદુ + મરચાં, ૩/૪ કપ બાફેલા નુડલ્સ, ૧½ કપ તળેલા નુડલ્સ, ૧ ટે. સ્પૂન તેલ, ૧ ટે. સ્પૂન ઝીણી સમારેલ દાંડી સાથેની કોથમીર, મીઠું સ્વાદ અનુસાર.

***સોસ માટે :*** ૧ કપ પાણી, ૨ ટે. સ્પૂન ચીલી સોસ, ૧ ટી. સોયા સોસ, ૨ ટે. સ્પૂન ટમેટાનો સોસ, ૧ ટી. સ્પૂન વિનેગાર, મીઠું સ્વાદ અનુસાર, ૨ ટી. સ્પૂન કોર્નફ્લોર

***રીત :*** સૌપ્રથમ એક પૅનમાં પાણી લઇ તેમાં ચીલીસોસ, સોયાસોસ, ટામેટો સોસ, વિનેગાર, મીઠું અને કોર્નફ્લોર ઉમેરી સરસ રીતે મિક્ષ કરો. (કોર્નફ્લોરના ગઠ્ઠા ન પડવા જોઇએ) પછી તેને ધીમા તાપે ૩-૪ મિનિટ ગરમ કરો. સોસ જેવું ઘટ્ટ થાય એટલે ગેસ પરથી ઉતારી લો.

એક પહોળા વાસણમાં તેલ લઇ તેમાં આદુ + મરચાં સાંતળો.

***તમારી લક્ષ્મી બીજાના કપાળમાં ઘા ન કરે તે જોજો.***

ત્યારબાદ કેપ્સીકમ અને કોબી ઉમેરી તેની સાથે મીઠું ઉમેરી આકરા તાપે ૧-૨ મિનિટ સાંતળો. (મીઠું સીઝેનીંગનું કામ કરશે જેથી આજીના મોટની જરૂર નહીં પડે) પછી તેમાં ફણસી ઉમેરી તૈયાર કરેલ સોસ અને મીઠું ઉમેરી મિક્ષ કરો. હવે તેમાં બાફેલા નુડલ્સ ઉમેરી મિક્ષ કરો. અને તેમાં તળેલા નુડલ્સ (અડધા) ઉમેરી મિક્ષ કરો. આ આખી પ્રોસીજર ૫-૭ મિનિટમાં થઇ જવી જોઇએ. છેલ્લે કોથમીર ઉમેરી મિક્ષ કરો. હવે ગેસ પરથી ઉતારી સર્વિંગ બાઉલમાં લઇ ઉપરથી બાકીના તળેલા નુડલ્સ ઉમેરી ગરમા ગરમ પીરસો.

### તળેલા નુડલ્સ :

સૌ પ્રથમ બાફેલા ઇન્સ્ટન્ટ નુડલ્સને એક ડિશમાં ફેલાવી તેના પર કોર્નફ્લોર છાંટી, કોરા પાડી, ગરમ તેલમાં તળવા. જેથી એકદમ ક્રીસ્પી થશે. (નુડલ્સ તળવા માટે અધકચરી બાફેલી મેગીનો ઉપયોગ કરવાથી રિઝલ્ટ વધારે સારું મળે છે.)

### ૨. મન્ચુરીયન વીથ ગ્રેવી :

***સામગ્રી :*** ફણસી ૧/૪ કપ, ફ્લાવર ૧/૪ કપ, કેપ્સીકમ ૧ નંગ, કોબી ૧ કપ (બધું જ શાક ઝીણું સમારેલ), ચીલી સોસ ૨ ટે. સ્પૂન, સોયાસોસ ૧ ટી. સ્પૂન, વિનેગાર ૧ ટી. સ્પૂન, મીઠું સ્વાદ અનુસાર, ૧/૨ કપ મેંદો, ૨ ટે. સ્પૂન કોર્નફ્લોર, ચપટી આજીનો મોટો અથવા સોડા

***ગ્રેવી માટે :*** ૧ ટે. સ્પૂન બારીક સમારેલા આદું + મરચાં, પાણી ૧ કપ, ચીલી સોસ ૧ ટે. સ્પૂન, સોયાસોસ ૧ ટી. સ્પૂન, ૨ ટે. સ્પૂન કોર્નફ્લોરની સ્લરી (પાણીમાં ઓગાળેલ કોર્નફ્લોર), સ્વાદ અનુસાર મીઠું, ૩ ટે. સ્પૂન ઝીણા સમારેલા કોબી-કેપ્સીકમ.

***રીત :*** સૌપ્રથમ એક બાઉલમાં બધું જ વેજિટેબલ્સ લેવું. તેમાં ચીલીસોસ, સોયાસોસ, વિનેગાર, મેંદો, કોર્નફ્લોર, મીઠું અને આજીનો મોટો ઉમેરી જરૂર મુજબ પાણી ઉમેરી મીડિયમ ઘટ્ટ ખીરું બનાવો. હવે તેને પકોડાની જેમ ગરમ તેલમાં તળો.

***ગ્રેવી માટે :*** ૧ ટી. સ્પૂન તેલ લઇ તેમાં આદુ-મરચાં સાંતળો. તેમાં ઝીણા સમારેલા કોબી અને કેપ્સીકમ સાંતળો. તેમાં પાણી ઉમેરી ચીલી સોસ, સોયાસોસ, મીઠું અને કોર્નફ્લોરની સ્લરી ઉમેરી ખદખદાવો. થોડું ઘટ્ટ થતાં મન્ચુરીયન ઉમેરી સર્વિંગ બાઉલમાં લઇ કોથમીર છાંટી સર્વ કરો.

### ૩. ચાઇનીઝ ભેળ

***સામગ્રી :-*** ૧/૨ કપ લાંબા સમારેલા કેપ્સીકમ, ૧/૨ કપ લાંબી સમારેલ કોબી, ૨ ટે. સ્પૂન ત્રાંસી સમારેલ ફણસી (અધકચરી બાફેલ), ૧ કપ બાફેલા નુડલ્સ, ૧/૪ કપ કડક બાફેલા ભાત, ૭-૮ નંગ મન્ચુરીયન, ૨ ટે. સ્પૂન ટોમેટો કેચઅપ, ૨ ટે. સ્પૂન ચીલીસોસ, ૧ ટી. સ્પૂન સોયાસોસ, ૧/૨ ટી. સ્પૂન વિનેગાર, ૧ કપ તળેલા નુડલ્સ, ૧ ટે. સ્પૂન ઝીણી સમારેલ કોથમીર, ૩ ચમચી તેલ, ૨ ટી. સ્પૂન બારીક સમારેલ આદું-મરચાં, મીઠું સ્વાદ અનુસાર.

***રીત :-*** સૌપ્રથમ તેલ લઇ તેમાં આદું-મરચાં ઉમેરી સાંતળો. ત્યારબાદ તેમાં કેપ્સીકમ, કોબી, ફણસી ઉમેરી ૨-૩ મિનિટ સાંતળો. થોડા કૂક થાય એટલે તેમાં બાફેલા નુડલ્સ અને રાંધેલો ભાત ઉમેરી મિક્ષ કરો. હવે ચીલી સોસ, સોયાસોસ, ટોમેટો સોસ, વિનેગાર, મીઠું ઉમેરી મિક્ષ કરો. છેલ્લે મન્ચુરીયન તથા ૧/૨ કપ તળેલા નુડલ્સ ઉમેરી મિક્ષ કરો. હવે સર્વિંગ ડિશમાં લઇ ઉપરથી બાકી વધેલા તળેલા નુડલ્સ છાંટી કોથમીર ભભરાવી ''યમ્મી'' ચાઇનીઝ ભેળ સર્વ કરો.

*એ/૩, નિર્માણ ફ્લેટ, પ્રજ્ઞાયજી કોલોની,*
*સેન્ટ ઝેવિયર્સ લોયલા સ્કૂલ સામે, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯.*

---

ગાંધીજી હરિજનો માટે ફાળો ઉઘરાવતા એ જાણીતી વાત છે. એકવાર આ ફાળો ઉઘરાવતાં એક કોઠાવાળી સ્ત્રી આવી. તે બાપુને કહેવા લાગી : ''બાપુ, મેરી તો પાપ કી કમાઇ હૈ, વહ તો મૈં ઇસ પવિત્ર કામ મેં નહીં દે સકતી. લેકિન યે ચૂડિયાં મેરી માં ને મુઝે દી હૈ, વહ આપ લે લિજીયે.''

એમ કહીને તેણે હાથમાં પહેરેલી સોનાની બંગડીઓ કાઢીને ગાંધીજીના હાથમાં મૂકી દીધી.

એની વાત સાંભળી બાપુ ગદ્‌ગદિત થઇ ગયા અને એના માથા પર હાથ મૂકીને કહેવા લાગ્યા : 'બેટી, મૈં તુમ્હેં બધાઇ દેતા હૂં.''

કોઠાવાળીબાઇની આંખમાં ઝળઝળિયા આવ્યા. તે બાપુના પગમાં પડી ગઇને કહેવા લાગી : ''અરે બાપુ આપને યે ક્યા કહ દિયા? મુઝે આપને બેટી કહા? બાપુ કી બેટી હોકર અબ મૈં કોઠે પર કૈસે બૈઠ સકતી હું?''

તે ન બેઠી. પછી તેણે કોઠા તરફ જોયું પણ નહીં. એનું જીવન બદલાઇ ગયું.

*'અખંડ આનંદ' જાન્યુઆરી-૨૦૧૧માંથી*
*પ્રેષક : શાંતિલાલ સંઘવી*



# બાબુડેં જયું ગાલિયું

સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા

## બચુડો

અધા : પુત્તર બચુડા?

બચુડો : કો અધા કુરો કમ આય?

અધા : પાંકે સામે જે ફ્લેટવારો ટપુડો અજ તા કમાલ જો કમ કે.... ભજારમેંજા અનજા દાદા સૅલો ટેપ ને ટેપ રેકોર્ડરમેં વજાયજી જૂને ગીતેં જી ટેપ મંગાવાયા. સે ગેને ત આવ્યો પણ ઘરે અચેને દાદા હડકી ડોલમેં થોડો પાણી ખણે અચો. દાદા પાણી ખણે આવ્યા તડેં ટપુડો સૅલો ટેપ ને કેસેટ (ટેપ) બોય ડોલમેં વજે છડે. અત્તરે દાદા ખારા થ્યા ને ટપુડે કે હકડો તમાચો લગાયને ચ્યાં તોજો મગજ તાં ભરાભર આય ક ખસે વ્યો આય? પણ ટપુડો કીં જવાબ ડે વગર નીચે હલ્યો વ્યો... સે જરા તપાસ ત કર હેડો કમ કુલા કેં?

બચુડો : (તપાસ કે ને ચેં) ક હી તા છાપે મેં રોજરોજ અચેતો ક ટેપ લીક થે વઈ - ટેપ લીક થે વઈ સે પુઠીયાનું તકલીફ ન થીયે તેલાં લીક આય ક ન સે નેરેલા ડોલજે પાણીમેં વજે છડે.

## ખિલજા મ ભલા

મરવા પડેલો કંજૂસ : મારી પત્ની ક્યાં છે?

પત્ની : હું અહીંયાં જ છું.

કંજૂસ : મારા દીકરાઓ અને વહુઓ?

બધા : અમે અહીંજ છીએ પિતાજી.

કંજૂસ : તો બાજુના રૂમની લાઇટ અને પંખો કેમ ચાલુ છે?

☺ ☺ ☺ ☺ ☺

મનસુખ : આ દેશનો પ્રોબ્લેમ શું છે તને ખબર છે? દરેક બાપને પોતાની દીકરી માટે જોઇએ છે એક સ્માર્ટ બુદ્ધિશાળી ભણેલો છોકરો.

તનસુખ : પણ હું એકલો કેટલા સાથે લગ્ન કરી શકું.

☺ ☺ ☺ ☺ ☺

ટિકિટ ચેકર : ઓ સાહેબ, તમારી ટિકિટ બતાવો.

મુસાફર : હા, હા, આ રહી જુઓ.

ટિકિટ ચેકર : પણ આતો જૂની ટિકિટ છે.

મુસાફર : આ ટ્રેન પણ જૂની જ છે ને..

☺ ☺ ☺ ☺ ☺

નટુભા : અલ્યા આમ ઘોડી પર ઊંધો બેસીને કેમ સવારી કરે છે?

જટુભા : મારી ઘોડી ત્રણ દિવસ પહેલાં પાંચ રૂપિયાનો સિક્કો ગળી ગઇ છે.

☺ ☺ ☺ ☺ ☺

રાહદારી : (પોલીસને) આજકાલ ખિસ્સા કાતરૂનો ત્રાસ ખૂબ જ વધી ગયો છે.

પોલીસ : ખિસ્સા વગરનું ગંજી અને લૂંગી પહેરવાનું રાખો, કપાશે જ નહીં.

☺ ☺ ☺ ☺ ☺

પતિ : હજુ રસોઇ તૈયાર નથી થઇ?

પત્ની : ના.

પતિ : તો હું તો આ ઉપડ્યો.

પત્ની : ક્યાં?

પતિ : હોટલમાં.

પત્ની : પાંચ મિનિટ થોભી જાવ.

પતિ : શું એટલામાં રસોઇ તૈયાર થઇ જશે?

પત્ની : ના રે ના.

પતિ : તો?

પત્ની : આ તો પાંચ મિનિટ ઊભા રહો તો એટલીવારમાં હું પણ તૈયાર થઇ જાઉં અને હોટલમાં આપણ બંને સાથે જઇએ.

☺ ☺ ☺ ☺ ☺

ફેરિયો : ચપ્પુ, છરી, કાતરની ધાર કઢાવો....

ચીન્ટુ : એ ભાઇ અક્કલની ધાર કાઢી આપશો?

ફેરિયો : જરૂર, જરૂર. તું એ લઇને અહીં આવ.

☺ ☺ ☺ ☺ ☺

દર્દી : ડોક્ટર સાહેબ, કઇ બે દવા સાથે ન લેવાય?

ડોક્ટર : ઊંઘવાની ગોળી અને જુલાબની દવા સાથે ન લેવાય.

☺ ☺ ☺ ☺ ☺

બસનો એક પેસેન્જર : અરે ભાઇ, તમે મારા ખિસ્સામાં હાથ કેમ નાખો છો?


બીજો ભાઇ : એ તો મારે માચીસ જોઇતું હતું

પેસેન્જર : તો પછી મોઢેથી માગતા શું થાય છે?

બીજો ભાઇ : હું અજાણ્યા માણસ સાથે વાત નથી કરતો

*૮/૨૬, ગંગામણિ ફ્લેટ્સ, વસંત નગર સોસાયટી, ગોપાલચોક, મણિનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮. ફોન : ૨૫૪૬૮૧૬૦*

*જે મનુષ્ય પોતાની ટીકા સાંભળી લે છે, તે તમામ જગત પર વિજય પ્રાપ્ત કરી લે છે.*




આપણા સમાજમાં કેટલાક સામાજિક તથા ધાર્મિક પ્રસંગોએ કોઇક ચીજવસ્તુ જેવી કે કોઇ વાસણ કે ચાંદીનો સિક્કો વગેરેની લહાણી કરવામાં આવે છે. પરંતુ હજુ કોઇએ પુસ્તકની લહાણી કરી હોય એવું જોવા મળતું નથી. કોઇ પ્રેરણાદાયી પુસ્તકની લહાણી કરવાનો રિવાજ પણ હવે શરૂ થાય તો આવકારદાયક ગણાય.

મંગલમંદિરમાં અવારનવાર કચ્છના શ્રી કુમાર ભરતભાઇ ઠાકરના લખાણ પ્રકાશિત થાય છે. આ વિશિષ્ટ પ્રકારના લખાણ હોય છે. તેમના લખાણો અખંડ આનંદ તેમજ કુમાર જેવા માસિકોમાં પણ અવારનવાર આવતા રહે છે. તેમના લખાણો એટલે શુદ્ધ દસ્તાવેજી આલેખ. ક્યાંય પણ ન અતિશયોક્તિ કે ન અલ્પાંકિત, ન કશી પોતાની માન્યતા કે કલ્પના કે ધારણા. ફક્ત ઠોસ હકીકતો, અને તે પણ સંક્ષેપમાં. સહેજ પણ બિનજરૂરી શબ્દના ઉપયોગ વગર. આ લાક્ષણિક્તા મને તો નોંધપાત્ર લાગે છે.

*શાંતિલાલ સંઘવી - અમદાવાદ*

• • • • •

સહર્ષ જણાવવાનું કે, અમદાવાદમાં પાલડી મધ્યે કચ્છી જૈન સમાજમાં તારીખ ૨૩-૧-૨૦૧૧ ના રોજ લગ્ન પ્રસંગે સતનાથી ગુણવંતભાઇ વોરાએ હોલ બુક કરાવેલ હતો તથા ચોથા માળે અને બીજા માળે રૂમો બુક કરાવેલ હતા. હોલ તથા રૂમોની બધી જ સગવડો સારી હતી તથા દરેક સ્ટાફ ઉપરના માળે તથા નીચે ઓફિસનો સ્ટાફ નો સાથ સહકાર સારો મળેલ છે.

અમદાવાદમાં અમારા વેવાઇ ગુર્જર પરિવાર વાળાનો/ગઢેચા પરિવારનો સાથ સહકાર હોય જ પણ કચ્છી ભવનના રૂમનું મેનેજ સારું છે તથા હોલ પણ સારો છે. અમારા આવનાર મહેમાનો પણ આનાથી ખુશ થયેલ છે. અમુક જણે કહેલ કે હોલ બહારથી પણ ખૂબ જ સારો દેખાય છે. આવનાર દરેક જણે હોલ તથા ત્યાંની વ્યવસ્થા તથા વ્યવસ્થાપકોના વખાણ કરેલ છે.

*ગુણવંત વોરા, મનોજ વોરા - સતના (મ.પ્ર.)*

• • • • •

કચ્છનો વિકાસ હરણફાળ ભરી રહ્યો છે અને તે માટે આનંદની લાગણી અનુભવીએ છીએ.

તે સાથે એક વિચાર પણ આવી રહ્યો છે અને શંકા પણ ઉપજાવે છે કે આપણે વિકાસની લાલચમાં, ઉતાવળ તો નથી કરી રહ્યા ને? આપણાં મકાનો કે જમીનની સારી કિંમત આવે છે એમ જાણી વેચી દઇને આપણે આપણા જ હાથે, પગે કુહાડો નથી મારતાને? ઘણી બાબતોના વિચાર સતાવે છે. કચ્છની સમગ્ર જમીન જેમાં માંડવીની આસપાસના દરિયાકાંઠાની જમીનની ડિમાન્ડ ખૂબ જ વધી રહી છે. સાંભળ્યું છે કે માંડવીના દરિયાકાંઠે ગોવા જેવું જ આકર્ષક પિકનિક સ્પોટ થઇ રહ્યું છે. પણ એવું કરવા જતાં સીધી અસર આપણી સંસ્કૃતિ પર પડવાની બીક લાગે છે. વિદેશી લોકોની પાસેથી આમદાનીના લોભમાં આપણે સામાન્ય માણસોને હાનિ પહોંચાડી રહ્યા છીએ. બહારના લોકો પ્રવાસે આવશે તો વેપાર તો ખીલશે અને આર્થિક લાભ પણ થશે. પરંતુ સામે માંસ, મચ્છી, દારૂની ડિમાન્ડ પણ વધવાની જે પર્યાવરણને સીધી અસર કરશે.

ઘણાં વર્ષો પહેલાં આચાર્ય રજનીશના આશ્રમ ખોલવા 'વિજય વિલાસ' પેલેસ નક્કી કરવામાં આવેલ હતો. ઉપરોક્ત બાબતોને ધ્યાનમાં લઇને વિરોધ વંટોળ ઊભો થયેલો અને ત્યારબાદ આશ્રમનો વિચાર પડતો મૂકવામાં આવ્યો હતો.

અત્યારે આડેધડ કચ્છની જમીનના સોદા થઇ રહ્યા છે. ખેતીલાયક જમીન પણ લોકો વેચવા માંડ્યા છે. આ રીતે કચ્છની જમીન કચ્છી લોકોના હાથમાંથી જતી રહેશે અને બહારના સોદાગરો પાસે જશે. પછી શું થશે, એ તો ભગવાન જાણે.

કચ્છના વિકાસ અને ધંધા રોજગાર માટે બીજા પ્રયત્નો કરવા જોઈએ.

આપણે ત્યાં ઘણાં જ ધુરંધરો અને તજજ્ઞો છે. તેઓના સલાહ-સૂચન મેળવીને આ બાબતે યોગ્ય થશે, તેવી આશા છે.

*અલકા એ. સંઘવી*

• • • • •

'મંગલ મંદિર'ના ગત ફેબ્રુઆરી માસના અંકનું મુખપૃષ્ઠ જોતાં જ વસંતનું આગમન થઈ ગયું! જેનો પણ વિચાર હોય તેને અભિનંદન.

આ અંકમાં ઘણા મહાનુભાવોના પરિચયો વિસ્તારથી મળ્યા. કચ્છના 'અધા અને કાકા'ના પરિચયો અગાઉ આવી ગયા. આ વખતે 'ભાઈ' (વિજયભાઈ) જેના વિશે બહુ સાંભળ્યું હતું તેમનો પણ વિસ્તૃત પરિચય મળ્યો. આવા મહાનુભાવો કચ્છનું ગૌરવ છે.

વસિયત બાબતે આ પહેલાં પણ લખાણો આવી ગયા છે, પણ કર આયોજનની દષ્ટિએ એ બાબતના નિષ્ણાત શ્રી મુકેશ પટેલનું આ લખાણ ઊંચા કર ભરનારાઓ માટે ખાસ ઉપયોગી થશે. તેમના

કરવેરા બાબતના લેખ સોમવારના 'સંદેશ'માં અવારનવાર આવે છે.

આપણા જેવા શિક્ષિત સમાજમાં પણ વસિયત બાબત બહુ ઓછી જાગૃતિ જોવા મળે છે અને સ્ત્રીવર્ગમાં તો નહિવત. હિંદુ સ્ત્રી પણ પોતાની મિલકત તથા સ્ત્રીધનરૂપે રહેલા દરદાગીનાની વસિયત કરી શકે છે, કરવી જોઈએ. આ લખનારે એવા અનેક દાખલા જોયા છે કે વિધવા સ્ત્રીને પોતાનું સ્ત્રીધન કે મિલકત પોતાને જીવનભર પાળનાર પુત્રના પરિવારને જ આપવી હોય, પણ લખાણના અભાવે બધા વારસદારો, જેઓએ તેના માટે કંઈ જ કર્યું ન હોય તેઓને પણ હિસ્સો મળી જાય છે.

તા. ૯-૨ના રોજ 'સંદેશ' દ્વારા વસિયત બાબત પરિસંવાદ કર્ણાવતી ક્લબમાં યોજાયો હતો. જેમાં કેટલીય રસપ્રદ બાબતો જાણવા મળી. જેમાંની થોડી વાચકો માટે :

૧. હિંદુ વારસધારો બૌદ્ધ, જૈન અને શીખ ઉપરાંત પારસી અને ખોજાને પણ લાગુ પડે છે.

૨. વસિયત માત્ર જાતે કમાયેલી મિલકત માટે જ કરી શકાય. વડીલોપાર્જિત મિલકત કાયદેસરના વારસોને આપવી પડે.

૩. સ્વપાર્જિત મિલકતમાંથી કાયદેસરના વારસોને કંઈ જ આપવું જરૂરી નથી. બધું જ ધર્માદા કરી શકાય. સેવા કરનાર નોકરને કે અનૌરસ સંતાન કે ઉપપત્નીને પણ આપી શકાય. અપવાદરૂપે મૃતકની વિધવા તથા અપરીણિત પુત્રીને અન્ય આવક ન હોય તો જીવન નિર્વાહનો હક્ક રહે છે. વસિયતમાં જોગવાઈ ન હોય તો પણ.

૪. વીલ રજિસ્ટર કરાવવું જરૂરી નથી અને અમલ માટે કોર્ટની પરવાનગી (PROBATE) પણ જરૂરી નથી. પણ સ્થાવર મિલકતની વહેંચણી કરવાની હોય તો પરવાનગી જરૂરી બને છે.

૫. વસિયતનામામાં છેકછાક થઈ હોય તો ત્યાં કરનાર અને સાક્ષીની સહી જરૂરી છે. અન્યથા વાંધો લેવાય તો મૂળ લખાણ જ માન્ય રહે એવું બને.

૬. વસિયતકર્તા પાછળથી કોઈ કારણસર દેવાદાર થઈને મૃત્યુ પામે તો તેની સ્થાવર કે જંગમ મિલકત જો હોય તો લેણદાર એમાંથી દેવુ વસૂલ કરી શકે. પણ કંઈ જ ન હોય તો વારસદારોને દેવા માટે કાયદેસર જવાબદાર ગણી શકાય નહિ.

૭. મુસ્લિમ કાયદા અનુસાર વ્યક્તિ પોતાની મિલકતના ૧/૩ ભાગનું જ વસિયત કરી શકે અથવા ધર્માદા કરી શકે. બાકીની ૨/૩ મિલકત કાયદેસરના વારસોને આપવી પડે.

આ ઉપરાંત ફેબ્રુઆરીના અંકમાં તંત્રીશ્રીને પણ સ્વર્ણિમ ગુજરાતનો રૂડો રંગ લાગ્યો! સાથે તેમણે કરેલા સૂચનો પણ ઉત્તમ અને વિચારણીય છે.

સિવાય, આ અંકમાં અન્ય સામયિકો અને દૈનિકોમાંથી લેવાયેલ લેખોની પસંદગી સારી છે પણ મૌલિક લેખો ઓછા થયા છે એમ લાગે છે. તંત્રીશ્રીઓ વિચારે.

*મગનલાલ સંઘવી - અમદાવાદ*

# અન્ય સંસ્થાઓના સમાચાર

## કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલનો માસિક અહેવાલ

### જાન્યુઆરી / ફેબ્રુઆરી - ૨૦૧૧

● **મંગળવાર, તા. ૨૫-૧-૧૧**

☆ આજરોજ શ્રી અશોક મહેતા, શ્રી પ્રતાપભાઈ દંડ તથા શ્રી હીરજી પાસુ શાહ ભુજ ખાતે તૈયાર કરવામાં આવનાર આર્કિટેક્ચરલ કૉલેજના લોન ફંડ માટે નવનીત પબ્લિકેશન્સના શ્રી શાંતિલાલભાઈ ગાલાને અમદાવાદ ખાતે રૂબરૂ મળેલ હતા. તેઓશ્રીએ આ બાબતે વિચારણા કરી, યોગ્ય કાર્યવાહી કરશે તેવું જણાવેલ હતું.

● **બુધવાર, તા. ૨૬-૧-૧૧**

☆ આજરોજ સવારમાં શ્રી કચ્છી જૈન ભવન પર ભુજ ખાતેની આર્કિટેક્ચરલ કૉલેજના આર્કિટેક્ટ તથા સ્ટ્રક્ચરલ કન્સલ્ટન્ટની સાથે એક મિટિંગનું આયોજન કરવામાં આવેલ હતું. શ્રી અશોક મહેતા, શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી હસમુખભાઈ ખાંડવાલા વગેરે ઉપસ્થિત રહેલ હતા. કૉલેજની માળખાકીય ડિઝાઈન અને તેની અડચણો અંગે ચર્ચા વિચારણા કરી યોગ્ય નિર્ણય પર આવેલ હતા.

● **શુક્રવાર, તા. ૨૮-૧-૧૧**

☆ ભુજની આર્કિટેક્ચરલ કૉલેજ માટે શ્રી નરેન્દ્ર છ. શાહે આપેલ બાર મહિનાની વગર વ્યાજની લોન મળી ગયેલ હતી કે જે ભુજમાં વધારાની જમીન સંપાદિત કરવા વાપરવામાં આવેલ હતી.

● **શનિવાર, તા. ૨૯-૧-૧૧**

☆ આજરોજ મુંબઈમાં ભુજની આર્કિટેક્ચરલ કૉલેજની વિગત સમજાવવા અને જરૂરી લોન સંપાદિત કરવા શ્રી અશોક મહેતા તથા શ્રી બંસીલાલ ગડા મુંબઈ ખાતે વી-ટ્રાન્સના શ્રી મહેન્દ્રભાઈ શાહને રૂબરૂ મળેલ હતા. તેઓશ્રીએ જરૂરી વિચારણા કરી હકારાત્મક જવાબ આપવાનું સ્વીકારેલ હતું.

● **રવિવાર, તા. ૩૦-૧-૧૧**

☆ આજરોજ શ્રી કચ્છી જૈન ભવન - અમદાવાદ ખાતે ભુજ ખાતેની આર્કિટેક્ચરલ કૉલેજના બાંધકામની ટેક્નિકલ ચર્ચા કરવા શ્રી અશોક મહેતા, શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી મહેન્દ્રભાઈ મોરબિયા, ડૉ. ચંદ્રકાંત દેઢિયા, શ્રી કાંતિલાલભાઈ સાવલા તથા કન્સલ્ટન્ટ શ્રી નેગી વગેરે ઉપસ્થિત રહેલ હતા અને દરેક વિભાગીય રૂમોની કેપેસિટી તથા તેની રાખવામાં આવનાર સાઈઝ વગેરે અંગે ચર્ચા કરવામાં આવેલ હતી.

● **મંગળવાર, તા. ૧-૨-૨૦૧૧**

☆ ભુજ ખાતેની સૂચિત આર્કિટેક્ચરલ કૉલેજના લોન ફંડ અંગે આજરોજ શ્રી અશોક મહેતા, ડૉ. ચંદ્રકાંત દેઢિયા, શ્રી નરેન્દ્ર છ. શાહ તથા શ્રી બંસીલાલ મ. ગડા માટુંગા - મુંબઈ ખાતે શ્રી વિદ્યાચંદ્રજી મહારાજ સાહેબ, દાદર ખાતે શ્રી અતુલભાઈ ભારાણી તથા બ્રિચકેન્ડી ખાતે અમરસન્સમાં શ્રી શામજીભાઈ વોરાને રૂબરૂ મળેલ હતા. સહુએ યોગ્ય સહકાર આપવાની ખાતરી ઉચ્ચારેલ હતી.

☆ આજરોજ ફોન દ્વારા શ્રી સુંદરજીભાઈ, શ્રી શાંતિલાલભાઈ મેંકોની, શ્રી નવીનભાઈ (ડાયમંડ લોટરી), શ્રી નેણશી એલ. શાહ, શ્રી દીપકભાઈ ભેદા, શ્રી દામજીભાઈ એન્કરવાલા, શ્રી ચાંપશીભાઈ નંદુ, શ્રી રમેશ હીરજી ધરોડ, શ્રી ચીમનભાઈ સાવલા (બેન્ઝર), શ્રી રસીકલાલ નાનજી શાહ, શ્રી ધનજીભાઈ ઘેલા ગાલા, શ્રી ધીરજલાલ ટો. કાપડિયા (હૈદ્રાબાદ) તથા શ્રી વશનજીભાઈ (લૂણી પાંજરાપોળ)નો પણ સંપર્ક સાધવામાં આવેલ હતો. શ્રી દર્શિત કાંતિલાલ આર. શાહની ચોકલેટ શોપની પણ મુલાકાત લેવામાં આવેલ હતી.

☆ દાદર - મુંબઈ ખાતે શ્રી ગુણવંત મગનલાલ શાહનો સંપર્ક સાધવામાં આવેલ હતો. તેઓએ રૂા. ૨૫.૦૦ લાખની લોન કે.ડી.સી.ના બેંક એકાઉન્ટમાં આજરોજ જમા કરાવી દીધેલ છે તેમ તેઓએ જણાવેલ હતું. શ્રી ગુણવંતભાઈને ધન્યવાદ.

● **બુધવાર, તા. ૨-૨-૨૦૧૧**

☆ ઉપરોક્ત ટીમે આજરોજ માટુંગા - મુંબઈ ખાત શ્રી વલ્લભજી ભાણજી ગડા (બાડાવાળા)નો સંપર્ક સાધેલ હતો. તેઓએ સૂચિત આર્કિટેક્ચરલ કૉલેજ માટે શક્ય લોન મોકલી આપવાનું સ્વીકારેલ હતું.

☆ આજરોજ શ્રી ધનજી ઘેલા ગાલા, શ્રી દીપકભાઈ ભેદા, શ્રી વશનજી પ્રેમજી સોની, શ્રી દેવચંદ બી. ગંગર (ગંગર ઓપ્ટીશિયન્સ) તથા શ્રી શાંતિલાલભાઈ મેકોનીને રૂબરૂ મળેલ હતા અને સહુએ સક્રિય સહકાર આપવાનું સ્વીકારેલ હતું.

☆ આજરોજ ફોનથી શ્રી કેશવજી ઉમરશી છાડવા તથા શ્રી પન્નાલાલ છેડાનો પણ સંપર્ક સાધવામાં આવેલ હતો.

● **ગુરુવાર, તા. ૩-૨-૨૦૧૧**

☆ શ્રી અશોક મહેતા, ડૉ. ચંદ્રકાંત દેઢિયા, શ્રી નરેન્દ્ર છ. શાહ તથા શ્રી બંસીલાલભાઈ ગડાની ટીમમાં આજરોજ શ્રી કાંતિલાલ વેલજી સાવલા જોઈન્ટ

*મન, કર્મ, વચનથી કરેલી પ્રાર્થના સાર્થક થાય છે.*

થયેલ હતા.

☆ આ ટીમે આજરોજ સૂચિત કૉલેજ માટે શ્રી સુંદરજીભાઈ એમ. શાહની મુલુંડ ખાતેની તેમની ઓફિસમાં મુલાકાત લીધેલ હતી. તેઓનું વલણ ખૂબજ ઉષ્માજનક અને હકારાત્મક રહેવા પામેલ હતું.

☆ ત્યારબાદ શ્રી નેણશી એલ. શાહની મલાડ (વેસ્ટ) ખાતેના તેમના યુરો હાઉસની ઓફિસમાં મુલાકાત લીધેલ હતી. તેઓએ વિચારીને યોગ્ય સક્રિય જવાબ આપશે તેવું સ્વીકારેલ હતું.

☆ જુહુ ખાતે રોમન વિઝનના શ્રી ભૂપેન્દ્રભાઈ છેડાની મુલાકાત લેવામાં આવેલ હતી. તેઓશ્રીએ પણ ખૂબ જ સકારાત્મક વલણ દાખવેલ હતું.

☆ શ્રી વિદ્યાચંદ્રજી મહારાજ સાહેબને શ્રી કાંતિલાલભાઈ સાવલા મળવા ગયેલ હતા.

☆ શ્રી વલ્લભજીભાઈ ગડાને શ્રી હીરજી પાસુ શાહ મળવા ગયેલ હતા.

☆ આજરોજ ફોન દ્વારા શ્રી મીઠુભાઈ મેઘજી (મઠુબાપા)નો પણ સંપર્ક સાધવામાં આવેલ હતો.

● **શુક્રવાર, તા. ૪-૨-૧૧**

☆ મુંબઈની ટીમે આજરોજ માટુંગા ખાતે શ્રી જગશીભાઈ જેઠાભાઈ છેડા તથા દાદર ખાતે શ્રી અમરચંદભાઈ ગાલા તથા શ્રી ડુંગરશીભાઈ ગાલાને રૂબરૂ મળવા ગયેલ હતા. ભુજ ખાતેની સૂચિત આર્કિટેક્ચરલ કૉલેજની વિગતો તેઓશ્રીને સમજાવવામાં આવેલ હતી. તેઓશ્રીના પ્રત્યાઘાતો ખૂબ જ હકારાત્મક રહેવા પામેલ હતા.

● **શુક્રવાર, તા. ૭-૨-૧૧**

☆ આજરોજ મુંબઈથી શ્રી વલ્લભજી ભાણજી ગડાએ યોગ્ય રકમની લોન મોકલી આપેલ હતી.

● **શુક્રવાર, તા. ૧૧-૨-૧૧**

☆ આજરોજ સવારના ભાગે શ્રી કચ્છી જૈન ભવન પર આર્કિટેક્ચરલ કૉલેજના આર્કિટેક્ટ શ્રી મુકુલ શેઠ સાથે એક મિટિંગનું આયોજન ગોઠવવામાં આવેલ હતું. શ્રી અશોક મહેતા, શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી કાંતિલાલભાઈ સાવલા, શ્રી કે.આર. શાહ, ડૉ. ચંદ્રકાંત દેઢિયા તથા શ્રી હસમુખભાઈ ખાંડવાલા ઉપસ્થિત રહેલ હતા. આર્કિટેક્ચરલ કૉલેજમાં ૨૦૦ના બદલે ૩૦૦ વિદ્યાર્થીઓના પ્લાનિંગ અંગે ચર્ચા કરવામાં આવેલ હતી.

● **સોમવાર, તા. ૧૪-૨-૧૧**

☆ આજરોજ સવારમાં શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી નરેન્દ્રભાઈ છ. શાહ તથા શ્રી હસમુખભાઈ ખાંડવાલા કેસરિયાજી, ત્યાંના દહેરાસરના કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલ હતા કે જ્યાં શ્રી કુશલજીએ તેમની મુલાકાત માણેકચંદ ગ્રૂપવાળા શ્રી રસિકલાલ ધારીવાલજી સાથે કરાવી આપેલ હતી. મુલાકાત સમયે ભુજની સૂચિત આર્કિટેક્ચરલ કૉલેજના ડોનેશન્સ અંગે ચર્ચા કરવામાં આવેલ હતી. તા. ૧૫-૩-૨૦૧૧ બાદ યોગ્ય સમય ફોન પર મેળવી, શ્રી રસિકલાલ ધારીવાલજીને મળવા જવાનું નક્કી કરવામાં આવેલ હતું.

☆ ત્યારબાદ પૂ.સાધ્વીજીશ્રી ચંદનાશ્રીજીની પણ તેઓશ્રીએ મુલાકાત લીધેલ હતી. પૂ. સાધ્વીજીશ્રીએ રાત્રે ૮.૦૦ વાગે અમદાવાદમાં શ્રી કુશલજીના નિવાસ સ્થાને મળવા જણાવેલ હતું.

☆ રાત્રે ૮.૦૦ વાગે શ્રી અશોક મહેતા, શ્રી પ્રતાપભાઈ દંડ તથા શ્રી નરેન્દ્રભાઈ છ. શાહ પૂ.સાધ્વીજીશ્રી ચંદનાશ્રીજીને રૂબરૂ મળેલ હતા. સૂચિત આર્કિટેક્ચરલ કૉલેજની વિગતો તેઓશ્રીને સમજાવવામાં આવેલ હતી. વિગતવાર ચર્ચા કર્યા બાદ તા. ૨૨-૨-૨૦૧૧ના વિરાયતન ખાતે જખાનિયામાં મળવાનું નક્કી કરવામાં આવેલ હતું.

● **ગુરુવાર, તા. ૧૭-૨-૨૦૧૧**

☆ શ્રી હીરજી પાસુ શાહે આજરોજ ટેલિફોન દ્વારા મદુરાઈ સ્થિત માતુશ્રી સાકરબહેન રવજી મોરારજી લાલન પરિવારના સભ્યો સાથે ભુજની સૂચિત આર્કિટેક્ચરલ કૉલેજના લોન-ફંડ અંગે જરૂરી ચર્ચા કરેલ હતી. ચર્ચા વિચારણા હકારાત્મક વાતાવરણમાં થયેલ હતી.

● **શનિવાર, તા. ૧૯-૨-૧૧**

☆ આજરોજ બપોરના શ્રી અશોક મહેતા, શ્રી કાંતિલાલભાઈ સાવલા, શ્રી શાંતિલાલભાઈ સાવલા તથા શ્રી દિનેશ આર. મહેતાએ ઓઢવ - અમદાવાદ ખાતે ડોમ્સ ઈન્ટરનેશનલ લિમિટેડની મુલાકાત લીધેલ હતી. સાથે શ્રી આનંદ વોરા પણ ઉપસ્થિત રહેલ હતા. ડોમ્સ ઈન્ટરનેશનલના ચેરમેન શ્રી વાઘેલા સાથે એસ.આઈ.પી. (સ્ટ્રક્ચરલી ઈન્ટીગ્રેટેડ પેનલ્સ) મટિરિયલ બાબતે ચર્ચા કરવામાં આવેલ હતી. એસ.આઈ.પી. દીવાલ તથા ફ્લોરિંગ એમ બંનેમાં વાપરી શકાય તેમ હોવાથી, કૉલેજના અલગ અલગ વિભાગના સ્પાનને અનુરૂપ એસ.આઈ.પી. તેઓ બનાવતા હોય તો ગ્રાઉન્ડ + પ્રથમ માળનું બિલ્ડિંગ માત્ર ત્રણેક મહિનામાં તૈયાર થઈ જાય તેવી શક્યતા અંગે ચર્ચા કરવામાં આવેલ હતી. કદાચ એ ટાઈપની પેનલ્સ હજુ સુધી તેઓ બનાવતા નથી તેવું જાણવા મળેલ હતું.

● **મંગળવાર, તા. ૨૨-૨-૧૧**

☆ આજરોજ કચ્છના માંડવી તાલુકાના જખાણિયા ગામની વિરાયતન વિદ્યાપીઠની મુલાકાત શ્રી અશોકભાઈ મહેતા તથા શ્રી પ્રતાપભાઈ દંડે લીધેલ હતી. સાથે ભુજપુરના શ્રી અમૃતલાલ શામજી ભેદા તથા શ્રી પોપટલાલ પ્રેમજી ભેદા પણ ઉપસ્થિત રહેલ હતા. અહીં પ્રથમ શ્રી સુંદરજીભાઈ એમ. શાહ, શ્રી પ્રવીણભાઈ છેડા તથા શ્રી શાંતિલાલભાઈ મેકોની સાથે ચર્ચા કરવામાં આવેલ હતી. ત્યારબાદ પૂ.સાધ્વીજી ચંદનાશ્રીજી તથા પૂ.સાધ્વીજી શીલાપીજી સાથે ચર્ચા

*જેને પેટ ભરીને ભોજન મળતું નથી તેને માટે મર્યાદા અને ઈજ્જત ઢોંગ બરાબર છે.*

કરવામાં આવેલ હતી. પૂ.સાધ્વીશ્રી ચંદનાશ્રીજીએ આર્કિટેક્ચરલ કૉલેજનો પ્રોજેક્ટ વિરાયતન સંકુલમાં લાવવા જણાવેલ હતું. શ્રી અશોક મહેતાએ જણાવેલ કે કે.ડી.સી. કચ્છના સળંગપણે ઈતિહાસ આલેખન, કચ્છના જૂના ગેઝેટ્સને સી.ડી.માં કન્વર્ટ કરવાનું કાર્ય, કચ્છી સંસ્કૃતિ સંશોધન કેન્દ્ર, મ્યુઝિયમ વગેરે સ્થાપવાની યોજના કરી રહેલ છે. તદુપરાંત નર્મદા નદીના સિંચાઈના પાણીની કેનાલ ત્વરિત ગતિએ બને તે માટે પણ પ્રયાસો કરી રહેલ છે. આ બધા કાર્યો માટે ભુજ ખાતે તે એક સંકુલ સ્થાપવા માંગે છે. તેમાંથી જો આર્કિટેક્ચરલ કૉલેજને જખાણિયા ખાતે શિફ્ટ કરવામાં આવે તો ટોટલ પ્લાનિંગમાં જડમૂળના ફેરફાર થવાની શક્યતા રહે છે. એ સિવાય કે.ડી.સી. સાથે કચ્છની અનેક નામાંકિત વ્યક્તિઓ પણ સંકળાયેલ છે. શ્રી ચંદનાશ્રીજીએ દરેક હકીકત યોગ્ય સ્વરૂપમાં સમજેલ હતી. ત્યારબાદની ચર્ચા તેઓ માર્ચ-૨૦૧૧ની શરૂઆતમાં જ્યારે અમદાવાદની મુલાકાત લે ત્યારે કરવી તેવું નક્કી કરવામાં આવેલ હતું. આ ચર્ચામાં શ્રી સુંદરજીભાઈ પણ જોડાયા હતા.

## શંખેશ્વર તીર્થ

શંખેશ્વર ૧૦૮ ભક્તિ વિહારના પ્રાંગણમાં ૬૪ રૂમોનું અદ્યતન "કચ્છીભવન" બાંધવાનો નિર્ણય તાજેતરમાં લેવામાં આવ્યો છે. આ કચ્છી ભવન માટે મુંબઈના જાણીતા દાનવીર શ્રી સુંદરજીભાઈ મુરજીભાઈ શાહ (કચ્છ-સણોસરા) એ છ કરોડ રૂપિયાના માતબર દાનની જાહેરાત શંખેશ્વર મધ્યે આયોજિત એક ત્રિ-દિવસીય મહોત્સવમાં કરી હતી.

આ ત્રિ-દિવસીય ઉજવણીમાં મધ્યપ્રદેશના નાણાપ્રધાન શ્રી રાઘવજીભાઈ સાવલા, કચ્છ ભાજપના નેતા શ્રી તારાચંદ છેડા, કોડાય જૈન મહાજનના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી અમુલ દેઢિયા, ટ્રસ્ટી શ્રી નરેન્દ્ર મારૂ, શ્રી હરખચંદ સંઘોઈ, શ્રી ધીરજ વીસરિયા સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

*પ્રેષક : મણિલાલ છેડા*

## સી.યુ શાહ પ્રજ્ઞાચક્ષુ મહિલા સેવાકુંજ - સુરેન્દ્રનગર

સ્વર્ગના દર્શન કરવા હોય તો દુઃખીજનોની સેવા કરતી સંસ્થાની અને ભગવાનના દર્શન કરવા હોય તો દુઃખીજનોના દુઃખ દૂર કરનાર સેવકની સાથે મુલાકાત કરવી જોઈએ.

તાજેતરમાં અમે સુરેન્દ્રનગરની સી.યુ.શાહ પ્રજ્ઞાચક્ષુ મહિલા સેવાકુંજ, સંસ્થાની મુલાકાત લીધી હતી.

અમે તે સંસ્થા જોઈ તેમાં રહેતી નાની-મોટી પ્રજ્ઞાચક્ષુ બહેનોનું કામ જોયું અને છક્ક થઈ ગયા! વધારે અહોભાવ તો એ આખી સંસ્થા ચલાવનાર પ્રજ્ઞાચક્ષુ બહેન મુક્તાબહેન ડગલીને જોઈને થયો. અમે જ્યારે શ્રીમતી મુક્તાબહેનને મળ્યા ત્યારે એમણે જણાવ્યું કે, અભ્યાસ પૂર્ણ થયા પછી વારંવાર એક જ વિચાર આવ્યો કે અંધ બાળાઓનું આ સમાજમાં કોણ બેલી? નેત્રહીન બાળાઓના અંધકારમય જીવનમાં ઉન્નતિ લાવવા મનમાં પડેલો સેવાનો ભાવ ઉભરી આવ્યો. તેમણે સૌ પ્રથમ ચાર અંધ બહેનોના શિક્ષણની શરૂઆત કરી અને હાલ અમે જે સંસ્થાની મુલાકાત લીધી તે સુરેન્દ્રનગરના મૂળી રોડ પર આવેલી સંસ્થામાં ૧૯૦ નાની-મોટી પ્રજ્ઞાચક્ષુ બહેનો રહે છે. આ બહેનોને રહેવાની, જમવાની, કપડાં, તબીબી સારવાર, શૈક્ષણિક સુવિધા વિનામૂલ્યે સંસ્થા તરફથી પૂરી પાડવામાં આવે છે. આધુનિક જમાનાને અનુરૂપ બાલમંદિરથી કોલેજ સુધીનું શિક્ષણ ત્યાંની બહેનોને આપે છે. તે સિવાય રસોઈ, મેકઅપ, સંગીત, બ્યુટીક્વિન, રમતગમત, કમ્પ્યુટર જેવી સ્પર્ધાઓમાં ભાગ લેવા પ્રોત્સાહિત કરે છે. દરેક બહેનને સ્વાવલંબી બનાવવા પર ખાસ ધ્યાન રાખવામાં આવે છે. વય થતાં યોગ્ય પાત્ર સાથે લગ્ન પણ કરાવી આપે છે. લગ્ન બાદ દીકરીઓનું ઘર બરાબર ચાલે છે કે નહીં તેનું ધ્યાન મુક્તાબહેન રાખતા હોય છે.

માનવતાનું કાર્ય કરનાર વર્ગ સમાજમાં ઝડપથી ઓસરતો જાય છે. પ્રામાણિકતાનું જીવનમાં દર્શન કરાવનાર અન્યને મદદરૂપ થનાર કે પરદુઃખને સ્વદુઃખ સમજી સેવા કરનાર વીરલાઓની સંખ્યા ઘટતી જાય છે ત્યારે આવી એક સંસ્થા જોઈ મનમાં આશા બંધાય છે કે ચાલો હજી પણ માનવતા તદ્દન પરવારી નથી. પૃથ્વી ટકી રહી હોય તો આવા ફરીસ્તાઓને કારણે.

## ગીતાબહેન રાંભિયા સ્મૃતિ અહિંસા ટ્રસ્ટને ઍવૉર્ડ અર્પણ

ગેરકાયદેસર કતલ કરવાના ઈરાદાથી લઈ જવાતા અબોલ જીવોને સમગ્ર પ્રયત્નો વડે અટકાવીને પશુ-પક્ષીઓને અભયદાન અર્પવાનું તેમજ જીવદયાનું સુંદર અને ઉમદા કાર્ય અમદાવાદ મધ્યે ગીતાબહેન રાંભિયા સ્મૃતિ અહિંસા ટ્રસ્ટ તેનાં પ્રમુખશ્રી હીરજીભાઈ પી. શાહ, સંચાલક શ્રી બચુભાઈ પી. રાંભિયા તેમજ અન્ય ટ્રસ્ટીગણની આગેવાની હેઠળ કરી રહ્યું છે.

તાજેતરમાં જલગાંવ-મહારાષ્ટ્ર મુકામે જીવદયા પ્રવૃત્તિ અને અન્ય સેવાકીય કામગીરીને લક્ષ્યમાં રાખીને શ્રી રતનલાલ સી. બાફના ફાઉન્ડેશન ટ્રસ્ટ દ્વારા ગીતાબહેન રાંભિયા સ્મૃતિ અહિંસા ટ્રસ્ટને 'અહિંસા ઍવૉર્ડ-૨૦૧૦'થી સન્માનિત કરવામાં આવ્યું હતું. આ ઍવૉર્ડનો સંસ્થા વતી સંચાલક શ્રી બચુભાઈ રાંભિયાએ પ્રમુખશ્રી વગેરેની ઉપસ્થિતિમાં સ્વીકાર કર્યો હતો.

જીવદયાના ઉમદા કાર્યમાં સંસ્થા દ્વારા સૌના સાથ-સહકારની અપીલ કરવામાં આવી છે.

ગીતાબહેન રાંભિયા સ્મૃતિ અહિંસા ટ્રસ્ટ દ્વારા અમદાવાદ અને અને તેની આસપાસના વિસ્તારમાંથી માસ ફેબ્રુઆરી-૨૦૧૧ દરમિયાન કુલ ૮૦ અબોલ જીવોને કતલખાને જતાં અટકાવીને અભયદાન અપાવ્યું હતું.

*મુસીબત અને નુકસાન બાદ મનુષ્ય વધુ વિનમ્ર અને જ્ઞાની બની જાય છે.*

## અમદાવાદ મધ્યે 'બસવન્ના શિબિર'નું આયોજન શ્રી મણિલાલભાઇ ગોસર મુખ્ય અતિથિ

જ્ઞાતિવાદની પ્રથા, અંધશ્રદ્ધા, અજ્ઞાનતા, પર્યાવરણ અને નશાકારક પદાર્થોના સામાજિક દૂષણો સામે ઝુંબેશ ચલાવતી સંસ્થા બસ્વ કેન્દ્ર, શ્રી મુરુધામઠ ચિત્રદુર્ગા, કર્ણાટકમાં છે. જેની સ્થાપના અહિંસાત્મક ક્રાંતિકારી શ્રી બસવેશ્વરે કરી હતી. દેશના લોકોને ઉપરોક્ત મુદ્દે જાગૃત કરવા છેલ્લા દસ વર્ષથી આ સંસ્થાએ તેના મુખ્ય અધિપતિ ડો. શ્રી શિવમૂર્તિ મુરુઘાના નેતૃત્વ હેઠળ એક અભિયાન શરૂ કર્યું છે.

રાષ્ટ્રીય એકતા, આધ્યાત્મિક અને ગાંધીવાદી વિચારસરણીવાળી 'બસવન્ના શિબિર'નું આયોજન તાજેતરમાં ગાંધીજીની જન્મભૂમિ ગુજરાતના અમદાવાદ શહેર મધ્યે કરવામાં આવ્યું હતું. આયોજન કર્તા સંસ્થાના આમંત્રણને માન આપીને શ્રી કચ્છી જૈન સેવા સમાજ, અમદાવાદના પ્રતિનિધિ તરીકે ટ્રસ્ટી શ્રી મણિલાલભાઇ કુંવરજીભાઇ ગોસર કાર્યક્રમના મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન, અન્ય અતિથિઓ સાથે શ્રી ગોસરનું શાલ, મોમેન્ટો અને પુષ્પગુચ્છથી સન્માન કરવામાં આવ્યું હતું.

## 'જીતો' ગ્લોબલ સમિટ

જૈન સંપ્રદાયોના સાધુ-સાધ્વીજીની જરૂરિયાત અનુસાર તબીબી સારવાર જૈન ઇન્ટરનેશનલ ઓર્ગેનાઇઝેશન - જીતો અને જૈન ડોક્ટર્સ ફેડરેશન દ્વારા સંચાલિત "શ્રમણ આરોગ્યમ્" યોજના હેઠળ કરવામાં આવે છે. આ સંબંધી જીતો ગ્લોબલ સમિટ-૨૦૧૧નું આયોજન ગત માસ દરમિયાન ચેન્નાઇ મધ્યે થયું હતું. ગુજરાત રાજ્યમાં આ યોજના હેઠળ સામાજિક સેવા અને સાધુ-સાધ્વીજીની ઉમદા સેવાને લક્ષ્યમાં રાખીને શ્રી કચ્છી જૈન સેવા સમાજ, અમદાવાદના સભ્ય શ્રી જશવંતકુમાર જયંતીલાલ કોઠારીનું આ કાર્યક્રમમાં તામિલનાડુના મંત્રી, ફિલ્મ અદાકાર, સંસદ સભ્ય તેમજ દેશ-વિદેશના અગ્રેસરોની ઉપસ્થિતિમાં જીતોના પ્રમુખશ્રીના હસ્તે તામિલ પરંપરા મુજબ બહુમાન કરવામાં આવ્યું હતું.

## કચ્છી વાગડ સાત ચોવીસી જૈન સમાજ - સુરતના ઉપક્રમે સમૂહ લગ્નોત્સવ

કચ્છી વાગડ સાત ચોવીસી જૈન સમાજના સૌપ્રથમ સમૂહ લગ્નોત્સવનું આયોજન તાજેતરમાં સુરત મુકામે થયું હતું. સ્થાનિક વસવાટ કરતા તેમજ કચ્છના સામખિયાળી, ભચાઉ, આધોઈ વગેરે સ્થળોના દસ પરિવારોના પાંચ યુગલોએ દાંપત્ય પ્રવેશ કર્યો હતો.

આ શુભ પ્રસંગના તમામ કાર્યક્રમોમાં સમસ્ત સમાજ ઉપરાંત અન્ય કચ્છી જૈન સમાજોના અગ્રણીઓ સામેલ થયા હતા. પાંચ બગીઓમાં નવયુવકો વરઘોડે ચડ્યા ત્યારે સુરતવાસીઓએ પણ એમનાં પોંખણા કર્યા હતા.

અત્રેના જૈન ઉપકરણોના અગ્રેસર મહાવીર જૈન ઉપકરણ ભંડારવાળા શ્રી વેલજી માણેકચંદ મણિયાર પરિવારજન આ લગ્નોત્સવનાં મુખ્ય દાતા હતા. તે સિવાય, ચાલીસેક દાતાઓએ મંગળસૂત્રથી માંડી ઘરવખરીઓની ભેટ, નવયુગલોને આપી હતી.

આ પ્રસંગે અત્રેના કચ્છી ગૂર્જર જૈન સમાજના સ્થાપક પ્રમુખ જગદીશ આર. શાહ (વરિષ્ઠ પત્રકાર), ઓલ ઈન્ડિયા જૈન યુથ ફેડરેશનના કન્વીનર તેમજ મ્યુનિસિપલ કોર્પોરેટર શ્રી નીરવ શાહ સહિત અન્ય આગેવાનોએ ઉપસ્થિત રહીને નવદંપતીઓને આશિષ આપ્યા હતા.

## જૈન મહાજનવાડી - ભુજ લોકાર્પણ

ભુજમાં સાત દાયકા અગાઉ ૬૦ હજાર કોરીમાં નિર્માણ પામેલી વીસા ઓસવાળ જૈન ગુર્જર જ્ઞાતિ - ભુજ સંચાલિત શ્રી લાલચંદ થાવર જૈન મહાજનવાડીના છ કરોડના ખર્ચે નિર્માણ પામેલ નૂતન સંકુલનું તાજેતરમાં લોકાર્પણ વિધિ કરવામાં આવી હતી.

સમાજના લગ્ન જેવા સાંસારીક પ્રસંગો ઉપરાંત ઉપધાન તપ, દીક્ષા મહોત્સવ જેવા આધ્યાત્મિક અવસરોની સાત દાયકાથી સાક્ષી બની રહેલી મહાજનવાડીના પુનઃનિર્મિત સંકુલનું રીબિન કાપીને ઉદ્‌ઘાટન કરતાં દાતા પરિવારના ગુલાબચંદભાઈ કરમચંદ શાહે વરસો અગાઉ રચાયેલું ભુજ વીસા ઓસવાળ એજ્યુ. ટ્રસ્ટ સમાજને સોંપ્યું હતું. ઉદ્‌ઘાટનમાં તેમના બંધુઓ રસિકભાઈ અને અમૃતલાલભાઈ, પરિવાર સાથે જોડાયા હતા.

સમારોહના અધ્યક્ષ સ્થાનેથી બોલતાં સમાજના પ્રમુખ પ્રો. પી.સી. શાહે આ મહત્ત્વાકાંક્ષી યોજનામાંથી બચનારી રકમ તબીબી, શિક્ષણ ક્ષેત્રે ઉપયોગમાં લેવાશે તેવી જાહેરાત કરી હતી. ઉપરાંત ભુજ, અંજાર, માંડવી, મુંદ્રાના સમાજોને એક તાંતણે બાંધતા સંગઠનની રચનાની હિમાયત કરી હતી. મહાજનવાડીમાં જિમ્નેશિયમ, કોમ્પ્યુટર વર્ગો ઉપરાંત શૈક્ષણિક - આરોગ્યલક્ષી પ્રવૃત્તિઓ પણ કરાશે તેવું પણ ઉમેર્યું હતું. લોકાર્પણના પ્રસંગે સમાજની વેબસાઈટ તેમજ સ્મરણિકાનું વિમોચન કરવામાં આવ્યું હતું.

ભુજના નગરપતિને સંબોધતાં સમાજના મોવડી અને નર્મદા નિગમના ડાયરેક્ટર મુકેશભાઈ ઝવેરીએ ઈન્દ્રાબાઈ પાર્ક સંપૂર્ણપણે બગીચો બનશે ત્યારે જ આ મહાજનવાડીની શોભામાં ચાર ચાંદ લાગશે તેવા શબ્દોમાં પાર્ક મુદ્દે સમાજને સહયોગી થવા અપીલ કરી હતી.

કચ્છમાં પ્રવાસનનો પવન ફુંકાયો છે ત્યારે ગુજરાત સહિત દેશભરના જૈન સહેલાણીઓ માટે મહાજનવાડી 'ઘર'ની ભૂમિકા ભજવશે તેવું કહેતા શ્રી ઝવેરીએ પ્રો. પી.સી. શાહે સમાજના સુકાની તરીકે બીજી ઇનિંગમાં ફટકારેલી મહાજનવાડીની સદી, સમાજ માટે નવા કીર્તિમાનરૂપ ગણાવી હતી. ખાસ કરીને નવી પેઢીની ચિંતા સેવતા મુકેશભાઈએ ડોસાભાઈ લાલચંદની કર્તવ્યનિષ્ઠા અને સુઝમાંથી પ્રેરણા લેવા યુવાનોને હાકલ કરી હતી.

આરંભમાં સમાજના મંત્રી આર.સી. શાહે જણાવ્યું હતું કે જ્ઞાતિ હસ્તકના સૌભાગ્ય ભવન, જૂની ભોજનશાળા જેવા સમાજના યુનિટોના પુનઃનિર્માણ કરવાની તેમજ ભુજ પૂરતી, તબીબી સહાયનો વ્યાપ વિસ્તારવાની નેમ તેમણે વ્યક્ત કરી હતી.

પહેલી ફેબ્રુઆરીથી મહાજનવાડીમાં ભોજનશાળા શરૂ કરાશે તેવી ઘોષણા સાથે તેમણે માત્ર આર્થિક સહકાર જ નહીં, પરંતુ ડગલે ને પગલે સૂચનો આપી, સતત સાથે રહેલા દાતા પરિવારોની ભાવનાને બિરદાવી હતી. ■

## મંગલ મંદિર - પ્રશ્નો અને પ્રત્યુત્તર વિભાગ

*માસ જાન્યુઆરી-૨૦૧૧ના અંકના પ્રશ્નોના જવાબ નીચે મુજબ છે.*

૧. ખેમા દેદરાણીએ દુષ્કાળ વખતે પોતાના સમગ્ર અનાજના ભંડારો લોકો માટે ખુલ્લા મૂક્યા. એની દેશભક્તિથી ખુશ થઈ મહમદ બેગડાએ જાહેર કર્યું કે આજથી ગુજરાતમાં પ્રથમ 'શાહ' વાણિયા અને બીજો શાહ સુલતાન બેગડો. આ દિવસથી 'શાહ' શબ્દ સમગ્ર વણિકોની જાત માટે વપરાતો થયો. (પાના : ૩૮)

૨. માંડવીના જીવરાજ બાલુ. સુમતિબહેન મોરારજી. ૧૩ માર્ચ, ૧૯૦૯. (પાના : ૧૯)

૩. ઊંટેશ્વરી દેવી મંદિર. ઈશુનાથ. (પાના : ૮૫)

૪. 'જતી કરાય એ કેમ કરીને? મને તો મારે હૈયું ભરીને. (પાના : ૬૦)

૫. આ દુનિયા દુર્જનોની દુર્જનતાથી જેટલી નથી પીડાતી તેટલી સજ્જનોની નિષ્ક્રિયતાને લીધે પીડાય છે. (પાના : ૧૦૧)

૬. પ્રથમ વડાપ્રધાન ઇંદિરા ગાંધી અને પ્રથમ મુખ્યપ્રધાન નરેન્દ્ર મોદી. (પાના : ૪૨)

૭. રેલવે રિઝર્વેશન / એર બુકિંગ. (પાના : ૨૨)

*જાન્યુઆરી-૨૦૧૧ના અંકના બધા પ્રશ્નોના ખરા જવાબ આપનારની યાદી.*

૧. શ્રી રમણિકભાઈ ગોસર - અમદાવાદ
૨. શ્રીમતી મધુરીબહેન ગોસર - અમદાવાદ
૩. શ્રીમતી ઝરણા એચ. પારેખ - અમદાવાદ
૪. શ્રીમતી મીનાક્ષી આર. પારેખ - અમદાવાદ
૫. શ્રીમતી નેહા બી. પારેખ - અમદાવાદ
૬. શ્રી પ્રતાપભાઈ એન. દંડ - અમદાવાદ
૭. શ્રીમતી યોગિની સી. શાહ - અમદાવાદ
૮. ચંદ્રિકાબહેન આર. શેઠ - અમદાવાદ
૯. શ્રીમતી કામિની એસ. શેઠ - અમદાવાદ
૧૦. શ્રીમતી અલકા એ. સંઘવી - અમદાવાદ
૧૧. શ્રીમતી મીનાક્ષી એ. માંકડ - અમદાવાદ
૧૨. શ્રીમતી દક્ષાબહેન ડી. શાહ - અમદાવાદ
૧૩. શ્રીમતી અમિ નીતિન શાહ - અમદાવાદ
૧૪. શ્રીમતી કલ્પના એસ. ગાલા - અમદાવાદ
૧૫. શ્રીમતી જ્યોત્સના અરવિંદ શાહ - અમદાવાદ
૧૬. શ્રીમતી મોના જિતેન્દ્ર શાહ - હૈદ્રાબાદ
૧૭. શ્રી જયચંદ માણેકજી લોડાયા - ગદગ
૧૮. શ્રી નવીનચંદ્ર શામજી લાલકા - ગદગ
૧૯. શ્રી જિતેન્દ્ર ચંદુલાલ શાહ - અમદાવાદ
૨૦. શ્રીમતી મૈત્રી કપીલ શાહ - અમદાવાદ
૨૧. શ્રી અમર ઉમરશી રાંભિયા - નડિયાદ
૨૨. નયના એ. ગાલા - અમદાવાદ
૨૩. લીલાધર લખમશી વિસરિયા - મુંબઈ

★

માસ ડિસેમ્બર-૨૦૧૦ના પ્રશ્નોના પાછળથી આવેલ અને બધા સાચા જવાબો આપનાર

૧. શ્રી નવીનચંદ્ર શામજી લાલકા - ગદગ

★

**★ માસ ફેબ્રુઆરી-૨૦૧૧ના અંકના પ્રશ્નો :**

૧. કોના પુરુષાર્થથી ગુજરાતમાં મેશ્વો, ઉકાઈ અને મહી — આ ત્રણ નદીની મહત્ત્વની સિંચાઈ યોજના સાકાર થઈ?

૨. 'ફોર્બ્સ' પત્રિકા દ્વારા ગુજરાતના ત્રણ મહાનુભાવોના નામ ગ્રામીણ ઈન્વેન્શન માટે જાહેર થયા છે. તેઓના નામ જણાવો.

૩. 'ક્રાંતિની જ્યોત' નામનું પુસ્તક લખનાર લેખકનું નામ જણાવો.

૪. જૈન મહિલા શરન રાણીએ કોને અને શાની ભેટ આપી હતી?

૫. એક જમાનામાં વડાપ્રધાન શ્રીમતી ઇંદિરા ગાંધી જેમના સેવા મિશનથી પ્રભાવિત થયા હતા અને એમને ઉપરાષ્ટ્રપતિ બનવા આમંત્રણ આપ્યું હતું, તે વ્યક્તિ કોણ?

૬. 'સંતાનોને ડૉક્ટર, વકીલ કે એન્જિનિયર બનાવવાના સ્વપ્નો ના જુઓ. તેમના ભાગ્યમાં જે લખ્યું હશે તે બનશે.' આ વિધાન કોનું છે અને કયા લેખમાં છે?

૭. દાનવીર ઉદ્યોગપતિઓ તેમજ કર્મવીરો સમાજને આગળ ધપાવવા માટે કેવી રીતે મદદ કરી શકે? એની સીધી સાદી સમજણ મેળવવા માટે કોને મળશું? (જા.ખ.)

***નોંધ : ઉપરના બધા પ્રશ્નો ફરજિયાત છે. જવાબો મોકલવાની છેલ્લી તા. ૨૦-૩-૨૦૧૧ છે.***

***જવાબો મોકલવાનું સરનામું :***

શ્રી કચ્છી જૈન ભવન,
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, અમદાવાદ.

***આપના સહકાર બદલ ધન્યવાદ.***

***ચંદ્રા મહેન્દ્ર શાહ (ફોન : ૨૬૭૬૦૨૬૬)***

---

એન્ડોસલ્ફાન એક ઝેરી રસાયણ છે જે ઘાસ અને શાકભાજી વગેરે ઉપર છાંટવામાં આવે છે. એની અસર ઘાતક છે. ગાય-ભેંસના પેટમાં જઈને તેના દૂધ દ્વારા તે માનવ શરીરમાં પ્રવેશે છે અને તેના કારણે વિકલાંગ બાળકો જન્મે છે. કેરળ સરકારે આ રસાયણની પોતાના રાજ્યમાં પ્રવેશબંધી જાહેર કરેલ છે. જગતના ૨૪ દેશોએ આ રસાયણના ઉપયોગ પર પ્રતિબંધ મૂકવાનું જાહેર કરેલ છે. પરંતુ ખેતી માટેના રસાયણો ઉત્પન્ન કરવાવાળી શક્તિશાળી લૉબી હાર માનવા તૈયાર નથી. કેરળ રાજ્યની યાદી મુજબ ત્યાં ૨૨૧૦ લોકો આ રસાયણની ઘાતક અસરનો ભોગ બનેલ છે અને ઘણા વિકલાંગ બાળકોનો જન્મ થયેલ છે. આ રસાયણના કારણે ૪૮૬ લોકો મૃત્યુ પામ્યા છે. હવે વિશ્વના ૭૩ દેશોએ આ રસાયણના વપરાશ પર પ્રતિબંધ મૂકી દીધેલ છે. પરંતુ ભારત સરકાર (જાણીતા કારણોસર) પ્રતિબંધ મૂકવા તૈયાર નથી. આપણા દેશના ખેતીવાડી ખાતાના રાજ્યકક્ષાના સેવક શ્રી કે.વી. થોમસ તો આ રસાયણની ઘાતક અસરોથી સાવ અજાણ છે! અને શરદ પવાર વિશે તો આપ સૌ જાણો જ છો.

***'ભૂમિપુત્ર', તા. ૧-૧-૧૧માંના લેખના આધારે.***
***પ્રેષક : શાંતિલાલ સંઘવી***

*પરસ્પર સદ્‌ભાવના રાખો એ જ સાચી પૂજા છે.*

## "મંગલ મંદિર" – પ્રાપ્ત થયેલાં લવાજમ

*ફેબ્રુઆરી – ૨૦૧૧ દરમ્યાન નીચે મુજબના મહાનુભાવો તરફથી લવાજમની રકમ પ્રાપ્ત થયેલ છે.*

### રિન્યુ થયેલ લવાજમો

#### ૧ વર્ષનું લવાજમ

- કાંતિલાલ ભારમલ સાવલા — સુરત
- શાંતિલાલ ખીમજી સતરા — જલગાંવ (મહારાષ્ટ્ર)
- હરીશ લીલાધર પટવા — માંડવી, કચ્છ
- સોમચંદ ધારશી નાગડા — ગાંધીધામ, કચ્છ
- ભૂપેન્દ્ર પી. પારેખ — વાપી
- જનકબહેન એસ. ભાલાણી — વસ્ત્રાપુર, અમદાવાદ
- મહેશ રાઘવજી મૈશેરી — ભાંડુપ (વેસ્ટ), મુંબઈ

#### ૩ વર્ષનું લવાજમ

- લક્ષ્મીચંદ વી. ગોગરી — મુલુંડ (વેસ્ટ), મુંબઈ

#### આજીવન

- રાજેન કાંતિલાલ ગાલા — મલાડ (વેસ્ટ), મુંબઈ

### નવાં પ્રાપ્ત થયેલ લવાજમો

#### ૧ વર્ષનું લવાજમ

- મહેન્દ્ર રાયચંદ ધરમશી — ધુલીયા (મહારાષ્ટ્ર)
- ચંદ્રકાંત પ્રાણજીવન મહેતા — નવાપુરા, કચ્છ
- પંકજ ટ્રેડિંગ કું. — કપડવંજ, જિ. ખેડા
- કલ્યાણજી લાલજી સતરા — જલગાંવ (મહારાષ્ટ્ર)
- ધનવંતીબહેન મધુકાંત શેઠિયા — અંધેરી (વેસ્ટ), મુંબઈ
- હરખચંદ એલ. ગડા — મલાડ (વેસ્ટ), મુંબઈ
- મિલન એચ. ઠક્કર — નાલાસોપારા (વેસ્ટ), થાણા
- હરિલાલ એન. શાહ — કલકત્તા (વેસ્ટ બંગાળ)

#### ૩ વર્ષનું લવાજમ

- સુશીલાબહેન કાંતિલાલ ખોના — મુલુંડ (વેસ્ટ), મુંબઈ

#### ૫ વર્ષનું લવાજમ

- રવિલાલ ભાણજી ભેદા — વિલેપાર્લે (વેસ્ટ), મુંબઈ
- શૈલેષભાઈ ફકીરચંદ ઠક્કર — સેટેલાઈટ, અમદાવાદ
- દિનેશ જીવરાજ ગોગરી — મુલુંડ (વેસ્ટ), મુંબઈ

#### આજીવન

- હિતેશભાઈ ભણસાલી — ચેન્નાઈ
- ડૉ. વિનોદ જે. ઠક્કર — અંજાર, કચ્છ.


• શુભેચ્છા સહ •

**ગીરીશ સંઘવી**

૮૦૪, કલાસાગર ટાવર,
સ્ટાર બજારની બાજુમાં,
જોધપુર ચાર રસ્તા, સેટેલાઈટ રોડ,
અમદાવાદ-૩૮૦ ૦૧૫.

**ફોન : ૨૬૭૬૯૪૩૩**




**હરીભાઈ ભીખાભાઈ પેઈન્ટર**

**કેન્વાસ પેઈન્ટીંગ, તીર્થપટ, ચિત્રપટ, યંત્ર પટ, માર્બલ કાર્વિંગ તીર્થપટ તેમજ તીર્થની રચના બનાવનાર**

• વર્કશોપ •

**તળાવ એરીયા, પ્રાઈમરી સ્કુલ સામે, પાલીતાણા.**

**Tel. : (02848) 252454**

**Mo. 94262 46176**

# 'મંગલ મંદિર' પૂરાં થતાં લવાજમનાં ગ્રાહકોની યાદી

જે જે ગ્રાહકોના લવાજમ પૂરાં થઈ ગયેલ છે અને જેઓએ હજુ સુધી પોતાનાં લવાજમો રિન્યુ કરાવેલ નથી, એ ગ્રાહકોની નામાવલિ અત્રે આપેલ છે.

આથી નીચે મુજબના લિસ્ટના ગ્રાહકોને વિનંતી કે તેઓ પોતાના લવાજમો તાત્કાલિક રિન્યુ કરાવી લે. અગર હવે પછી જાન્યુઆરી-૨૦૧૧ અને ફેબ્રુઆરી-૨૦૧૧માં પૂરા થતા લવાજમના ગ્રાહકો પોતાના લવાજમ રિન્યુ નહીં કરાવે તો તેઓના નામ ડિસ્પેચ લિસ્ટમાંથી કમી કરવામાં આવશે. એપ્રિલ-૨૦૧૧થી એ ગ્રાહકોને 'મંગલ મંદિર' મોકલવામાં નહીં આવે તેની સહુએ નોંધ લેવા વિનંતી.

## જાન્યુઆરી-૨૦૧૧ દરમ્યાન પૂરાં થઈ ગયેલ લવાજમના ગ્રાહકોની યાદી

| | | |
|---|---|---|
| ૧. | સંદીપ કાંતિલાલ દોશી | ભુજ, કચ્છ |
| ૨. | ઠક્કર એન.પી.એન. સ્કૂલ | અંજાર, કચ્છ |
| ૩. | સ્વાશ્રય મહિલા મંડળ | ગાંધીધામ, કચ્છ |
| ૪. | મનીષ કે. મોરબિયા | મુંદ્રા, કચ્છ |
| ૫. | મનીષ ભીમજી મહેશ્વરી | મુંદ્રા, કચ્છ |
| ૬. | પ્રવીણચંદ્ર નાનચંદ બાવીસી | પાલડી, અમદાવાદ |
| ૭. | પ્રકાશ ઉમાકાંત ગાંધી | સેટેલાઈટ, અમદાવાદ |
| ૮. | દિનેશ હંસરાજ રાંભિયા | કાલબાદેવી, મુંબઈ |
| ૯. | લીલાધર લખમશી વિસરિયા | સાયન (ઈસ્ટ), મુંબઈ |
| ૧૦. | શિવજીભાઈ એન. શાહ | મહાલક્ષ્મી, મુંબઈ |
| ૧૧. | વિનોદ હીરજી વોરા | ગોરેગામ (ઈસ્ટ), મુંબઈ |
| ૧૨. | લાલજીભાઈ આર. શાહ | અંધેરી (ઈસ્ટ), મુંબઈ |
| ૧૩. | ભરતભાઈ ગડા | મુલુંડ (વેસ્ટ), મુંબઈ |
| ૧૪. | કેસરબહેન પોપટલાલ ગડા | મુલુંડ (વેસ્ટ), મુંબઈ |
| ૧૫. | મણિલાલ રામજી શાહ | મુલુંડ (વેસ્ટ), મુંબઈ |
| ૧૬. | વસંતલાલ ડી. દેઢિયા | મુલુંડ (વેસ્ટ), મુંબઈ |
| ૧૭. | તલકશી દેવજી ગોસર | મલાડ (ઈસ્ટ), મુંબઈ |
| ૧૮. | લીલાધર આસુ વીરા | થાણા, મુંબઈ |
| ૧૯. | તિલકચંદ કે. લોડાયા | ચીલપૌક, ચેન્નાઈ |

## ફેબ્રુઆરી-૨૦૧૧ દરમ્યાન પૂરાં થતાં લવાજમના ગ્રાહકોની યાદી

| | | |
|---|---|---|
| ૧. | ભરતસિંહ ડી. જાડેજા | રાપર, કચ્છ |
| ૨. | વિનોદ કાનજી મોરબિયા | મુંદ્રા, કચ્છ |
| ૩. | નિર્મળાબહેન એમ. શાહ | સાંતાક્રુઝ (વેસ્ટ), મુંબઈ |
| ૪. | કિશોર ભવાનજી નાગડા | મલાડ (વેસ્ટ), મુંબઈ |
| ૫. | સૂર્યકાંત દેવશી વોરા | કાંદિવલી (વેસ્ટ), મુંબઈ |
| ૬. | રાયચંદ શિવજી શાહ | ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ |
| ૭. | હીરાચંદ વેલજી છેડા | મુલુંડ (વેસ્ટ), મુંબઈ |
| ૮. | કિશોરચંદ્ર કે. સંઘવી | મુલુંડ (વેસ્ટ), મુંબઈ |
| ૯. | રમણિકભાઈ છેડા | બોરીવલી, મુંબઈ |
| ૧૦. | હરખચંદ ગાંગજી કારાણી | હૈદ્રાબાદ |

## માર્ચ-૨૦૧૧ દરમ્યાન પૂરાં થતાં લવાજમના ગ્રાહકોની યાદી

| | | |
|---|---|---|
| ૧. | હિતેન્દ્ર લીલાધર સંઘવી | ભુજ, કચ્છ |
| ૨. | નીતિન બાબુભાઈ શાહ | ભુજ, કચ્છ |
| ૩. | સુનીલ ખીમજી શાહ | ભુજ, કચ્છ |
| ૪. | ધી ભુજ ઈંગ્લિશ સ્કૂલ (ટ્રસ્ટ) | ભુજ, કચ્છ |
| ૫. | પ્રદીપ ધરમશી મહેતા | રાપર, કચ્છ |
| ૬. | ડી.વી. બુચિયા | ગાંધીધામ, કચ્છ |
| ૭. | જયંતીલાલ એસ. શાહ | ગાંધીધામ, કચ્છ |
| ૮. | નિરૂપમા ડી. મહેતા | આદિપુર, કચ્છ |
| ૯. | રસીલાબહેન ડી. પંડ્યા | મણિનગર, અમદાવાદ |
| ૧૦. | દીપક નાનજી વીસરિયા | અંકલેશ્વર |
| ૧૧. | ઉપેન્દ્ર વલ્લભજી ગડા | અંકલેશ્વર |
| ૧૨. | મહેન્દ્ર વી. ગાલા | સુરત |
| ૧૩. | વીરલ છેડા | સુરત |
| ૧૪. | રાજકમલ પ્લાય એન્ડ હાર્ડવેર | વલસાડ |
| ૧૫. | સુશીલાબહેન દિનેશભાઈ શાહ | સાયન, મુંબઈ |
| ૧૬. | વાડીલાલ મોતીલાલ સંઘવી | સાયન, મુંબઈ |
| ૧૭. | નીરવ ભોગીલાલ સંઘવી | ઘાટકોપર-ઈસ્ટ, મુંબઈ |
| ૧૮. | નીતિન તલકશી છેડા | મુલુંડ, મુંબઈ |
| ૧૯. | શાંતિલાલ જેઠાભાઈ ખોના | મુલુંડ-વેસ્ટ, મુંબઈ |
| ૨૦. | તેજપાલ લખમશી ધરમશી | મુલુંડ-વેસ્ટ, મુંબઈ |
| ૨૧. | રાજેશ ખીમજી દેઢિયા | ઘાટકોપર-ઈસ્ટ, મુંબઈ |
| ૨૨. | મેલોન કિડ્સ | થાણા (વેસ્ટ), મુંબઈ |
| ૨૩. | જગદીશ હીરજી રાંભિયા | સોલાપુર (મહારાષ્ટ્ર) |
| ૨૪. | ખીમજી દેવશી મોતા | પૂણે (મહારાષ્ટ્ર) |
| ૨૫. | હિમંતભાઈ પી. શાહ | કિલપૌક (ચેન્નાઈ) |
| ૨૬. | મહેન્દ્ર કે. શાહ | કલીકટ (કેરાલા) |
| ૨૭. | સૂરસેન વી. શાહ | કલકત્તા |

*ધીરજ રાખીને સંઘર્ષ કરવાથી ન્યાય જરૂર મળે.*

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની લાઈબ્રેરીને ભેટ મળેલ પુસ્તકો – જેનો સમાજે સાભાર સ્વીકાર કર્યો તેની યાદી

| ક્રમ | પુસ્તકનું નામ | લેખક |
|---|---|---|
| **(૧)** | **ગૂર્જર પ્રકાશન - અમદાવાદ તરફથી પ્રાપ્ત થયેલાં પુસ્તકો** | |
| ૧. | ચાલતાં ચાલતાં સિંગાપોર | કલ્પના દેસાઈ |
| ૨. | અમારો શેખનો પાડો | ચંદ્રકાંત કડિયા |
| ૩. | જય હો મૈયા નર્મદા | કૃષ્ણપ્રસાદ ઝ. પટેલ |
| **(૨)** | **શ્રી શક્તિ પ્રતિષ્ઠાન ટ્રસ્ટ - અમદાવાદ તરફથી પ્રાપ્ત થયેલાં પુસ્તકો** | |
| ૪. | કાર્યકર્તા | |
| ૫. | શ્રી ગુરુજી | |
| ૬. | ચિરંતના | |
| ૭. | સેવા એ જ સાધના | |
| ૮. | પથદર્શિની શ્રી રામકથા | |
| ૯. | રાજમાતા જીજામાતા | |
| ૧૦. | અહલ્યાબાઈ હોળકર | |
| ૧૧. | વંદનીય મૌસીજી | |
| ૧૨. | અમૃત કળશ | |
| **(3)** | **શ્રી રમણિકભાઈ ગોસર - અમદાવાદ તરફથી પ્રાપ્ત થયેલાં પુસ્તકો** | |
| ૧૩. | તણખો | આચાર્ય વિજયરત્નસુંદરસૂરિ |
| ૧૪. | મન બચાવી લો | આચાર્ય વિજયરત્નસુંદરસૂરિ |
| ૧૫. | ઉપલો માળ ભાડે આપેલ છે | આચાર્ય વિજયરત્નસુંદરસૂરિ |
| ૧૬. | શિખર સાથે વાતો | આચાર્ય વિજયરત્નસુંદરસૂરિ |
| ૧૭. | સમજી ગયો છું | આચાર્ય વિજયરત્નસુંદરસૂરિ |
| ૧૮. | ઝેર જ્યારે નીતરી જાય છે | આચાર્ય વિજયરત્નસુંદરસૂરિ |
| ૧૯. | લખી રાખો આરસની તક્તી પર | આચાર્ય વિજયરત્નસુંદરસૂરિ |
| ૨૦. | આરજૂ | આચાર્ય વિજયરત્નસુંદરસૂરિ |
| ૨૧. | વંદનીય સંઘર્ષ | આચાર્ય વિજયરત્નસુંદરસૂરિ |
| ૨૨. | હૈયાની વાત | આચાર્ય વિજયરત્નસુંદરસૂરિ |
| ૨૩. | પોપટ આકાશમાં, માણસ પિંજરમાં | આચાર્ય વિજયરત્નસુંદરસૂરિ |
| ૨૪. | પાથેય | આચાર્ય વિજયરત્નસુંદરસૂરિ |
| ૨૫. | ઑક્સિજન | આચાર્ય વિજયરત્નસુંદરસૂરિ |
| ૨૬. | આંગળી ચિંધણું | આચાર્ય વિજયરત્નસુંદરસૂરિ |
| **(૪)** | **આચાર્ય ચંદનાશ્રીજી તરફથી પ્રાપ્ત થયેલાં પુસ્તકો** | |
| ૨૭. | જૈન તત્ત્વ દર્શન | આચાર્ય ચંદના |
| ૨૮. | જીવન સૂત્ર | આચાર્ય ચંદના |

# સાર સમાચાર

★ વર્ષ ૨૦૦૫માં ગુજરાત સરકારે ગાંધીનગરના પાદરમાં ૫૧ માળની દેશની સૌથી ઊંચી બિલ્ડિંગ બાંધવાની જાહેરાત કરેલી, ૧૦૦ કરોડના ખર્ચે. આજે ૫ વર્ષ બાદ એનો પાયો પણ નખાયો નથી.

★ ફાઇનાન્સિયલ હબ ૨૦૦૭ના વર્ષમાં ગુજરાત સરકારે 'ગુજરાત ઇન્ટરનેશનલ ફાઇનાન્સ ટેક સિટી' (ગિફ્ટસિટી) બનાવવાની જાહેરાત કરેલી. આ ગિફ્ટસિટી અમદાવાદના એરપોર્ટથી ૧૨ કિ.મી. દૂર સાબરમતીના કિનારે બનાવવાની હતી. આ હબમાં ૮૭ માળની બિલ્ડિંગ બાંધવાની ગુ.સરકારે જાહેરાત કરી હતી. ૩ વર્ષ પછી અને ૨૦૦ કરોડના ખર્ચે હજુ યોજનાના સ્થળની જમીન સમથળ હવે કરવામાં આવી રહી છે.

★ માતૃશ્રાદ્ધ માટેના જાણીતા સિદ્ધપુર જેના તીરે આવેલ છે તે સરસ્વતી નદીને પુનર્જીવિત કરવાની જાહેરાત ગુ. સરકારે કરેલી, અને માતૃમહિમા ઉત્સવ પણ ઉજવેલો. પણ સરસ્વતીમાં નર્મદાનું પાણી પહોંચાડવાનું બિલ ૧૦૦ કરોડ પાર કરી જતાં યોજના પડતી મૂકવામાં આવી છે.

★ ગુ. સરકારે ૨૦૦૩ માં સુજલામ સુફલામ યોજના જાહેર કરેલી. આ યોજના મુજબ નર્મદા નહેરથી ૧૫ પાઇપ લાઇનો મારફત ૧૦૦ કિ.મી.ના વિસ્તારમાં સિંચાઇનું પાણી પહોંચાડવાનું હતું. શરૂમાં ૪૫૦૦ કરોડની યોજના ૬૦૦૦ કરોડ સુધી પહોંચી. કોઇ વિસ્તાર સુજલામ કે સુફલામ થયા નહીં. કોમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલે આ યોજનામાં થયેલ ભ્રષ્ટાચાર અને ગડબડ જાહેર કરેલ છે. હવે આ યોજનાની વાત થતી નથી.

★ ૫૮ વર્ષના, બાળરોગના નિષ્ણાત, આદિવાસીઓ તથા ગરીબો અને વંચિતોની ઘણા વર્ષથી નિઃસ્વાર્થ ભાવે સેવા કરનાર ડો. વિનાયક સેનની છત્તીસગઢ સરકારે ધરપકડ કરેલી. હવે રાયપુરના સેકન્ડ એડિશનલ જજે રાજદ્રોહના આરોપ હેઠળ આજીવન કારાવાસની સજા કરેલી છે. જેની સામે દેશના અનેક તથા દુનિયાના અનેક તબીબો, દેશભક્ત નાગરિકો ઉપરાંત ૨૨ જેટલા નોબેલ પારિતોષિક સન્માનિતોએ, સજા સામે ઘેરા પ્રત્યાઘાત પ્રગટ કર્યા છે અને શ્રી સેનના છુટકારા માટે અપીલ કરી છે.

★ ઑક્સફર્ડ યુનિ. માંથી MBA થયેલ શ્રી ધ્રુવ લકરા મુંબઇમાં કુરિયર કંપની ચલાવે છે. તેમાં ૬૦ કર્મચારીઓ-બધાજ મંદ શ્રવણશક્તિવાળા તથા શ્રવણશક્તિના અભાવવાળા કામ કરે છે. તેમના કાયમી ગ્રાહકોમાં મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, આદિત્ય બિરલા, વિકટરી આર્ટ ફાઉન્ડેશન, ગોદરેજ, વોડાફોન વગેરેનો સમાવેશ થયો છે. આ તમામ કર્મચારીઓ ઇશારાથી તથા કશી ભૂલ વગર કામ કરે છે.

★ દક્ષિણ કોરિયા આપે છે રવીન્દ્રનાથ ટાગોર ઍવૉર્ડ. આ વર્ષે આ ઍવૉર્ડ તેમણે મણિપુર રાજ્યની ક્રાંતિકારી મહિલા ઇરોમ શર્મિલા, કે જે છેલ્લા ૧૦ વર્ષથી ઉપવાસ કરે છે અને જેલમાં છે અને સરકાર જેને બળજબરીથી નળીઓ દ્વારા ખોરાક આપીને રાખે છે તેને આપવામાં આવેલ છે.

★ 'નવજીવન' દ્વારા ગાંધી સાહિત્યનું વર્ષ ૨૦૦૧-૦૨ માં વેચાણ રૂા. એક કરોડ પાંચ લાખનું થયેલું. વર્ષ ૨૦૦૯-૧૦ તે આંકડો રૂા. બે કરોડ એટલે કે દસ વર્ષમાં બમણું વેચાણ થયું છે.

★ અમેરિકાની એક બુક કલબ પોતાના સભ્યો માટે જગતના શ્રેષ્ઠ પુસ્તકોને 'લેધર બાઉન્ડ' આવૃત્તિ સ્વરૂપે આપે છે. તેમાં એક શ્રેણી 'પુસ્તક કે જેણે દુનિયા બદલી' એ શ્રેણીમાં દુનિયાને નવો વળાંક આપનાર પુસ્તક તરીકે ગાંધીજીના 'દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઇતિહાસ' એ પુસ્તકની પસંદગી કરી છે.

★ ગાંધીજીથી લગભગ ૨૫૦ વર્ષ પહેલાં સુરતના ભીમજી પારેખ અને વીરજી વોરાએ ઔરંગઝેબ સામે ૧૬૬૯ ના વર્ષમાં અહિંસક સત્યાગ્રહ કરેલો અને ઔરંગઝેબે નમતું આપવું પડેલું.

★ નેશનલ ક્રાઇમ બ્યુરોના છેલ્લા આંકડા મુજબ આપણા દેશમાં દર ૪ મિનિટે એક આપઘાતની ઘટના બને છે. ૨૦૦૯ ના વર્ષમાં ૧,૨૭,૧૫૧ જેટલા આપઘાત થયેલા જેમાં ૬૮% યુવાનો હતા. દરરોજ લગભગ ૧૨૫ મહિલાઓ આપઘાત કરે છે. ગરીબીને કારણે થતા આપઘાતની ટકાવારી ૨.૩% ની છે.

★ મધ્યપ્રદેશના કિસાન કલ્યાણ ખાતાના સેવક રામકૃષ્ણ કુસમારિયાને એક ન્યૂઝ ચેનલ દ્વારા જ્યારે પૂછવામાં આવ્યું કે ખેડૂતો આત્મહત્યા શા માટે કરે છે? તેના જવાબમાં સેવકજીએ કહ્યું કે "આ ખેડૂતો પોતાના પૂર્વજન્મોનાં પાપોને કારણે આત્મહત્યા કરે છે."

★ ગુજરાત રાજ્યના મુખ્ય સેવક શ્રી નરેન્દ્રભાઇ મોદીને દુનિયાના ૨૭ દેશોએ વિઝા આપવાનો ઇન્કાર કરેલ છે.

★ ૧૮૫૬ માં બ્રિટિશ ગિયાનામાં બહાર પડેલી માત્ર એક સેંટની ટપાલ ટિકિટ ૧૯૮૧માં રૂા. ૪૪ કરોડમાં વેચાઇ. ખરીદનારનું નામ એટલા માટે ગુપ્ત રાખવામાં આવેલ છે તેની હત્યા થાય એવો ડર લાગે છે.

★ તામિલનાડુના ૩૦ જેટલા વણાટ કારીગરોએ સાત મહિનાની મહેનત પછી ૨૦૦૮માં એક સિલ્ક સાડી તૈયાર કરી છે જેનું વજન ૮ કિ.ગ્રા. છે અને કિંમત ૪૦ લાખ રૂા. છે.

★ મશહૂર સિતારવાદક ઉસ્તાદ વિલાયતખાનને જ્યારે 'પદ્મ' સન્માનની ઓફર થઇ ત્યારે તેમણે તે લેવાનો ઇન્કાર કરતાં કહેલું કે "સરકારી બાબુઓને વળી સંગીતમાં શી સમજ પડે?"

★ અમેરિકાની કાન્સાસ સિટી રોયલ્સ ટીમમાં પ્રખ્યાત બેઝબોલ પ્લેયર ગિલ્બર્ટ એલન મેશ છે. વર્ષ ૨૦૧૦માં શોલ્ડર ઇન્જરીને કારણે તે પોતાની ટીમને એકપણ મેચ જીતાડી શક્યો નહિ.

*મૃત્યુ એટલે દેહમાંથી આત્માનું પરિવર્તન.*

એટલે તેણે પોતાની ટીમને એ વર્ષનું એને મળેલ પૂરેપૂરૂં મહેનતાણું (૧.૨૦ કરોડ ડોલર) બાકાયદા પાછું આપી દીધું, એમ જણાવીને કે મારી નિષ્ફળતાને કારણે હું એ લેવા માટે હકદાર નથી. (આપણે ત્યાં કોઇ સેલીબ્રિટી કે કોઇ સેવકજી આવું કરી શકે?) (આટઆટલા કૌંભાંડો જાહેર થયા કોઈએ એક રૂપિયો પણ પાછો આપ્યો?)

★ તા. ૧૦-૧૧ જાન્યુઆરી ૨૦૧૧ ના ભુવનેશ્વરમાં મળેલ ઇન્ડિયા ઇન્ટરનેશનલ ક્રોપ સમિટમાં ઇન્ડિયન કાઉન્સિલ ઓફ એગ્રિકલ્ચર રિસર્ચ (I.C.A.R.) તરફથી વર્ષ ૨૦૨૦ સુધીમાં ખાદ્યાન્નની કેટલા પ્રમાણમાં જરૂર પડશે તેના આંકડા રજૂ થયા. તે અનુસાર ચોખા, ઘઉં વગેરેમાં આશરે ૩૦ ટકા, કઠોળમાં લગભગ ૧૪૦ ટકા અને તેલીબિયાંમાં આશરે ૨૪૦ ટકા વધારાની જરૂર પડશે. આ પેદા કરવા માટે ૩૦ ટકા પાણી તથા ૫૦ ટકા ઊર્જાની જરૂર પડશે. પણ આમ થવાની શક્યતા ઘણી ઓછી હોવાથી ખોરાકની ગંભીર કટોકટી ઊભી થવાની શક્યતા છે.

★ ગુજરાતમાં 'જ્યોતિગ્રામ' યોજના અમલમાં છે. તેમાં એવું જણાવવામાં આવે છે કે ખેડૂતોને સતત ૨૪ કલાક થ્રી ફેઝ વીજળી અપાય છે. પણ હકીકતમાં ગુજરાતના ૧૮૫૦૦ ગામોમાંથી એકપણ ગામના, એકપણ ખેડૂતના, એક પણ ખેતરને ૧૨ કલાક પણ થ્રીફેઝ વીજળી મળતી નથી. ૧૯૯૩થી ૨૦૧૦ સુધીના ૧૭ વર્ષથી ૩.૩૫ લાખ ખેડૂતોને વીજજોડાણ આપવાનું બાકી છે.

***સંકલન : શાંતિલાલ સંઘવી - અમદાવાદ***

# જાણવા જેવું

*સંકલન : સૂરજલાલ મહેતા*

૧. વિદેશમાં પણ હોળી રમાય છે-

આપણા પડોશી દેશો શ્રીલંકા, પાકિસ્તાન, બાંગ્લાદેશ, નેપાળ વગેરેમાં આપણી જેમ જ હોળી રમાય છે.

ફ્રાન્સમાં હોળીનો તહેવાર ૧૯મી માર્ચે ઉજવાય છે. હોળીના તહેવારને એ લોકો 'ડિબોડિબી' કહે છે. આખો દિવસ મજાક મસ્તીમાં વિતાવ્યા પછી રાત્રે ૧૨ વાગ્યે અગ્નિ પ્રગટાવીને તેમાં મૃત સ્વજનોનાં કપડાં બાળવામાં આવે છે. એ પછી લોકો એકબીજા પર રંગ છાંટે છે. છેક સવાર સુધી આ રીતે રંગોથી રમાય છે.

ઇજિપ્તમાં ૧૩મી એપ્રિલની રાત્રે હોળી ઉજવવામાં આવે છે. ત્યાં ખાસ જંગલ જેવાં સ્થાનોએ જઇને અગ્નિ પેટાવીને તેમાં પોતાના પૂર્વજોનાં કપડાં બાળે છે. પછી આ અડધા બાળેલા અંગારા એક બીજા પર ફેંકીને નાચે છે, ગાય છે.

થાઈલેન્ડમાં ૧૩મી એપ્રિલે તેમના નવા વર્ષના દિવસે એકબીજા ઉપર સુગંધ અને રંગમિશ્રિત પાણી છાંટવામાં આવે છે.

જર્મનીમાં ''ઇસ્ટર''ના દિવસે ઘાસનું પૂતળું બનાવીને સળગાવવામાં આવે છે અને લોકો એક બીજા પર રંગ લગાવે છે.

આફ્રિકામાં હોળીને મળતો તહેવાર ''ઓમેના વોગા'' ઉજવવામાં આવે છે. પ્રાચીન કાળમાં આફ્રિકાના વોંગા નામનો અન્યાયી અને જુલમી રાજા હતો. આફ્રિકાની પ્રજાએ એને સળગાવીને મારી નાખ્યો હતો. ત્યારથી દર વર્ષે એ દિવસે આફ્રિકન પ્રજા વોંગાના પૂતળાને બાળીને નાચગાન કરે છે.

ચેકોસ્લોવેકિયામાં ''બોલિયા કોનેન્સ''ના દિવસે યુવક યુવતી એકબીજા પર પાણી અને અત્તર છાંટે છે.

ઇટાલીમાં એક અઠવાડિયા સુધી ''રેડિકા'' નામનો ઉત્સવ ઉજવાય છે. એમાં આખા રસ્તે નાચતા ગાતા લોકોનું જુલુસ ફરે છે અને ચાર રસ્તાઓ ઉપર અગાઉથી ગોઠવી રાખેલા લાકડાં સળગાવે છે અને પરસ્પર ભેટે છે.

જાપાનમાં ૧૬મી ઓગસ્ટની રાત્રે અગ્નિ પેટાવીને હોળી ઉજવાય છે. આ તહેવારને જાપાનમાં ''દેમોંજી ઓકુરિબી'' કહે છે.

રશિયામાં ૩૧મી માર્ચે એકબીજા પર રંગ-ગુલાલ છાંટી એકબીજાની ઠઠ્ઠા મશ્કરી કરવામાં આવે છે.

પોલેન્ડમાં લોકો ફૂલના પાણીથી એકબીજાને રંગે છે.

મ્યાનમારમાં લોકો અબીલ-ગુલાલ સાથે સુગંધિત પાણી એકબીજા પર નાખીને તહેવાર ઉજવે છે.

૨.
- વિશ્વમાં સૌથી વધુ, વર્ષે લગભગ ૮૦૦ જેટલી ફિલ્મો ભારતમાં બને છે.
- છેલ્લા દસ વર્ષમાં વિશ્વ સુંદરીની સ્પર્ધામાં કોઈપણ દેશ કરતાં સૌથી વધુ છ ભારતીય યુવતીઓ વિજેતા બની હતી.
- ભારત વિશ્વમાં સૌથી વધુ ૩૦ ટકા ચાનું ઉત્પાદન કરતો દેશ છે અને સૌથી વધુ ચાનો ઉપયોગ કરનારો દેશ પણ ભારત છે.
- વિશ્વમાં સૌથી વધારે હીરા ભારતમાં પોલીશ થાય છે. વિશ્વમાં વેચાતા દર ૧૦ હીરામાંથી ૯ હીરા ભારતમાં તૈયાર થયેલા હોય છે.
- ઘર આંગણે સુપર કોમ્પ્યુટર બનાવનાર ભારત ત્રીજો દેશ છે.
- વિશ્વમાં સેટેલાઇટ લોંચ કરતા દેશોમાં ભારતનું સ્થાન છઠ્ઠા ક્રમે છે.
- એશિયાખંડ પૃથ્વી પર ૩૦ ટકા સપાટી રોકે છે, અને વિશ્વની કુલ વસતિના ૬૦ ટકા લોકો એશિયાખંડમાં રહે છે.

## શબ્દ રમત-૫૭નો ઉકેલ

| | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| રા | જ | વૈ | ભ | વ | | અ | ફા | ટ | | મ | ધુ | ર | | મા |
| મ | ના | | લ | ટ | ક | મ | ટ | ક | | દ | | બ | જા | ર |
| | વ | હે | મ | | ચ | લ | | | ભા | દ | ર | | હે | વા |
| બ | ર | ત | ન | | રો | | સા | સુ | જી | | ક્ષા | | ર | ડી |
| ર | | | સા | મ | | કા | ત | ર | | પો | | પુ | ર | |
| ત | | કો | ઈ | ક | વા | ર | | દા | બ | | મં | ત્ર | જા | પ |
| ર | સિ | કા | | બ | | ત | મા | સ | ગી | ર | | દા | | હો |
| ફ | | કો | પ | રા | પા | ક | | | | સ | ચ | રા | ચ | ર |
| | ક | લા | ક | | ક | | ઝ | પા | ટો | | ક | | ક્રા | |
| કા | | | ડ | | દા | ન | પ | ત્ર | | ઘ | ર | પ્ર | વે | શ |
| જુ | ગ | | દા | ડ | મ | | તા | | જ્ઞા | ન | દા | તા | | |
| ક | વા | | વ | ચ | ન | પા | લ | ન | | | | પ | તં | ગ |
| ત | ક્ષ | ક | | કા | | સ | | | અ | બા | ધ | | | ર |
| રી | | પૂ | જા | રી | | વા | સ | ના | ખો | ર | | એ | ક | મ |
| | સિ | ત | મ | | મ | ન | હ | ર | | મા | ફ | ક | સ | ર |

**ફેબ્રુઆરી-૨૦૧૧ના અંકમાં છપાયેલ**
**શબ્દ રમત-૫૭ના ઉકેલ મોકલાવનારના નામ**

| | | | |
|---|---|---|---|
| ૧. | પ્રતાપ નારાણજી દંડ | અમદાવાદ | બધા સાચા |
| ૨. | ચંદ્રા મહેન્દ્ર શાહ | અમદાવાદ | બધા સાચા |
| ૩. | સરલા ચંદ્રકાંત શાહ | અમદાવાદ | બધા સાચા |
| ૪. | નવીન શામજી લાલકા | ગદગ | બધા સાચા |
| ૫. | કિશોર જે. શાહ | ભુજ | બધા સાચા |
| ૬. | લીલાધર લખમશી વિસરિયા | સાયન, મુંબઈ | બધા સાચા |
| ૭. | પ્રભા મહેન્દ્ર શેઠિયા | વલસાડ | બધા સાચા |
| ૮. | મોના જિતેન્દ્ર શાહ | હૈદ્રાબાદ | ૧ ભૂલ |
| ૯. | અરવિંદ જયંતીલાલ ભટ્ટ | અમદાવાદ | ૩ ભૂલ |
| ૧૦. | રશ્મિકાંત એસ. સાવલા | ભુજ | ૩ ભૂલ |

*સહનશક્તિ વધારવા માટે આપણો દુશ્મન જ આપણો શિક્ષક છે.*

## શબ્દ રમત-૫૮

*સંકલન : સૂરજલાલ મહેતા*

| | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | | | ૪ | | ૫ | | ૬ | | | ૭ | ૮ |
| ૯ | | | | | ૧૦ | | ૧૧ | | | | | ૧૨ | | |
| | | ૧૩ | | ૧૪ | | | | | ૧૫ | | ૧૬ | | ૧૭ | |
| ૧૮ | ૧૯ | | | ૨૦ | ૨૧ | ૨૨ | | | | | ૨૩ | | | |
| | | | ૨૪ | | ૨૫ | | | ૨૬ | | | | | ૨૭ | ૨૮ |
| ૨૯ | | ૩૦ | | ૩૧ | | | ૩૨ | | ૩૩ | | | | | |
| | | ૩૪ | | | | | ૩૫ | ૩૬ | | | ૩૭ | ૩૮ | | |
| ૩૯ | | | | ૪૦ | | ૪૧ | | ૪૨ | | ૪૩ | | ૪૪ | | |
| | | ૪૫ | ૪૬ | | | ૪૭ | ૪૮ | | | ૪૯ | | | | |
| | | | ૫૦ | | ૫૧ | | ૫૨ | ૫૩ | ૫૪ | | | ૫૫ | ૫૬ | |
| ૫૭ | ૫૮ | | | | ૫૯ | ૬૦ | | ૬૧ | | | ૬૨ | | | |
| | ૬૩ | | | | ૬૪ | | ૬૫ | | ૬૬ | ૬૭ | | ૬૮ | | ૬૯ |
| ૭૦ | | | ૭૧ | ૭૨ | | | | | | ૭૩ | ૭૪ | | | |
| | | ૭૫ | | | | ૭૬ | | ૭૭ | | | | | ૭૮ | |
| ૭૯ | | | ૮૦ | | | | | | | ૮૧ | | | | |

શબ્દ રમત ભરનારનું નામ : ____________________

સરનામું : ____________________

____________________

*આપશ્રીના જવાબો શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે મોકલવા વિનંતી. (શબ્દ રમતનો જવાબ મોકલવાની અંતિમ તારીખ : ૨૨-૩-૨૦૧૧)*

### આડી ચાવીઓ

૧. સિંહ જેવો વીર પુરુષ (૫)
૫. ઘરનો આગલો ખંડ (૪)
૭. હિંમત, બહાદુરી (૨)
૯. મોટાની સાથેનો સંબંધ (૨)
૧૦. અગ્નિ પેટાવવાની છેડે રસાયણવાળી સળી (૪)
૧૨. ચોથા ભાગનું (૧)
૧૩. ઔષધીય સુંગધી વનસ્પતિ (૩)
૧૫. કાપાકાપી, ખૂનરેજી (૩)
૧૭. હારી ગયેલું, માતા (૨)
૧૮. હાથી, એક નક્ષત્ર (૩)
૨૦. આક્રંદ, કલ્પાંત (૪)
૨૩. ખાંડણીનો દસ્તો, પારકી (૩)
૨૪. આકાશ (૧)
૨૫. ત્રાંસી નજરવાળી (૨)
૨૬. પશુનો નહોરવાળો અવયવ (૨)
૨૭. અંશ, થોડું (૨)
૨૯. બાફેલી ડાંગર, પ્રિયતમ (હિં) (૩)
૩૧. પાણીનો ઘાટ, જળાશય (૪)
૩૩. પહોંચ, પાવતી (૩)
૩૪. વીજળી (૩)
૩૫. દમયંતીનો પતિ (૨)
૩૭. થોડું, જરાક, કસ્તર (૨)
૩૯. લખાણ ભૂંસવાનું સાધન (૩)
૪૦. જાડો પ્રવાહી પદાર્થ, કાંપ (૩)
૪૨. કેળવણી, શિક્ષણ (૩)
૪૪. લાંચ (૩)
૪૫. દેખાય તેવી બારીક ફાટ (૨)
૪૭. જાડો ને મજબૂત ડંગોરો (૨)
૪૯. એશિયાની ઉત્તરે આવેલો દેશ (૩)
૫૦. સિપાઈઓને રહેવાની ઓરડીની હાર (૩)
૫૨. પંજાબની એક નદી (૪)
૫૫. ઉપયોગ વિનાનું, નિરર્થક (૩)
૫૭. સંગમ, ઈલાજ, અવસર (૨)
૫૯. વ્યસન, ટેવ (૨)
૬૧. કેશનું ઝુંડ (૨)
૬૨. ક્ષય, નાશ (૧)
૬૩. ભરવાડ જેવી નાતનો માણસ (૩)
૬૪. બરડ,...બોલું (૩)
૬૬. થોડું, જરા (૨)
૬૮. લેખણ, કરારની શરત (૩)
૭૦. વર્ષ, એક વૃક્ષ (૨)
૭૧. નોળિયો, સૌથી નાનો પાંડવી (૩)
૭૩. ઘોડાવાળો, શૂરવીર (૩)
૭૫. ગાય (૧)
૭૬. ટચલી આંગળી પાસેની આંગળી (૪)
૭૮. ભેદ, રાજ્ય (૨)
૭૯. હદ, મર્યાદા (૨)
૮૦. બટ્ટો, લાંછન, નામોશી (૪)
૮૧. ભારતીય ક્રિકેટનો સ્પીન બોલર (૫)

### ઊભી ચાવીઓ

૧. જરાક ગરમ, કોકરવરણું (૪)
૨. ધાબળો, નસ (૨)
૩. સાંધ વિનાનું આખું (૩)
૪. પવન, વાયુ (૨)
૫. બરણીમાંથી ઘી-તેલ કાઢવાનું સાધન (૨)
૬. વીર યોદ્ધો, રાજાનો મોટો સરદાર (૩)
૮. મોટો સાધુ, મઠાધિકારી (૩)
૧૧. લગાતાર, નિરંતર (૩)
૧૩. મલાઈ, ધરાયેલું, તૃપ્ત (૨)
૧૪. અવાજ (૨)
૧૫. કમતાકાત, દુર્બળ (૪)
૧૬. નકામી લાંબી વાત (૫)
૧૭. ૫૨૮૦ ફૂટ જેટલું અંતર (૩)
૧૯. ગૂંચવાયેલું, અટપટું (૩)
૨૧. એક વૃક્ષનો સુગંધી ગુંદર (૩)
૨૨. અહીં ''પાઘડી'' આડુંઅવળું છે (૩)
૨૮. વારસા વિશેનું લખાણ, વીલ (૫)
૨૯. લૂંટારો, બહાર રહી લૂંટફાટ કરનારો (૫)
૩૦. પરોણાચાકરી (૪)
૩૧. પાણી કાઢી દહીંમાંથી બનાવેલ પદાર્થ (૩)
૩૨. એક અંગ્રેજી તોલ (૫૬ મણ) (૨)
૩૬. વેલ (૨)
૩૮. કસબી, જરીનું (૪)
૪૧. બાલદી, (૨)
૪૩. રોગ, વાવડ (૩)
૪૬. પાણીની સપાટી નીચે ચાલતી બોટ (અં)(૫)
૪૮. ઠસો..., સજ્જડ (૨)
૫૧. શોરબકોર, ઘોંઘાટ (૪)
૫૩. એક તેજાનો (૨)
૫૪. આંટો, ફેરો (૩)
૫૬. કતલ કરનારું, ઘાતક (૩)
૫૮. ઝેર, વિષ (૩)
૬૦. કિનારો, કાંઠો (૨)
૬૫. તરંગ, ખ્યાલ (૩)
૬૭. લગાર, થોડું (૨)
૬૮. કલમનો કાપ (૨)
૬૯. સરખા ધંધાદારીઓનું મંડળ-સંઘ (૪)
૭૦. પકડ જેવું એક સાધન (૩)
૭૨. પોયણું, ધોળું કમળ (૩)
૭૪. તેલમાં રાઈ-હિંગથી કકળાવી શાકદાળમાં છમકાવવું (૩)
૭૬. અમૃત (૨)
૭૭. દોસ્ત, ભાઈબંધ (૨)
૭૮. રાજ્ય, ભેદ, રહસ્ય (૨)

*હવે હું સમજદાર થઈ ગયો છું. સ્વયંને સુધારવા ઈચ્છું છું. દુનિયા નહીં સુધરે.*

# સુડોકુ

– હરખચંદ સાવલા (ફોન : ૨૭૯૧૧૮૦૦, ૨૭૯૧૨૦૦૦)

સુડોકુ ક્રમાંક-૧૦૧૫ અત્રે રજૂ કરવામાં આવેલ છે. તેના ચારે ભાગ ભરીને 'મંગલ મંદિર' કાર્યાલય પર તા. ૨૨-૩-૨૦૧૧ સુધીમાં મોકલી આપવા વિનંતી. સાચા જવાબો મોકલનારના નામ એપ્રિલ-૨૦૧૧ના અંકમાં પ્રસારિત કરવામાં આવશે.

**શરતો :** ૧. ૧થી ૯ના આંકડા ઊભી-આડી લાઈનમાં ફક્ત એક જ વખત હોવા જોઈએ.
૨. ૧થી ૯ના આંકડા 3 X 3ના ચોકઠામાં પણ એક જ વખત હોવા જોઈએ.

સુડોકુ ભરનારનું નામ : ______________________________

સરનામું : ______________________________

## ક્રમાંક - ૧૦૧૫

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૭ | | | | ૧ | | | |
| | | | | | ૭ | ૩ | | ૬ |
| ૩ | | ૮ | ૬ | | | | | |
| | | | | ૫ | | | ૪ | |
| | ૩ | | ૨ | | ૬ | | ૮ | |
| | ૬ | | | ૧ | | | | |
| | | | | | ૫ | ૯ | | ૭ |
| ૯ | | ૪ | ૧ | | | | | |
| | | | ૯ | | | | ૨ | ૪ |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | | | | ૭ | | ૮ | ૨ | |
| | | ૩ | | | ૪ | | | |
| | ૪ | ૮ | ૫ | | | | | |
| ૮ | ૫ | | ૯ | | | | ૬ | |
| | | | | ૫ | | | | |
| | ૩ | | | | ૭ | | ૯ | ૧ |
| | | | | | ૮ | ૨ | ૧ | |
| | | | ૬ | | | ૭ | | |
| | ૮ | ૭ | | ૧ | | | | ૩ |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૬ | | | | ૫ | | | ૩ |
| | | | | ૬ | | ૧ | ૪ | |
| | ૫ | ૭ | | | ૩ | | | |
| | | ૮ | ૯ | | | ૬ | ૧ | |
| | | | | ૭ | | | | |
| | | | | | ૧ | ૮ | | |
| | | | ૫ | | | ૪ | ૯ | |
| | ૪ | ૯ | | ૮ | | | | |
| ૧ | | | ૭ | | | | ૨ | |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૯ | | | ૧ | | | | |
| | ૭ | ૮ | ૯ | | | | | ૫ |
| ૨ | | | ૪ | | | ૯ | | |
| ૪ | ૮ | ૬ | | | ૭ | | | |
| | | ૫ | | ૪ | | ૨ | | |
| | | | ૧ | | | ૬ | ૮ | ૪ |
| | | ૨ | | | ૧ | | | ૩ |
| ૮ | | | | | ૨ | ૧ | ૫ | |
| | | | | ૮ | | | ૬ | |

## ઉકેલ : ક્રમાંક - ૧૦૧૪

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | ૯ | ૬ | ૪ | ૨ | ૭ | ૮ | ૧ | ૩ |
| ૮ | ૭ | ૩ | ૫ | ૯ | ૧ | ૬ | ૪ | ૨ |
| ૪ | ૧ | ૨ | ૮ | ૩ | ૬ | ૭ | ૫ | ૯ |
| ૯ | ૨ | ૫ | ૩ | ૭ | ૮ | ૪ | ૬ | ૧ |
| ૧ | ૩ | ૮ | ૨ | ૬ | ૪ | ૯ | ૭ | ૫ |
| ૬ | ૪ | ૭ | ૯ | ૧ | ૫ | ૨ | ૩ | ૮ |
| ૭ | ૬ | ૯ | ૧ | ૫ | ૨ | ૩ | ૮ | ૪ |
| ૩ | ૮ | ૧ | ૭ | ૪ | ૯ | ૫ | ૨ | ૬ |
| ૨ | ૫ | ૪ | ૬ | ૮ | ૩ | ૧ | ૯ | ૭ |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૯ | ૫ | ૪ | ૩ | ૬ | ૭ | ૨ | ૮ |
| ૬ | ૭ | ૩ | ૮ | ૧ | ૨ | ૪ | ૫ | ૯ |
| ૪ | ૮ | ૨ | ૭ | ૯ | ૫ | ૧ | ૬ | ૩ |
| ૩ | ૨ | ૬ | ૯ | ૮ | ૧ | ૫ | ૭ | ૪ |
| ૫ | ૪ | ૯ | ૨ | ૭ | ૩ | ૮ | ૧ | ૬ |
| ૮ | ૧ | ૭ | ૫ | ૬ | ૪ | ૯ | ૩ | ૨ |
| ૨ | ૫ | ૧ | ૬ | ૪ | ૮ | ૩ | ૯ | ૭ |
| ૯ | ૬ | ૪ | ૩ | ૫ | ૭ | ૨ | ૮ | ૧ |
| ૭ | ૩ | ૮ | ૧ | ૨ | ૯ | ૬ | ૪ | ૫ |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૭ | ૬ | ૪ | ૩ | ૮ | ૨ | ૯ | ૫ |
| ૯ | ૫ | ૩ | ૭ | ૨ | ૬ | ૧ | ૮ | ૪ |
| ૮ | ૨ | ૪ | ૧ | ૫ | ૯ | ૭ | ૩ | ૬ |
| ૨ | ૮ | ૭ | ૩ | ૬ | ૪ | ૯ | ૫ | ૧ |
| ૩ | ૯ | ૧ | ૮ | ૭ | ૫ | ૪ | ૬ | ૨ |
| ૪ | ૬ | ૫ | ૯ | ૧ | ૨ | ૮ | ૭ | ૩ |
| ૭ | ૧ | ૨ | ૬ | ૮ | ૩ | ૫ | ૪ | ૯ |
| ૬ | ૪ | ૮ | ૫ | ૯ | ૧ | ૩ | ૨ | ૭ |
| ૫ | ૩ | ૯ | ૨ | ૪ | ૭ | ૬ | ૧ | ૮ |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ૫ | ૨ | ૯ | ૪ | ૧ | ૬ | ૭ | ૮ |
| ૮ | ૬ | ૧ | ૩ | ૫ | ૭ | ૪ | ૨ | ૯ |
| ૭ | ૯ | ૪ | ૮ | ૬ | ૨ | ૧ | ૩ | ૫ |
| ૯ | ૧ | ૮ | ૨ | ૩ | ૫ | ૭ | ૪ | ૬ |
| ૪ | ૩ | ૬ | ૭ | ૧ | ૮ | ૯ | ૫ | ૨ |
| ૫ | ૨ | ૭ | ૬ | ૯ | ૪ | ૩ | ૮ | ૧ |
| ૬ | ૭ | ૫ | ૧ | ૨ | ૩ | ૮ | ૯ | ૪ |
| ૨ | ૮ | ૯ | ૪ | ૭ | ૬ | ૫ | ૧ | ૩ |
| ૧ | ૪ | ૩ | ૫ | ૮ | ૯ | ૨ | ૬ | ૭ |

## ફેબ્રુઆરી-૨૦૧૧ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૦૧૪નો સાચો ઉકેલ મોકલનારની નામાવલિ

૧. પ્રતાપ નારાણજી દંડ - અમદાવાદ
૨. ગીતા વિનોદ મહેતા - વડોદરા
૩. પ્રભા મહેન્દ્ર શેઠિયા - વલસાડ
૪. નવીન શામજી લાલકા - ગદગ
૫. મમતા જે. શાહ - અમદાવાદ
૬. કિરણ ઉમરશી રાંભિયા - નડિયાદ
૭. ઉષ્મા વિશાલ શાહ - અમદાવાદ

### ૧ ભૂલવાળાની નામાવલિ

૮. સ્મિતા વિશાલ શાહ - અમદાવાદ

### ૨ ભૂલવાળાની નામાવલિ

૯. કાંતિલાલ રતનશી સાયા - અમદાવાદ
૧૦. કાર્તિક કિશોર સાયા - અમદાવાદ

## વૃદ્ધોને વૃદ્ધોની સલાહ

જ્યાં સુધી દીકરાઓ પૂછે નહીં ત્યાં સુધી સલાહ કે શિખામણ આપવી નહીં. સલાહ આપ્યા પછી પણ દીકરાઓ તે પ્રમાણે વર્તે નહિ તો દુઃખી થવું નહિ.

કાંઈને કાંઈ પ્રવૃત્તિ કરતા રહેવું. માત્ર બેસી રહેવું નહિ. ખૂબ ચાલવું. માનસિક શાંતિ મળે તેવી પ્રવૃત્તિ કરતા રહેવું.

ઘરમાં અનુકૂળ થઈ જવું. ટકટક કરવી નહિ. તેલ-મીઠુ-ખાંડનો ઉપયોગ ઓછો કરવો. મેથી-સૂંઠ-ભાજીનો ઉપયોગ વધુ કરવો. ત્યાગ ભાવના પ્રબળ રાખવી.

પુત્ર કે પુત્રવધૂ, દીકરી કે જમાઈ, પૌત્ર પૌત્રી વગેરેની ટીકા ટીપ્પણ ન કરવી. તેમના કામકાજમાં ખામીઓ ન શોધતા તેમાંની ખૂબીઓ શોધી તેઓના ગુણાનુવાદ કરવો.

જે કાર્ય દ્વારા આનંદ મળે તેવી પ્રવૃત્તિ કરવી. શાંતિ મળે ત્યાં બેસવું.

રસ પડે તેવું વાંચન કરવું. તનને સ્વચ્છ કરે- મનને સ્વસ્થ રાખે તેવી ચર્ચા કરવી.

*સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા*

*પ્રશંસાનો નશો ભલભલાનું પતન કરાવે છે.*



**સંકલન : રજનીકાંત ધરમશી પારેખ**

★ ૧૮ કરોડના જંગી ખર્ચે નિર્મિત હોકાયંત્ર સમાન અત્યાધુનિક 'મલ્ટી પ્રોડક્ટ ડોપ્લર વેધર રડાર' ટૂંક સમયમાં ચાલુ થઇ જશે તેવી માહિતી હવામાન વિભાગના મહાનિર્દેષક ડૉ. રામવીર શર્માએ આપેલ હતી.

★ ગુજરાતના મુખ્યપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા થઇ રહેલા પ્રધાન મંડળના વિસ્તરણમાં કચ્છને કોઇ સ્થાન આપવામાં આવ્યું નથી. મંત્રીમંડળમાં મહિલા ધારાસભ્યને સમાવવાની જોરશોરથી શરૂ થયેલી ચર્ચાના પરિઘમાં અંજારના ધારાસભ્ય ડૉ. નીમાબહેન આચાર્યને સમાવવાની ધારણા પણ ખોટી પડી હતી.

★ લખપત તાલુકાના મુખ્યમથક દયાપરમાં ગટર યોજના અને રસ્તાના વિસ્તૃતીકરણ કામના લીધે વારંવાર ટેલિફોન કેબલની તોડફોડથી ત્રાસી ઊઠેલા નાયબ કલેક્ટરે ઉપરના કામમાં અગાઉથી ટેલિફોન ખાતાને જાણ કરવાની તાકીદ કરી હતી અને છતાં જો ટેલિફોન લાઇન તૂટી જશે તો ઠેકેદાર સામે પોલીસ ફરિયાદ નોંધાવવાની કડક સૂચના આપી હતી.

★ કચ્છમાં વિકાસના કામોના નામે ખેડૂતોની ખેતીલાયક જમીન સંપાદન કરવામાં આવે છે તેની સામે અપાતા વળતરમાં ખેડૂતોને અનેકગણું નુકસાન જતું હોવાથી ૨૦૦૨માં અપાયેલ સુપ્રીમકોર્ટના ચુકાદા અન્વયે ખેડૂતોને ખેતીની આવક નક્કી કરી આઠ વર્ષ સુધી વળતર આપવાની માંગણી રાપર વિભાગના ધારાસભ્ય બાબુભાઇ મેઘજી શાહે કરી હતી.

★ કચ્છમાં ૨૦૦૧ના ગોઝારા ભૂકંપની ૧૦મી વરસીના દિવસોની આજુબાજુના દિવસોએ વાગડ ફોલ્ટ સળવળતાં અને અવારનવાર ભૂકંપના નાના આંચકાઓ આવતાં ભચાઉ-રાપર તેમજ આસપાસના વિસ્તારમાં ધરા ધ્રુજી ઊઠતાં લોકો ભયભીત થઇ ઊઠ્યા છે.

★ ભુજની હવામાન કચેરીમાં ૨૪ વરસથી ટેક્નિશિયન તરીકે ફરજ બજાવી રહેલાં કમલેશભાઇ મોડને દેશના 'મોસમ વિજ્ઞાન વિભાગ'ના પશ્ચિમ ક્ષેત્રના 'શ્રેષ્ઠ કર્મચારી'ના પ્રાદેશિક ઍવૉર્ડથી નવાજવામાં આવ્યા હતા.

★ ગેરકાયદે ડીઝલ વેચવાના કેસમાં ફિટ કરાવી દેવાની ધમકી આપી વેપારી પાસેથી તોડ કરવાનો ત્રાગડો રચનારા દયાપાર પોલીસ મથકના સબ ઇન્સ્પેક્ટર નરેન્દ્રકુમાર એન. પરમાર આજે લાંચના છટકામાં રંગેહાથ પકડાઇ જતાં પોલીસ બેડામાં ચકચાર મચી ગઇ હતી.

★ કચ્છમાં જમીન સોદામાં ખૂબ મોટા ચુકવણા કરવામાં આવતા હોવાથી મોકાનો લાગ જોઇને નકલી નોટોનો જથ્થો કાળા નાણા સાથે ભળી જઇ-ચુકવાઇ જાય છે. આ સોદા દરમ્યાન જંગી રકમની લેવડ-દેવડ એટલી ઊંચી હોય છે કે તેના માટે બેંકમાં કરન્સી ગણવાના જે મશીનો વસાવવામાં આવ્યા છે તેવા મશીનો જમીન ધંધાર્થીઓએ વસાવ્યા છે. જમીનના એક ધંધાર્થીએ તો તેમની કિંમતી કારની પાછળના ભાગે નોટ ગણવાનું મશીન કાયમી ધોરણે ફીટ કરાવ્યું છે. જે ગાડીમાં ફ્રીજ હોય તેવો દેખાવ ઉત્પન્ન કરે છે.

★ કચ્છ જિલ્લામાં તાજેતરમાં બાકી રહેલા ચૂંટણી કાર્ડ બનાવી તેનું વિતરણ કરવામાં આવ્યું છે. આ ઓળખપત્રોમાં અનેક ક્ષતિઓના પગલે લોકોને પરેશાની ભોગવવી પડે તેમ છે. આ અંગે ક્ષતિઓ સુધારવા માંગ કરવામાં આવી છે.

★ કચ્છના, ડોંબીવલી ખાતે રહેતા સગા ભાઇ-બહેન અનિતા લોડાયા અને રાજેશ લોડાયા ભરયુવાનીમાં દીક્ષા લેવા તત્પર બન્યા છે. તેની અનુમોદનાર્થે ભુવનભાનુ સૂરિ સમુદાયનાં વિજય હેમચંદ્ર સૂરિ મ.સા. આચાર્યશ્રી કલ્યાણ બોધિસૂરિની નિશ્રામાં પાંચ દિવસનો ઉત્સવ યોજવામાં આવેલ હતો.

★ ૧૨મી ફેબ્રુઆરીએ ગાંધીધામ ડે ની ઊજવણી નિમિત્તે સવારે મેરેથોન ડે મેગા બ્લડ ડોનેશન કેમ્પ અને સાંજે ૪ કલાકે કાર્નિવલનું આયોજન કરવામાં આવ્યું હતું.

★ મુંબઇ યુનિ.માં ગોલ્ડ મેળવીને મહાનગરમાં ન રહેતાં માદરે વતનમાં આવી લોકોની સેવા કરનાર આંખના જાણીતા સર્જન ડૉ. પ્રશાંત વસાને અગ્રણીઓએ અંજલિ આપી હતી.

★ ખાવડામાં વાઘેશ્વરી માતાજીના મંદિરનો વાર્ષિક ઉત્સવ ઉજવાયો હતો. જેમાં ધ્વજારોહણ, હોમહવન, પૂજન, આરતી મહાપ્રસાદ વગેરેનું આયોજન કરવામાં આવ્યું હતું.

★ બિદડા સર્વોદય ટ્રસ્ટ સંચાલિત શા. કલ્યાણજી માવજી પટેલ આરોગ્યધામ ખાતે તા. ૩ થી ૨૪ જાન્યુઆરી સુધી યોજાયેલા ૩૭મા વિવિધ રોગની શિબિરમાં કચ્છ તેમજ બૃહદ કચ્છના ૨૭ હજારથી વધુ દર્દીઓએ લાભ લીધો હતો. ૧૦૪૨ દર્દીઓની

સ્થાનિકે શસ્ત્રક્રિયા કરવામાં આવી હતી અને ૧૫૭ દર્દીઓને વધુ સારવાર માટે મુંબઇ મોકલાયા હતા.

★ કચ્છની ધરતીને નર્મદાના નીરથી નંદનવન બનાવવા માટે રાજયના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ કચ્છ પ્રેમના કારણે સરદાર સરોવર નિગમ અને સરદાર સરોવર જળ સિંચન સમિતિમાં કચ્છી માડુઓને મહત્ત્વના હોદ્દા આપ્યા છે ત્યારે નર્મદા કેનાલના કામો ગતિશીલ બનશે તેવી કચ્છી માડુ આશા રાખી રહ્યા છે.

★ મળતી માહિતી પ્રમાણે ઘડુલી-સાંતલપુર સરહદી માર્ગ પર ટોલટેક્ષ નહીં ઉઘરાવવામાં આવે તેવા સમાચાર સાંભળીને કચ્છના વાહન માલિકો ખુશખુશાલ થયેલ છે.

★ અંજાર સુધરાઈની સામાન્ય સભામાં અંજારમાં વકરતી જતી પાણીની સમસ્યા હલ કરવા માટે નવા બોર બનાવવામાં આવશે તેવી માહિતી શહેર સુધરાઇ પ્રમુખ કલ્પનાબહેન શાહે આપી હતી.

★ કેન્દ્રીય અકાદમીનો ભાષા ગૌરવ અને કચ્છી ગૌરવ એવૉર્ડ મેળવી ચુકેલા માધવ જોશી 'અશ્ક' અને બીજા પચાસથી વધુ સાહિત્યકારોએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે વસતિ ગણતરીના ફોર્મમાં માતૃભાષાનું ખાનું છે ત્યાં ગુજરાતીને બદલે 'કચ્છી' ભાષા લખાવવી.

★ અંજારમાં આવેલ વેલસ્પન કંપનીને જમીનની ગેરકાયદે ફાળવણી અને લાંચ રુશવત સંબંધી જુદા જુદા બે કેસમાં અત્રેની ખાસ અદાલતે આજે જિલ્લાના માજી કલેક્ટર પ્રદીપ શર્માના આગોતરા જામીનની અરજી નામંજૂર કરી હતી.

★ વાઈબ્રન્ટ-૨૦૧૧માં જે વિક્રમી વેપાર કરારો થયા છે તેનાં પગલે સરહદી કચ્છમાં ઉદ્યોગગૃહની નાની મોટી અનેક ટીમો ઉતરી પડી છે અને તેથી જ ખનીજ આધારિત ઉદ્યોગોને યોગ્ય જગ્યા મળે તે ઉદ્દેશથી જિલ્લામાં સંભવતઃ પ્રથમ જ વખત ખાણ અને ખનીજ ખાતાએ ખાનગી એજન્સીઓ રોકીને ખનીજ સંશોધનની શરૂઆત કરી છે.

★ ભચાઉ - વાગડ - રાપર સારસ્વત મહાસ્થાનનો આઠમો સરસ્વતી સન્માન જટાશંકર એલ. જોશીના પ્રમુખપદે યોજાઈ ગયો હતો. આ સમારંભમાં જુદા જુદા વિદ્યાર્થીઓને ઈનામો અપાયા હતા.

★ કચ્છ જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ ફોરમ દ્વારા તાજેતરમાં બજારના રાજા કહેવાતા ગ્રાહકોની તરફે અલગ અલગ દસ મહત્ત્વના ચુકાદા આપ્યા હતા. ફોરમના અધ્યક્ષ એન.એસ. વોરા તથા સભ્ય કુ. હીનાબહેન ઠક્કર અને ડૉ. જ્ઞાનેશ્વર રાવે ગ્રાહકના હિતોને ધ્યાનમાં લઈને આ ચુકાદા આપ્યા હતા.

★ ઉદ્યોગ કળા પત્રકારત્વ જેવા પોતપોતાના ક્ષેત્રમાં અસાધારણ સફળતા મેળવનારા મોભીઓને સ્વર્ણિમ ગુજરાત ઍવૉર્ડ ૨૦૧૧ જાહેર કરાયા હતા. આ ઍવૉર્ડ મેળવવામાં દામજી લાલજી શાહ (એન્કરવાલા), સંગીતકાર આણંદજી, નવનીત પ્રકાશનના અમરચંદ ગાલા અને ડુંગરશી ગાલા, એન્કરવાલા અહિંસાધામના ટ્રસ્ટીઓ, સેજલ ગ્લાસના અમૃત ગડા, નવી મુંબઈના નીલેશ દામજી ગાલા, રોમન ગ્રૂપના ભૂપેન છેડા, જોય ગ્રૂપના જયંત સોની, શિપિંગ ક્ષેત્રે કલ્પેશ મોતા અને સમાજસેવા ક્ષેત્રે લખમશી વેરશી – કચ્છીઓને આ ઍવૉર્ડ અપાયા. ૧૩મી ફેબ્રુઆરીએ બિરલા માતુશ્રી સભાગૃહમાં આ ઍવૉર્ડ સમારંભ યોજવામાં આવ્યો હતો.

★ બિદડા ખાતે રૂપિયા પાંચ કરોડના ખર્ચે જીવન સંધ્યાએ સધિયારો આપનારા ''માવતરનો માળો'' સંકુલનો શિલાન્યાસ કોમલભાઈ સુંદરજીભાઈ બચુભાઈ, ભવાનજીભાઈ વગેરેએ કર્યો હતો.

★ અંજારમાં બે કરોડના ખર્ચે કચ્છ ગૂર્જર ક્ષત્રિય ભવનનું ઉદ્‌ઘાટન કરવામાં આવેલ અને આ સમયે ૧૨ નવદંપતીઓના સમૂહ લગ્નો યોજવામાં આવ્યા હતા. આ સમારંભમાં સમિતિના અધ્યક્ષો અને મહિલા મંડળના કાર્યકરોનું સન્માન કરાયું હતું.

★ મંગલદીપ ફાઉન્ડેશનના ટ્રસ્ટી અને દાતા રમેશભાઈ હીરજી ધરોડ દ્વારા પત્રી ગામમાં મકાન ન ધરાવતા ગરીબ, જરૂરતમંદ કુટુંબો માટે ૫૫ જેટલા આવાસો બનાવી આપવા મંગલદીપ નગરનું ભૂમિપૂજન અને પ્રવેશદ્વારોનો લોકાર્પણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

★ સ્વર્ણિમ ગુજરાત કાર્યક્રમ અંતર્ગત 'વાંચે ગુજરાત' સ્પર્ધામાં જિયાપર પ્રાથમિક શાળાની વિદ્યાર્થિની પોકાર ક્રિષ્ણા રવિલાલ પ્રથમ ક્રમે વિજેતા બનેલ હતી.

★ એચ.આઈ.વી. અને ઍઈડ્સગ્રસ્તોને મદદ અને હૂંફ મળી રહે તે હેતુથી અહીંની નવજીવન કેર એન્ડ સપોર્ટ સંસ્થા ખાતે એક કાર્યક્રમનું આયોજન કરાયું હતું. જેમાં ગ્રસિતોને રાશન કિટ વિતરણ કરાઈ હતી.

★ ૨૦મી ફેબ્રુઆરી રવિવારે જિલ્લા કલેક્ટરના આયોજન હેઠળ લોક ભાગીદારીથી કચ્છના હિમાલય સમા ધીણોધર ડુંગર ઉપર યુવક યુવતીઓ માટેની આરોહણ સ્પર્ધા યોજવામાં આવી હતી.

★ સલામતી દળો માટે સતત ચિંતા અને ચર્ચાનું કેન્દ્ર બનેલી પાકિસ્તાન સાથેની કચ્છની ક્રીક અને કાંઠાળ સીમાની સુરક્ષાને વધુ મજબૂત અને અદ્યતન બનાવવા માટે હાલે પોલીસ અને બોર્ડર હોમગાર્ડની હકુમત હેઠળના અબડાસાના મેડીથી જખૌ

વચ્ચેના કાંઠાને સીમાદળના જાપ્તા હેઠળ આણવા નિર્ણય લેવામાં આવેલ છે.

★ ભુજ - નખત્રાણાના ૪૫ કિ.મી.નો માર્ગ એમ.એસ. ખુરાના કંપની પાસે છે. કંપનીને જેટલો ટોલ ટેક્ષ ઉઘરાવવામાં રસ છે, તેટલો માર્ગની મરામત કરવા માટે રસ નથી. આ માર્ગ ઉપર બંને બાજુ ઠેરઠેર જંગલી બાવળ ઊગી નીકળેલ છે. ડિવાઈડર પણ તૂટી ગયા છે અને અમુક જગ્યાએ ખાડા તેમજ વળિયા પણ પડી ગયા છે.

★ ધી મુસ્લિમ એજ્યુકેશન એન્ડ વેલફેર સોસાયટી દ્વારા ચલાવાતી મુસ્લિમ હાઈસ્કૂલને મુંબઈમાં સ્થાયી કચ્છી જૈન પરિવાર મહેન્દ્રભાઈ વેરશી શાહ તરફથી માતબર દાન પ્રાપ્ત થયું છે.

★ ઈતિહાસવિદ્ પ્રો. ખાચરે માહિતી આપેલ છે કે વિશ્વનું સૌથી પ્રાચીન થિયેટર ભારત પાસે છે અને એ પણ ગુજરાતના કચ્છ પ્રદેશમાં આવેલા ધોળાવીરા ખાતે છે. ૨૮૩ x ૪૫ મીટરના વિશાળ પટમાં આ સ્ટેડિયમ અચૂક થિયેટર તરીકે ઉપયોગમાં લેવામાં આવતું હતું તેવા તારણ પર ઈતિહાસવિદ્દો આવ્યા છે.

★ ભુજના કલેક્ટર શ્રી થેનારસે કચ્છમાં પાણી પુરવઠાની જેટલી પણ મિલકતો છે તે તમામનો વ્યવસ્થિત ઉપયોગ કરી વર્તમાન પાણી યોજનાની સગવડ સાથે સાંકળી લઈ ઉપયોગમાં લેવા સૂચના આપેલ છે.

★ મુંદ્રા ખાતે અખિલ કચ્છ જિલ્લા જત મલેક (ગરાસિયા) સમાજ અને મુંદ્રા તાલુકા મુસ્લિમ સમાજ દ્વારા ૨૦-૨-૧૧ના રોજ ૬૭ જેટલા નવયુગલો સમૂહમાં શાદી (વિવાહ)ના બંધનમાં જોડાશે.

★ પ્રવાસન અને એન.આર.જી. વિભાગના રાજ્યમંત્રી જિતેન્દ્ર સુખડિયાએ જણાવ્યું હતું કે કચ્છમાં બિનનિવાસી ગુજરાતીઓ માટેના કેન્દ્રનો આરંભ કરાશે.

★ કંડલા પોર્ટ ટ્રસ્ટના સચિવ કેપ્ટન બાલેન્દુ તિવારીએ જણાવ્યું હતું કે પોર્ટના વિકાસ માટે જેટ્ટી નં.-૧૩ના બાંધકામ માટે કરાર થઈ ગયા છે. આ ઉપરાંત જૂના કંડલા સ્થિત બાર્જ જેટીના ડેવલપમેન્ટ માટે પણ ઐતિહાસિક કરાર થયેલ છે. તુણા ખાતે ફ્રન્ટ ફ્રાથડોક ટગની સંખ્યા વધારવા હાર્બર મોબાઈલ ક્રેના રેલવેની સુવિધા, રોડ શેડ્સ, ગોદામની સુવિધા વિકસાવવાનું કામ હાથ ધરાયું છે.

★ અંજાર નગરપાલિકા સંચાલિત વર્ષો જૂની શાકમાર્કેટ રૂા. ૭૫ લાખના ખર્ચે અદ્યતન છૂટક શાકમાર્કેટ બનાવવાના કાર્યનો આરંભ થયો છે.

★ મુંદ્રા - ભદ્રેશ્વર રાજ્ય ધોરીમાર્ગ ઉપર હટડી ગામ પાસે આજે વહેલી સવારે નીલકંઠ કંપનીના સ્ટાફને લઈ જતી તુફાન જીપ સાથે ટ્રક અથડાતાં છ જણના કરુણ મૃત્યુ થયા હતા.

★ જિલ્લા આરોગ્ય સમિતિ દ્વારા જિલ્લાના આરોગ્ય માળખાંને મજબૂત કરવા ૩૪ દવાખાનાંને અપગ્રેડ કરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનો દરજ્જો આપવા અને પાંચ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોને સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં રૂપાંતર કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

★ જંગલખાતાના પ્રતિબંધિત વિસ્તારમાં બાવળ - ખેર વગેરે વૃક્ષો કોલસા બનાવવાના કપાઈ જતા ચિંકારા અભયારણ્ય નષ્ટ થવાને આરે ઊભેલ છે.

★ કચ્છમાં 'વાંચે ગુજરાત' અભિયાનને વધુ ગતિશીલ બનાવવાના ભાગરૂપે જિલ્લાના તમામ તાલુકા મથકોએ નાના એવા ૨૧ ગ્રંથાલય શરૂ કરવામાં આવશે.

★ ભુજના શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ - મુંબઈના દાતાના સહયોગથી કચ્છના જરૂરતમંદ ૫૪ પરિવારોને જયેશ જૈનના માર્ગદર્શન હેઠળ અનાજ વિતરણ કરાયું હતું.

★ રાજ્ય સરકાર દ્વારા સફળતાપૂર્વક અમલ થઈ રહેલ કુંવરબાઈના મામેરા યોજનાનો લાભ સામાજિક, શૈક્ષણિક રીતે પછાત વર્ગોના લાભાર્થીઓ લે તેવી અપીલ રાજ્યમંત્રી શ્રી વાસણભાઈ આહીરે કરી હતી.

★ સર્વ સેવા સંઘ - ભુજ સંચાલિત એન્કરવાલા જનરલ હોસ્પિટલ મસ્કા (તા. માંડવી) ખાતે હાડકાના રોગના દર્દીઓને રાહતભાવે સારવાર મળે તેવી વ્યવસ્થા ઊભી કરાઈ છે. આ ઉપરાંત આ સંસ્થાના સંચાલન હેઠળ મા આશાપુરા આરોગ્યધામ ખાતે પણ જુદા જુદા રોગના નિષ્ણાત ડૉક્ટરના કેમ્પનું આયોજન કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

★ ભચાઉમાં આવેલી સરદાર કૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીના કૃષિ સંશોધન કેન્દ્ર ખાતે રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજના અંતર્ગત નિર્મિત લેબોરેટરી કમ ઓફિસ બિલ્ડિંગને રાજયના કૃષિ મંત્રી દિલીપભાઈ સંઘાણીએ ખુલ્લા મૂક્યા હતા.

★ ભુજના નાગર ચકલામાં આવેલા ૨૬૦ વર્ષ જૂના મહાત્મા મેકરણ દાદાના મંદિરનો આશરે ત્રીસેક લાખના ખર્ચે જીર્ણોદ્ધાર કરવામાં આવશે.


*૫, જયદર્શન ફ્લેટ, નવા શારદા મંદિર રોડ,*
*પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭.*
*ફોન : (૦૭૯) ૨૬૬૩૪૩૮૮, મો. ૯૮૯૮૦ ૫૩૫૨૧*

## વગાડો 'ડી' ની પિપૂડી

| *ક્રમ* | *પ્રશ્ન* | *જવાબ* |
|---|---|---|
| ૧. | લાલુપ્રસાદની પત્નીનું નામ | રાબડી |
| ૨. | વૃદ્ધોને (શારીરિક) ટેકો આપે તે | લાકડી |
| ૩. | રમતોમાં ભાગ લે તે | ખેલાડી |
| ૪. | માથે બાંધવાનો ફેંટો | પાઘડી |
| ૫. | બહેન ભાઈને બાંધે | રાખડી |
| ૬. | આકાશમાં ઊંચે ઊડતું પક્ષી | સમડી |
| ૭. | મહારાજ પહેરે | પોતડી |
| ૮. | સંત પગમાં પહેરે તે | ચાખડી |
| ૯. | રાજાઓ પગમાં પહેરે તે | મોજડી |
| ૧૦. | માતાજીને ઓઢાડીએ | ચુંદડી |
| ૧૧. | પાણી શુદ્ધ કરવા માટેની વસ્તુ | ફટકડી |
| ૧૨. | કચરો ભરવાનું સાધન | સૂપડી |
| ૧૩. | નાના બાળકને વગાડવું ગમે તે | પીપૂડી |
| ૧૪. | પાથરવાનું એક સાધન | સાદડી |
| ૧૫. | શુકનમાં બંધાતો દોરો | નાડાછડી |
| ૧૬. | રોટલો/રોટલી/ભાખરી શેકવાનું સાધન | તાવડી |
| ૧૭. | પાટા પર ચાલે તે | રેલગાડી |
| ૧૮. | લાચાર સ્ત્રી | બાપડી |
| ૧૯. | શરીર પર હોય | ચામડી |
| ૨૦. | ગુનો કરનારને પુરાય | કોટડી |
| ૨૧. | વહાલભર્યો પ્રેમ | પ્રીતડી |
| ૨૨. | પાતળી પથારી | ગોદડી |
| ૨૩. | ભીંત પર ચીતરી ચડે તેવું પ્રાણી | ગિલોડી |
| ૨૪. | ફળ-ફૂલ ભરવાનું સાધન | છાબડી |
| ૨૫. | નદીમાં ફરે તે | હોડી કે નાવડી |
| ૨૬. | માટીનું કાચું ઘર | ઝૂંપડી |
| ૨૭. | નાની દીવી | દીવડી |
| ૨૮. | પુસ્તકનું બીજું નામ | ચોપડી |
| ૨૯. | સંઘનો વડો | મોવડી |
| ૩૦. | રૂપાળી છોકરી | ફૂટડી |
| ૩૧. | એક માતાજીનું નામ | મેલડી |
| ૩૨. | વહાલી લાગતી બાળકી | મીઠડી |
| ૩૩. | એકદમ ગુસ્સા અને આવેશમાં આવેલી સ્ત્રી | રણચંડી |
| ૩૪. | ધન-દોલત-સંપત્તિ | મૂડી |
| ૩૫. | ગાંધીજીએ કૂચ કરી એ | દાંડી |
| ૩૬. | સ્ત્રીનું વસ્ત્ર | સાડી |
| ૩૭. | સાંકડો રસ્તો | કેડી |
| ૩૮. | દીવાસળીનું બીજું નામ | કાંડી |
| ૩૯. | ઉપલો માળ | મેડી |
| ૪૦. | પગના તળિયાનો ભાગ | એડી |
| ૪૧. | સોપારી કાતરવાનું સાધન | સૂડી |
| ૪૨. | માનું મીઠું નામ | માડી |
| ૪૩. | વજનદાર સ્ત્રી | જાડી |
| ૪૪. | સાધુ-સંતો-મહંતો રાખે | પાવડી |
| ૪૫. | કચ્છના એક ગામનું નામ | નરેડી |
| ૪૬. | ઉનકોઠના ડેમ(બંધ)નું નામ | વેંગડી |
| ૪૭. | નાના છોકરાઓ રમે તે | ઠેરુડી |
| ૪૮. | નાની છોકરીનું ચાગલી તે | બબુડી |
| ૪૯. | કચ્છમાં વણકરોનું ગામ | ભુજોડી |
| ૫૦. | મોટી માજીનું નામ | કકુંડી |

*સંકલન : હીરાલાલ વી. ઉનડોઠવાલા*

# લગ્નોત્સુક ઉમેદવારોની માહિતી

| | | | |
|---|---|---|---|
| ઉમેદવારનું નામ : | **રીતેશ**  | **વૈભવ**  | **શ્રેણિક**  |
| પિતાશ્રીનું નામ : | દીપક | કીર્તિભાઈ | મુકેશકુમાર |
| માતાશ્રીનું નામ : | | | |
| અટક : | નાગડા | શાહ | મુનવર |
| જ્ઞાતિ : | | | |
| સંપ્રદાય : | | | દસા ઓસવાળ |
| મૂળ વતન : | ડુમરા, તા. અબડાસા | માંડવી | જખૌ, તા. અબડાસા |
| જન્મ તારીખ : | ૦૭-૧૦-૧૯૮૩ | ૧૦-૦૩-૧૯૮૪ | ૧૧-૦૮-૧૯૭૬ |
| ઉંમર વર્ષ : | ૨૭ | ૨૭ | ૩૫ |
| જન્મ સ્થળ : | | | |
| જન્મ સમય : | | | |
| હાઈટ : | ૫'૧૧" | ૫'૭" | ૫'૬" |
| વજન : | ૬૫ કિ.ગ્રા. | ૬૨ કિ.ગ્રા. | ૫૨ કિ.ગ્રા. |
| દેખાવ : | ઘઉંવર્ણ | ઘઉંવર્ણ | દેખાવડો |
| અભ્યાસ : | B.Com., PGDM<br>Dip. in Finance | SSC, I.T.I.<br>Comp. Hardware Course | S.Y.B.Com. |
| પોતાનો વ્યવસાય : | નોકરી | કોમ્પ્યુટર હાર્ડવેરનો વ્યવસાય | કાપડનો વ્યવસાય |
| પિતાશ્રીનો વ્યવસાય : | વ્યવસાય | નોકરી | કાપડનો વ્યવસાય |
| વાર્ષિક આવક : | ૬ ફીગરમાં. | રૂા. ૨.૭૫ લાખ | રૂા. ૩.૦ લાખ |
| દાદા : | જાદવજીભાઈ નાગડા | મુલચંદભાઈ શાહ | શાંતિલાલભાઈ મુનવર |
| નાના : | ખીમજી ડાહ્યાભાઈ ગડા | પરસોત્તમભાઈ સંઘવી | બાલચંદભાઈ શાહ |
| સરનામુ : | ૩-૩-૭૮, ફ્લેટ નં.-૧૦૨,<br>શ્રી સાંઈ ઉર્મિલોક ટાવર,<br>કુત્બીગુડા, કાચીગુડા, હૈદ્રાબાદ. | "અમિઝરા", ૧૩૯, ખોડિયાર કૃપા સોસાયટી, કંતારેશ્વર મહાદેવ મંદિર રોડ, કતારગામ, સુરત. | બી/૯, પદ્માવતી એપાર્ટમેન્ટ, અશોકનગર, ત્રીજે માળે, નવા વિકાસ ગૃહ રોડ, પાલડી, અમદાવાદ. |
| ફોન : | ૦૪૦-૬૪૬૧૯૪૫૫ | | ૨૬૬૪૫૦૭૬ |
| મોબાઈલ : | ૦૯૨૪૬૮૨૧૭૧૭ | ૯૮૨૪૯ ૫૯૩૫૪ | ૯૯૯૮૮ ૪૫૦૨૬ |
| ઈ-મેઈલ : | | | |
| કુંડળીમાં માનો છો? : | હા | હા | — |
| મંગળ / શનિ છે? : | હળવો મંગળ છે | નથી. | મંગળ છે. |
| ભાઈ : | | | મોટા ભાઈ-૧ |
| બહેન : | ૧ બહેન | | |
| અન્ય સંપર્ક : | સુરેશ નાગડા - મુલુંડ, મુંબઈ<br>ભવાનજી રવજી નાગડા - અમદાવાદ | જિતેન્દ્ર સી. શાહ - અમદાવાદ | |

*સુધારો કર્યા વગરનો પશ્ચાતાપ એવો છે જાણે કે છિદ્ર બંધ કર્યા વગર જહાજમાંથી પાણી કાઢવું.*

# લગ્નોત્સુક ઉમેદવારોની માહિતી

| | | | |
|---|---|---|---|
| **સંજય**  | **સાગર**  | **સુનીલ**  | **રાજીવ**  |
| કીર્તિભાઈ | ચંદ્રકાંતભાઈ | શશીકાંત | નવીનચંદ્ર |
| સંઘવી | શાહ | શાહ | મહેતા |
| | | ક.વી.ઓ. | દશા શ્રીમાળી |
| વાગડ સાત ચોવિસી | જૈન દેરાવાસી | દેરાવાસી | સ્થાનકવાસી |
| સાંતલપુર (બનાસકાંઠા) | મુંદ્રા | મુંદ્રા | માંડવી |
| ૦૫-૦૫-૧૯૭૫ | ૧૩-૧૦-૧૯૮૬ | ૧૬-૧૧-૧૯૮૦ | ૧૫-૧૦-૧૯૮૫ |
| ૩૫ વર્ષ | ૨૫ વર્ષ | ૩૦ વર્ષ | ૨૬ |
| ૫'૬" | ૫'૭" | ૫'૬" | ૫'૫" |
| ૬૨ કિ.ગ્રા. | ૬૨ કિ.ગ્રા. | ૫૪ કિ.ગ્રા. | ૬૨ કિ.ગ્રા. |
| ઘઉંવર્ણ | ઘઉંવર્ણ | ગોરો | ઘઉંવર્ણ |
| Std.-12 | ધોરણ-૮ | M.Com | B.Tech. (Civil), MBA |
| વ્યવસાય | નોકરી | નોકરી | નોકરી |
| – | નોકરી | નિવૃત્ત | નોકરી |
| રૂા. ૧,૨૦,૦૦૦/- | રૂા. ૪૮,૦૦૦/- | રૂા. ૨,૫૦,૦૦૦/- | રૂા. ૩ લાખ |
| ગેલચંદભાઈ સંઘવી | મગનલાલ શાહ | મગનલાલ શાહ | વાડીલાલભાઈ મહેતા |
| રાયજીભાઈ ત્રેવાડિયા | | કાંતિલાલભાઈ શાહ | ભોગીલાલ અમૃતલાલ દેસાઈ |
| ૬/૬, ઉમાસુત ફ્લેટ, અંજલિ સિનેમાની પાછળ, વાસણા, અમદાવાદ-૩૮૦ ૦૦૭. | ૧૧, નિહારીકા પાર્ક સોસાયટી, ગગન વિહાર ફ્લેટની સામે, ખાનપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧. | 'નીરવકુંજ', ૧૦, કૃષ્ણા સોસાયટી, તાલુકા પંચાયત ઓફિસની પાછળ, મુંદ્રા, કચ્છ-૩૭૦ ૪૨૧. | ૨૦૩, પારસ એપાર્ટમેન્ટ્સ, જૈન દેરાસર પાસે, ભાઈકાકા નગર, થલતેજ, અમદાવાદ-૩૮૦ ૦૫૯. |
| | | ૨૨૩૬૭૧ | ૩૦૫૨૮૪૨૦ |
| ૯૮૨૪૭ ૮૫૯૨૯ | ૯૯૧૩૮ ૧૭૨૨૬ | ૯૯૦૯૨૨૭૭૮૮ | ૯૬૮૭૪૮૫૮૬૪ |
| ના | હા | હા | હા |
| મંગળ છે | — | મંગળ છે. | નથી. |
| ૧ મોટા ભાઈ | ૧ નાનો ભાઈ | ૧ નાનો ભાઈ | |
| | | | ૧ બહેન |
| | | | રોહિતભાઈ ગાંધી - અમદાવાદ |


*લેવાની ઈચ્છાવાળો સદા દરિદ્ર જ રહે છે.*

# લગ્નોત્સુક ઉમેદવારોની માહિતી

| | | | |
|---|---|---|---|
| ઉમેદવારનું નામ | કિરણ  | દીપક  | ધવલ  |
| પિતાશ્રીનું નામ | ચંદુલાલ | મહેશકુમાર | કલ્યાણજી |
| માતાશ્રીનું નામ | | | |
| અટક | દંડ | શાહ | રાંભિયા |
| જ્ઞાતિ | કચ્છી દશા ઓસવાળ | ગૂર્જર જૈન | ક.વી.ઓસવાળ |
| સંપ્રદાય | દેરાવાસી | સ્થાનકવાસી | દેરાવાસી |
| મૂળ વતન | સાંધવ, તા. અબડાસા | ભુજ | રામાણિયા, તા. મુંદ્રા |
| જન્મ તારીખ | ૦૯-૧૦-૧૯૮૨ | ૧૫-૦૩-૧૯૮૩ | ૨૧-૬-૧૯૮૬ |
| ઉંમર વર્ષ | ૨૯ | ૨૮ | ૨૫ |
| જન્મ સ્થળ | | | |
| જન્મ સમય | | | |
| હાઈટ | | ૫'૮" | ૫'૫" |
| વજન | | ૭૨ કિ.ગ્રા. | ૭૬ કિ.ગ્રા. |
| દેખાવ | | ઘઉંવર્ણ | ગોરો |
| અભ્યાસ | S.S.C. | B.Com. | S.Y.B.Com., Dip. in Bakery & Patasay |
| પોતાનો વ્યવસાય | વ્યવસાય | નોકરી | નોકરી |
| પિતાશ્રીનો વ્યવસાય | વ્યવસાય | ટ્યુશન | – |
| વાર્ષિક આવક | રૂા. ૧,૨૦,૦૦૦/- | રૂા. ૨.૦૦ લાખ | રૂા. ૧૦.૦૦ લાખ |
| દાદા | દેવરાજભાઈ દંડ | ચંદુલાલભાઈ શાહ | રવજીભાઈ રાંભિયા |
| નાના | | કરશનજી પારેખ | માવજીભાઈ છેડા |
| સરનામુ | મેકરાભાઈના મકાનમાં, મકાન નં.-૫, પરષોત્તમનગર, નવા વાડજ, અમદાવાદ-૧૩. | બિલ્ડિંગ નં.-૭, ફ્લેટ ૪૧/૪૨, હરીઓમ નગર, મુલુંડ (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૧. | ૨૫, ફ્રેન્ડ્સ સોસાયટી, જવાહર ચોક, સાબરમતી, અમદાવાદ-૩૮૦ ૦૦૫. |
| ફોન | | ૦૨૨-૨૫૩૨૩૧૩૮ | ૨૭૫૦૬૧૬૧ |
| મોબાઈલ | ૯૬૦૧૮૨૯૩૬૮ | ૯૮૬૯૨ ૪૩૧૩૮ | ૦૦૬૧૪૩૦૧૦૭૩૦૬ |
| ઈ-મેઈલ | | | |
| કુંડળીમાં માનો છો? | ના | – | ના. |
| મંગળ / શનિ છે? | ના. | – | નથી. |
| ભાઈ | | ૧ ભાઈ | મોટા ભાઈ-૧ |
| બહેન | ૧ બહેન | | |
| અન્ય સંપર્ક | શાંતિલાલ દેવરાજ દંડ - અમદાવાદ | જિતેન્દ્ર સી. શાહ - અમદાવાદ | |

*જીવનમાં દયાથી ભરપૂર હૃદય સૌથી મોટી દોલત છે.*

## લગ્નોત્સુક ઉમેદવારોની માહિતી

| **નીતિન**  | **મિલન**  | **પૂજા**  | **યોગીતા**  |
|---|---|---|---|
| કાંતિલાલ | હરીશભાઈ | મુકેશ | દીપક |
| લોડાયા | શાહ | ધરોડ | નાગડા |
| કચ્છી દશા ઓસવાળ | વીસા શ્રીમાળી | ક.વી.ઓ. | |
| દેરાવાસી | ખરતરગચ્છ | સ્થાનકવાસી | |
| સાંયરા (અબડાસા) | માંડવી | પત્રી (મુંદ્રા) | ડુમરા (અબડાસા) |
| ૧-૦૫-૧૯૭૨ | ૧૮-૧-૧૯૮૬ | ૦૮-૧-૧૯૯૧ | ૧૫-૦૮-૧૯૮૬ |
| ૩૯ વર્ષ | ૨૫ વર્ષ | ૨૧ વર્ષ | ૨૫ |
| ૫'૫" | ૫'૬" | ૫'૨" | ૫'૩" |
| ૫૦ કિ.ગ્રા. | ૫૫ કિ.ગ્રા. | ૫૪ કિ.ગ્રા. | |
| ઘઉંવર્ણ | ઘઉંવર્ણ | ઘઉંવર્ણ | |
| S.S.C. | B.Com. | H.S.C., HDI Intl. Exam Pass | B.Com., C.S. |
| | Comp. Hardware Course | Hardware & Comp. Engg. | |
| વ્યવસાય | નોકરી | | |
| – | | નોકરી | નોકરી |
| રૂા. ૧,૮૦,૦૦૦/- | રૂા. ૧ લાખ | | |
| કુંવરજીભાઈ લોડાયા | ચુનીલાલ શાહ | પ્રેમજીભાઈ ધરોડ | જાદવજીભાઈ નાગડા |
| કુંવરજીભાઈ ધરમશી | મગનલાલભાઈ શેઠ | રામજી લખમશી ગોગરી | ડાહ્યાભાઈ ગડા |
| ૩૦૧, નવનીત ભવન, | ૬, હરસિધ્ધ એપાર્ટમેન્ટ, | એફ/૨, પારૂલ ફ્લેટ્સ, | ૩-૩-૭૮, ફ્લેટ નં.-૧૦૨, |
| આણંદજી કલ્યાણજી બ્લોક, | હીરા જૈન સોસાયટી, રામનગર, | મયુરપંખ સોસાયટીની બાજુમાં, | શ્રી સાંઈ ઉર્મિ ટાવર, કુત્બીગુડા, |
| બહેરામપુરા, અમદાવાદ-૨૨. | સાબરમતી, અમદાવાદ-૫. | સેટેલાઈટ, અમદાવાદ. | કાચીગુડા, હૈદ્રાબાદ-૨૭. |
| ૯૯૨૪૧ ૦૫૫૩૪ | | ૨૬૭૫૦૬૮૭ | ૦૪૦-૬૪૬૧૯૪૫૫ |
| ૯૯૨૪૪ ૯૦૦૦૮ | ૯૯૭૪૭૪૩૨૭૮ | ૯૮૭૯૭ ૪૩૦૧૦ | ૦૯૨૪૬૮૨૧૭૧૭ |
| ના | ના | ના | હા |
| નથી. | નથી. | નથી. | નથી. |
| | ૧ નાનો ભાઈ | | ૧ ભાઈ |
| | ૧ પરીણિત બહેન | | |
| | | | સુરેશ નાગડા - મુલુંડ, મુંબઈ |
| | | | ભવાનજી રવજી નાગડા - અમદાવાદ |

*દોડવું નિરર્થક છે. મુખ્ય વાત તો સમયસર નીકળવું છે.*

## લગ્નોત્સુક ઉમેદવારોની માહિતી



| | | |
|---|---|---|
| ઉમેદવારનું નામ | : | ૠજુતા |
| પિતાશ્રીનું નામ | : | ઈલેશ |
| માતાશ્રીનું નામ | : | |
| અટક | : | શાહ |
| જ્ઞાતિ | : | |
| સંપ્રદાય | : | |
| મૂળ વતન | : | મુંદ્રા |
| જન્મ તારીખ | : | ૧૬-૦૯-૮૮ |
| ઉંમર વર્ષ | : | ૨૩ |
| જન્મ સ્થળ | : | |
| જન્મ સમય | : | |
| હાઈટ | : | ૫'૩'' |
| વજન | : | ૬૦ કિ.ગ્રા. |
| દેખાવ | : | ઘઉંવર્ણ |
| અભ્યાસ | : | N.S.C.I.T. |
| પોતાનો વ્યવસાય | : | |
| પિતાશ્રીનો વ્યવસાય | : | |
| વાર્ષિક આવક | : | |
| દાદા | : | નગીનભાઈ શાહ |
| નાના | : | બાબુલાલ ગાંધી |
| સરનામુ | : | ૧૬, હરિપ્રસાદ નગર, નવા વિકાસગૃહ રોડ, ધરણીધર દેરાસરની પાછળ, પાલડી, અમદાવાદ. |
| ફોન | : | ૩૦૦૦૯૮૯૪ |
| મોબાઈલ | : | ૯૮૯૮૦ ૨૧૬૩૪ |
| ઈ-મેઈલ | : | |
| કુંડળીમાં માનો છો? | : | હા |
| મંગળ / શનિ છે? | : | હળવો મંગળ છે. |
| ભાઈ | : | ૧ નાનો ભાઈ |
| બહેન | : | |
| અન્ય સંપર્ક | : | |

## સુખી લગ્નજીવન માટે શું કરવું?

૧. સુખી લગ્નજીવન માટે એ જરૂરી છે કે ભૂતકાળની વાતો, જેનાથી મનદુ:ખ થયું હોય તેને યાદ ન કરવી કે જેથી ફરી પાછા દુ:ખી થવાય. ખરેખરું દુ:ખ કે અરે દુ:ખની કલ્પના કે વિચાર પણ માનસિક અને શારીરિક નુકસાન કરે છે. ભૂતકાળની જે વાતોથી કે વર્તણૂકથી આનંદ થયો હતો તેવી વાતો અને વર્તણૂક ફરી યાદ કરવી અને શક્ય હોય તો તેનું પુનરાવર્તન કરવું. દા.ત. સારા પ્રસંગો, જેવા કે વર્ષગાંઠ, લગ્નની તારીખના દિવસે કાર્ડ, ભેટો આપવી કે ડિનર પર જવું.

૨. એકબીજાની જરૂરિયાત, રુચિ-અરુચિ, ગમા-અણગમાના જ્ઞાનના આધારે પતિ-પત્નીએ એકબીજા સાથે એવી વાણી બોલવી અને એવી વર્તણૂક કરવી કે જેથી એકબીજાને મનદુ:ખ ન થાય ઊલટું એકબીજાના આનંદમાં વૃદ્ધિ થાય. જ્યાં જરૂર લાગે ત્યાં, યોગ્ય સમયે આભાર, દિલગીરી, માફી, હું તમને/તને ચાહું છું, મને તમારી / તારી જરૂર છે. (Thank you, “Sorry”, “Forgive Me”, “I love you”, “I need you”) એવા શબ્દોનો પ્રસંગને ધ્યાનમાં રાખીને ઉપયોગ કરવામાં સંકોચ ન કરવો. હંમેશાં યાદ રાખવું- થોડાક શબ્દો ઉચ્ચારવાથી અગ્નિની સાક્ષીએ લગ્ન થાય છે અને થોડાક વધુ શબ્દો (ખાસ કરીને અપ્રિય, ઊંચા અવાજે) ઉચ્ચારવાથી ઘરમાં અગ્નિનો સાક્ષાત્કાર થાય.

૩. શક્ય હોય તો વર્ષે-બે વર્ષે બહારગામ જવું.

૪. ભવિષ્યનો બહુ વિચાર ન કરવો. ખાસ કરીને એવી વાતોનો વિચાર ન કરવો કે જેથી મનમાં ગ્લાનિ કે અસ્વસ્થતા ઉત્પન્ન થાય.

૫. જેટલું બને તેટલું વર્તમાનમાં રહેવું. હંમેશાં ખ્યાલ રાખવો કે ભૂતકાળ તે ઇતિહાસ છે, ભવિષ્ય તે રહસ્ય છે - જેના વિશે કંઇ ખબર નથી. માટે ચિંતા કરવાથી કશું બદલાવાનું નથી. ભૂતકાળ બદલી નહીં શકાય, ભવિષ્યનો વિચાર કરીને વર્તમાન ખરાબ ન કરવું. બને તેટલું વર્તમાનમાં રહેવું. માટે જ અંગ્રેજીમાં કહેવાય છે કે present is a present (ભેટ). વર્તમાન એ ભગવાનની ભેટનો ભરપૂર ઉપયોગ કરવો.

૬. ગીતાનો ઉપદેશ હંમેશાં ધ્યાનમાં રાખવો - જે થઇ ગયું છે તે સારા માટે, જે થઇ રહ્યું છે એ પણ સારા માટે અને જે થવાનું છે તે પણ સારા માટે. આનાથી દુ:ખ દૂર નહીં થાય તો પણ ઓછું તો જરૂર થશે.

૭. અભિમાન, અહં (ego) સદંતર દૂર ન થઇ શકે તો તેને કાબૂમાં રાખવા પ્રામાણિક પ્રયાસ કરો. સંબંધો અહં કરતાં વધુ મહત્ત્વના છે. અહં ઘવાશે, ખાસ કરીને વૃદ્ધાવસ્થામાં, તે ચાલશે, પરંતુ સંબંધોમાં તિરાડ ન પડવી જોઇએ.

૮. વૃદ્ધાવસ્થામાં ગમશે, ચાલશે, ભાવશે, ફાવશે એવી મનોવૃત્તિ કેળવવી.

૯. સરખામણી ન કરવી, વધુ પડતી અપેક્ષા ન રાખવી.

૧૦. એકબીજાની ત્રુટીઓ સ્વીકારીને એકબીજાની સારી વસ્તુઓના વખાણ કરવાં.

*— દિલીપ કાજી*

*પ્રેષક : મગનલાલ સંઘવી - અમદાવાદ*

*બીજાનું ભલું કરનારનું હંમેશાં ભલું જ થાય છે.*

# સમાજ દર્પણ

## સરનામા ફેરફાર

- **મનોજ ત્રિભોવનદાસ શાહ**
  પ્લોટ નં. ૧૧૪/૧, સેક્ટર ૭/સી,
  ગાંધીનગર-૩૮૨ ૦૦૭.
- **જગદીશ શાંતિલાલ ત્રેવાડિયા**
  ૧૦, ચિંતન પાર્ક સોસાયટી, વાસણા બસ સ્ટેન્ડ પાછળ,
  બગીચાની પાછળ, વાસણા, અમદાવાદ-૩૮૦ ૦૦૭.

## પુત્ર જન્મ

- **શનિવાર, તા. ૫-૧-૨૦૧૧**
  **ચિ. જૈનેશ વિશાલ અનિલ મોતા (સુથરી - અમદાવાદ)**

## શરણાઈ

- **સોમવાર, તા. ૭-૨-૨૦૧૧**
  **અંકિત ભોગીલાલ કાનજી ત્રેવાડિયા (કાનમેર - અમદાવાદ)**
  **પ્રીતીક્ષા (સ્વીટી) જિતુભાઈ સંઘવી (ભચાઉ - ગાંધીધામ)**
- **શનિવાર, તા. ૧૨-૨-૨૦૧૧**
  **રાકેશ હરખચંદ નાનજી પોલડિયા (તલવાણા - અમદાવાદ)**
  **ધ્વનિ ધીરેનભાઈ ધરમશી ગાલા (કાંડાગરા - મુંબઈ)**
- **રવિવાર, તા. ૨૦-૨-૨૦૧૧**
  **પ્રિયેન ચંદ્રકાંત બાબુભાઈ લોડાયા (સાંધવ - અમદાવાદ)**
  **અદિતિ જિતેન્દ્ર દેવજીભાઈ ખોના (આરીખાણા - અમદાવાદ)**
- **ગુરુવાર, તા. ૨૪-૨-૨૦૧૧**
  **રચના ભરત વિશનજી ભેદા (ભુજપુર - અમદાવાદ)**
  **સંકેત સૂર્યકાંત ખીમજી ગડા (પત્રી - મુંબઈ)**

## સાભાર સ્વીકાર

**શ્રી પરબતભાઈ શિવજીભાઈ પટેલ** તરફથી વિશ્રામગૃહ ખાતે ચાલતા **શ્રી જલારામ અન્નક્ષેત્ર** માટે રૂા. ૯,૦૦૦/- દાન મળેલ છે. જેનો સમાજ સાભાર સ્વીકાર કરે છે.

તેઓશ્રીની સખાવત માટે ખૂબ ખૂબ અભિનંદન.

# યુવા વિકાસ સમિતિ

## બુક બેંક યોજના

બેંક એટલે આપણા આર્થિક વ્યવહારોને સુગમતા બક્ષતી એક સંસ્થા કે જેના વિવિધ પ્રકારના કાર્યોથી આપ સૌ સુવિદિત છો જ. બેંક આપણને લોન આપે છે, આપણી બચતો ઉપર વ્યાજ આપે છે, આપણને સુરક્ષિત લોકરની સુવિધા આપે છે, આપણા નાણાકીય વ્યવહારોને સુરક્ષિત અને સુગમ બનાવે છે. **જરા વિચારો! આપણે જેને મહાદાન તરીકે માનીએ છીએ એવા અક્ષરદાન, જ્ઞાનદાનનો લાભ આપને આવી કોઈ બેંક દ્વારા પ્રાપ્ત થાય તો આપ તેનો લાભ લો કે નહીં?** અગર તમારો જવાબ 'હા' છે તો જ આગળ વાંચજો, અન્યથા વાંચવા પાછળ આપનો અમૂલ્ય સમય વેડફતા નહિ.

**અક્ષર દાન / જ્ઞાન દાનનો લાભ કરાવતી, લાભ આપતી બેંક એટલે બુક બેંક.**

આપ સૌ જ્ઞાતિજનોના સાથ સહકારથી યુવા વિકાસ સમિતિ બુક બેંક યોજના શરૂ કરવા જઈ રહી છે. આપની પાસે રહેલા શૈક્ષણિક પુસ્તકોનો સદુપયોગ થાય એવા ઉમદા હેતુથી અમે આપની સમક્ષ ઉપરોક્ત યોજના લઈને આવ્યા છીએ. **બહુ સાદી ને સરળ ભાષામાં વાત કરીએ તો આપ આપના બાળકના શૈક્ષણિક પુસ્તકો વર્ષાંતે અમારી પાસે જમા કરાવો અને આપને જોઈતા આગામી વર્ષના પુસ્તકો અમારી પાસેથી મેળવો.** તમારે સત્વરે તમારું નામ, બાળકનું નામ, હાલનું ધોરણ, માધ્યમ (અંગ્રેજી / ગુજરાતી), (સી.બી.એસ.ઈ. બોર્ડ કે ગુજરાત બોર્ડ વગેરે) વિગતવાર વિદ્યાર્થી દીઠ અલગ અલગ આપના નામ સરનામા / ફોન નંબર સાથે લખીને મોકલાવવાનું રહેશે. જેથી આપની પાસેથી કયા ધોરણના પુસ્તકો અમોને પ્રાપ્ત થવાના છે અને આપને કયા ધોરણના પુસ્તકો જોઈશે તેની અમોને જાણ રહે અને તે માટે યોગ્ય વ્યવસ્થા અમો કરી શકીએ.

આ સાથે સમાજના સર્વે સભ્યોને અપીલ કરીએ છીએ કે હજી તો શૈક્ષણિક વર્ષ પૂરું થવાની વાર છે. લખીશું, જણાવીશું, શું ઉતાવળ છે વગેરે પ્રકારની આળસને ત્યજીને આપની જરૂરિયાત અને આપના તરફથી પ્રાપ્ત થનાર સહયોગ (પુસ્તકો સ્વરૂપે) અમોને સત્વરે લખી મોકલાવશોજી.

**વિગત મોકલવાનું સરનામું :**
વિમેશ જી. શાહ
(યુવા વિકાસ સમિતિ)
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ
શ્રી કચ્છી જૈન ભવન, ૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
પાલડી, અમદાવાદ.

**વધારે માહિતી માટે સંપર્ક :**
શ્રી વિમેશ શાહ (મો. ૯૮૭૯૧ ૧૦૪૬૭) (રાત્રે ૮ થી સવારે ૮)

***નવીન લાલકા - કન્વીનર, યુવા વિકાસ સમિતિ***
***શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ***

*લક્ષ્યાંક માટે આશાવાદનો વિશ્વાસ જરૂરી છે. આશા કે વિશ્વાસ વિના કશું જ શક્ય નથી.*

# યુવા વિકાસ સમિતિ યોજે છે....

## બુકશેલ્ફ - બ્લડ ડોનેશન પારિતોષિક યોજના

### "જીવન પર્યંત રક્તદાન, મૃત્યુ બાદ ચક્ષુદાન"

શું આપ નિયમિત રક્તદાન કરો છો? જો આપનો જવાબ 'હા'માં છે તો આપ ખરેખર ઉમદા કાર્ય કરો છો. એક માનવી તરીકે અન્ય માનવી પ્રત્યેની આપની ફરજનિષ્ઠા બદલ આપને અમે અભિનંદન આપીએ છીએ. આપ અને આપના જેવી અન્ય રક્તદાતાઓની ભાવનાઓને પ્રોત્સાહિત કરવાના એક નાનાકડા પ્રયાસ સ્વરૂપે યુવા વિકાસ સમિતિ યોજે છે "બુક શેલ્ફ" રક્તદાન પારિતોષિક યોજના.

આપનું નામ, ઉંમર, ટેલિફોન નંબર (મોબાઈલ), અત્યાર સુધી આપે કરેલ કુલ રક્તદાનની સંખ્યા (જો યાદ હોય તો) અને વર્ષ દરમિયાન (તા. ૧-૪-૧૦થી ૩૧-૩-૧૧ સુધી) આપે કેટલી વખત રક્તદાન (તારીખ યાદ હોય તો તે સાથે), કોને માટે (કોઈ દર્દી માટે કે રક્તદાન કેમ્પમાં) કરેલ છે તે તમામ વિગત અમોને એક પેપર ઉપર તા. ૩૦-૪-૨૦૧૧ સુધી નીચે દર્શાવેલ સરનામે મોકલાવી આપશો.

**રાજેશ ધરમશી**
**સભ્ય, યુવા વિકાસ સમિતિ**

*નોંધ : કવર ઉપર "રક્તદાન" લખવું જરૂરી છે.*

*કન્વીનર, યુવા વિકાસ સમિતિ*

## કચ્છી પરિવારના પગલાથી ત્રણ જણાને જીવતદાન મળ્યું

કચ્છી પરિવારના સુરેશ ગાલાને બ્રેઈન હેમરેજ થતાં ભાટિયા હોસ્પિટલમાં વેન્ટિલેટર પર રાખવામાં આવ્યા હતા, પણ સુધારો ન થતાં ડૉ. રીટાબહેન સાવલાએ તેમના અંગોનું દાન કરવા સલાહ આપી હતી અને એ પરિવારે વિચારણા કરી સલાહને માન્ય કરી સુરેશભાઇનાં અંગો કિડની, લીવર, ચક્ષુ અને ચામડીનાં દાન કરવા તૈયાર થતાં તાબડતોબ, હરકિસનદાસ હોસ્પિટલના ડીન ડૉ. અતુલ આદલિયાએ સુરેશભાઇનું પ્રાણપંખેરું ઊડી જાય તે અગાઉ લીવર, ચામડી, કિડની અને ચક્ષુની જરૂરિયાતવાળાને શોધી કાઢતાં એક કિડની ઘાટકોપરના અલ્પા ગડાને, બીજી કિડની તથા લીવર જસલોકના દર્દીને અર્પણ થયાં અને ચામડી માટે સાયન હોસ્પિટલવાળા પહોંચી ન શકતાં ફેલ ગઈ.

આ માટે સુરેશ ગાલાના પરિવાર તેમજ ડૉ. રીટા સાવલા તેમ જ ડીન આદલિયાને ધન્યવાદ આપવા ઘટે કે ત્રણ જણાને જીવતદાન બક્ષવા જહેમત કરી. આવી પહેલ અન્યોએ કરવી જરૂરી છે. જેથી જરૂરતમંદ, આવાં અંગો મેળવી જીવન જીવી શકે.

*હીરાલાલ ઊનડોઠવાલા - ઘાટકોપર, મુંબઈ*

# યુવા વિકાસ સમિતિ

### શ્રીમતી પ્રભાબહેન શાંતિલાલ મુલજી સાવલા જનરલ નોલેજ (ક્વીઝ કોન્ટેસ્ટ) સ્પર્ધા

તા. ૨૪-૪-૨૦૧૧ને રવિવારના સવારે ૧૦.૦૦ કલાકે સમાજના સભ્ય પરિવારજનના ૧૩ વર્ષથી ઉપરની વયના સભ્યો માટે સામાન્ય જ્ઞાન સ્પર્ધાનું આયોજન શ્રી કચ્છી જૈન ભવન, પાલડી મધ્યે કરવામાં આવેલ છે. આ સ્પર્ધામાં ભાગ લેવા માટે પોતાના નામ, ફોન નંબર, વય તા. ૨૦-૪-૨૦૧૧ સુધી નીચે જણાવેલ કાર્યકરો પાસે લખાવવા જરૂરી છે.

*વિમેશ શાહ : ૯૮૭૯૧ ૧૦૪૬૭*

*વિશાલ શાહ : ૯૪૨૮૩ ૫૦૦૩૮, ૨૬૭૬૩૬૪૮*

### શ્રી હરખચંદ કુંવરજી સાવલા નિબંધ સ્પર્ધા

તા. ૨૪-૪-૨૦૧૧ને રવિવારના સવારે ૧૦.૦૦ કલાકે સમાજના સભ્ય પરિવારજનના સભ્યો માટે નિબંધ સ્પર્ધાનું આયોજન શ્રી કચ્છી જૈન ભવન, પાલડી મધ્યે કરવામાં આવેલ છે. આ સ્પર્ધામાં ભાગ લેવા માટે પોતાના નામ, ફોન નંબર, વય તા. ૨૦-૪-૨૦૧૧ સુધી નીચે જણાવેલ કાર્યકરો પાસે લખાવવા જરૂરી છે.

*વિમેશ શાહ : ૯૮૭૯૧ ૧૦૪૬૭*

*હીરેન શાહ : ૯૮૨૫૪ ૦૩૬૦૦*

- **સ્પર્ધકોના ગ્રૂપ અને વિષય**

★ **ગ્રૂપ-એ : ૧૨થી ૧૮ વર્ષ**

*વિષયો* : (૧) પુસ્તકાલયનું ઘટતું જતું મહત્ત્વ કેમ કરીને સુધારાય? (૨) How can we become more & more ecofriendly?, (૩) જો મને એક દિવસ માટે ગુજરાતના મુખ્ય પ્રધાન બનવા મળે તો....

★ **ગ્રૂપ-બી : ૧૯થી ૪૦ વર્ષ**

*વિષયો* : (૧) પુસ્તકાલયનું ઘટતું જતું મહત્ત્વ કેમ કરીને સુધારાય? (૨) ફેસ બુક અને સોશિયલ વેબસાઈટ ખરેખર આપણને જોડે છે? (૩) વર્ષ ૨૦૧૦નું મૂલ્યાંકન – તમારી દૃષ્ટિએ.

★ **ગ્રૂપ-સી : ૪૧ વર્ષથી ઉપરના**

*વિષયો* : (૧) પુસ્તકાલયનું ઘટતું જતું મહત્ત્વ કેમ કરીને સુધારાય? (૨) ગુજરાત પ્રગતિ / વિકાસ ઉપરછલ્લો કે સર્વાંગી? (૩) અનાજ સડી જાય અને લોકો ભૂખ્યા રહે – આ તે કેવી લોકશાહી?

*નોંધ* : (૧) નિર્ણાયકોનો નિર્ણય સર્વે સ્પર્ધકોને બંધનકર્તા રહેશે અને તે નિર્ણય આખરી ગણાશે. (૨) ઉપરોક્ત સ્પર્ધાઓની વિગતમાં જરૂરી ફેરફાર કરવાની સત્તા યુવા વિકાસ સમિતિ પાસે રહેશે.

*નવીન જે. લાલકા, કન્વીનર - યુવા વિકાસ સમિતિ*

*ક્રોધ મગજના દીપકને બુઝાવી દે છે. આથી સંકટના સમયે શાંત રહેવું જ ઉચિત છે.*

## આંખના મોતિયાનો નિદાન કેમ્પ

શ્રી નવનીત મેડિકલ સેન્ટર તથા શ્રીમતી પ્રભાવતીબહેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટરના ઉપક્રમે ગત માસ દરમ્યાન આંખના મોતિયાના નિદાન અર્થે એક નિઃશુલ્ક કેમ્પનું આયોજન શ્રી કચ્છી જૈન ભવન મધ્યે કરવામાં આવ્યું હતું. જેમાં સ્થાનિક તેમજ આસપાસના વિસ્તારમાંથી ૫૦થી ૭૫ની વયવાળા ૪૪ દર્દીઓએ આ જાહેર કેમ્પનો લાભ ઉઠાવ્યો હતો. તેમાં ૩૦ પુરુષ અને ૧૪ મહિલા હતા.

આંખ વિભાગના નિષ્ણાત સર્જન ડૉ. દેવલભાઈ શાહ અને ડૉ. લીનાબહેન કોઠારી દ્વારા નિદાનના અંતે ૨૮ દર્દીઓ ફેકો પદ્ધતિના ઑપરેશન માટે નક્કી થયા હતા અને તે મુજબ તેઓનું રજિસ્ટ્રેશન કરવામાં આવ્યું હતું.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ટ્રસ્ટી શ્રી હીરજીભાઈ પી. શાહ અને શ્રી કે.ડી. શાહની ઉપસ્થિતિમાં સવારે ૯.૦૦ કલાકે કેમ્પનો આરંભ થયો હતો અને બપોરે સમાપન થયું હતું.

ઉલ્લેખનીય છે કે ઉપરોક્ત મેડિકલ સેન્ટર દ્વારા પ્રત્યેક વર્ષ દરમ્યાન જાહેર પ્રજાના લાભાર્થે વિવિધ પ્રકારના કેમ્પોનું આયોજન થાય છે. જેમાં સારી એવી સંખ્યામાં સ્થાનિક તેમજ આસપાસના દર્દીઓ લાભ લેતા હોય છે. જે પૈકી (૧) યુવાન વયે થતા હાર્ટ એટેક સંબંધિત કાર્ડિયાક, (૨) હાડકાંના રોગો, (૩) કેન્સર, (૪) શરીરમાં થતા અસહ્ય દુઃખાવાના, (૫) બૉન મેરો - ડેન્સિટી વગેરેના નિદાન અને સારવાર માટેના કેમ્પ મુખ્ય હતા.

ગત વર્ષ દરમ્યાન પણ નેત્રરોગોનાં એક ફ્રી નિદાન કેમ્પનું આયોજન થયું હતું. જેમાં ૧૪૭ દર્દીઓએ લાભ લીધો હતો. અને આ પ્રકારના વિવિધ કેમ્પોની દર્દીઓ દ્વારા પ્રશંસા થતી હોય છે.

*કન્વીનર, તબીબી સેવા સમિતિ*

## સમાજ સુરક્ષા સમિતિ

ટ્રસ્ટ મંડળ દ્વારા લેવાયેલા નિર્ણય પ્રમાણે આ સમાજના એક પરિવારમાંથી જેટલા પણ નોંધાયેલા સભ્યો હોય, તે દરેકને રૂા. ૨.૫૦ લાખના અકસ્માત મૃત્યુ વીમા યોજનામાં સમાજ દ્વારા સમાવિષ્ટ કરવામાં આવ્યા છે. આ પ્રકારના સભ્યોની યાદી અગાઉના મંગલ મંદિરમાં પ્રસિદ્ધ થઇ ગઇ છે. એ યાદીમાં નીચે દર્શાવેલા નામ ઉમેરવામાં આવ્યા છે.

૧. શ્રી અમૃતલાલ મણિલાલ મહેતા
૨. શ્રી ભવાનજી રવજી નાગડા
૩. શ્રી ગિરીશકુમાર ગોપાલજી સંઘવી
૪. શ્રી ગોવિંદજી કેશવજી નાગડા
૫. શ્રી નાગજી પાલણ સાવલા

*અશ્વિન સાવલા, કન્વીનર - સમાજ સુરક્ષા સમિતિ*

## શિક્ષણ તથા ઇતર ડેવલપમેન્ટ સમિતિ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સભ્ય પરિવારજનોના ધોરણ-૯થી ૧૨માં ભણતા ૪૭ બાળકોના એપ્ટીટ્યૂડ ટેસ્ટ શ્રી કચ્છી જૈન ભવન ખાતે તા. ૧૯-૧૨-૧૦ તથા તા. ૨૬-૧૨-૧૦ના રોજ લેવામાં આવ્યા હતા.

ત્યારબાદ તા. ૨૩-૧-૧૧ તથા તા. ૩૦-૧-૧૧ના રોજ ઉપરોક્ત ટેસ્ટ આપનાર બાળકો તથા તેમના વાલીઓને પરિણામ આપી તેમનું ગ્રૂપમાં તેમજ વ્યક્તિગત રીતે કાઉન્સેલિંગ, પાલડી ભવન ખાતે ‘ટેન્ગ્રામ’ સંસ્થાના ડૉ. નિમ્રત સિંઘ દ્વારા કરવામાં આવ્યું હતું.

આ ટેસ્ટનો સંપૂર્ણ ખર્ચ સમાજે ભોગવ્યો છે. ઉપરોક્ત ટેસ્ટ માટે લેવામાં આવેલ ડિપોઝિટની રકમ રૂા. ૧૦૦/- પરત કરવાની રહે છે. તે માટે સમાજની ઓફિસે સંપર્ક કરી, રકમ પરત મેળવી લેવા વિનંતી છે.

હજી પણ સમાજના ધોરણ-૯થી ધોરણ-૧૨માં ભણતા બાળકો પૈકી કોઈનો એપ્ટીટ્યૂડ ટેસ્ટ બાકી હોય તેમણે પાલડી ભવનમાં ડિપોઝિટના રૂા. ૧૦૦/- સાથે પોતાના નામ લખાવી દેવા વિનંતી છે. બાકી રહેલા આ બાળકોનો, આગામી એપ્રિલ માસમાં ટેસ્ટ યોજવાનો પ્રયત્ન કરવામાં આવશે. અત્યાર સુધી ટેસ્ટ આપનાર બાળકો તથા વાલીઓના પ્રતિભાવ જાણવા સમિતિના સભ્ય શ્રીમતી નેહા નિમેશ શાહ દરેકનો સંપર્ક કરશે.

સમિતિ દ્વારા આયોજન કરાયેલ પેરેન્ટ કેર વર્કશોપની ઘણી જ સરાહના થઈ હતી. હજી પણ સમાજના ઘણા સભ્યોએ તેનો લાભ લેવાનો બાકી હોવાથી, આગામી એપ્રિલ-મે માસ દરમ્યાન ફરીથી ૦-૫ વર્ષના, ૬ થી ૧૧ વર્ષના, ૧૨થી ૧૮ વર્ષના બાળકોના વાલીઓ તેમજ ૧૨થી ૧૮ વર્ષના બાળકો માટેના વર્કશોપનું આયોજન કરવામાં આવશે. તો વહેલી તકે ટોકન ચાર્જ રૂા. ૨૦/- સાથે આપનું નામ નોંધાવી દેવા વિનંતી છે. સમિતિએ ધોરણ-૧૧માં ભણતા સમાજના બાળકોને ‘કોસમોસ’ નામના ખૂબજ માહિતીપ્રદ પુસ્તકનું વિનામૂલ્યે વિતરણ કરવાનું નક્કી કરેલ છે.

સમાજના ગ્રેજ્યુએશન, પોસ્ટ ગ્રેજ્યુએશન કરતા વિદ્યાર્થીઓની એક ‘ક્લબ’ કુ. કાજલ ગાલાની આગેવાની હેઠળ ઊભી કરવાનું નક્કી કરવામાં આવ્યું છે. જેની વધારે માહિતી પાછળથી આપવામાં આવશે. ગ્રેજ્યુએશન, પોસ્ટ ગ્રેજ્યુએશન કરતા વિદ્યાર્થીઓ પોતાના નામ - નંબર માહિતી સમાજની ઓફિસમાં લખાવી શકે છે.

*કન્વીનર, શિક્ષણ તથા ઇતર ડેવલપમેન્ટ સમિતિ*

*લોઢામાંથી પેદા થતો કાટ ધીરે ધીરે એ લોઢાને જ ભરખી જાય છે. તેવી રીતે સ્વચ્છંદી માણસનાં દુષ્કર્મો તેને જ ભરખી જાય છે.*

*— બુદ્ધ*

*મૃત્યુને પ્રેમ કરો. તમને મૃત્યુ બિહામણું નહીં લાગે.*

## સમાજ સુરક્ષા સમિતિ
## તબીબી વીમા અંગે અગત્યની જાહેરાત

શ્રી કચ્છી જૈન સેવા સમાજ, અમદાવાદના સભ્ય પરિવારજનોનું આથી ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે છે કે, તાજેતરમાં ન્યુ ઇન્ડિયા એશ્યોરન્સ કંપની લિમિટેડ સહિત અન્ય સરકારી એશ્યોરન્સ કંપનીઓ દ્વારા **કેટલીક હોસ્પિટલોને અનધિકૃત - અમાન્ય જાહેર કરવામાં આવી છે. એટલે તે પૈકીની કોઇ હોસ્પિટલમાં લીધેલ તબીબી સારવારની રકમ અર્થે વળતરનો કાંઇપણ દાવો-ક્લેઇમ કરી શકાશે નહીં. બીજા અર્થમાં, તે પ્રકારનો તમામ ખર્ચ વીમા-ધારક વ્યક્તિએ જાતે જ ભોગવવાનો રહેશે.**

આ સ્થિતિમાં વીમાધારક દરેક સભ્યને ખાસ જણાવવાનું કે વીમા કંપની દ્વારા અધિકૃત માન્ય હોસ્પિટલોમાં જ દાખલ થઇને તબીબી સારવાર લેવાનું ધ્યાન રાખે.

તબીબી વીમા ધારક વ્યક્તિને ન્યૂ ઇન્ડિયા એશ્યોરન્સ કંપની દ્વારા વીમાપોલિસી, પ્રિમિયમની રસીદ અને અમાન્ય જાહેર થયેલ હોસ્પિટલોની નામાવલિ નોંધ મોકલાવવામાં આવી રહ્યા છે. પોલિસી સાથે દર્શાવવામાં આવેલ શરતો પણ ધ્યાનપૂર્વક તપાસવાનો આગ્રહ કરવામાં આવે છે.

*અશ્વિન સાવલા, કન્વીનર - સમાજ સુરક્ષા સમિતિ*

## શ્રીમતી લીલાબહેન નવીનચંદ્ર હરિયા મહિલા ઉત્કર્ષ સમિતિ

ઉપરોક્ત સમિતિના ઉપક્રમે તા. ૧૯-૨-૨૦૧૧ના રોજ શ્રી રામજી વેલજી સાવલા મિષ્ટાન્ન-વાનગી હરીફાઇનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કુલ ૮ બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધેલ હતો. બન્ને સ્પર્ધાના નિર્ણાયક : શ્રીમતી પ્રીતિબહેન ઠક્કરે નીચે મુજબના વિજેતાઓ જાહેર કર્યા હતા.

*પ્રથમ ક્રમાંક* : શ્રીમતી જ્યોત્સનાબહેન એ. શાહ
(મિષ્ટાન્ન : ગ્રીન વટાણાના રોલ)

*દ્વિતીય ક્રમાંક* : શ્રીમતી જ્યોત્સનાબહેન ગોગરી
(મિષ્ટાન્ન : મેથીના પાનના લાડુ)

*તૃતીય ક્રમાંક* : શ્રીમતી નયનાબહેન ગોગરી
(મિષ્ટાન્ન : પપૈયાના લાડુ)

શ્રીમતી વિમળાબહેન શીરીષ કોરડિયા મહેંદી હરીફાઇમાં ૬ બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધેલ હતો. જેમાં વિજેતાઓ નીચે પ્રમાણે હતા.

*પ્રથમ ક્રમાંક* : શ્રીમતી ભાવનાબહેન ગાલા
*દ્વિતીય ક્રમાંક* : શ્રીમતી યોગિની ચેતન શાહ
*તૃતીય ક્રમાંક* : શ્રીમતી કિન્નરી રાજેશ શાહ

*કન્વીનર, મહિલા ઉત્કર્ષ સમિતિ*

## “સંકલ્પ”
## શ્રી કચ્છી જૈન યુથ એસોસિએશન - અમદાવાદ

“સંકલ્પ” શ્રી કચ્છી જૈન યુથ એસોસિએશન એટલે યુવાનોની સંસ્થા. આ આપણા યુવાનોનાં હૃદયમાં સમાયેલ સંકલ્પે દર વર્ષની જેમ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે યોજેલ ધ્વજવંદન કાર્યક્રમ પ્રસંગે રમતગમતનું આયોજન કર્યું હતું. ‘સંકલ્પ’ એટલે યુવાનોની સંસ્થા, એ માન્યતાને ખોટી સાબિત કરીને વડીલો સહિત ૨૦૦ જેટલા સભ્યોએ રમતગમતના કાર્યક્રમને ઉત્સાહભેર માણ્યો. ઘણા સમય પછી આ કાર્યક્રમમાં આટલી મોટી સંખ્યામાં સભ્યોએ ભાગ લીધો હતો. આ જોઈને સંકલ્પના દરેક સભ્યોએ પ્રોગ્રામની સફળતા માટે ખુશી અનુભવી હતી.

આ કાર્યક્રમમાં વિવિધ અવનવી રમતોની સ્પર્ધાનું આયોજન થયું હતું. દરેક સભ્યોએ આ સ્પર્ધાનો ખૂબ ઉત્સાહભેર આનંદ માણ્યો હતો.

રમતગમતના વિજેતાઓને ઈનામ આપ્યા બાદ બપોરના ભોજનની વ્યવસ્થા રાખવામાં આવેલ હતી. આ કાર્યક્રમ અર્થે આર્થિક સહયોગ શ્રી પંકજ કાંતિલાલ શાહ (ગૂર્જર ગ્રંથરત્ન પરિવાર) તથા ડૉ. કેતન ઈન્દ્રજિત શાહ તરફથી મળેલ હતો.

**“સંકલ્પ”ના આગામી કાર્યક્રમો**

૧. **પાલિતાણા છગાઉ જાત્રા**
તા. ૧૭/૧૮-૩-૨૦૧૧

૨. **ધૂળેટી કાર્યક્રમ.**
તા. ૨૦-૩-૨૦૧૧

ધૂળેટી કાર્યક્રમના અંતે ભોજનનું આયોજન છે. યોગ્ય વ્યવસ્થા અર્થે કાર્યક્રમના દિવસે સવારના ૧૧.૦૦ કલાકે પહેલાં શ્રી કચ્છી જૈન ભવનમાં હાજર રહીને ભોજનના ટોકન લેવાનું આવશ્યક છે.

ઉપરોક્ત બંને કાર્યક્રમોની અન્ય વિગત મંગલ મંદિરના ગત માસના અંકમાં પ્રસિદ્ધ થઈ છે.

*પ્રમુખ/મંત્રી - ‘સંકલ્પ’*

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ
## દરેક પરિવારને ખાસ વિનંતી

*સમાજના દરેક પરિવારની વિગત વ્યવસ્થિત રેકોર્ડ કરીને સંગ્રહિત કરવા માટે સમાજના દરેક સભ્ય પરિવારને મંગલ મંદિરના માસ ઓક્ટોબર-૨૦૧૦નાં અંકમાં (પાના નં.-૧૦૪) પ્રસિદ્ધ થયેલ ફોર્મ ભરીને તાત્કાલિક સમાજની ઓફિસે મોકલાવવાનું જણાવવામાં આવ્યું હતું. ઘણા સભ્ય પરિવારોએ હજુ આ ફોર્મ મોકલાવેલ નથી.*

*બાકી રહેતા પરિવારોને આથી ફરીને એક વખત નમ્ર વિનંતી કે સામેના પાના ઉપર આપેલ આ ફોર્મ ભરીને તાત્કાલિક મોકલાવી આપશો.*

*ભારતીય પરંપરામાં મહાપુરુષોએ મૃત્યુને મંગલમય માન્યું છે.*

## માહિતી માટેનું ફોર્મ

*સમાજના દરેક પરિવારની છેલ્લામાં છેલ્લી વિગત કોમ્પ્યુટર પર રેકોર્ડ કરીને તેને સંગ્રહિત કરવાની હોવાથી સમાજના દરેક સભ્ય પરિવારને વિનંતી કે આ સાથેનું ફોર્મ તાત્કાલિક ભરીને તેને સમાજની ઓફિસે, શ્રી કચ્છી જૈન ભવન, પાલડી, અમદાવાદ પર મોકલી આપે.*

મુખ્ય વ્યક્તિનું નામ ________ પિતા/પતિનું નામ ________ દાદાનું નામ ________ અટક ________

હાલના રહેઠાણનું સરનામું : ________

________ વિસ્તાર ________

શહેર : ________ પીનકોડ : ________

વ્યવસાયનું સરનામું : ________

________ વિસ્તાર ________

શહેર : ________ પીનકોડ : ________

જન્મ તારીખ : ________ અમદાવાદમાં વસવાટનું વર્ષ : ________ વ્યવસાય : નોકરી / ધંધો / અન્ય ________

જ્ઞાતિ : ________ સંપ્રદાય : ________ કચ્છનું ગામ : ________ તાલુકો : ________

વૈવાહિક સ્થિતિ : પરિણીત / અપરિણીત બ્લડ ગ્રૂપ : ________ સભ્યપદ પ્રકાર : ________ કુટુંબનાં કુલ સભ્યોની સંખ્યા : ________

ફોન : રહે. ________ ઓફિસ : ________ મો.નં. : ________ ઈ-મેઈલ : ________

| ક્રમ | કુટુંબના સભ્યોની વિગત નામ | જન્મ તારીખ | મુખ્ય વ્યક્તિ સાથેનો સંબંધ | વૈવાહિક સ્થિતિ | બ્લડ ગ્રૂપ | અભ્યાસ | વ્યવસાય | ઓફિસનું સરનામું | ઓફિસનો ફોન / મોબાઈલ / ઈ-મેઈલ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | | |
| | | | | | | | | | |
| | | | | | | | | | |
| | | | | | | | | | |
| | | | | | | | | | |

*ઝરણાંને દરિયો થવું ક્યારેય ગમતું નથી કારણકે મોટા થઈને ખારા થવું એના કરતાં નાના રહીને મીઠા રહેવું વધુ સારું.*

## જાહેરાત

અમદાવાદના પાલડી, વાસણા, એલિસબ્રિજ, આશ્રમરોડ, નવરંગપુરા, આંબાવાડી, સેટેલાઈટ, વિજય ચાર રસ્તા તેમજ ઈન્કમટેક્ષ વિસ્તારમાં રહેતા પરિવારોને જણાવવાનું કે અગર તેઓ પોતાને ત્યાં ''મુંબઈ સમાચાર'' મંગાવવા ઈચ્છતા હશે તો તેની વ્યવસ્થા નીચે મુજબ ગોઠવવામાં આવેલ છે.

સવારમાં ૧૧.૦૦ વાગ્યા લગી એ જ દિવસનું 'મુંબઈ સમાચાર' આપશ્રીએ નોંધાવેલ ઉપરોક્ત વિસ્તારના સરનામે હેન્ડ ડિલીવરીથી પહોંચાડવામાં આવશે.

તે અંગેના લવાજમના દરો નીચે મુજબ રાખવામાં આવેલ છે.

| સમય | ડેઈલી મુખપત્ર | વીક્લી મુખપત્ર | ટોટલ |
|---|---|---|---|
| ૩ મહિના | રૂા. ૨૯૦/- | રૂા. ૫૫/- | રૂા. ૩૪૫/- |
| ૬ મહિના | રૂા. ૫૭૫/- | રૂા. ૧૧૦/- | રૂા. ૬૮૫/- |
| ૧૨ મહિના | રૂા. ૧૧૫૦/- | રૂા. ૨૨૦/- | રૂા. ૧૩૭૦/- |

*જરૂરિયાતવાળી વ્યક્તિઓએ નીચે મુજબ સંપર્ક સાધવા વિનંતી છે.*

**મુંબઈ સમાચાર પ્રા.લિ.**

૬-સી, સૂર્યપથ બિલ્ડિંગ, વ્હાઈટ હાઉસની સામે, પંચવટી પહેલી લેન, પંચવટી, અમદાવાદ.

**ફોન : ૨૬૪૨ ૧૭૮૩ / ૨૬૪૨ ૧૭૮૪**

**મોબાઈલ : (નાસીર શેખ) ૯૮૨૫૨ ૬૦૯૬૦ • (સોહીલ મન્સુરી) ૯૧૭૩૬ ૬૩૭૦૬**

## નમ્રતાપૂર્વકની અપીલ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ નજદીકના ભવિષ્યમાં જ શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ ખાતે 'કચ્છ આર્ટ ગેલેરી' (મ્યુઝિયમ પ્રકારની) સ્થાપવા માંગે છે. આ માટે જેઓ પાસે જૂની વિગતો, લખાણો, ફોટોગ્રાફ્સ, પેઈન્ટિંગ્સ વગેરે હોય અને જેઓ આ માટે સમાજને ડોનેશન્સ આપવા માંગતા હોય તેઓને સમાજની ઓફિસનો સંપર્ક સાધવા અપીલ કરવામાં આવે છે.

તદુપરાંત જેઓ પાસે કચ્છના જૂના કલેક્શન્સ એટલે કે ચલણી સિક્કા, સૂડી-ચપ્પુ, ગાડા, રથ, મિનરલ્સ, ઓજારો, હથિયારો વગેરે હોય અને તે જાહેર જનતા માટે આ ગેલેરીને આપવાની ઈચ્છા ધરાવતા હોય તેઓને પણ સમાજની ઓફિસનો સંપર્ક સાધવા અપીલ કરવામાં આવે છે.

**• સરનામુ •**

**શ્રી પરાશર વ્યાસ - મેનેજર**

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

શ્રી કચ્છી જૈન ભવન, ૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
નવચેતન હાઈસ્કૂલની સામે, પાલડી, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૭૪૬૮, ૨૬૫૭૮૮૯૨, ૨૬૫૮૧૫૦૧, ૨૬૫૭૯૪૬૮, ૨૬૫૭૯૪૬૯ ફેક્સ : (૦૭૯) ૨૬૫૮૨૦૬૦
ઈ-મેઈલ : kutchi_jainamd@hotmail.com

*જ્ઞાની એ છે જે વર્તમાનને સારી રીતે સમજીને પરિસ્થિતિ અનુસાર આચરણ કરે.*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો માસિક અહેવાલ

## જાન્યુઆરી / ફેબ્રુઆરી – ૨૦૧૧

● **મંગળવાર, તા. ૨૫-૧-૧૧**

☆ બેંગ્લોરથી લીંગાયત પંથના સાધુ મહાત્માજી તેમના સહ કાર્યકરો સાથે શ્રી કચ્છી જૈન ભવન પર પધારેલ હતા. તેઓશ્રીએ શ્રી અશોક મહેતા, શ્રી મણિલાલ કું. ગોસર વગેરે સાથે સદ્ભાવના મિટિંગ કરેલ હતી. હવે પછી તા. ૩૧-૧-૨૦૧૧ના અમદાવાદમાં યોજાનાર એક સદ્ભાવનાના જાહેર કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહેવાનું આપણને આમંત્રણ આપેલ હતું. આ કાર્યક્રમમાં શ્રી મણિલાલ કે. ગોસર ઉપસ્થિત રહેશે તેવું નક્કી કરવામાં આવેલ હતું.

● **બુધવાર, તા. ૨૬-૧-૧૧**

☆ દર વર્ષની જેમ આ વર્ષે પણ પ્રજાસત્તાક દિન નિમિત્તે એક ધ્વજવંદન કાર્યક્રમ યોજવામાં આવેલ હતો. ધ્વજવંદન, સમાજના એક વરિષ્ઠ કાર્યકર અને હિતેચ્છુ એવા શ્રી શાંતિલાલ છગનલાલ શાહના વરદ્ હસ્તે કરાવવામાં આવેલ હતું. ધ્વજવંદન કાર્યક્રમ બાદ સમાજની દેહદાન, ચક્ષુદાન તથા બ્લડ ડોનેશન સમિતિ તરફથી બ્લડ ડોનેશનનો એક કાર્યક્રમ યોજવામાં આવેલ હતો કે જેમાં ૨૫ જેટલી બ્લડ બોટલ એકત્રિત કરવામાં આવેલ હતી. 'સંકલ્પ' દ્વારા રમતગમત હરીફાઈનો કાર્યક્રમ પણ યોજવામાં આવેલ હતો.

☆ આજરોજ આવાસ યોજનામાં હજુ રહેવા ન આવેલ સભ્યો અને જેઓ નામ માત્ર આ ફ્લેટનો ઉપયોગ કરે છે તેવા સભ્યોની યાદી શ્રી હસમુખભાઈ ખાંડવાલા તથા શ્રી પરાશર વ્યાસે રજૂ કરેલ હતી. આ બધા જ સભ્યોને જરૂરી પત્રો લખી નોટિસ આપવાનું નક્કી કરવામાં આવેલ હતું.

☆ આજરોજ પાવર સેવરની કંપનીવાળા સેવર ઈન્સ્ટ્રુમેન્ટ લાવેલ. તેનું ડેમોન્સ્ટ્રેશન રજનીભાઈ પારેખ અને પરાશરભાઈને બતાવેલ અને તે ઈન્સ્ટ્રુમેન્ટ લિફ્ટ અને મેડિકલમાં ફીટ કરાવેલ હતું.

● **ગુરુવાર, તા. ૨૭-૧-૧૧**

☆ આજરોજ ભવન સમિતિની મિટિંગ મળી હતી. તેમાં શ્રી મણિલાલ ગોસર, શ્રી રમણિકભાઈ ગોસર, શ્રી કે.ડી. શાહ, શ્રી રજનીભાઈ પારેખ હાજર રહ્યા હતા. મેડિકલ સેન્ટરમાં તૂટેલા બારી-બારણાના રિપેરિંગ અંગે ચર્ચા કરવામાં આવી હતી.

● **શનિવાર, તા. ૨૯-૧-૧૧**

☆ શ્રી અશોક મહેતા તથા શ્રી બંસીલાલ ગડા મુંબઈ ખાતે અતિથિ ભવનના બિલ્ડર શ્રી પારસને સાયન ખાતેની સાઈટ પર રૂબરૂ મળેલ હતા. અત્યાર સુધી થયેલ કાર્યવાહીની શ્રી પારસ બાબરિયાએ સમજ આપેલ હતી. તેઓશ્રીના હિસાબે માર્ચ-૨૦૧૧ સુધીમાં હકારાત્મક પરિણામ આવી જશે તેવું તેમણે જણાવેલ હતું.

● **રવિવાર, તા. ૩૦-૧-૧૧**

☆ આજરોજ સવારના ભાગે રાપર વિભાગના ધારાસભ્ય શ્રી બાબુભાઈ મેઘજી શાહ દ્વારા એક સ્નેહ મિલન સમારંભનો કાર્યક્રમ યોજવામાં આવેલ હતો. જેમાં ગુજરાત સ્થિત વાગડ વિભાગના વીસા ઓસવાળ ભાઈઓ મોટા સમુદાયમાં એકત્રિત થયેલ હતા. આ કાર્યક્રમમાં શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના પદાધિકારીશ્રીઓ તથા ટ્રસ્ટીશ્રીઓ શ્રી કાંતિલાલભાઈ સાવલા, શ્રી પ્રતાપભાઈ દંડ, ડૉ. ચંદ્રકાંતભાઈ દેઢિયા, શ્રી મણિલાલ કુંવરજી ગોસર વગેરે ઉપસ્થિત રહેલ હતા.

● **મંગળવાર, તા. ૧-૨-૨૦૧૧**

☆ આજરોજ શ્રી અશોક મહેતા, ડૉ. ચંદ્રકાંત દેઢિયા, શ્રી નરેન્દ્ર છ. શાહ તથા શ્રી બંસીલાલભાઈ ગડા મુંબઈ ખાતેના મિડાઝ ટાવરમાં ત્યાંના નિવાસી બિલ્ડર શ્રી જિતુભાઈ શાહને મળેલ હતા અને અતિથિ ભવન બનાવવામાં આવતી અડચણો વિશે તેમની સાથે ચર્ચા કરેલ હતી. ત્યારબાદ આ મુદ્દે શ્રી અતુલભાઈ ભારાણીને દાદાર ખાતેની તેમની ઓફિસે મળેલ હતા અને તેઓ પણ આ બાબતે કઈ રીતે મદદરૂપ બની શકે તેની શક્યતા તપાસીને જણાવશે તેવું તેમણે જણાવેલ હતું.

● **બુધવાર, તા. ૨-૨-૨૦૧૧**

☆ આજરોજ શ્રી અશોક મહેતા, ડૉ. ચંદ્રકાંત દેઢિયા, શ્રી નરેન્દ્ર છ. શાહ તથા શ્રી બંસીલાલભાઈ ગડા માટુંગા - મુંબઈ ખાતે શ્રી ધનજીભાઈ ઘેલા ગાલાને રૂબરૂ મળેલ હતા અને સાયન ખાતેના અતિથિ ભવનના અટવાયેલ પ્રશ્નો અંગે ચર્ચા કરેલ હતી. તેઓશ્રીએ આ બાબતે શ્રી ઉપેન્દ્ર દોશીનો સંપર્ક સાધી તેમની સાથે મુલાકાત ગોઠવી આપવાનું નક્કી કરાવેલ હતું.

☆ આ બાબતે રાત્રે ૯.૦૦ વાગે સાયન ખાતે શ્રી ઉપેન્દ્ર દોશીને મળેલ હતા. તેઓશ્રી અતિથિ ભવનના પ્રશ્ને વાકેફગાર હતા. આ બાબતે શક્ય પ્રયાસ કરશે તેવું તેમણે જણાવેલ હતું. જે જે પાર્ટીઓને હાલના પ્રશ્ને અસર થાય છે તેઓએ સક્રિય રહી રસ્તો કાઢવો પડશે તેવું પણ તેમણે જણાવેલ હતું.

● **ગુરુવાર, તા. ૩-૨-૧૧**

☆ આજરોજ સભ્યપદ સમિતિના સભ્યો શ્રી સૂરજલાલ મહેતા, શ્રી કે.ડી. શાહ, આણંદજીભાઈ વીરા, પોપટલાલભાઈ ધરોડ, રજનીભાઈ પારેખ હાજર રહ્યા હતા અને આવેલ ફોર્મની ચકાસણી કરી હતી.

☆ આજરોજ સામાજિક સુરક્ષા સમિતિના સભ્યો મળ્યા હતા. તેમાં શ્રી રજનીભાઈ પારેખ અને મગનભાઈ સંઘવી ઉપસ્થિત

*અભિમાની પાસે કોઈ જવા તૈયાર હોતું નથી અને ક્રોધી પાસે કોઈ આવતું નથી.*

રહ્યા હતા. તેઓએ વિવિધ ઑપરેશનના ખર્ચ માટે ડૉ. અપૂર્વ પટેલ પાસેથી મેળવેલા ચાર્જ અંગે ચર્ચા કરી હતી અને રૂા. ૨૫,૦૦૦/-ના વીમા માટેના ચાર્જની માહિતી મેળવવા નક્કી કરવામાં આવ્યું હતું.

- **શુક્રવાર, તા. ૪-૨-૧૧**

☆ શ્રી રજનીભાઈ પારેખ અને મેનેજર શ્રી પરાશરભાઈએ એસ.ટી. ભવનની મુલાકાત લઈ પાણીની ચોકડી બનાવવા અંગે કેન્ટીન ઉપર છ ઇંચની દીવાલ બનાવવા તેમજ કેન્ટીન ઉપર સિમેન્ટ શીટના છાપરા નાંખવા અંગે ચર્ચા કરી હતી.

- **રવિવાર, તા. ૬-૨-૧૧**

☆ આજરોજ શ્રી બચુભાઈ રાંભિયાએ શ્રી કચ્છી વિશ્રામ ગૃહની મુલાકાત લીધી હતી.

- **ગુરુવાર, તા. ૧૦-૨-૧૧**

☆ આજરોજ સભ્યપદ સમિતિની એક મિટિંગમાં શ્રી રજનીભાઈ પારેખ, શ્રી સૂરજલાલ મહેતા, શ્રી પોપટલાલભાઈ ધરોડ, શ્રી આણંદજીભાઈ વીરા અને શ્રી કે.ડી. શાહ ઉપસ્થિત રહ્યા હતા અને આવેલ ૧૭ સભ્યપદની અરજીઓને ચકાસીને આગળની કાર્યવાહી કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

- **શુક્રવાર, તા. ૧૧-૨-૧૧**

☆ શ્રી કચ્છી જૈન ભવન પરના મેડિકલ સેન્ટરના રિવાઈઝ્ડ પ્લાનિંગ અંગે આર્કિટેક્ટ શ્રી મુકુલ શેઠ સાથે એક મિટિંગ યોજી ડૉ. ચંદ્રકાંત દેઢિયા, શ્રી કાંતિભાઈ સાવલા, શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી અશોક મહેતા, શ્રી કે.આર. શાહ તથા શ્રી હસમુખભાઈ ખાંડવાલાએ ચર્ચા કરી હતી.

☆ આજરોજ રાત્રે શ્રી કચ્છી જૈન ભવન પર મેડિકલ સમિતિની એક મિટિંગ મળેલ હતી. જેમાં ડૉ. ચંદ્રકાંત દેઢિયા, શ્રી કાંતિલાલભાઈ સાવલા, શ્રી અશ્વિન સાવલા, ડૉ. હિતેન્દ્ર શાહ, ડૉ. પુરોહિત તથા શ્રીમતી દક્ષાબહેન રામાવત્ ઉપસ્થિત રહેલ હતા. મેડિકલ સેન્ટરના રૂટીન પ્રશ્નો અંગે ચર્ચા કરવામાં આવેલ હતી.

- **સોમવાર, તા. ૧૪-૨-૧૧**

☆ આજરોજ શ્રી રજનીભાઈ પારેખ, શ્રી કે.ડી. શાહ, શ્રી હીરજીભાઈ શાહ અને મેનેજર શ્રી પરાશરભાઈએ એસ.ટી. ભવનની મુલાકાત લઈ નવા બોરમાં આવેલ પાણીને નારિયેળ ફોડીને વધાવેલ હતું તેમજ બોરમાંથી મીઠા પાણીની ઉપલબ્ધિને પેંડા વેચીને વધાવેલ હતી.

- **મંગળવાર, તા. ૧૫-૨-૧૧**

☆ આજરોજ સવારમાં ૮.૦૦ વાગે પૂ. સાધ્વીજી ચંદનાશ્રીજી મ.સાહેબ શ્રી કચ્છી જૈન ભવન પર પધારેલ હતા કે જ્યારે શ્રી અશોક મહેતા, શ્રી નરેન્દ્ર છ. શાહ, શ્રી આણંદજીભાઈ, શ્રીમતી લક્ષ્મીબહેન આણંદજીભાઈ, શ્રી દિનેશભાઈ પ્રેમચંદ શાહ, શ્રીમતી મંજુલાબહેન દિનેશભાઈ શાહ, શ્રી પદમશીભાઈ ડાઘા વગેરે ઉપસ્થિત રહેલ હતા. પૂ.સાધ્વીજીશ્રીને સમાજની પ્રવૃત્તિઓ વિશે માહિતગાર કરવામાં આવેલ હતા.

- **બુધવાર, તા. ૧૬-૨-૧૧**

☆ આજરોજ સાંજના ૬.૦૦ વાગે ગુજરાત રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી શ્રી સુરેશચંદ્ર મહેતા શ્રી કચ્છી જૈન ભવન પર પધારેલ હતા. અત્યારની ગુજરાતની તથા કચ્છની જનરલ પરિસ્થિતિ વિશે ચર્ચા કરવામાં આવેલ હતી. મુલાકાત સમયે શ્રી અશોક મહેતા, શ્રી હીરજી પાસુ શાહ તથા શ્રી દિનેશ આર. મહેતા ઉપસ્થિત રહેલ હતા.

☆ આજરોજ શ્રી કે.ડી. શાહ, શ્રી બાબુભાઈ મહેતા અને શ્રી રજનીભાઈ પારેખે શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગની મુલાકાત લીધી હતી અને નવા હોલના બાંધકામ અંગે ચર્ચા કરી હતી.

- **શનિવાર, તા. ૧૯-૨-૧૧**

☆ આજરોજ ગૃહ ઉદ્યોગ સમિતિની એક મિટિંગ મળી હતી. તેમાં શ્રી રજનીભાઈ પારેખ, શ્રી અશોકભાઈ મહેતા, શ્રી કિરણભાઈ શાહ, શ્રીમતી ચંદ્રાબહેન શાહ, શ્રી મહેન્દ્રભાઈ શાહ, શ્રી દિનેશ આર. મહેતા હાજર રહ્યા હતા. તેમાં ગૃહઉદ્યોગ ચલાવનાર તરફથી મળેલ લોન અરજી અને ગૃહ ઉદ્યોગના વિકાસ અંગે ચર્ચા કરવામાં આવેલ હતી.

☆ આજે ગૃહ ઉદ્યોગના લાભાર્થીની એક મિટિંગ મળી હતી. તેમાં શ્રી રજનીભાઈ પારેખ, શ્રી અશોક મહેતા, શ્રી મહેન્દ્ર શાહ, શ્રીમતી ચંદ્રાબહેન મહેન્દ્ર શાહ, શ્રી કિરણ શાહ, શ્રીમતી યામિની મહેતા, શ્રીમતી દમયંતીબહેન છેડા, શ્રી વલ્લભજી નીસર અને શ્રી જતીનભાઈ નીસર હાજર હતા. ગૃહ ઉદ્યોગના વિવિધ પ્રશ્નો અંગેની ચર્ચા કરવામાં આવી હતી.

- **સોમવાર, તા. ૨૧-૨-૧૧**

☆ આજરોજ શ્રી પ્રતાપભાઈ દંડે ભુજના કચ્છ મ્યુઝિયમમાં ત્યાંના ક્યુરેટર શ્રી સદાશિવનની મુલાકાત લીધેલ હતી અને અમદાવાદની કચ્છ આર્ટ ગેલેરી અંગે ચર્ચા કરેલ હતી.

- **મંગળવાર, તા. ૨૨-૨-૧૧**

☆ આજે ભુજ ખાતે શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી સદાશિવન, શ્રી સમીરભાઈ તથા શ્રી પંકજભાઈ મળેલ હતા અને અમદાવાદ ખાતેની કચ્છ આર્ટ ગેલેરીની પેનલ્સ, અંદરની વિગતો, ફોટાઓ વગેરે અંગે વિગતવાર ચર્ચા કરેલ હતી.

- **બુધવાર, તા. ૨૩-૨-૧૧**

☆ આજરોજ શ્રી મણિલાલભાઈ કું. ગોસરે શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગની મુલાકાત લીધેલ હતી.

- **ગુરુવાર, તા. ૨૪-૨-૧૧**

☆ આજરોજ વયસ્ક સમિતિની મિટિંગ મળેલ હતી. તેમાં શ્રી રજનીભાઈ પારેખ, શ્રી રમણિકભાઈ ગોસર, શ્રી બાબુભાઈ મહેતા, શ્રી આણંદજીભાઈ વીરા તથા શ્રી કે.ડી. શાહ હાજર હતા. તેઓએ તા. ૮-૩-૨૦૧૧ના યોજવામાં આવેલ કાર્યક્રમ અંગે ચર્ચા કરી હતી.

☆ આજરોજ સભ્યપદ સમિતિની મિટિંગ મળી હતી. તેમાં શ્રી સૂરજલાલ મહેતા, શ્રી પોપટલાલ ધરોડ, શ્રી કે.ડી. શાહ, શ્રી રજનીભાઈ પારેખ અને શ્રી આણંદજીભાઈ વીરા હાજર હતા અને ૧૭ સભ્યોની સભ્યપદ માટેની ભલામણની દરખાસ્ત ટ્રસ્ટ મંડળની મિટિંગ માટે મોકલવામાં આવેલ હતી. ■

*જેવી રીતે તણખલું પવનની દિશા બતાવે છે, તેવી રીતે સામાન્ય ઘટનાઓ માનવ હૃદયની વૃત્તિઓ બતાવે છે.*